Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગંગાદેવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Samaj Foundation Chenna

સંસ્કાર ગ્રંથાવલિ

સંધ્યા દીપ

☆

મૂળ લેખક
વિ. સ. ખાંડેકર
ભાષાંતરકાર
ગોપાળ જ. ત્રિકો

૫૮

આર. આર.
શેઠની કંપની
મુંબઈ-૨

main. Gurukul Kangri Coll

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સં[illegible]

ओ३म्
पुस्तक संख्या ८०७/१५
पञ्जिका-संख्या २५१८२
पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

[

૧	ભારેલો [illegible]		
૨	ભૈરવી		
૩	કુમુદિની		
૪	પંકજ		
૫	સાવધી [illegible]		
૬	પ્રેમાશ્રમ-		
૭	પ્રેમાશ્રમ-		
૮	ત્રિપ્રદાસ		
૯	ડગ (આવશા)	[illegible]	
૧૦	અનુરાધા-બડીદીદી	શરદ્બાબુ	(ફરી છપાશે)
૧૧	શુભદા	શરદ્બાબુ	૩-૦-૦
૧૨	ચરિત્રહીન	,,	(ફરી છપાશે)
૧૩	પ્રભાતકિરણો	પ્રભાતકુમાર મુખોપાધ્યાય	૩-૮-૦
૧૪	નવીના (શેષ પ્રશ્ન)	શરદ્બાબુ	૫-૦-૦

[ગ્રંથાવલિની આગળ યાદી માટે સૂચિપત્ર જુઓ]

પુસ્તક અકાવનમું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસ્કાર ગ્રંથાવલિ

[ગ્રંથાવલિનાં છેલ્લાં પંદર પુસ્તકો]

स्टाक प्रमाणीकरण-११८४-११८५

૪૮	પ્રલય	ર. વ. દેસાઈ	૪-૮-૦
૪૯	માનવીની ભવાઈ	પન્નાલાલ પટેલ	૫-૦-૦
૫૦	દાઝેલાં હૈયાં	ચિ. સ. ખાંડેકર	૩-૮-૦
૫૧	ઝંઝાવાત ખંડ-૧	ર. વ. દેસાઈ	૫-૦-૦
૫૨	સૂનાં મંદિર	ચિ. સ. ખાંડેકર	૪-૮-૦
૫૩	નૂતન પ્રભાત	,,	૪-૮-૦
૫૪	ઝંઝાવાત ખંડ-૨	ર. વ. દેસાઈ	૫-૦-૦
૫૫	પહેલી પ્રીત	ચિ. સ. ખાંડેકર	૩-૮-૦
૫૬	અધૂરો ઘટ	બચુભાઈ શુક્લ	(છપાય છે)
૫૭	કાંચન અને ગેરુ	ર. વ. દેસાઈ	૪-૮-૦
૫૮	સંધ્યાદીપ	ચિ. સ. ખાંડેકર	૪-૮-૦
૫૯	છાયા-પ્રકાશ	,,	૫-૦-૦
૬૦	સંધ્યાના રંગ	ગુણવંતરાય આચાર્ય	(છપાય છે)
૬૧	આશા-મિનારા	ચિ. સ. ખાંડેકર	૪-૮-૦
૬૨	કાલભોજ	ર. વ. દેસાઈ	(છપાય છે)

પુસ્તક અકાવનમું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अस्ते प्रमाद मुक्तिः
पुस्तक सं० ८०.गु/१५
आगत सं० ३५१८२
तिथि०
गुरुकुल पुस्तकालय कांगड़ी.

સંધ્યાદીપ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી વિ. સ. ખાંડેકરનાં પુસ્તકો

[ભાષાંતરકર્તા : ગોપાળરાવ ગ. વિદ્વાંસ]

પ્રગટ થયેલાં

ક્રૌંચવધ (બીજી આવૃત્તિ)	નવલકથા	૫–૮
ઉલ્કા	,,	૪–૮
સુલભા (હિરવા ચાંફો)	,,	૪–૮
દાઝેલાં હૈયાં (જળલેલા મોહર)	,,	૩–૮
સૂનાં મંદિર (રિકામા દેવ્હારા)	,,	૪–૮
નૂતન પ્રભાત	નવલિકાસંગ્રહ	૪–૮
પહેલી પ્રીત (પહિલેં પ્રેમ)	નવલકથા	૩–૮
સંધ્યાદીપ	નવલિકાસંગ્રહ	૪–૮
છાયા–પ્રકાશ (દોન મનેં)	નવલકથા	૫–૦
આશામિનારા (પાંઢરે ઢગ)	,,	૪–૮

હવે પછી પ્રગટ થવાનાં

રૂપક-કથાઓ (ટૂંકી વાર્તાઓ)
અને અન્ય નવલકથાઓ, ટૂંકીવાર્તાઓ, વગેરે

કેવડાના કાંટા (ટૂંકી વાર્તાઓ) ૩–૮
[ભાષાંતરકર્તા : શ્રી. વાડીલાલ દેસાઈ]

: પ્રકાશક :

આર. આર. શેઠની કંપની
બુકસેલર્સ એન્ડ પબ્લિશર્સ
પ્રિન્સેસ સ્ટ્રીટ : : : મુંબઈ–૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસ્કાર ગ્રંથાવલિ પુસ્તક અઠ્ઠાવનમું

સંધ્યાદીપ

(નવલિકાસંગ્રહ)

CHECKED 1973
Initial .....

મૂળ લેખક
વિ. સ. આંડેકર
ભાષાંતરકર્તા
ગોપાળ ગ. વિદ્વાંસ

આર. આર. શેઠની કંપની
બુકસેલર્સ ઍન્ડ પબ્લિશર્સ
પ્રિન્સેસ સ્ટ્રીટ, કેશવબાગ, મુંબઈ-૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

: પ્રકાશક :
અચરતલાલ ર. શેઠ
શ્રી વિરાટ પ્રકાશન મંદિર
સોનગઢ (સૌરાષ્ટ્ર)

પહેલી વાર : : દેવદિવાળી : ૨૦૦૬
રૂ. ૪-૮-૦

: મુદ્રક :
રેવાશંકર હરિશંકર જાની
શ્રી ગ્રામલક્ષ્મી પ્રિં. પ્રેસ
સોનગઢ (સૌરાષ્ટ્ર)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડૉક્ટર મહેન્દ્ર ભટ્ટ

અને

બહેન દિવ્યપ્રભા ભટ્ટને—

ગોપાળરાવ ગ. વિદ્વાંસ

સં ૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાષાંતરકાર તરફથી

શ્રી ખાંડેકરનું આ આઠમું પુસ્તક ગુજરાતી વાચકો પાસે રજૂ કરતાં મને આનંદ થાય છે.

આ પછી આવતે મહિને 'છાયા-પ્રકાશ' (દોન મનં) અને 'આશામિનારા' (પાંઢરે ઢગ) નામની બંને નવલકથાઓ વાચકોના હાથમાં આવશે.

લેખકના મૂળ સર્જનને નવાં કપડાં પહેરાવી વાચક આગળ રજૂ કરવામાં ભાષાંતરકારે શું કર્યું કે એણે વારેવારે આડે આવ્યા કરવું? એને પોતાને તો શું કહેવાનું હોય?

શ્રી ખાંડેકરની કલાકૃતિઓને નવલકથા અને નવલિકાઓ ઉપરાંત જે અન્ય પાસાંઓ પણ છે, તે વાચકો આગળ રજૂ કરવાની તક વહેલી સાંપડે એની જ માત્ર હું રાહ જોઉં છું. મારે વિશેષ કહેવાનું નથી.

૧૫:૧૦:૧૯૪૯ ગોપાળરાવ ગ. વિદ્વાંસ
સોનગઢ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રવેશક

'સંધ્યાદીપ'ના આ નવલિકાસંગ્રહમાં મેં ગયાં સોળ-સત્તર વર્ષો દરમિયાન જુદે જુદે વખતે લખેલી વાર્તાઓ પસંદ કરીને મૂકવામાં આવી છે. કોઈ નિશાળમાં જુદી જુદી ઉંમરનાં બાળકોને એકઠાં કરી ઉત્સવ ઊજવવામાં આવે એના જેવું આમાં થયું છે. આવા વિદ્યાર્થીઓમાં ઉંમર પરત્વે, તેમ જ રમતગમતો અને અન્ય ગમતી–અણગમતી બાબતો પરત્વે ઘણા ભેદ પડી જાય છે. આ નવલિકાઓમાં એ જાતનું વર્ગીકરણ થઈ શકે તેમ છે. 'પાષાણનાં આંસુ,' 'અગ્નિ સાથેના ખેલ,' 'પતંગ' વગેરે વાર્તાઓ મેં ૧૯૩૨ થી '૩૪ના ગાળામાં લખી હતી. 'માનેલી મોટી બહેન,' 'ખીણ અને શિખર' તથા 'અનામી' એ વાર્તાઓ ૧૯૩૮ થી '૪૦ નાં વર્ષો દરમિયાન લખાઈ છે, જ્યારે 'સંધ્યાદીપ' તથા 'સ્ત્રી અને પુરુષ' એ છેલ્લાં બે વર્ષો દરમિયાન લખાયેલી છે.

ભાષાશૈલી, રચનાની ખૂબી, નવલિકાઓ દ્વારા સૂચિત થતું જીવનવિષયક તત્ત્વજ્ઞાન, વગેરે અનેક અંગોપાંગમાં આ ટૂંકા ટૂંકા ગાળાઓ દરમિયાન લખાયેલી મારી વાર્તાઓમાં ભલે થોડો પણ તફાવત હું જોઈ શકું છું. વાર્તાઓને વિચારપૂર્વક વાંચનારા રસિકોના પણ ખ્યાલમાં એ આવી શકે તેવું છે. અને તેથી જ આ હકીકતનો અહીં મેં ઉલ્લેખ પણ કર્યો છે. કોઈ લેખકના લેખનમાં પડેલો દશ-પંદર વર્ષનો ગાળો એક વ્યક્તિની દૃષ્ટિએ લાંબો ગણાતો હોવા છતાં કાલપુરુષની ગણતરીમાં એ અંતર ઘણું જ ટૂંકું લેખાય. ઘણી વાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક આખી પેઢીનો સમય કાલપુરુષને માટે એક ઘડી જેટલો જ બની જાય છે. માનવીનું ૬૦–૭૦ વર્ષનું આયુષ્ય એ કાલપુરુષને માટે તો પૂરાં ચાર ડગલાં પણ ભાગ્યે જ બને છે. આ કારણે સાહિત્ય-ક્ષેત્રમાં જણાતા ફેરફારનું મૂલ્યમાપન એ પેઢીઓના સાહિત્યસર્જનમાં દેખાતા તફાવત પરથી જ કરવું વધારે ઇષ્ટ ગણાય.

સમયના વહેવા સાથે લેખકના લખાણમાં જેમ ફરક પડે છે, તે જ બિના તેના સાહિત્યવિષયક ગુણને પણ લાગુ પડે છે. વર્ષોના વીતવા સાથે લેખકના સાહિત્યવિષયક ગુણમાં થોડો ઘણો તફાવત થતો જાય છે એ ખરું; પણ એ તફાવત તેના બાહ્ય ગુણોમાં જ વધારે વ્યક્ત થાય છે. ઘણાખરા લેખકોના કલાસર્જનનો વિકાસ એક વિશિષ્ટ મર્યાદા સુધી પહોંચે છે, ને ત્યાં જઈ એ થંભી જાય છે. તે પછી લેખક વિચાર અગર તો આવિષ્કાર એ બન્ને બાબતોમાં તદ્દન નવું એવું કશું જ આપી શકતો નથી. માણસનું શરીર અમુક ઉંમર સુધી વિકાસ કરતું જાય છે, અને તે પછી એ વિકાસ થંભી જાય છે. છતાં શરીર સંપૂર્ણ જોમપૂર્વક કામ તો કર્યા જ કરે છે. ઊતરતાં લોહી થવાની સાથે જ શરીરની શક્તિ ધીરે ધીરે ઘટતી જાય છે. સામાન્ય લલિતસાહિત્યના લેખકની પ્રતિભા વિષે પણ આવું જ બને છે. અમુક થોડી વ્યક્તિઓ પચાસ વર્ષ નહિ પણ સાઠ વર્ષો પસાર કરી જવા છતાં પચીશ વરસના જુવાન જેવી શક્તિ અને ચપળતા ધરાવી શકે છે. આંગળીને વેઢે ગણી શકાય એટલા લેખકોની બાબતમાં આવો અનુભવ છે પણ ખરો. એમની પ્રતિભા પ્રૌઢત્વ પામ્યા પછી વૃદ્ધત્વને પામતી નથી; ઊલટું એ પ્રૌઢતામાં જ યૌવનની છટાઓ ફરી ચમકારા કરતી દેખાય છે. પરંતુ આવા લેખકો અપવાદ રૂપે જ ગણવા જોઈએ – હોય છે. હું એવાઓ પૈકીનો નથી એનું મને પૂરેપૂરું ભાન છે. આ કારણે આ જુદી જુદી વાર્તાઓમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમયની દૃષ્ટિએ ભલે લાંબો ગાળો દેખાતો હોય તોપણ એમાં મારા સઘળા સાહિત્યવિષયક ગુણદોષો, ખામીઓ, લઢણો અને ગમા-અણગમાનાં પ્રતિબિંબો પડેલાં વાચક જોઈ શકશે. સિવાય સાહિત્ય-વિષયક ગુણોનો ઉપભોગ પણ હરેક વાચક પોતપોતાની અંગત અભિરુચિ પ્રમાણે જ લઈ શકે છે. આમ હોઈ એ વિષે કશું ન કહેતાં આ જુદી જુદી વાર્તાઓ દ્વારા વર્તમાન કાળની જે સમસ્યાઓનું સ્પષ્ટઅસ્પષ્ટ ચિત્રણ કરવામાં આવ્યું છે તે તરફ જ આપણે વળીએ.

સહુ પહેલાં આપણે 'સ્ત્રી અને પુરુષ'ની વાર્તાનો વિચાર હાથ ધરીએ. એ વાર્તા મેં ગયે વર્ષે લખી હતી. પરંતુ એ વાર્તાનો વિચાર છેલ્લાં ચારપાંચ વર્ષોથી મારા મનમાં સતત ઘોળાયા કરતો હતો. પળેપળે વધતા જતા ભયંકર ઝંઝાવાતની પેઠે અગર ક્ષણેક્ષણે વધારે વધારે ગાઢ બનતા જતા અંધકારની પેઠે, ગયાં ૫ – ૭ વર્ષો દરમિયાન આપણે ત્યાં જે 'કાળાં બજાર'નો ઝડપી વિકાસ થતો ગયો તેણે મને આ વાર્તાની ભૂમિકા પૂરી પાડી. પણ એ કથાનો આત્મા કેવળ કાળાબજારના ચિત્રણ ઉપર અથવા એથી નીપજતા અનર્થો પર અવલંબી નથી રહ્યો. માનવી જીવનનો એક સનાતન સંગ્રામ એ નવી પાર્શ્વભૂમિ પર દોરવાનો મેં એમાં પ્રયત્ન કર્યો છે. આ વાર્તા મરાઠી ભાષામાં પ્રગટ થયા પછી સર્વસામાન્ય વાચકને ખૂબ ગમી ગઈ. માત્ર પોતાની જાતને બુદ્ધિપ્રધાન કહેવડાવનારા વિવિધ વાચકો તરફથી એ વાર્તા વાંચ્યા પછી જે પ્રત્યાઘાતો રજૂ થયા તે ભારે ગમ્મત પમાડે તેવા હતા. એવા પ્રત્યાઘાતો પૈકીના માત્ર ત્રણ દાખલા જ હું અહીં રજૂ કરીશ.

વન વટાવી રહેલા એક શિક્ષિત સુખી પેન્શનરનો પહેલો દાખલો છે. ચર્ચાઓ કરવાની એમને ઘણી હોંશ છે. આ વાર્તા વાંચ્યા પછી જ્યારે એ ગૃહસ્થ મને મળ્યા ત્યારે મોં પર ગંભીરતા ધારણ કરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમણે કહ્યું: 'ખાંડેકર ! તમારી પેલી "સ્ત્રી અને પુરુષની" વાર્તા હું વાંચી ગયો. પણ તેમાં તમે શું કહેવા માગો છો તે હું બરાબર સમજી શક્યો નથી !' તે પછી બીજા ભાઈ મળ્યા તે સાહિત્યકાર હતા. એમણે પણ આ વાર્તા વાંચી હતી. એમણે વળી જુદી જ રીતે મારા પર મારો ચલાવ્યો. એમની સઘળી ટીકા એક જ વાત પર કેન્દ્રિત થતી હતી: 'પેલા ઇબ્સેને પોતાની નાયિકા પાસે ગૃહ-ત્યાગ કરાવ્યો ત્યારથી તમે લેખકોને બીજું કશું હવે સૂઝતું જ નથી. જે આવ્યો તે બસ, નાયિકા પાસે ગૃહત્યાગ કરાવવા જ મંડી પડે છે !' તે પછી થોડા દિવસો બાદ એક અજાણી ભણેલી યુવતી મને મળવા આવી. ઉક્ત બંને ગૃહસ્થો કરતાં તદ્દન જુદી જ દૃષ્ટિથી એણે મારી 'સ્ત્રી અને પુરુષ'વાળી વાર્તા વાંચી હતી. એ વાર્તામાં રજૂ કરેલો પ્રશ્ન આજની સામાજિક પરિસ્થિતિમાં ભારે અગત્યનો છે એ બિના તે સમજી ગઈ હતી. પણ એ પ્રશ્નની રજૂઆત મેં જે રીતે કરી હતી તેથી તેનું મન સહેજ આશંકાભર્યું અને ભય-ગ્રસ્ત બન્યું હતું. સમાજમાં પ્રેમલગ્ન–સાચેસાચાં પ્રેમલગ્ન ભાગ્યે જ થાય છે. ભાવિ પતિપત્ની આપણે ત્યાં અન્યોન્યની વિદ્યા, રૂપ અને સાંપત્તિક પરિસ્થિતિ અંગે–અરે, કોને કઈ ચીજ ખાવી ગમશે તે પરત્વે સુદ્ધાં જાણી શકે છે ! તેમની જાણ બહાર માત્ર એક જ બાબત રહી જાય છે – એકમેકના સ્વભાવ ! આવી દશામાં લગ્ન પછી પોતાના પતિના જીવનવિષયક ખ્યાલો જો કોઈ પત્નીને ન રુચે તો તેણે શું કરવું? ગૃહત્યાગ કર્યા સિવાય તેને માટે અન્ય કોઈ માર્ગ નથી જ કે શું, એવો સીધો સવાલ એ યુવતીએ મને પૂછ્યો હતો.

મારા આ ત્રણે ટીકાકારો પૈકી પહેલા બે જણાઓને સમ-જાવવાની માથાકૂટમાં હું ઊતર્યો જ નહોતો. કેટલીએક વ્યક્તિઓ ભારે વિચિત્ર હોય છે. ટીકા ખાતર ટીકા કરવી એ જ એમનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુખ્ય ધંધો બન્યો હોય છે. ભગવાને માણસને નાક આપ્યું તે ટીચકું ચડાવવા માટે જ છે એવી જાણે એમની દૃઢ ભાવના બની ગઈ હોય છે.

* ન જાણે ન તેણે અશા પામરાણા ।
બુઝાવૂં શકેના વિધાતા તયાણા ॥

વાળી કડીઓમાં કવિએ એમનું વર્ણન વર્ષોપૂર્વે કરી રાખ્યું છે. એ શિક્ષિત સુખી પેન્શનરે મારી વાર્તા અંગે બીજો કોઈ વાંધો દાખવ્યો હોત તો મને કશું દુઃખ ન થાત. પણ એ વાર્તા દ્વારા મેં શું સૂચન કર્યું છે એ જ મુદ્દો પોતે સમજ્યા ન હોવાનો ભાવ એમણે જે દાખવ્યો, તે કેવળ ઢોંગ જ હતો એ નિઃસંદેહ છે. જીવતરમાં પૈસાની ગમે તેટલી જરૂર રહેતી હોય, કિંબહુના આજના જમાનામાં પૈસો એ જ છઠ્ઠા પ્રાણ જેવો બની બેઠો હોય, તોપણ માણસે એ કઈ રીતે મેળવવો એ પ્રશ્નનો જવાબ ભારે મુશ્કેલીભર્યો અગર ન સાંપડે એવો છે એમ તો ન જ કહેવાય. શ્રમપ્રાપ્ત, સર્જન દ્વારા મેળવેલો, પરસેવાના સ્વેદબિંદુઓથી ભીંજાયેલો પૈસો ગમે ત્યારે પવિત્ર છે. પણ જે પૈસાની પ્રાપ્તિ પાછળ શારીરિક અગર બૌદ્ધિક શ્રમ નથી, એટલું જ નહિ પણ વિષમતા પર રચાયલા આજના સમાજના સ્થૂળ નીતિનિયમોને પણ પગ તળે છૂંદીને જે પૈસો એકઠો કરવામાં આવ્યો છે તેના પ્રત્યે સમાજે તિરસ્કાર જ દાખવવો જોઈએ એમ મને લાગે છે. પૂર્વે આપણી સમાજરચના આજના જેવી આંટીઘૂંટીવાળી ન હતી. એની પરાપૂર્વથી ચાલી આવતી આર્થિક ગોઠવણ–ચોકઠું ફેરવવાની કોઈ મહેનત કરતું નહિ. એ જમાનામાં પણ લોભી માણસો તો હતા જ. પરંતુ આજના યાંત્રિક યુગ અને

* જે કશું જાણતો નથી, કશું સમજતો નથી, એવા પામરને તો ભગવાન વિધાતા પણ ડરાવી શકતો નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમાજની આંટીઘૂંટીવાળી રચનાને પરિણામે માનવીના આંધળા સ્વાર્થ માટે આજે આખી દુનિયાનાં બારણાં ખુલ્લાં થઈ ગયાં છે. એનો લોભ સરકસના પાંજરામાંથી છૂટા થયેલા હિંસ્ર સિંહ સમો છે. પ્રાચીન કાળે આવી પરિસ્થિતિ નહોતી; ને તેથી પાપનો પૈસો આજના જમાનામાં જેમ માનવીને શાપ સમાન નીવડયો છે, તેવું જૂના જમાનામાં નહોતું. આજના જમાનામાં તો એ શબ્દપ્રયોગે અગાઉના કરતાં વધારે કડવો તેમ જ ભયાનક અર્થ પ્રાપ્ત કર્યો છે. દુનિયાનાં અરધાં દુઃખો તો એ પાપના પૈસે પેદા કરેલાં છે. એ પૈસો જાતમહેનતના પ્રસ્વેદ–બિંદુઓથી પેદા થયેલો નથી પણ નિરપરાધીઓના લોહીથી ભીંજાયેલો છે. આ વાર્તા માંહેનો સદાનંદ ધીર ધીરે મોહમાં લપટાઈને જે આચરે છે, તે પાંચ મહાપાતકો કરતાં પણ વિશેષ ભયંકર એવું પાપ છે. પેલા પેન્શનર ગૃહસ્થ આ હકીકત ન સમજી શકે એવા અબૂજ તો નહોતા જ. તેમના ઉદ્ગારોમાં સામાજિક પરિસ્થિતિ પરત્વેની બેદરકારી ભરી હતી; પાપપુણ્ય અંગેના ખ્યાલો પરત્વે રૂઢ બનતી જતી બધિરતા હતી.

આજના આપણા કેળવાયેલ વર્ગ ઉપર ઉક્ત દર્શાવેલી બધિરતાના ઘેરા ઓળા પથરાવા લાગ્યા છે. જીવનમાં આપણે કેવળ પ્રવાહપતિત દશાને પામ્યા છીએ. પ્રવાહને સામે પૂર તરવાની શક્તિ આપણા બાહુઓમાં તો રહી જ નથી; એટલું જ નહિ, પરંતુ એવી હિંમત બતાવનાર માનવીના સાહસની, એના જીવંત આત્માની પૂજા – અરે, કદર કરવા જેટલી પણ આપણી તૈયારી રહી નથી! જીવનમૂલ્યોની બાબતમાં આપણે વેગભેર ઊંડી ખાઈ તરફ ધસડાઈ રહ્યા છીએ. શબ્દો વડે આપણે પ્રાચીન ભારતીય સંસ્કૃતિનાં ગુણગાન ગાઈએ છીએ; પણ તે જ વેળા નવી યાંત્રિક સંસ્કૃતિ અને અનિર્બંધ લોભ, એ બેના જોડાણમાંથી પેદા થયેલા; ચિત્રવિચિત્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાપકર્મોમાં આપણે આપણા હાથ ઘણે લાંબે સુધી ડુબાડી રહ્યા છીએ. આપણો વિરોધ યંત્ર સામે નહિ પરંતુ વિષમતાને આંધળુકિયાં કરી સાહાય્ય આપી રહેલી યાંત્રિક સંસ્કૃતિ સામે છે એનો ખ્યાલ સહેજે ઘણાને આવતો જ નથી. પાપપુણ્યની સનાતન કસોટી આપણી પાસે આજે રહી નથી. જે વાત અનેક માણસો રોજ કરે છે તે આપણે કરવામાં પણ શી હરકત છે એ જાતનું તર્કશાસ્ત્ર પાંચ રૂપિયાની લાંચ લેનારા કારકુનથી માંડીને પાંચ લાખ રૂપિયાનાં કાળાં બજાર કરનારા કારખાનાના માલિક સુધી હરેક જણ વાપરે છે. સમાજના આ તરેહના થરના પેલા સુશિક્ષિત પેન્શનર એક પ્રતિનિધિ સમા હતા.

ઇબ્સેનની 'ડૉલ્સ હાઉસ' એ નાટિકામાં નાયિકા નોરા ઘર છોડીને જતી રહે છે. પોતાનો ગૃહસંસાર એક ઢીંગલીની રમત સમો છે, અને એમાં પોતાનું સ્થાન પેલી રમતની ઢીંગલી કરતાં વધારે આદરભર્યું નથી, એ ભાવનાને કારણે જ એ ગૃહત્યાગ કરે છે. આ સંગ્રહ માંહેની 'સ્ત્રી અને પુરુષ'વાળી નવલિકામાં પણ નાયિકા માયા છેવટે ઘર ત્યજી ચાલી નીકળે છે. આ બંને નાયિકાઓની કૃતિમાં આટલા પૂરતું સામ્ય હોવા છતાં બંનેની માનસિક અવસ્થામાં પુષ્કળ તફાવત રહેલો છે. 'ડૉલ્સ હાઉસ' માંહેની નોરા જાગૃત થયેલા સ્ત્રીત્વના અભિમાનથી ઉગ્ર બનેલી છે; માયાની બાબતમાં એવું નથી. માયાનું શરીર ઘરમાં પ્રવેશ કરવા ચાહે છે; ત્યાં તે રહેવા પણ માગે છે; પણ તેનો જાગૃત થયેલો આત્મા તેને ઘરમાં ડગલું દેતાં રોકે છે. વાર્તાના અંત ભાગ પરથી આ હકીકત વધારે સ્પષ્ટ રીતે જોઈ શકાય તેવું છે—

"..... (માયાનો) એક પગ દરવાજા બહાર હતો, બીજો પગ અંદર હતો. પેટ માંહેના અર્ભકના ભાવિની કલ્પનાએ એનું મન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઢચુપચુ થવા લાગ્યું. જ્યાં એ ઊભી હતી ત્યાં જ તે અટકી ગઈ; બહાર મૂકેલો પગ પાછો દરવાજામાં ખેંચી લેવાનો વિચાર તેના મનમાંથી પસાર થયો.

"સદાનંદ વધારે નજીક આવ્યો. ખભે હાથ મૂકી લાડભર્યા સ્વરે તેણે કહ્યું: 'માયા!'

"એણે પોતાના પતિ તરફ નજર વાળી. ઘડીભર એને થઈ આવ્યું કે સદાનંદને ગળે બાઝી પડી, એની છાતીમાં મોં સંતાડી દઈ, હૈયાને ભીંસી રહેલો આ વિચિત્ર ભાર હળવો કરી નાખવો. પણ તુરત બપોરે કૂવાકાંઠે જોયેલી એ અર્ધનગ્ન સ્ત્રીના પ્રેતની બિહામણી દશા એને સાંભરી – એનો સૂકાઈ ગયેલો પયહીન શુષ્ક સ્તન—

"એ બિહામણા પ્રેતને જાણે વાચા ફૂટી.....

"રાધાકૃષ્ણના મંદિરમાંથી કીર્તનકારના અભંગ પ્રલંબ સ્વરે ઉચ્ચારાતા સંભળાયા—

અંતરીંચા જ્ઞાનદીવા માલવું નકો રે!" *

આંખો મીચી ઇબ્સેનનું અનુકરણ કરી અમે બધા સાહિત્યકારોએ ઘરમાંથી ગૃહિણીઓને બહાર કાઢી મૂકવાની જાણે ઉગ્ર ચડાઈ આદરી દીધી છે એમ માની લઈને આક્ષેપ કરનારા મારા નંબર બેના ટીકાકારનો મુદ્દો કેટલો આધાર વિનાનો છે એ ઉક્ત અવતરણ પરથી જાણી શકાશે. પહેલા નંબરના વાંધાવાળા પેલા સુશિક્ષિત પેન્શનર ભાઈને જેમ વાર્તાના સામાજિક આશય સાથે કશી લેવાદેવા ન હતી, એમ જ આ સાહિત્યશોખી નંબર બેવાળા ટીકાકારને પણ એ અંગે કશું લાગતું વળગતું નથી. આવા ટીકાકારો વાર્તાનું તંત્ર, તેની ભાષાશૈલી, તેમાં રહેલી સાહિત્યચોરી વગેરે બાબતોનો ઉહાપોહ ભારે કડકાઈથી કરે છે. પરંતુ લલિતસાહિત્યના આત્માસમી જે

* અંતરમાં પ્રગટેલો જ્ઞાનદીપ બુઝાવી ન દેજો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમાં સમાયેલી જીવનવિષયક દૃષ્ટિ છે, એની સામાજિક પાર્શ્વભૂમિ પરત્વે કશી ચર્ચા કરવાની માથાકૂટમાં તેઓ ઘણું ખરું પડતા જ નથી.

આ બંને ટીકાકારોની સરખામણીએ જોતાં મારાં નંબર ત્રીજાનાં ટીકાકાર પેલાં કેળવાયેલ બહેને આ વાર્તા તરફ વધારે સાચા દૃષ્ટિબિંદુથી જોયું છે. આજના જમાનાનું એક વિચિત્ર તરેહનું સામાજિક દુઃખ આ વાર્તામાં વર્ણવવાનો લેખકે પ્રયત્ન કર્યો છે એ હકીકત તે બહેન સમજી શક્યાં છે. પણ મેં વાર્તાનો અંત જે રીતે આણ્યો છે, તે રીત એમને ગમી નથી. એ બહેનની ટીકાનો મર્મ હું સમજી શક્યો છું. આપણા સમાજમાં સાધારણ રીતે કોઈ સ્ત્રી ગૃહત્યાગ કરી શકે તેમ નથી. એ વાત સાચી છે કે આજે સ્ત્રી જૂના સમય કરતાં વધારે સ્વાવલંબી બની શકી છે. પરંતુ કેવળ સ્વાવલંબનમાં સ્ત્રીનું જીવન પરિપૂર્ણ બની શકતું નથી. સ્વાતંત્ર્યના જેટલી જ – કહો કે તે કરતાં કાંઈક વધારે અંશે સ્ત્રી બીજી બે ભાવનાઓ પ્રત્યે ખેંચાયેલી છે. એ બંને ભાવનાઓ – પ્રીતિ અને વાત્સલ્ય – ની તૃપ્તિ ગૃહમાં જ મેળવી શકાય તેવું હોય છે. એવા ગૃહ પ્રત્યે પીઠ ફેરવીને ચાલી નીકળવું – સામાજિક દૃષ્ટિએ પોતાનો પતિ ગુનેગાર છે એ જ્ઞાનથી પેદા થયેલ અસ્વસ્થતા, વ્યાકુળતા દૂર કરવા માટે જીવન આખાનાં સારસર્વસ્વ સમાં પ્રીતિ અને વાત્સલ્યથી સદાને માટે વિમુખ બની જવું – એ દેખાય છે એટલી સહેલી અને સાદી ઘટના નથી. સાધારણ ખમીરની સ્ત્રીથી એ બની ન શકે તેવું છે. હું એ બરાબર સમજી શકતો હતો માટે જ માયાનું દિલ સંસ્કારો ઝીલી શકે તેવું હતું, બાળપણથી જ સૌજન્ય અને સાધુતાના સંસ્કારો એના મન ઉપર અતિ ઉત્કટતાથી સીંચાયા હતા, એમ મેં ખાસ ઈરાદાપૂર્વક દાખવ્યું છે. એનો પિતા ગાંધીવાદી છે; દેશના સ્વાતંત્ર્ય અર્થે ગાંધીજીએ ઉપાડેલી અનેક લડતોમાં એણે જાતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાગ લીધો છે; અર્થાત્ એને ગરીબીનો સ્વીકાર તો કરવો જ પડ્યો છે, પણ તે સઘળું તેણે હસતે મુખે આવકાર્યું છે. માયાનું બાળપણ આ તરેહના વાતાવરણનાં વિકસતું ચાલ્યું હતું. કૉલેજમાં તે વામનરાવ જોશી પાસે ભણી છે. વામનરાવ જોશી મહારાષ્ટ્રના એક પ્રખર અધ્યાપક અને શ્રેષ્ઠ સાહિત્યકાર તો હતા જ; પણ તે સાથે તેઓ એક મહાન વ્યક્તિ પણ હતા. જિંદગી આખી એમણે તત્ત્વવિવેચનમાં ગાળી છે એટલું જ નહિ પરંતુ એ તત્ત્વજ્ઞાન એમણે નવલકથાઓ અને નિબંધો દ્વારા સાધારણ વાચકવર્ગ સુધી પહોંચાડીને જીવનવિષયક ઉચ્ચ અને ઉદાત્ત મૂલ્યો પર જે કાટ ચડવા માંડયો હતો તે ઘસી કાઢવામાં ગાળ્યું છે. આવા સાત્ત્વિક સ્વભાવના ગુરુના સહવાસમાં માયાની વિદ્યાર્થી-અવસ્થા પસાર થઈ છે. આ સંસ્કારોમાં ઊછરેલી, કોમળ પરંતુ આગ્રહી મનની યુવતીને લગ્ન પછી એવું દેખાઈ આવે છે કે પોતાનો પતિ પાપી છે, સામાજિક નીતિમૂલ્યો એને મન કશા હિસાબમાં નથી, પોતાના દ્રવ્યલોભની ખાતર કેટલા નિષ્પાપ માનવીઓના પોતે ભોગ લે છે એનો એને ખ્યાલ પણ નથી! માયાનું મન સખ્ત આઘાત અને આંચકો અનુભવે છે. એ યુવતીની સામે જે સમસ્યા ખડી થાય છે એ મેં આ નવલિકામાં દોરવાનો પ્રયત્ન કર્યો છે. માયા પોતાના પતિને અવશ્ય ખૂબ જ ચાહે છે. આજના જમાનામાં કેળવાયેલ યુવાન પત્નીએ પતિ ખાતર જે જે કરી છૂટવું જોઈએ તે સઘળું તેણે હોંશથી કરેલું છે. પતિ મોટો થાય એવી એની ઇચ્છા જરૂર છે; પણ એ મોટાઈ પાપથી રંગાયેલ હોવી ન જોઈએ એવી એના સંસ્કારી મનની મનીષા છે—શ્રદ્ધા છે. સુખ મળે તો તેનો ઉપભોગ લેવાને પણ તે ઇચ્છે જ છે. અને દુનિયામાં સુખ તો કોને નથી ગમતું? પણ બાળપણથી સાત્ત્વિક સંસ્કારોમાં ઊછરેલું એનું મન જોરજોરથી કહી રહ્યું છે કે એ સુખ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અન્યના દુઃખોમાંથી પેદા થયેલું હોવું ન જોઈએ! માયાનો એ જીવનસિદ્ધાંત છે. સદાનંદ અને માયા વચ્ચેના ઝઘડાનું–વૈમનસ્યનું મૂળ અહીં જ છે. સદાનંદ પોતે સ્વભાવે દુષ્ટ આદમી નથી. સામાન્ય પુરુષોના જેવો જ એ પણ છે. એ મહત્ત્વાકાંક્ષી જરૂર છે; માયા પ્રત્યે તેના દિલમાં પ્રેમ છે. એને સુખી કરવા તે ચાહે છે; નાજુક ફૂલોના ગુચ્છને આપણે સુંદર ફૂલદાનીમાં ગોઠવી, અંદર પાણી ભરી એને તડકો ન લાગે એવે સ્થળે સાચવી રાખીએ છીએ, તેમ પોતે માયાને રાખી શકે એવી એના મનની ઉત્કટ આકાંક્ષા છે. એ ઇચ્છામાં મનુષ્યસ્વભાવથી કશું જુદું છે એમ તો કેમ કહેવાય? આવાં એક-બીજા પ્રત્યે ખરા દિલથી પ્રેમ કરનારાં પતિપત્ની વચ્ચે પૈસો કયા રસ્તે પ્રાપ્ત કરવો એ બાબતમાં ઝઘડો જામે છે. આ ઝઘડાની દશા જેના દિલમાં ખૂંચે, એટલું જ નહિ પરંતુ એ વેળા થતા જખમો સહી લેવાની શક્તિ જેનામાં હોય, એવી નાયિકા મારે આ વાર્તા માટે જોઈતી હતી. આખરે તે ગૃહત્યાગ કરે છે. મને મળવા આવ-નારી એ યુવતીને વાર્તાનો આવો અંત ગમતો નહોતો; બીજા વાચકોને પણ કદાચ એ ન ગમે. આપણે સહુ હજુ કૌટુંબિક વૃત્તિ–લાગણી-વાળા જ રહ્યા છીએ; સામાજિક નથી બન્યા. કુટુંબમાં ભલે કલેશ ચાલ્યા કરતા હોય, ભલે અનેક મતભેદો પ્રવર્તતા હોય; એ બધું ઢાંકી દઈને પણ પરંપરાગત કુટુંબસંસ્થાને કોઈ રીતે તૂટી પડવા દેવી ન જોઈએ, એ જાતની યંત્રયુગની પહેલાંની રહેણીકરણીને પોષક હોય એવા ખ્યાલો હજુ આપણા મનમાં દૃઢમૂલ બની રહ્યા છે. પ્રત્યક્ષ રોજ બરોજના જીવનમાં તો સંયુક્ત કુટુંબસંસ્થાના કચારના બાર વાગી ચૂકયા છે. છતાં હજુ રંગભૂમિ પર તેમ જ ચિત્રપટના પડદા પર હળીમળીને સંયુક્તપણે રહેતા ભાઈઓ અને દેરાણી-જેઠાણીના દેખાવોને તાળીઓથી વધાવી લેવામાં આવે છે! આ એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રીતે આખા સમાજને માટે સ્વપ્નરંજન જેવું છે. ભૂતકાળમાં વિલીન થઈ ગયેલા બનાવો પ્રત્યે કેવળ સ્વપ્નદૃષ્ટિએ નિરખી રહેવાથી ભવિષ્યકાળનું ચણતર થઈ શકતું નથી. પણ એ સત્ય હજી આપણે ગળે ઊતરવાને વાર છે. આજની સામાજિક સમસ્યાઓ અનેક કારણોને લીધે પેદા થયેલી છે. એક બાજુથી જીવન યાંત્રિક અને એ જ કારણે સર્વાંશે અર્થપ્રધાન બનતું જાય છે; બીજી બાજુએ સમાનતાનો ઝંડો સઘળાં સામાજિક ક્ષેત્રો પર ફરકતો થયો છે. આ પરિસ્થિતિમાં ઊભા થતા જીવનસ્પર્શી પ્રશ્નોના જવાબો ગલીપચી કરનારી માત્ર સુખાંત વાર્તાઓ દ્વારા, સ્વપ્નસૃષ્ટિ પર રચાયેલા તત્ત્વજ્ઞાન દ્વારા અગર આત્મવંચના કરનારા ખાલી સંસ્કારિતાના પોકળ વિચારો દ્વારા મેળવી શકાય તેમ નથી; એમ મેળવવાનું વ્યાજબી પણ નથી. આ જ કારણે મેં માયા અને સદાનંદ વચ્ચેના ઝઘડાને વધારે તીવ્ર સ્વરૂપ આપ્યું છે. પતિના પાપાચારથી રોમાંચ અનુભવી ગૃહત્યાગ કરી ચાલી નીકળતી પત્ની હજાર સ્ત્રીઓમાં ભાગ્યે જ એકાદ નીકળે, એ મારી જાણ બહાર નથી. વળી એ પાપ પરંપરાગત પણ નથી. પતિ કોઈ અન્ય સ્ત્રીની પાછળ ગાંડો થવાને કારણે તેના પર રોષ આણી ગૃહત્યાગ કરી જનારી પત્ની આપણે સમજી શકીએ છીએ; આપણને તે ગમે પણ છે. પણ પત્ની પ્રત્યે અઢળક પ્રેમ રાખનારો પતિ–તેને સ્વર્ગસુખને હિંડોળે ઝુલાવનારો પતિ જે રસ્તે પૈસો કમાય છે એ અનીતિનો માર્ગ છે, એની મહત્ત્વાકાંક્ષાના વિજયરથના ચક્ર તળે લાખો ગરીબ માનવીઓનાં રોજ રોજ બલિદાન લેવાઈ રહ્યાં છે, એનું જ્ઞાન થતાં જ પતિનો વિરોધ કરનારી પત્નીને આપણે સમજી શકતા નથી. પરંતુ આ અને આવા તો અનેક વિરોધ–ઝઘડાઓ હજુ ચોક્કસપણે આવી રહ્યા છે. માત્ર વ્યક્તિગત દૃષ્ટિથી નહિ પરંતુ સામાજિક દૃષ્ટિએ પણ એનાં પ્રામાણિક–ખુલ્લા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હૃદયના જવાબો આપ્યા વિના ચાલે તેમ નથી.

'સ્ત્રી અને પુરુષ'માં રજૂ કરાયેલી આ સામાજિક દૃષ્ટિનો ખ્યાલ આપણા વર્તમાન તેમ જ ભાવિ જીવન માટે બહુ જ આવશ્યક છે. આ વાર્તામાં રજૂ કરાયેલ ઝઘડો માત્ર પ્રતીકરૂપે જ દાખવ્યો છે. એક રીતે તે શરીર અને આત્મા વચ્ચેનો સંઘર્ષ – વિગ્રહ છે. સ્ત્રીમન અને પુરુષમન વચ્ચેનો એ એક સંગ્રામ છે. સાચાં તેમ જ નકલી જીવનમૂલ્યોની પારખ કરવા અર્થે માનવી મન જે ઉહાપોહ કરી રહે છે તેના પ્રતિબિંબ તરીકે આ વાર્તા તરફ જોવું જોઈએ. અને એ દૃષ્ટિએ જોતાં તો માથા ખરેખર ગૃહત્યાગ કરી ચાલી નીકળે છે કે કેમ એ હકીકત પણ ગૌણ બની જાય છે.

હું સ્ત્રીમન અને પુરુષમન એ જાતના શબ્દપ્રયોગો કરું છું, ત્યારે માનસશાસ્ત્રના ગ્રંથને ગોખી કાઢનારા પંડિતો મારા એ પ્રયોગો તરફ હસશે તેનો મજો ખ્યાલ છે. "માણસનું મન સર્વત્ર એક જ નમૂનાનું હોય છે; એમાં સ્ત્રીમન અને પુરુષમન સરખા ભેદો પાડી શકાય નહિ. કાલે ઊઠી તમે સ્ત્રીજીભ અને પુરુષજીભ સમા શબ્દપ્રયોગો પણ દાખલ કરી દેશો!" એ તરેહનો ઉપહાસ એ લોકો જરૂર કર્યા વિના નહિ રહે. આ તરેહનાં બે મન વચ્ચેનો ભેદ ભણેલી સ્ત્રીઓને પ્રથમદર્શને ગમશે નહિ. સ્ત્રીને પુરુષ કરતાં ઊતરતા દર્જ્જાની લેખવાની જે જૂની યુક્તિ – યોજનાઓ છે તેની જ આ એક નવી આવૃત્તિ છે એમ તેમને લાગ્યા વિના રહેશે નહિ. સમતાના ગૂંચવાડો પેદા કરનારા વિચારોનું ભૂત તેમનામાં પણ પેઠું છે. પુરુષ જે કાંઈ કરે તે સઘળું સ્ત્રીએ પણ કરવું જ જોઈએ, પુરુષ કરતાં સ્ત્રી કોઈ રીતે ઊતરતી નથી એ તેણે હમેશાં સિદ્ધ કર્યા જ કરવું જોઈએ, એ જાતની વિચિત્ર માન્યતાઓને સ્ત્રીપુરુષ વચ્ચેની સમાનતા ગણવાની રીત આપણે ત્યાં હજુ ઠેરઠેર નજર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવે છે. સમાનતાનો આ વિકૃત ખ્યાલ જેમ મને મંજૂર નથી તે જ રીતે સ્ત્રીના મનનો વિકાસ પુરુષના મનના વિકાસની રીતે જ થવો જોઈએ એ પણ સર્વાંશે મને કબૂલ નથી. બુદ્ધિના પ્રદેશમાં પુરુષની ખરેખર બરોબરી સ્ત્રી કરી શકશે, પરંતુ તેની ભાવનાઓ પુરુષો કરતાં સદા ય થોડે યા વધારે અંશે જુદી તો રહેવાની જ. કુદરતે જ સ્ત્રીની એ તરેહની રચના કરી છે. એમાં એનું ઊતરતાપણું નથી; હશે તો કંઈક અંશે પણ ચઢિયાતાપણું જ છે. પ્રીતિ અને વાત્સલ્યને પુરુષના જીવનમાં પણ જરૂર સ્થાન છે, પણ એ સ્ત્રીના જીવનના જેટલું અગત્યનું નથી. પુરુષનું મન લાંબા વખત સુધી પરાક્રમો પર જીવી શકે છે—સંતોષ માની શકે છે. સ્ત્રીનું મન માત્ર પરાક્રમોથી સદાને માટે કદી પણ સંતોષાશે નહિ. પરાક્રમ-પ્રદર્શનમાં અનેક વાર અન્ય વ્યક્તિ ઉપર આક્રમણ કરવાં પડે છે. કલાસર્જન, શાસ્ત્રીય શોધખોળ, માનવસેવા, વગેરે કેટલાએક ઉચ્ચ અને નિરપેક્ષ પરાક્રમોના પ્રકારો છે ખરા; પરંતુ આવા પરાક્રમ-પ્રકારોમાં યશ પ્રાપ્ત કરનારા પુરુષો દુનિયાદારીમાં રચ્યાપચ્યા રહેતા મહત્ત્વાકાંક્ષી સામાન્ય પુરુષવર્ગ કરતાં જુદી જ માટીના ઘડેલા હોય છે. એમનું મન સ્ત્રીમન સાથે જ વધારે મળતું આવે છે. પુરુષનો સામાન્ય વર્ગ આવા ઘડતરનો નથી હોતો. સત્તા, કીર્તિ, સંપત્તિ વગેરેને મેળવવામાં તે સદા મંડ્યો રહે છે. આ બધું ત્યાજ્ય ગણાવા લાયક છે એમ મારું કહેવું છે જ નહિ. પણ એ પ્રવૃત્તિઓ કેફ ચડાવનારી છે, મોહવશ બનાવનારી છે. એનો જે કેફ માનવી-મન પર ચડે છે તેની માત્રા સદા ય બધા કેફી પદાર્થો પેઠે વધતી જ જાય એમ મન ઇચ્છે છે, અને એ જ ઇચ્છાને કારણે પુરુષ આગળ જતાં નીતિની સઘળી મર્યાદાઓ ભૂલી જાય છે, ઉચ્ચ જીવનમૂલ્યોને તે પગ તળે છૂંદવા લાગે છે, અને એમ કરીને જ તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કીર્તિમાન, સત્તાધારી ને વૈભવશાળી બને છે. ઇતિહાસમાં કોઈ કોઈ સ્ત્રીઓએ પુરુષો સાથે આ બાબતમાં સફળ હરીફાઈ કરી દાખવી છે એની ના નથી; પણ સામાન્ય કોટિની સ્ત્રી એ રીતે જીવી શકતી નથી–વર્તી શકતી નથી; એ જાતના વર્તનથી તે અંતરમાં સુખી પણ થઈ શકતી નથી. વૈયક્તિક તેમ જ સામાજિક જીવનમાં એનાં સઘળાં સુખો પ્રીતિ અને વાત્સલ્યના સર્વાંગી વિકાસ ઉપર અવલંબે છે; આ જ ભાવનાઓ દ્વારા તેનું જીવન ઘડાય છે. સ્ત્રી એને સહેલાઈથી ફેંકી દઈ શકતી નથી; કુદરતની વિરુદ્ધ વર્તવું એમ સહેલું પણ નથી જ. આથી સ્ત્રીને સામાજિક વ્યવહારો કરવાની વેળા આવી લાગતાં જ આ ભાવના દ્વારા વિકસેલી દૃષ્ટિથી જ તે દુનિયા તરફ જુએ છે–જોઈ શકે છે. સંકુચિત કૌટુંબિક વાતાવરણમાં કુટુંબીજનોના કામકાજ કરવામાં, અને ઢીંગલી પેઠે શણગાર સજી ઘરની–કુટુંબની ચાર દીવાલો વચ્ચે મહાલવામાં સ્ત્રીની અનેક પેઢીઓ પસાર થયેલી હોવાથી મધ્યમ વર્ગની સ્ત્રીને પોતાના આ સુષુપ્ત આત્મિક સામર્થ્યનો હજી પૂરો ખ્યાલ આવ્યો નથી. ઘરનો ઊંબરો છોડી બહાર નીકળ્યા પછી પુરુષની હરીફાઈ કરવાથી જ પોતે સુખી થઈ શકશે એમ હજુ તેને લાગે છે. પણ મોટે ભાગે પરાક્રમશાળી અને વ્યવહારકુશળ પુરુષોને જે એક જાતની સામાજિક બધિરતા સાધ્ય થઈ ગઈ હોય છે, તેવી બધિરતા સ્ત્રી મેળવી શકતી નથી; કુદરતે જ સ્ત્રીનું મન એ જાતના ઢાળામાં ઢાળેલું નથી. એનું શરીર અને સાથોસાથ એનું મન એવી તરેહનું રચાયું છે કે એનું મુખ્ય કાર્ય વાત્સલ્યને પ્રગટ રૂપ આપવાનું બને છે. જ્યાં વાત્સલ્યભાવ જીવંત હોય છે ત્યાં માનવતાના ધર્મની કલ્પનાઓ વધારે સ્પષ્ટ રૂપ લેતી જાય છે. આવા મનને પાપપુણ્યનું ભાન પણ ખૂબ તીવ્રતાથી થાય છે. સમાજમાં હજારો માનવીઓ

पुस्तकालय
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
गुरुकुल कांगड़ी

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમુક કાર્ય કરે છે માટે તાત્ત્વિક રીતે તે પદ્ધતિ ગંદી – પાપભરી નહિ હોય એમ એનું મન કદી માની બેસતું નથી. જે વિશિષ્ટ ભાવનાપૂર્વક સ્ત્રી અતિ પ્રાચીન કાળથી પોતાના શીલની પવિત્રતા જાળવતી આવી છે તે જ ભાવનાથી હવે પછી તે સામાજિક પવિત્રતાને જાળવી રાખવાનો પ્રયત્ન કરશે. આ તરેહનું ચિત્ર માયાના સર્જન દ્વારા નાનકડા નમૂના રૂપે મેં દોર્યું છે.

સ્ત્રીમન અને પુરુષમન વચ્ચેનો મેં નિર્દિષ્ટ કરેલો આ ભેદ કાંઈ લલિતલેખકની સ્વૈર કલ્પનાનો તરંગ માત્ર નથી. જરા લીલાગર ચડાવી હોય તો અનેક તરંગો સહેજે મગજમાં ઊભા થાય છે એમ લોકમાન્ય ટિળક કહેતા. પણ લલિતલેખકને માટે એ તરેહના કલ્પના – તરંગો બહુ ઉપયોગી નથી હોતા. એણે દોરેલાં જીવનનાં ચિત્રણો માટે પણ શાસ્ત્રીય સત્યનો આધાર તો આવશ્યક જ હોય છે. એ દૃષ્ટિએ આ બારામાં Oswald Schwarz નામના વૈજ્ઞાનિકનો અભિપ્રાય ખાસ ઇરાદાપૂર્વક આપણ પુસ્તક-પંડિતો માટે હું ટાંકું છું. તે કહે છે: 'The woman does not live outside things, making contact with them when they approach her. She is immediately, intimately, essentially one with everything existing – people, animals, nature. This state of oneness is the form of existence of primitive races and children, it is the basis of religious mysteries, the mother-child relationship and human gregariousness.....This oneness is the source of female sympathy and commiseration, which is not feeling with the suffering of another person, but feeling the same suffering as the person through a process of identification or still better a state of identity. For women are not with that is by the side of their fellow beings – human or animals or things – but just parts of an all embracing whole. For the

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

same reason women cannot live alone. They must belong to someone or something. This togetherness is their way of existing and taken away from these contacts they wither like love-birds, isolated they feel senseless and silly."

'પાષાણનાં આંસુ,' 'સતી,' 'માનેલી મોટી બહેન,' 'સરસ્વતી,' 'પતિત,' અને 'અનામી' વગેરે વાર્તાઓમાં સ્ત્રીજીવનના આ રહસ્યનાં, અને તેને જ કારણે ખીલી નીકળતા તેના મનનાં અનેક પાસાંઓનું આવું ચિત્રણ વાચક જોઈ શકશે. એ વાર્તાઓની ભૂમિકામાં બેશક અંતર ઘણું છે. 'પાષાણનાં આંસુ'ની વાર્તા બુદ્ધકાળની એક કાલ્પનિક વાર્તા છે. 'સતી'ની વાર્તાને ઐતિહાસિક પાર્શ્વભૂમિ આપ્યા છતાં કથા તો કલ્પનાનું જ સર્જન છે. 'માનેલી મોટી બહેન'નું ચિત્ર આપણને વર્તમાન જીવનમાંથી સાંપડે તેવું છે પણ એનું વાતાવરણ શહેરી છે, જ્યારે 'અનામી'ની વાર્તા સાધારણ કસ્બા જેવા ગામને વધારે બંધબેસતી આવે તેવી છે. આમ વાર્તાની ભૂમિકામાં ઘણું અંતર હોવા છતાં એ માંહેની સ્ત્રીઓના આત્મામાં બહુ મોટો તફાવત નથી એ હકીકત આ વાર્તાઓના વાંચનારના સહેજે ખ્યાલમાં આવી શકે તેવું છે.

આ સઘળી વાર્તાઓમાં આલેખાયેલા સ્ત્રીજીવનના બીજા એક વિશિષ્ટ અંગનો ઉલ્લેખ પણ કરી દેવો જોઈએ—સ્ત્રીનું શારીરિક પાવિત્ર્ય અને તેના આત્માનું પાવિત્ર્ય બંને બાબતો એકીસાથે સંલગ્ન જ હોય એમ નથી દોરાયું તે. 'પાષાણનાં આંસુ'ની નાયિકા એક નર્તિકા છે. 'અનામી'ની નાયિકા એક વેશ્યા છે. 'માનેલી મોટી બહેન' અને 'પાપનો કર્તા કોણ?' વાળી બંને વાર્તાઓમાં રૂઢ અર્થમાં વ્યભિચારને અવકાશ મળેલ છે; છતાં એ વાર્તાઓ વાંચતી વેળા એની નાયિકાઓ વ્યભિચારી સ્ત્રીઓ છે, ખાઈપીને મોજ માણ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાનું એમનું જીવનધ્યેય છે, ક્ષણિક શારીરિક સુખની પેલી પાર તેમની નજર જ જતી નથી, ઉચ્ચ અને ઉદાત્ત ભાવનાઓથી તેઓ વંચિત છે, એવો આરોપ કોઈથી તેમના પર મૂકી શકાય તેવું નથી. શારીરિક પાવિત્ર્ય અને આત્માનું પાવિત્ર્ય બંને એકીસાથે સાંપડતાં હોય તો એ મેળાપ હરહમેશ આવકારદાયક જ ગણાય. પરંતુ પરિસ્થિતિની અનુકૂળતાને લઈને જીવન એક જ તરેહને માર્ગે રોજ વહ્યા કરતું હોવાથી, અગર લાગણીઓનું જોર શિથિલ હોવાથી, શારીરિક દૃષ્ટિએ પવિત્ર રહેલાં માનવીઓ આત્માની દૃષ્ટિએ હમેશાં પવિત્ર જ હોય છે એમ ખાતરીપૂર્વક છાતી ઠોકીને કદી કહી શકાય નહિ. વધારે સ્પષ્ટતાથી કહીએ તો શારીરિક પાવિત્ર્ય એટલે જ આત્માનું પાવિત્ર્ય એમ માની લેવાની પદ્ધતિ આપણી સંસ્કૃતિમાં ગયાં અનેક સૈકાંઓમાં જે રીતે દૃઢમૂલ બનતી ચાલી છે, તેણે જ આપણા સમાજને વધારે દુર્બળ, શક્તિહીન બનાવ્યો છે. સમાજને વધારે સામર્થ્યશાલી બનાવે તેવા અનેક પોષક પ્રવાહોને એણે ઉગમમાં જ સૂકવી દીધાનું જોઈ શકાશે. કોઈ સ્ત્રી ગમે તેવી કંટી હોય, એને કારણે એના પતિને અને બાળકોને ભલે લેશ પણ સુખ સાંપડતું ન હોય, એના સ્વભાવની એ દુષ્ટતાને કારણે એમનો વિકાસ ભલે કુંઠિત થઈ રહ્યો હોય, પણ શરીરસંબંધમાં પતિ સાથે જો એકનિષ્ઠ બનીને એ સ્ત્રી વર્તે તો તેને મહા પતિવ્રતા ગણવી જોઈએ એમ આપણે આજ સુધી માનતા આવ્યા છીએ. ભોળા ગરીબ લોકોને લૂંટનારો પુરુષ જો સમાજે નિંદ્ય ગણેલાં વ્યસનોથી મુક્ત હોય, આચારવિચારમાં તે કર્મકાંડી હોય, રોજ બબ્બે કલાક પૂજામાં બેસી પથ્થરના પ્રભુ ઉપર ફૂલોના ઢગલા રચ્યા કરતો હોય, તો તેવાને હાથે પળેપળે ચાલી રહેલી સામાજિક હિંસા–હત્યા તરફ આંખ આડા કાન કરવાની ટેવ આપણા સમાજને ઘણા જૂના કાળથી પડી ગઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે! પણ એ તરેહની રૂઢ પરંપરાએ આપણો વિનાશ કર્યો છે. એને કારણે આપણે માણસના આત્મા કરતાં એના સ્થૂળ શરીરની, સાચા ગુણો કરતાં દાંભિક આચારની કિંમત વધારે આંકવા કરી છે. સીતાને કેવળ નાઇલાજ બનીને જ રાવણને ત્યાં રહેવું પડ્યું એ વાત એક નાનું બાળક પણ સમજી જાય તેટલી સ્પષ્ટ હતી. લંકા સોનાની નગરી છે માટે ત્યાં મોજ માણવા ખાતર સીતા દંડકારણ્યમાંથી પગે ચાલીને લંકામાં નહોતી ગઈ. તે કાળે ચમત્કારોની સગવડ હોવાથી ભવિષ્યની લોકનિંદા–લોકાપવાદ ટાળવા સારુ એણે અગ્નિપ્રવેશ કર્યો. પરંતુ એટલી આકરી કસોટીમાંથી પસાર થયા છતાં એને લાગેલું કલંક સર્વાંશે દૂર ન જ થયું. રામને આખરે કરવો પડેલો સીતાનો ત્યાગ, જીવન વિષેનાં મૂલ્યોમાં શારીરિક પવિત્રતાનું જ મૂલ્ય અનેક યુગોથી સમાજે વધારે આંક્યું છે, એ સિદ્ધ કરવા માટે બસ છે! આજે પણ હજુ આપણે એ જ જૂની માન્યતાઓના ચક્રાવામાં સપડાયેલા છીએ; એમાંથી છૂટ્યા નથી.

એનો અર્થ એવો તો હરગિજ નથી કે શારીરિક પવિત્રતાને જીવનમાં મહત્ત્વનું મૂલ્ય છે જ નહિ. પાશ્ચાત્ય જીવનના કેવળ બાહ્ય પરિચયને કારણે આપણે જૂની સંસ્કૃતિ પણ નહિ અને નવી સંસ્કૃતિ પણ નહિ, એવી કોઈ વિચિત્ર પરિસ્થિતિના વાતાવરણમાં જીવીએ છીએ. તેથી, છેલ્લી એકબે પેઢીઓનું વલણ શારીરિક પાવિત્ર્યને ગૌણ માનવા તરફ જતું ગયું છે. પણ એનો અર્થ મારા મનથી તો એટલો જ છે કે એ કેવળ એક પ્રતિક્રિયા જ છે; એ પાવિત્ર્ય વિષેની ઉદાસીનતાની પાછળ જીવનનો નવી દૃષ્ટિએ વિચાર કરીને ઠરાવેલું કોઈ મુલ્યાંકન છે એમ તો કહી શકાય એવું છે જ નહિ. સમાજની સાધારણ વ્યક્તિ પણ શારીરિક પવિત્રતા જાળવી રાખે તે સારુ જે વિશિષ્ટ સામાજિક પરિસ્થિતિની આવશ્યકતા હોય છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેનો આજે આપણે ત્યાં અભાવ છે. રોજ રોજ વધારે ને વધારે માનવીઓ આજના બકાલ શહેરોની વસ્તીમાં ઉમેરો કરી રહ્યાં છે. એમાંની સઘળી વ્યક્તિઓ શહેરના આકર્ષણથી ખેંચાઈને અગર તો ત્યાંના કૃત્રિમ મોજશોખથી લલચાઈને જ આવી હશે એમ ન જ કહેવાય. પાપી પેટની ખાતર જ તેઓ ત્યાં આવી પડે છે. પણ તે સાથે આવી વ્યક્તિઓને આવાં મોટાં શહેરોમાં કૌટુંબિક વાતાવરણમાં રહેવાના અનુકૂળ સંજોગો મળવાની મુશ્કેલી રોજ ને રોજ વધતી જાય છે. હમણાં હમણાં સરકારી ખાતાંઓ મારફત તેમ જ ખાનગી રીતે શાસ્ત્રીય જ્ઞાન ધરાવતી વ્યક્તિઓ તરેહ તરેહના આંકડાઓ એકઠા કરી લોકોની પરિસ્થિતિની ચર્ચા કરે છે. એમાંની કોઈ વિદ્વાન વ્યક્તિઓ શહેરમાં રહેતી વસ્તીના પચીશથી પચાસ વર્ષની ઉમર સુધીના કેટલા પુરુષો વરસના બાર મહિનામાંથી કાંઈ નહિ તો ૮–૧૦ મહિના પણ પોતાની પત્નીને સાથે રાખી શહેરમાં વસે છે તેની માહિતી પ્રગટ કરે તો જરૂર એમાંથી ઘણું જાણવા જેવું મળવાનો સંભવ છે. શહેરો–અતિ વિશાળ રાક્ષસી નગરો જાણે અજાણે સામાન્ય માનવીને અનીતિની ખાઈ પાસે લપસણી શિલા પર કેવી રીતે આણી મૂકે છે એના પર ઉક્ત માહિતી અવશ્ય ઘણો પ્રકાશ પાડી શકશે.

અને તેમ છતાં શારીરિક પાવિત્ર્ય જીવનનાં મૂલ્યો પૈકી ભારે મહત્ત્વનું મૂલ્ય ધરાવે છે. એની સાચવણ વ્યક્તિએ ખૂબ કાળજીથી રાખવી જોઈએ એમ હું માનું જ છું. સામાન્ય માનવીના સર્વાંગી વિકાસમાં સંયમનો ફાળો ઘણો મોટો છે. પવિત્રતાની મર્યાદા છાંડીને હાથ ધરેલો ઉપભોગનો પ્યાલો બહારથી જેટલો મોહક દેખાય છે તેટલો જ અંદરખાનેથી તે દાહક હોય છે. અનેક વાર એ પ્યાલામાં અમૃત અને દારૂના મિશ્રણની સાથે ઝેર પણ ભળેલું હોય છે. એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઝેર સામાન્ય માનવીના જીવનને કલુષિત બનાવી દે છે. માત્ર પુરાણ કાળની ધાર્મિક અગર નૈતિક માન્યતાઓની દૃષ્ટિથી જ નહિ, પરંતુ છેક અદ્યતન દૃષ્ટિથી, વ્યક્તિના વિકાસની દૃષ્ટિથી, શાસ્ત્રીય દૃષ્ટિથી પણ સંયમની પ્રતિષ્ઠા સ્થાપી શકાય તેવું છે. ચાર્લ્સ મૉર્ગન-ના 'The Flashing Stream' નામના નાટકની પ્રસ્તાવનામાં એણે રજૂ કરેલી સંયમની મહત્તા ધ્યાનપૂર્વક વાંચી જવા જેવી છે એટલું જ અહીં હું સૂચિત કરું છું.

અને તેમ છતાં મારી અનેક વાર્તાઓમાં પતિતા સ્ત્રીઓ વિષે જે સહાનુભૂતિ વ્યક્ત કરેલી છે, તેનાં ઘણાં કારણો છે. પતિત સ્ત્રી એ પતિત હોવા છતાં સ્ત્રી તો હોય જ છે. સ્ત્રી પોતાના કુદરતી સ્વભાવને કારણે જ પુરુષ કરતાં વધારે વાત્સલ્યવાળી, વધારે ભાવના-શાળી અને તેથી વધારે ત્યાગભરી હોય છે. અનેક વાર એની પ્રીતિ ભક્તિનું રૂપ ધારણ કરે છે તેનું આ જ કારણ છે. અજ્ઞાનને કારણે, નિર્બળતાને લીધે અને રૂઢિઓના ભારણને પરિણામે આજ સુધી તે વધારે પડતી પરાધીન જ રહી છે ને સામાજિક નીતિની દૃષ્ટિએ તેને હાથે બની જતા પાપની પાછળ ઇરાદો હોવાનું આરોપણ કરવામાં આવે છે. આ બધી બાબતો ધ્યાનમાં લેતાં એને હાથે થઈ જતી ભૂલોની જવાબદારી એના પર કેટલી અને એને પરાધીન બનાવનાર સમાજ ઉપર કેટલી એનો મનમાં નિર્ણય કરીને જ મેં ઉક્ત વાર્તાઓ લખી છે. સ્ત્રીમનની આ ઉત્કટતાનો હવે પછી સામાજિક દૃષ્ટિએ વિકાસ કરવો જરૂરી છે. એ જ રીતે શારીરિક પવિત્રતા કરતાં આત્માની પવિત્રતાની કિંમત સમાજે વધારે આંકવી જરૂરનું છે. એ મૂલ્યાંકન પણ માત્ર શબ્દોમાં જ રહેવું ન જોઈએ. નહિતર એક બાજુ પ્રાથમિક શિક્ષકોનાં શબ્દો દ્વારા ગુણગાન ગવાય અને બીજી બાજુ શિક્ષકો ભૂખે મરે તો ય કોઈ દાદ પણ ન આપે, એ જાતની દાંભિકતા સમાજમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફેલાય! અને એક વાર ઢોંગ ચલાવી લેવાની ટેવ પડ્યા પછી સામાજિક જીવન ઉપર તેમ જ વ્યક્તિ ઉપર પણ દાંભિકતાના થર વધુ ને વધુ જામતા જાય છે; આ દાંભિક વૃત્તિએ જ આપણા સમાજનું આજનું અધઃપતન આણ્યું છે. એને દૂર કરવા અર્થે સઘળાં જીવનમૂલ્યોની આજે પુનર્વિચારણા થવી આવશ્યક છે. 'માનેલી મોટી બહેન,' 'પાપનો કર્તા કોણ,' 'અનામી' વગેરે વાર્તાઓ વાચકો આ દૃષ્ટિથી વાંચશે તો મારું દૃષ્ટિબિંદુ કંઈક અંશે સમજાશે એમ હું માનું છું.

અત્યાર સુધીના વિવેચનમાં સ્ત્રી અને સ્ત્રીજીવન પરત્વે મેં માનભર્યા ઉદ્‌ગારો જ કાઢ્યા છે. તે ઉપરથી હું કોઈ પોચા દિલનો કેવળ કલ્પનાશીલ સ્ત્રીપૂજક કવિ છું, અગર તો ડોન ક્વિક્ઝોટ જેવો સ્ત્રીદાક્ષિણ્યથી દોરાયેલો અને સ્ત્રીઓનું રક્ષણ કરવા નીકળી પડેલો કોઈ ચસ્કેલ ભેજાનો આદમી છું, એમ અનેકને લાગી જવાનો સંભવ છે. પણ ખરી વાત એમ નથી. સ્ત્રીઓના સદ્‌ગુણ જેટલો જ હું તેમના દોષોથી પણ પરિચિત છું. વીજળી જેમ પ્રકાશ આપે છે એમ સ્પર્શથી તે માનવીને દઝાડે—બાળે પણ છે. સ્ત્રીજીવનમાં પણ આ બંને પ્રકારના નમૂના હમેશાં સાંપડ્યા કરે છે. ખાસ કરીને જેના સ્વભાવમાં વિકાસ સાધી શકવાની યોગ્યતા—આવડત નથી, હોતી તેવી સ્ત્રી, જીવનમાં અનેક દુઃખો પેદા કરી શકે છે. એનું મન કોઈ બાળકના જેટલું જ સ્વપ્નશીલ અને એ જ કારણે વ્યક્તિનિષ્ઠ રહે છે. હરેક બાબત તરફ તે રમતની નજરે જ જુએ છે. આવી સ્ત્રીને કારણે જે અનેક અનર્થો પેદા થઈ શકે છે, એમાંનો એક નમૂનો 'અગ્નિ સાથેના ખેલ' નામની વાર્તામાં મેં રજૂ કર્યો છે. આપણા સમાજમાં સ્ત્રીપુરુષોની લગ્નની વય હવે ઠીક ઠીક વધી છે. અર્થાત્ અપરિણિત યુવકયુવતીઓનો પરિચય થાય, એ પરિચયનું પ્રણયમાં રૂપાંતર થાય અને છેવટે એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રીતિમાં જઈ પહોંચે એ સ્વાભાવિક ક્રમ છે. આવા બતાવો પ્રત્યે સૂગ દાખવનારા સનાતની (પુરાણમતાભિમાની) ઓ કુદરતને જાણે છેતરવા નીકળે છે. પણ કુદરત એમ કોઈથી છેતરાઈ જાય એવી મૂરખ કે સાવ ભોળી નથી. એટલું ખરું કે આપણા સમાજમાં પ્રાચીન (જૂના) સમયની મર્યાદાઓ જળવાઈ રહી નથી. તેમ આજના સમાજને છાજે એ તરેહનું મુક્ત વાતાવરણ પણ જામ્યું નથી, એ કારણે પાશ્ચિમાત્ય દેશોની પેઠે આપણા દેશમાં સાચેસાચાં પ્રેમલગ્ન થવામાં હજુ ઘણી મુશ્કેલીઓ નડે છે. અને આ બધા ગોટાળામાં પુરુષની ભ્રમરવૃત્તિનો, અને સ્ત્રીના પ્રણય સાથે ક્રીડા કરવા ચાહનારા અવિકસિત મનનો, ઉમેરો થાય એટલે અનેક કોમળ આત્માઓ દાઝી ઊઠે છે. 'અગ્નિ સાથેના ખેલ'નો નાયક આનો નમૂનો છે.

આથી સહેજ જુદી જાતની સામાજિક દૃષ્ટિથી બીજી બે વાર્તાઓ તરફ વાચકોનું ધ્યાન ખેંચવા હું માગું છું. પહેલી વાર્તા છે 'ખીણ અને શિખર'ની, અને બીજી છે 'સંધ્યાદીપ'ની. પહેલી વાર્તામાં નિસ્વાર્થવૃત્તિથી જાહેર સંસ્થાઓ ચલાવનારા, ઉજ્જડ ભૂમિમાં આંબાનો રોપ વાવી તેને પોતાના લોહીનું જ જલસિંચન કરી ઉછેરનારા મહાપુરુષોના જરા વિચિત્ર લાગે તેવી જાતના દુઃખનું ચિત્ર આલેખ્યું છે. આવી સંસ્થાઓ ચલાવનાર વ્યકિતઓ સમાજમાં હમેશાં પૂજનીય તો ગણાય છે; પણ એ પૂજા મૂર્તિને ચડાવેલા ફૂલો જેવી જ હોય છે. મૂર્તિને થોડાંક ફૂલ ચડાવ્યાં એટલે પછી ભગવાનની પ્રસાદી આરોગવાનો સંપૂર્ણ હક મળી જાય છે! મોટી-મોટી જાહેર સંસ્થાઓના સંચાલકોની બાબતમાં સમાજ આવું જ વર્તન દાખવે છે. સમાજ એ કાર્યકર્તાઓને માનપત્રોથી નવાજે છે; ગુણગાનનાં અનેક લાંબાંચોડાં વ્યાખ્યાનોથી એની મોટાઈનાં વખાણ કરે છે; પરંતુ તેમણે ઊભી કરેલી બહુ જ ઉપયોગી અને ઉપકારક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસ્થાઓનો રોજબરોજનો નિભાવ શી રીતે થતો હશે એની ચિંતા કોઈ જ કરતું નથી! એ સંસ્થાઓનો સીધી રીતે લાભ મેળવેલી વ્યક્તિઓ પણ એ સંસ્થાઓનું દારિદ્રય દૂર કરવા પ્રયત્ન કરતી નથી! આપણે ત્યાં પેસી ગયેલો આ એક ભારે જબરો સામાજિક દોષ છે. ખુદ પોતાના બાળકની પેઠે ઉછેરેલી સંસ્થાના રોજબરોજના ખર્ચની ચિંતામાં એના કર્તૃત્વશીલ ધુરંધર કાર્યકર્તાઓ પણ ગળે આવી જાય છે. એમની સઘળી શક્તિઓ સંસ્થાનાં આવક અને ખર્ચનાં પાસાં સરખાં કરવામાં જ વપરાઈ જાય છે. જેઓ નવા નવા આદર્શો ઊભા કરી શકે, જેઓ નવાં સ્વપ્નો ઘડી શકે, નવા સમાજનું નિર્માણ કરવાનાં કોઈ શ્રેષ્ઠ શિલ્પકારના ટાંકણાની કુશળતા જેઓ દાખવી શકે, અને પોતાના પ્રતિભાશાળી વ્યક્તિત્વની જ્યોત પોતાની સાથે સંબંધમાં આવતાં હરેક યુવકયુવતીઓના હૃદયમાં પ્રતિબિંબિત થાય એવા પ્રયત્નો હરહમેશ જેઓ કરી શકે, તેમને જ હાથમાં ઝોળી લઈને પાઈ પૈસો કરી સંસ્થાનું ખર્ચ પૂરું કરવા રખડવું પડે છે! સાગરમંથન કરી અમૃત સંપડાવવાની શક્તિવાળી વ્યક્તિઓને ભેંશાનાં રખવાળાં કરી છાશ વલોવવા બેસવું પડે છે! આવી મહાન ત્યાગની ભાવનાવાળી વ્યક્તિઓને જે સમાજ પિછાની શકતો નથી, એમની અસાધારણ કાર્યશક્તિને જે સમાજ યોગ્ય અંજલિ આપતો નથી, એનો ઉદ્ધાર જલદી શાય ખરો? જૂના જમાનામાં આપણે જે ભક્તિભાવથી મંદિરો ચણાવતા, મૂર્તિઓની ષોડશોપચાર પૂજા કરતા, મુશ્કેલીઓ સહન કરીને તીર્થયાત્રાએ જતા, એ જ ભક્તિભાવ અને શ્રદ્ધાથી આજે સમાજની સેવા કરી રહેલી સંસ્થાઓને સમાજે સહાય આપવી જોઈએ. સરકાર કાયદો કરી આપણી પાસેથી કર વસૂલ કરે છે. પરંતુ સેવાભાવની સત્તા તો રાજસત્તા કરતાં પણ વધુ મહાન છે એ આપણે આજે સક્રિય મદદ દ્વારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાખવી આપવું જરૂરી છે. સ્વાતંત્ર્ય આપણે મેળવી લીધું છે; પણ હવે પછીના જમાનામાં હરેક ક્ષેત્રમાં જૂની સંસ્થાઓ ઉપરાંત આવી સેંકડો બીજી નવી સંસ્થાઓની આવશ્યકતા ઊભી છે. આપણે એવી સંસ્થાઓ સ્થાપવા અને ચલાવવાના પ્રયત્ન તરીકે જે બીજો વાવીશું એનો ફાલ ભવિષ્યમાં આપણે મેળવી શકીશું. 'ખીણ અને શિખર'વાળી વાર્તા માંહેના દાદા કહે છે:

"જે દશામાં આ વૈજયંતી આશ્રમમાં આવેલી, તે જ અવસ્થાવાળી છોકરીઓને આજે આશ્રમને દરવાજેથી પાછી વાળવી પડે છે.....સંસ્થામાંથી નીકળેલી ઘણી છોકરીઓ આજ સુખી જિંદગી ગાળે છે. કોઈને સારી નોકરી મળી છે, કોઈને સારું ઘર સાંપડયું છે; પણ એમાંની કોઈ જ આ સંસ્થા તરફ નજર સરખી નાખતી નથી. આશ્રમે તેમને ઊંડી ખીણમાંથી ઉચ્ચ શિખરે પહોંચવાનો રસ્તો દાખવ્યો. પણ એ શા સારુ? તો ખીણમાં પડેલી બીજી અનાથ બહેનોને તેમણે ઊંચે ચડવાની અનુકૂળતા કરી આપવી, તેમને રસ્તો બતાવવો તે ખાતર! પરંતુ...પરંતુ જે લોકો ઉચ્ચ શિખરે પહોંચે છે તેઓ ફરી પાછાં એ ખીણમાં ઊતરતાં નથી–તે તરફ પાછું વાળી જોવાની તસ્દી પણ લેતાં નથી!"

આજે આપણે ત્યાં કલાના, શિક્ષણના, ગ્રામસેવાના, શાસ્ત્રીય શોધખોળના, કહો કે દરેક જાતના ક્ષેત્રના આવા અનેક 'દાદા' નિ:સ્વાર્થપણે સેવા આપી રહ્યા છે. તેઓ શરીરથી આ સઘળી મહેનત કરી રહ્યા છે, પરંતુ તેમના હૈયામાંથી આવી જ તરેહના દર્દભર્યા અવાજો રોજેરોજ નીકળી રહ્યા છે. એ અવાજ વધારેમાં વધારે લોકોને કાને અથડાય એ સમાજને ખાતર અત્યંત જરૂરી છે.

અંતમાં 'સંધ્યાદીપ'વાળી વાર્તામાં સમાયેલા આવા જ એક અતિ અગત્યના સવાલનો પણ સહેજ ઉલ્લેખ કરી લઉં. 'સંધ્યા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દીપ' ની વાર્તાની પાર્શ્વભૂમિ '૪૨ની લડત છે. તેમાં એક દૃઢનિશ્ચયી ભાવનાશાળી માતાનું ચિત્ર છે. પણ એમાં ય વધારે અગત્યનો ભાગ તો એ અજાણ માતા જે તત્ત્વજ્ઞાન સમજાવે છે તે છે. તેનો નાનો પુત્ર જે રાજકીય ચળવળમાં કૂદી પડે છે એ વિષે એ કશું જાણતી નથી; બધી માતાઓની પેઠે પોતાનો પુત્ર પણ સુખી થાય, કોઈ જાતની નાની મોટી ધાંધલોમાં જોડાઈને કશી ઈજા વહોરી ન લે, જાનનાં જોખમમાં ન ઊતરે એમ એ પણ ઇચ્છે છે. પણ પુત્ર તો તેને જણાવ્યા વિના જ જુવાનીના જોસમાં સ્વભાવ-સહજ ઉત્સાહમાં આવી રાજકીય લડતમાં ઝંપલાવે છે. આગળ જતાં પોલીસના હાથમાં જ્યારે તે સપડાય છે ત્યારે ભાવિ સજાના ભયથી એનું મન ડગમગી જાય છે. માફી માગીને છૂટી જવાનો વિચાર પણ એના દિલને સ્પર્શી જાય છે. તે વેળા પછી એ માતા જ એને એમ કરતાં રોકે છે. અગાઉ માતા તરીકે જે ખૂબ લાગણીવાળી પોચા દિલની સ્ત્રી હતી, તે હવે એટલા જ પ્રમાણમાં દૃઢનિશ્ચયી અને કઠોર બની જાય છે. પુત્રને ફાંસીએ લટકવું પડે તો છો પડે પણ હવે તેનાથી ઢીલા બની જઈને માફી તો મગાય જ નહિ, એ મુદ્દો તે હિંમતભેર રજૂ કરે છે; ને માતાનું આ દૃષ્ટિબિંદુ આખરે પુત્રને પણ દૃઢનિશ્ચયી બનાવે છે.

આ માતાની આ શ્રદ્ધાનું મૂળ કોઈ વિશાળ ભાવનામાં નથી. માત્ર પોતાના કુળનું અભિમાન–ગૌરવ જાળવવા પૂરતી જ એની મર્યાદા છે. પણ એમ છતાં એ શ્રદ્ધાની ઉત્કટતા તો ઘણી જ છે. અને ખૂબીની વાત એ છે કે આપણી અનેક નવી શ્રદ્ધાઓમાં આ ઉત્કટતાની ખામી જ પ્રમુખપણે દીસી આવે છે! સંભવ છે કે આજનું આંટીઘૂંટીભર્યું જીવન એને માટે કંઈક અંશે જવાબદાર હોય. આજની પરિસ્થિતિ સાધારણ માણસને હેમ્લેટની પેઠે 'આ કરું કે ન કરું' એવી સંશયી દશામાં જ ધકેલે છે. પણ જે બળ ઉપર જીવનમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉન્નત મસ્તકે વિચરવાની હિંમત રહે છે, એમાં જે આત્માનું ઓજસ્ પ્રકાશી રહે છે, એની પાછળ આ જાતની ઉત્કટ શ્રદ્ધાની જરૂર ઘણી મોટી છે. 'સંધ્યાદીપ'ની માતાના દિલમાં આ જાતની શ્રદ્ધા રહેલી છે. એનો પુત્ર સ્વભાવે સરલ છે, ગરવો છે, સાહસી છે; પણ માતાના હૈયાની પેલી વિશિષ્ટતા એની પાસે છે નહિ. સમાજના ઉત્કર્ષની દૃષ્ટિએ જોતાં આવી વિશિષ્ટતાની હવે પછી તો ખાસ વધારે અગત્ય છે એમ મારું માનવું છે.

'પતંગ,' 'ચંદુ,' 'સરસ્વતી,' 'ટર્કિશ ટુવાલ,' 'પાંગળાનું દુઃખ' અને 'કલાકાર' વગેરે બધી વાર્તાઓ અંગે આમ કંઈ કંઈ લખી શકાય એવું છે. પણ અત્યાર સુધી મેં જે મુદ્દાઓની ચર્ચા કરી છે – જે વિવેચન કર્યું છે, તેને લક્ષમાં રાખી રસિક વાચકો તે સહેલાઈથી જોઈ શકશે એમ માની હું એ વિષે લાંબું લખતો નથી. દરેક લેખકને સ્વાનુભવને જોરે સાંપડેલું જીવન પરત્વેનું એક વિશિષ્ટ દૃષ્ટિબિંદુ હોય છે. જીવનના સત્ય અને સૌંદર્ય પરત્વેની એની માન્યતાઓ એ વિશિષ્ટ દૃષ્ટિબિંદુથી રંગાઈને જ સાકાર બને છે. આ વાર્તાઓ વાંચતા પહેલાં મારું આવું દૃષ્ટિબિંદુ વાચકના ખ્યાલમાં આવી શકે તો મારો આ 'પ્રવેશક' સાર્થ થયો માનીશ. આ સંગ્રહમાંની વાર્તાઓમાં કાંઈ સાહિત્યના અગર સમાજોપયોગી ગુણો હોય તોપણ કોઈ રીતે અસામાન્ય ન ગણાય એવા એક નવલિકાલેખકની એ કૃતિઓ છે એનું મને પૂરેપૂરું ભાન છે. સંગ્રહનાં આ ફૂલો ક્ષણજીવી છે; અવિરત પ્રકાશ પાથરી રહેતાં એ રત્નો તો નથી જ. મારાં ગુજરાતી વાચક ભાઈબહેનો આ ફૂલોના સૌંદર્યથી અગર એની સુગંધથી ઘડીભરને માટે પણ જો આનંદ મેળવી શકશે તો મારું લખાણ સફળ થયાનો સંતોષ હું મેળવી શકીશ.

૨૭-૬-૪૬

વિ. સ. ખાંડેકર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

કથાઓનાં નામ	પૃષ્ઠ
મૂળ લેખકનો પ્રવેશક	[૭ થી ૩૩]
૧ પાષાણનાં આંસુ	૧
૨ અગ્નિ સાથેના ખેલ	૧૩
૩ પતંગ	૩૩
૪ સતી	૫૬
૫ ચંદુ	૬૬
૬ માનેલી મોટી બહેન	૮૦
૭ પાપનો કર્તા કોણ?	૧૦૭
૮ સરસ્વતી	૧૨૯
૯ ખીણ અને શિખર	૧૪૬
૧૦ અનામી	૧૬૧
૧૧ પતિત	૧૭૫
૧૨ સ્ત્રી અને પુરુષ	૧૯૫
૧૩ ટર્કિશ દુવાલ	૨૩૮
૧૪ પાંગળાનું દુઃખ	૨૪૬
૧૫ કલાકાર	૨૫૮
૧૬ સંધ્યાદીપ	૨૮૧

[કુલ પૃષ્ઠ ૩૦૮+૩૬=૩૪૪]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંધ્યાદીપ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાષાણનાં આંસુ

ઘનઘોર વાદળાંથી આકાશ છવાઈ ગયું. સૂરજનાં દર્શન થતાં બંધ થયાં. 'કેવો ભીષણ સંહાર!' કહીને આકાશે જાણે પોતાની આંખો મીચી દીધી.

ટપ ટપ ટપ, વરસાદના છાંટા ટપકવા લાગ્યા.

રાજકવિને સ્ફૂર્તિ થઈ આવી: 'મહારાજ! આકાશની આંખે આંસુ સરે છે!'

સામે ખડકાયેલા મૃતદેહોના ઢગલાઓ તરફ ઉન્મત્ત નજર ફેંકતાં ફેંકતાં મહારાજ પાષાણવર્મા બોલી ઊઠ્યા: 'બુદ્ધ ધર્મની એણે દીક્ષા લીધી જણાય છે!'

દિગ્વિજય કરવા નીકળેલા મહારાજા નાએ શબ્દવિનોદ વિષે શું કહેવું? મહાસાગરની કોઈ પ્રચંડકાય વહેલ માછલીએ જાણે પોતાની વિશાળ પૂંછડીનો પછડાટો કર્યો. મહારાજના એ શબ્દોથી આસપાસના સરદારોમાં હાસ્યરસની પ્રચંડ છોળો ઊછળી રહી.

ધીરે ધીરે આકાશમાં જબરી મેઘગર્જના થવા લાગી.

રાજકવિને ફરી સ્ફુરણા થઈ આવી. તેમણે કહ્યું: 'એ મેઘ નથી; કૃષ્ણશાર્દૂલો જ છે. જુઓ કેવી ગર્જના કરે છે!'

દૂરથી રણમેદાન પર પથરાયેલા જખમી માનવીઓના દુઃખાર્ત સ્વરોનો એક સામટો કરુણ અવાજ સંભળાતો હતો. એ અવાજ સાંભળતાં સાંભળતાં મહારાજા બોલ્યા: 'કવિરાજ! તમે ભૂલો છો. કૃષ્ણશાર્દૂલોનું કે બીજા કશાનું નામ શીદ લ્યો છો? એ તો આકાશ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'નમો બુદ્ધાય, નમો બુદ્ધાય' ના જાપ જપતું લાગે છે!'

મહારાજ પાષાણવર્માને સૌથી વધારે ગમતી બાબતો ત્રણ હતીઃ લડાઈ, બુદ્ધની નિંદા અને નર્તિકા. ખડ્ગોનો ખણખણાટ એને મન નર્તિકાના ઝાંઝરના ઝમકાર જેટલો જ પ્રિય હતો. શત્રુ સાથે યુદ્ધ કરતા તેના મજબૂત હાથ, બુદ્ધભગવાનની નિંદા ઉચ્ચારતી એની વાચાલ જીભ અને નર્તિકાનું નૃત્ય જોનારાં એનાં ચંચલ નયનો: એ દરેક પ્રસંગે તે તે ઇંદ્રિયમાં જાણે એના સર્વ પ્રાણ આવીને સમાતા.

ક્યાં યુદ્ધનો શોખ અને ક્યાં નૃત્યનો શોખ! મૃત્યુનાં કરાલ જડબાં ક્યાં અને લલિત હાસ્યભર્યું કલાનું વદન ક્યાં! પરંતુ આ વિરોધાભાસનું સમર્થન મહારાજ પાષાણવર્મા ભારે મજેથી કરતા. તે કહેતાઃ 'પ્રલયકાળે રુદ્ર જે તાંડવનૃત્ય કરે છે, તે તેઓ સ્મશાનમાંથી નથી શીખ્યા! એ માટે એમણે ભૂતગણોને ગુરુસ્થાને નથી સ્થાપ્યા! એ બધું તો એમને દેવી પાર્વતીએ શીખવ્યું છે. ભીલડીને વેશે પોતાના મોહક નૃત્યથી એણે શિવજીને ડોલાવ્યા હતા તે યાદ છે?'

આકાશમાં વીજળીનો એક ચમકારો થયો.

મહારાજાને પ્રસન્ન કરવા વળી રાજકવિ ઓચર્યાઃ 'મહારાજ! જુઓ જુઓ, છાતી ફૂટતાં ફૂટતાં આકાશ કહે છેઃ બુદ્ધ ધર્મ, બુદ્ધ ધર્મ!'

વીજળીના ચમકારા સાથે રાજાની નિદ્રિત વાસના જાગૃત થઈ ઊઠી. તે બોલી ઊઠ્યાઃ 'વાહ વાહ! મેઘગર્જનાના તાલ સાથે હવે વિદ્યુતે નૃત્ય આરંભ્યું જણાય છે! ચાલો, હવે શિબિર તરફ જઈએ. ત્યાં કોઈ સુંદર નર્તિકા શોધી લાવો—'

મહારાજાની એ આજ્ઞા સાંભળતા જ સહુનો આનંદ સુકાઈ ગયો; સહુના મોં પર ભયની છટા પથરાઈ.

શહેર આખું ભયથી વ્યાકુળ બનેલું હતું; સામે જ મૃતદેહોના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડગલા ખડકાયલા પડ્યા હતા! આવે વખતે શહેર બહાર શિબિરમાં નર્તિકા લાવવી ક્યાંથી?

આખરે કોઈને યાદ આવ્યું: બપોરે શહેરમાં લૂંટફાટ ચલાવેલી ત્યારે સિપાઈઓએ થોડીએક સ્ત્રીઓને કેદ પકડી આણી હતી. તુરત મહારાજ પાષાણવર્માની આજ્ઞાનો અમલ કરવા અર્થે સરદારો રવાના થયા.

મહારાજે કવિને પૂછ્યું: 'કેમ કવિરાજ! હવે શિબિર તરફ ચાલશું ના?'

રાજકવિ વ્યાકુળ દૃષ્ટિએ રણમેદાન પર મીટ માંડી રહ્યો હતો.

'શું જોઈ રહ્યા છો, કવિરાજ?'

'કશું નહિ, મહારાજ! આજે રણક્ષેત્રમાં મારો એક મિત્ર મૃત્યુને ભેટ્યો છે, એના મૃતદેહનું અંતિમ દર્શન કરવાની—'

'તમારા અંતરમાં પણ બુદ્ધ અવતર્યા લાગે છે! ભલા માણસ, લડાઈમાં તો અનેક મરે. મરે એટલા ઓછા! મારા સરખા દિગ્વિજયી રાજાનો રાજકવિ શું આવો પોચા હૈયાનો હોય?'

થોડાં ડગલાં ચાલ્યા પછી મહારાજાએ ખડખડાટ હાસ્ય કર્યું: 'હાઃ હાઃ હાઃ, કવિ! આ સંગીત સાંભળ્યું?'

કવિએ શરીરે રોમાંચ અનુભવ્યો. કણસવાનાં ઘેરાં રુદન, જખમોની વેદનાના તરફડાટ, મોંમાંથી નીકળતા 'પાણી! પાણી!' ના અખંડ આક્રોશ — આખું દૃશ્ય અતિશય ભેસૂર હતું!

અજાણે કવિની આંખે આંસુ આવ્યાં.

મહારાજે તે જોયું. તીક્ષ્ણ સ્વરે તેમણે કહ્યું: 'કવિરાજ! રડો છો? આંસુ તો દુર્બળોની આંખે જ શોભે!'

એ જ વેળા વીજળીનો બીજો ચમકારો થયો. જાણે વિદ્યુત પોતે એ દિગ્વિજયી મહારાજની આંખો તેમ જ અંતઃકરણમાં પ્રકાશ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફેંકવા માગતી હોય! પણ મહારાજને તો આંખો જ ક્યાં હતી? ત્યાં તો જાણે આરસપહાણ જ જડ્યા હતા!

એ જોતાં જ કવિને મનમાં લાગ્યું: 'પાષાણ તે કદી વળી દ્રવતા હશે?'

× × ×

કેદ પકડી આણેલી સ્ત્રીઓમાં એક સુંદર નૃત્યકુશળ વેશ્યા હતી.

'મારા નૃત્યનાં મુલ્ય શાં આપશો?' તેણે સવાલ કર્યો.

સુવર્ણનાં નાણાંના આંકડા ઝપાટાભેર વધતા ચાલ્યા, પણ પુષ્પાને સંતોષ નહોતો.

કંટાળીને આખરે સરદારે કહ્યું: 'તારે મોંએથી માગ ને ત્યારે?'

'મારું સ્વાતંત્ર્ય! નૃત્ય પૂરું થતાં જ હું ગમે ત્યાં ચાલી જઈ શકું!'

નૃત્યના આવા મૂલ્યથી સહુ નવાઈ પામ્યા.

દિગ્વિજયી મહારાજની કૃપા ત્યજીને આ વેશ્યા વળી બીજે ક્યાં જવા માગતી હશે? એને કાંઈ ઘેલું તો નથી લાગ્યું?

તુરતાતુરત શિબિરમાં નૃત્યસમારંભની ગોઠવણ થઈ ગઈ. પુષ્પાના કંઠમાં કોયલનું માધુર્ય હતું, તેમ તેના અભિનયમાં મોરલાની દમામભરી છટા હતી. ક્ષણે ક્ષણે એની દેહલતા ગાલિચા પર એવા તો અંગમરોડ લઈ રહી હતી, જાણે આકાશમાં સ્થળે સ્થળે ચમકી રહેલી વીજળી ન હોય! મંદ વાયુલહરીથી ડોલતી મૃદુ વેલી પેઠે એના અભિનયે મહારાજનું મન હરી લીધું. એની દરેક હિલચાલ સાથે પ્રેક્ષકો પર જાણે સુગંધી પુષ્પોની વૃષ્ટિ થઈ રહી. પાષાણવર્મા એ નૃત્ય જોવામાં સંપૂર્ણ તલ્લીન બની ગયો.

પુષ્પાએ પણ તે દિવસે પોતાના કૌશલ્યમાં કમાલ કરી બતાવી. તેના મધુર આલાપમાં ચાંદનીનો વર્ષાવ થઈ રહ્યો હતો; એનું મોહક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નૃત્ય એ ચાંદનીમાં જાણે સરસ્વતી દેવીના વીણાવાદન સમું ભાસ્યું.

પણ એના ગીતના અર્થ તરફ કોઈનું ધ્યાન ખેંચાયું નહિ. એના એક ગીતમાં મધરાતે પલંગમાં પડયાં તરફડિયાં મારતા રાજકુંવરના હૃદયની વેદના વ્યક્ત થતી હતી. એ રાજપુત્ર બુદ્ધ જ હશે!

એનું હૃદય કહી રહ્યું હતું—

અહીં હું છત્રપલંગમાં પોઢયો છું. પણ બહાર?

બહાર હાથપગનાં ટૂંટિયાં વાળી ભેજવાળી ભોંય ઉપર અનાથ-અપંગો આળોટે છે.

ભૂખને અભાવે ઘડી પહેલાં થાળમાં પકવાન્નો પડતાં મૂકીને હું ઊભો થઈ ગયો. પણ બહાર?

બહાર ટાઢા રોટલાના જમીન પર વેરાયેલા ટુકડા વીણીને ખાવા છતાં ભૂખ ન શમવાથી ગરીબ બાળકો ટળવળતાં ટળવળતાં આખરે ઊંઘી ગયાં છે!

છત્રપલંગમાં પોઢેલી મારી પત્નીના શરીર પરનાં મૂલ્યવાન રત્નો ઝુમ્મરોના પ્રકાશમાં ચમકારા કરી રહ્યાં છે. અને બહાર?

બહાર અગણિત માતાઓ, બહેનો, પત્નીઓ અને કન્યાઓ અત્યારે તરફડતી હશે. આંખમાંથી વહીને ગાલ ભીંજવી રહેલા અશ્રુઓ જ તેમના અલંકારો હશે!

મને ઊંઘ નથી આવતી; ક્યારે સવાર પડશે એમ થાય છે. એમ થાય છે કે ક્યારે રમણીય ઉષઃકાલ નજરે પડશે. પરંતુ બહાર?

બહારના અસંખ્ય ગરીબોને, દીન-દુર્બળોને તથા અનાથ-અપંગોને મારા જેવા જ વિચારો આવતા હશે? અશક્ય! ઉષઃકાળ મને લગ્ન વેળાના લાજાહોમ જેવો લાગે છે. પરંતુ તેમને? ભોગ ધરવા આણેલ પશુને યજ્ઞનો હોમ કદી પ્રિય લાગે ખરો? એમને તો ઉષઃકાળ એટલે વળી એક નવા, કારમા, સંકટભર્યા દિનની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શરૂઆત! એ દિવસ ન ઊગે અને અત્યારની આ રાત્રિ જ કાળ-રાત્રિમાં પરિણમે તો કેવું સારું, એમ તેમને તો થતું હશે!

હિમાલય પર્વત ઉપર વૃક્ષોની છાયા તળે આંટા મારતા માનવીને મધ્યાહ્નના સૂર્યકિરણો પણ ચંદ્રકિરણો છે એમ લાગે છે. એ અનુસાર નર્તિકાના ગાનની મધુરતામાં એના ગીત માંહેના ઉક્ત પ્રખર વિચારો તરફ કોઈનું પણ ધ્યાન ખેંચાયું નહિ!

ગીત પૂરું થયું; નૃત્યનો પણ અંત આવ્યો. નર્તિકાના પગનાં નૂપરમાંથી "નમો બુદ્ધાય! નમો બુદ્ધાય!"નો ધ્વનિ સ્પષ્ટ રીતે સંભળાઈ રહ્યો. સરદારોને થયું કે શત્રુપક્ષની આ વેશ્યા જાહેરમાં મહારાજાની અવહેલના કરી રહી છે! એમાંના એકાદ બે જણાના હાથ તેમની તલવારો પર પડ્યા; તેઓ ઘૂંટણભેર પણ થયા. પરંતુ મહારાજને નૃત્ય જોવામાં તલ્લીન બનેલા દેખતાં જ નર્તિકાને દબ-ડાવવાની તેમાંથી કોઈની હિંમત ન ચાલી.

નૃત્ય પૂરું થયું. પાનસોપારી અને અત્તર વહેંચાયાં; ગુલાબ-જળ છંટાયાં. પુષ્પા અત્તરનો સ્વીકાર કરવામાં આનાકાની કરવા લાગી. મહારાજને નવાઈ લાગી.

પાવણવર્માએ પુષ્પાને સવાલ કર્યો: 'નર્તિકા! તને સુગંધ પ્રિય નથી શું?'

'બહુ જ પ્રિય છે, મહારાજ! પણ તે સારુ મને કોઈ ફૂલ આપો. એમાં સુવાસ નહિ હોય તોપણ હું એનો ખુશીથી સ્વીકાર કરીશ.'

રણમેદાનમાં ફૂલ ક્યાંથી આણવું? વેશ્યાએ મહારાજના અપાયેલ વચનની જાણે પરીક્ષા કરવા માંડી હતી.

હસીને મહારાજે સવાલ કર્યો: 'નર્તિકા! અત્તર ફૂલોમાંથી જ બનાવાતું નથી?'

'એ ખરું છે, મહારાજ! પણ એક રીતે જોઈએ તો અત્તર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ ફૂલોનું લોહી છે! મારે તો જીવંત સુવાસ જોઈએ. બીજાના જાન લેવાથી મળતો આનંદ કેવો હશે તે મારા સરખી નર્તિકા ક્યાંથી જાણી શકે?'

રાજાનાં નેત્રોએ મંગળગૃહનો રંગ ધારણ કર્યો. સહુએ ધાર્યું કે હવે હમણાં જ નર્તિકાના શિરચ્છેદની આજ્ઞા છૂટશે! મહારાજ નર્તિકાના મોં તરફ તાકી જ રહ્યા. થોડી પળોમાં મંગળનો રંગ બદલાઈને ત્યાં શુક્રનો રંગ આવી ગયો.

નર્તિકા ચાલી ગઈ. મહારાજ છત્રપલંગમાં પડ્યા. બીજા દિવસના યુદ્ધની એ વિચારણા કરવા લાગ્યા. ક્ષણેક્ષણે એની એ વિચારશૃંખલા તૂટતી હતી. આમ કેમ થતું હશે? પલંગ છોડી તે પ્રવેશદ્વારે આવી ઊભો રહ્યો. દૂર દૂર એક ટેકરી પાછળથી ચંદ્ર ઊંચે ચડતો હતો. બહાર પથરાયેલા અંધકારમાં પ્રકાશની આભા પથરાતી હતી. પરંતુ મહારાજના અંતઃકરણમાં શું હતું? આવતી કાલના યુદ્ધ કરતાં ઘડી પહેલાંની પેલી નર્તિકા જ એના અંતરને આવરી રહી હતી. એનું નૃત્ય એના મનોમંદિરમાં વસી રહ્યું હતું.

તેણે નર્તિકાને બોલાવી મંગાવી. પણ એ હાજર જ ક્યાં હતી? શિબિર બહાર નીકળતાં જ કોઈની સાથે એક પણ શબ્દ બોલ્યા વિના તે તો ચાલી ગઈ હતી!

પાષાણવર્માએ ફરી પલંગમાં લંબાવ્યું. પણ હજુ તેનો તરફડાટ તો ચાલુ જ રહ્યો. રોજ રાત્રે વિજયલક્ષ્મીના મધુર સંગીતમાં તે ઊંઘી જતો; પણ આજે એની એ લક્ષ્મી મૂંગી બની ગઈ હતી. મૂંગી બની ગઈ હતી? નહિ નહિ; પેલી નર્તિકા સાથે એની દાસી બનીને તે પોતાને ત્યજીને કદાચ જતી રહી હશે! વારેવારે પડખું ફેરવતાં એક વાર પડખામાં રાખેલી તલવાર સાથે તેના બાહુ પરનું સોનાનું કડું અફળાયું. ખણિંગ કરતો અવાજ થયો. પણ અત્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એને એ અવાજ અપ્રિય–કર્કશ લાગ્યો. તે જ વેળા પેલી નર્તિકાએ નૃત્ય પૂરું કરતી વેળા નૂપુરમાંથી કાઢેલો અવાજ એના કાનમાં ગૂંજી રહ્યો: 'નમો બુદ્ધાય, નમો બુદ્ધાય!'

બફારો અતિશય થાય ત્યારે વરસાદ આવ્યા વિના રહેતો નથી. પાષાણરાજને ભય લાગ્યો કે હમણાં પોતાની આંખે આંસુ ઊભરાશે! તુરત તેને રાત્રે શરૂઆતમાં પોતે કાઢેલા ઉદ્‌ગારો સાંભર્યા: 'આંસુ તો દુર્બળોની આંખે જ શોભે!' નૃત્યથી કોમળ બની ગયેલા અંતઃકરણને ફરી વાર કઠોર બનાવી દેવું પડશે! બસ, એ જ રસ્તો છે! અત્યારે જ મધરાતે જ રણક્ષેત્ર પર પહોંચી જવું; મૃતદેહોના એ ઢગલાઓમાં નર્તિકાની સુંદર મૂર્તિને દાટી દેવી. શિયાળ મડદાં ચૂંથતાં હશે ત્યારે જે બેસૂર અવાજ આવતો હશે તે કાનમાં પેસતાં જ નૂપુરનાં મંદમૃદુ રણકાર સંભળાતા આપોઆપ બંધ થઈ જશે.

પાષાણવર્મા એકલો જ શિબિર બહાર નીકળ્યો. ચાંદનીને બદલે વૃક્ષો તળેના અંધકાર તરફ દૃષ્ટિ રાખતો તે રણક્ષેત્ર પાસે જઈ પહોંચ્યો. એનો પદસંચાર થતો સાંભળતાં જ આડેથી એક શિયાળ દૂર નાસી જતું દેખાયું. પોતાના અંતરમાંથી પણ દુર્બળતાના વિચારો આ જ રીતે નાસી જાય છે એમ એને લાગ્યું.

કોઈ અતિ ઊંડાણમાંથી સંભળાતો હોય એવો એક કરુણ અવાજ એને કાને આવ્યો: 'પાણી! — પાણી! —'

કઠોરતા ધારણ કરવા તત્પર થયેલા પાષાણવર્માના અંતરે જવાબ આપ્યો: 'દિગ્વિજયી રાજા પાસે ફક્ત તલવારનું પાણી જ હોય છે!'

એટલામાં કશો અવાજ આવતો સંભળાયો. મહારાજે એ તરફ જોયું. એક માનવી આકૃતિ ઝડપભેર પેલા અવાજની દિશામાં ચાલી જતી હતી. મહારાજને વિચાર આવ્યો: 'કોઈ ભૂતપિશાચ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો નહિ હોય?'

તે સહેજ આગળ વધ્યો.

એ આકૃતિ કોઈ સ્ત્રીની હતી! તેની ઉતાવળી ગતિમાં પણ કેવી તાલબદ્ધતા હતી! લડાઈમાં મૃત્યુ પામેલા પોતાના વલ્લભની શોધ માટે ઘણું કરીને એ સ્ત્રી શહેરમાંથી આવી હોવી જોઈએ!

પણ મહારાજના કુતૂહલે એને ચેન પડવા દીધું નહિ. બહુ ધીરે પગલે તે પેલી સ્ત્રીની પાછળ પાછળ ચાલ્યો. તેણે ધારીને એને જોવાનો પ્રયત્ન કર્યો. એ સ્ત્રીના હાથમાં શું હતું? એના વલ્લભે આપેલી કોઈ બક્ષિશ તો નહિ હોય?

જ્યાંથી ઘડીએ ઘડીએ 'પાણી! પાણી!' એવો કરુણ સ્વર સંભળાતો હતો તે સ્થળે એ સ્ત્રી અટકી ગઈ. તે સહેજ નીચી નમી; થોડી વાર પછી વળી માથું ઊંચું કર્યું, ને પાલવ પડે આંખો લૂછી. એ સ્થળે જ તે બેસી પડી, અને જમણા હાથ માંહેના વાસણ-માંથી ઘૂંટડો ઘૂંટડો પાણી પેલા તૃષાતુર માનવીને તે પાવા લાગી. એ સ્ત્રીનું મોં જોવાનો મોહ પાષાણરાજ અટકાવી ન શક્યો.

ઝડપભેર તે આગળ વધ્યો; ગભરાટમાં પેલી સ્ત્રીએ ઊંચે જોયું.

પુષ્પા!

પાષાણવર્મા તરફ એની નજર જતાં જ મોં ફેરવી લઈ તેણે ઉદ્ગાર કાઢ્યા: 'છિ: કોઈ વરુ લાગે છે!'

એના એ ઉદ્ગારોથી મહારાજને ગુસ્સો ચડ્યો. છતાં ખામોશ પકડી પેલા જખમી આદમી તરફ આંગળી બતાવતાં એણે પૂછ્યું: 'એ તારે શું થાય?'

'એ તારે શું થાય?

'મારે? મારે ભાઈ થાય.'

'ભાઈ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હા! તમે પણ મારા ભાઈ જ છો. એક જ પરમાત્માએ આપણને સહુને— હા, પણ બધા ભાઈઓ સરખા ક્યાં હોય છે?'

પાષાણવર્મા સ્તબ્ધ બન્યો.

પરંતુ ઘડી પહેલાં ઉચ્ચારાયેલ 'વરુ' શબ્દ એના હૈયામાં શલ્યની પેઠે ખૂંચી રહ્યો હતો. તેણે કહ્યું: 'તારા સરખી વેશ્યાએ તો આ વેળા કોઈ રંગમહેલને શોભાવવો જોઈએ. આ નરકમાં—'

પુષ્પાએ હસીને કહ્યું: 'એ નરકનો સહજનહાર કોણ છે?'

પુષ્પાનો એ પ્રશ્ન પાષાણરાજની છાતીમાં કોઈ તીક્ષ્ણ ખડ્ગના ઘા સમો ભોંકાયો. એણે જોયું કે વાગ્યુદ્ધમાં આ શત્રુને હરાવવો એ સહેલું કામ નથી.

તેણે મૃદુ સ્વરે કહ્યું: 'નર્તિકા! રમણને મદિરાની પ્યાલીઓ ભરી દેવાને આ સમયે—'

ગભરામણ અને વ્યાકુળતા ઓછી થતાં જરા શાંતિ મળવાથી કૃતજ્ઞતાભરી દૃષ્ટિએ પોતા તરફ જોઈ રહેલા એ જખમી આદમી તરફ આંગળી બતાવી પુષ્પાએ જવાબ આપ્યો: 'આ પળે મારો રમણ આ જ છે!' અને હાથ માંહેનો પાણીનો પ્યાલો બતાવતાં ઉમેર્યું: 'આ મારી મદિરા ભરેલી પ્યાલી છે!'

લાત મારીને પુષ્પાના હાથ માંહેનું પ્યાલું ફેંકી દેવાનો વિચાર મહારાજના દિલમાં ડોકિયું કરી ગયો. પણ એ પળ વાર જ ટક્યો. તુરત પુષ્પાને ચીડવવાને ઇરાદે તેણે કહ્યું: 'નર્તિકા! રંગમહેલોની પુષ્પમાળાઓનો મોહક સુગંધ ક્યાં, અને આ બદબો ફેલાવતી મૃત-દેહોની દુર્ગંધ ક્યાં?'

આકાશમાં ચંદ્ર ઉપર વાદળાં છવાયાં; પાષાણરાજના મોં પર ચિત્રવિચિત્ર વિચારોની છાયા પથરાતી જણાઈ. પળવારમાં ચંદ્રે ફરી દુનિયા ઉપર પોતાનું શીતલ હાસ્ય વેરવા માંડ્યું. મહારાજે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુષ્પાની વધારે નજીક આવતાં તેને સવાલ કર્યો. 'નર્તિકા! તું મારી પટરાણી થઈશ?'

પુષ્પા નિરુત્તર બની હોય એવું દેખાયું. દિગ્વિજય કરતાં પણ રમણીના દિલને જીતવાનું કામ વધારે વિકટ હોય છે! મહારાજે અભિમાનથી છટાપૂર્વક વળી પૂછ્યું: 'કાં, શો વિચાર છે?'

પણ પુષ્પાની આંખ સામે આજની–અત્યારની મધરાતને બદલે કોઈ બીજી જ મધરાતનું દૃશ્ય નાચી રહ્યું હતું. રણક્ષેત્રનું રંગમહેલમાં રૂપાંતર થયું હતું, તારાગણોમાંથી અત્તરના દીવાઓ બની ગયા હતા અને સામે સમ્રાટ્ પાષાણવર્માને સ્થળે ભગવાં વસ્ત્રો ધારણ કરેલો એક સુંદર જુવાન બુદ્ધભિક્ષુ તેની દૃષ્ટિ સન્મુખ ખડો થયો હતો. બરોબર મધરાતની વેળાએ મરણપથારીએ પડેલી પોતાની માતાને ધીરજ આપવાનું બહાનું બતાવીને પુષ્પા એ ભિક્ષુને પોતાના રંગમહેલમાં લાવી હતી. તેને પલંગ પર બેસાડી, ઉપદેશ દેવાની વિનતિરૂપે તેના ચરણ પકડ્યા. પોતાનું એ વેળાનું એ વેશપરિધાન—

ઉનાળો એસે ત્યારે હિમાલયમાંથી નવાં ઝરણાં વહેવાનું શરૂ ન થાય એવું કદી બને ખરું? ભિક્ષુ પોતા તરફ અનિમેષ નજરે જોવા લાગ્યો; તે સહેજ નીચો પણ નમ્યો. પરંતુ ત્યાં તો—

બાજુના ઓરડામાંથી પોતાની દમલેલ માતાના કષ્ટમય સૂસકારા સંભળાયા. 'મારો મિત્ર ત્યાં છે શું?' એમ કહીને ભિક્ષુ એ બાજુ રવાના થઈ ગયો! એ માંદી માતાને આરામ મળે એ રીતે એને પોતાના શરીરનો ટેકો દઈ ભિક્ષુ આખી રાત એ વૃદ્ધ માતાની બાજુમાં બેસી રહ્યો.

બીજે દહાડે સવારમાં તે ચાલ્યો ગયો. અને આજ ત્રણ વરસ પસાર થઈ ગયાં છતાં પોતાના મનમંદિરમાંથી—?

પુષ્પાનું મૌન ચાલુ હતું. મહારાજે એને સંમતિરૂપ ગણ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિજયી સ્વરે તેણે નર્તિકાને પૂછ્યું: 'ત્યારે તું મારી પટરાણી જરૂર થવા માગે છે, ખરું?'

પુષ્પાએ હસતાં હસતાં જવાબ વાળ્યો: 'એક શરતે—'

'સમ્રાટને કોઈ શરતો અટકાવી શકતી નથી!'

'મારી શરત તો સાવ સાદી છે.'

'સાદી હોય અગર—મારી પાસે કેવડું વિશાળ સૈન્ય છે તે તું જાણે છે ને?'

'પણ હૃદયના ઊંડાણમાં શું છે?'

પાષાણરાજ ગભરાયો. વ્યાકુળ બની જઈ તેણે સવાલ કર્યો: 'તારી શરત જણાવીશ?'

'પહેલાં તમે સંન્યાસ ધારણ કરો. પછી—'

બીજી દિશામાંથી ઊંડો ઘેરો કરુણ અવાજ સાંભળાયો: 'પાણી! પાણી!'

'નમો બુદ્ધાય' કહેતી કહેતી પુષ્પા એ બાજુ જતી રહી.

× × ×

રાજકવિ પોતાના મરણ પામેલા મિત્રની શોધ કરવા વહેલી સવારે રણક્ષેત્ર પર આવી પહોંચ્યો. એકાએક વિચિત્ર તરેહના નિસાસા તેણે સાંભળ્યા. એ કોઈ જખમીના નિસાસા હતા શું? ના ના; અતિશય કરુણ રીતે કોઈ રુદન કરતું હતું. કવિને લાગણી થઈ આવી. તેણે એ બાજુ પગલાં માંડ્યાં. દયાભર્યા સ્વરે તેણે પૂછ્યું: 'ભાઈ! તું કોણ છે? તને શું થયું છે?'

રડી રહેલી વ્યક્તિએ મોં ઊંચું કરતાં જ ચંદ્રના આછા થતા જતા પ્રકાશમાં કવિએ જોયું: એ મહારાજ પાષાણવર્મા હતા!

૧૯૩૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અગ્નિ સાથેના ખેલ

કાકડીની સ્વાદિષ્ટ કચૂંબરનો આસ્વાદ લેતાં લેતાં મેં નિર્મલાને કહ્યું: 'આવો ગુણ તો ફડકેની નવલકથાની નાયિકાઓમાં પણ ભાગ્યે જ હોય!'

'શાનો ગુણ?' લોઢી પરની રોટલી અંગારા પર ધરતાં ધરતાં નિર્મલાએ પૂછ્યું.

'આ બનાવનાર હાથની આવી ચાલાકી—'

'મને કાંઈ ચોરઓર ઠરાવવા ધારી?' માથાના સહેજ લટકાભર્યા મરોડ સાથે મારા તરફ તાકી રહેતાં તેણે કહ્યું.

અંગારા પર ફૂલીને દડો થતી રોટલી જેવો જ એનો રોષ પોકળ છે એ હું બરાબર જાણતો હતો, અને તેથી તો તેને ચીડવવામાં મને ઓર મજા આવતી.

'તું ચોર છે એનો નિર્ણય કરવા કોઈ સાક્ષીની જરૂર છે ખરી?'

'મેં ક્યારે ચોરી કરી છે, કહેશો?' ફૂલેલી રોટલીને મારા ભાણામાં ફેંકતાં તેણે સવાલ કર્યો.

'સંભારી દઉં?'

'સંભારો જોઈએ!'

'ચાર વરસ પહેલાં.'

'પછી એ ચોરી પકડાઈ ખરી?'

'ચોરને સજા પણ થઈ ચૂકી છે!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'શી?'

'જન્મટીપની.!'

'ઠેઠ આંદામાન મોકલી દેવાની?'

'એમ જ; મુંબઈને હિસાબે કોંકણનું ગામડું આંદામાન નહિ તો બીજું શું કહેવાય?'

તે હસી પડી.

'ચોરીનો ચોક્કસ દિવસ પણ કહી દઉં?' મેં કહ્યું.

'યાદદાસ્ત ભારે તીવ્ર લાગે છે!'

'ચાર વરસ પહેલાંની એક સાંજની વાત છે. સાંભરે છે? મારા જેવો જ એક અજાણ્યો યુવક મુંબઈની ચાલીમાં એક ઓરડીએ પહોંચ્યો. તારા જેવી જ એક અઢાર ઓગણીશ વરસની યુવતીએ ચાના કપ આગળ આણી મૂક્યા. ચા પીને પેલો યુવક ખોલી બહાર જાય ત્યાં તો—'

'તેને જણાયું કે કશુંક ચોરાયું છે, ખરું?

'પાકા ભામટાઓ માટે મુંબઈ જગજાહેર છે જ ના?'

'કોઈ જાતના પુરાવા વિના કોઈ વ્યક્તિને ભામટાનું વિશેષણ આપી દો છો, પણ—'

'પુરાવો પણ હાજર છે. સુધા! ઓ સુધા!—'

'જો પાછી આદરી! તમે પણ એવા છો કાંઈ!'

'આ તો સાક્ષીને હાજર કરું છું! તારે પુરાવો જ જોઈતો હતો પછી હું શું કરું?'

એટલામાં ત્રણ વરસની નાનકડી સુધા ઓશરીમાંથી દોડતી દોડતી અંદર આવી પહોંચી.

'મોટાભાઈ! સિપાઈ આવ્યો છે.'

'સિપાઈ?' સુધા સામે તાકીને જોઈ રહેતાં નિર્મલાએ પૂછ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એના અવાજમાં ભયનો થડકાર હતો.

'પેલી રોટલી ફૂલી છે તે દાઝી ન જાય, હો!' મેં એના બીકણ સ્વભાવની મશ્કરી કરવા કહ્યું. નકારાર્થે સહેજ માથું હલાવી તે ઉતાવળે બહાર ગઈ.

વાત આમ છે. છ મહિના પહેલાં સત્યાગ્રહની ચળવળ ફરી ઊપડી હતી તે વેળા સરકારે ઉપરાઉપરી ભારે કડક ઑર્ડિનન્સો કાઢ્યા હતા. "કોઈએ સત્યાગ્રહીઓને કશી મદદ કરવી નહિ; કરશે તો તેને—"વગેરે મૂળે નિર્મળા સ્વભાવે બીકણ; એમાં આ ઑર્ડિનન્સોની ડરામણી! પણ એટલાથી વાત સરે એમ નહોતી. એ દિવસોમાં એક દહાડો મધરાતે એક ખાદીની કફની પહેરેલો દાઢીવાળો એક આદમી મારે ત્યાં આવેલો; અમે બંનેએ છેક મળસ્કા સુધી સાથે બેસી છાનીમાની વાતો કરેલી. એ વેળા નિર્મળા એવી તો ડઘાઈ ગયેલી! સત્યાગ્રહીઓ પ્રત્યેના આવા કોઈ પક્ષપાતને લીધે હાઈસ્કૂલના હેડમાસ્તરની અત્યારની ટાઢા રોટલાની નોકરી છોડવી પડવાની ભીતિ એને ડગલે ને પગલે સતાવ્યા કરતી હતી. આથી 'સિપાઈ' શબ્દ કાને પડતાં જ તે હાંફળીફાંફળી બની જતી.

પણ હું રોટલી પૂરી ખલાસ કરું તે પહેલાં જ તે હસતી હસતી અંદર આવી. કહે: 'અરે રામ! છોકરીએ મને ફોગટની ગભરાવી મારી! એ તો ટપાલી છે.'

સ્કૂલમાં ખાલી પડેલી જગ્યા માટે કોઈએ તારથી તો અરજી નહિ મોકલી હોય, એવો વિચાર મને થઈ આવ્યો. છતાં નિર્મલાની વધારે મજાક ઉડાવવાના હેતુથી મેં પૂછ્યું: 'શાનું વોરંટ લાવ્યો છે?'

'એ રૂપિયા સાત આનાનું!'

કશું સમજી ન શકવાથી હું તેની સામે તાકી રહ્યો.

'વી.પી. આવી છે.' તેણે ખુલાસો ઉમેર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'શાની ?'

'નવલકથાની !'

'ફડકેની કોઈ નવી નવલકથા પ્રગટ થઈ લાગે છે !'

હકારમાં તેણે માથું હલાવ્યું.

'શું નામ ?'

'નિરંજન—'

'ગપ્પા ન માર. અલખનિરંજન સાથે ફડકેનાં પાત્રોને કશી લેવા દેવા ખરી ?'

પણ જવાબ ન આપતાં 'પાકીટમાંથી પૈસા આપું છું' એમ કહેતાં ઉતાવળે હાથ ધોઈ તે બહાર ચાલી ગઈ.

નિર્મલાને મારે જો ઉપમા આપવી હોય તો હું તેને પતંગિયું કહું. ફડકેની નવી નવલકથા એ એને મન તાજું ખીલેલું ફૂલ હતું. અર્થાત્ તે એના પ્રત્યે આકર્ષાય એમાં શી નવાઈ ? પણ બીજી ક્ષણે મારા મનમાં વિચાર થઈ આવ્યો, આવું પતંગિયાનું જીવન સારું કહેવાય ખરું ? દુનિયામાં ચારે બાજુ ફૂલો જ પથરાયાં હોત તો વાત જુદી હતી. પણ આપણો રોજનો અનુભવ શો છે ? જીવન-પ્રવાસમાં રોજ-બ-રોજ ફૂલો કરતાં કાંટાઓ જ વધારે અથડાય છે.

એ વિચાર સાથે હું મનમાં મનમાં હસી પડ્યો. જીવનમાં સહુને કાંટાઓ ભલે વધારે સાંપડતા હોય, પરંતુ મારા જીવનપથ પર તો ફૂલો જ ખીલેલાં નજર આવતાં હતાં ! નિર્મલા—સુધા—આવી ટાઢા રોટલાની નોકરી—

લગ્નમંડપમાં બેસતી વેળા સ્મશાન-વૈરાગ્યના વિચારો સૂઝે ખરા ?

કપડાં પહેરતાં પહેરતાં આ વિચિત્ર વિચારોનો ઉગમ શાથી થયો તે મને જડી આવ્યું. સ્કૂલની ખાલી પડેલી જગ્યા માટે આવેલી પચાસ ઉપરાંત અરજીઓ મેં આજે જ સવારે વાંચી હતી. પચીસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રૂપિયાની જગ્યા હતી, અને જાહેરખબરમાં મૅટ્રિક પાસ જોઈએ છીએ એટલું જ લખ્યું હતું, છતાં આવેલી અરજીઓમાં પાંચસાત તો ગ્રેજ્યુએટોની અરજીઓ પણ હતી! અને અરજી કરવામાં એ સાચા નહોતા એમ તો કેમ કહેવાય? ગ્રેજ્યુએટ થનારે મૅટ્રિક પાસ તો થવું જ પડે છે. એ અરજીઓમાં લખાયેલી કાકલૂદીભરી ભાષા વાંચતાં મારું દિલ અતિશય ખિન્ન બની ગયું હતું.

હું વિચારે ચડ્યો: આ બધા હજી પહેલી પચીસીના જુવાનો છે. ઉંમર, કેળવણી, વગેરે દૃષ્ટિથી જોઈએ તો ફડકેની નવલકથાના નાયકોમાં અને આમનામાં કયો તફાવત છે? આ પચાસસાઠ જણામાં કાંઈ નહિ તો પાંચસાત જણા તો બુદ્ધિશાળી હશે જ. પાટુ મારીને પાણી કાઢું એમ કહી શકે એવી એમની આ વય છે. છતાં શા માટે તેઓ આમ હાથપગ વિનાના ઢીલાપોચા થઈ જાય છે? પચીસ રૂપયડીની નોકરી માટે આટલી બધી પડાપડી શા સારુ જોઈએ? ટેબલ પર પાથરેલી એ પચાસસાઠ અરજીઓનું દૃશ્ય નજરે ઊભું થતાં જ — કોઈને મારી ઉપમા ગમે યા ન ગમે, પણ એ દૃશ્યે મને લગ્નવરામાં ઉકરડા પર ફેંકેલી પત્રાવળીઓ ચૂંથતા ભિખારીઓનું દૃશ્ય યાદ આપ્યું!

તુરત જ બીજો વિચાર સૂઝ્યો: નવલકથામાં ચીતરેલું જીવન જો અમૃત ગણીએ તો સત્ય સૃષ્ટિ માંહેના પ્રત્યક્ષ જીવનને ઝેર ગણી શકીએ. અમૃત ચાખીને અમરત્વ પામેલા દેવો સાથે ઝેર પીને તરફડતા ક્ષુદ્ર માનવીઓની સરખામણી શા કામની?

એટલામાં નિર્મલાએ આવી મારા હાથમાં પાનનું બીડું આપ્યું. પાન મોંમાં મૂકતાં મેં સવાલ કર્યો: 'નવલકથા કેવડીક છે?'

'ત્રણસો પાનાંની.'

'ઓહ! ત્યારે તો સાંજની ચા પહેલાં પૂરી થઈ જ જશે!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'વાર્તા પાછળ હું ઘેલી તો ખરી જ જાણે!'

'આમાં ઘેલાપણું નથી.'

'ત્યારે શું ભૂખાળવાપણું કહેવું છે?'

'ના રે! હું તો પતંગિયાના સ્વભાવની વાત કરું છું. પતંગિયું મધ ચૂસતું જેમ એક ફૂલેથી બીજે ફૂલે ઊડઊડ કરે, તેમ તું પણ આ પાનેથી બીજે પાને—'

'પતંગિયા કરતાં મારો સ્વભાવ મધમાખી જેવો વધારે છે.'

'કઈ રીતે?'

'વાંચતી વેળા સારા લાગતા ફકરાઓ ઉપર હું નિશાની કરતી જાઉં છું, ને એ રીતે સંગ્રહેલું તૈયાર મધ તમે આરોગો છો!'

હું હસી પડ્યો. સાયકલ તરફ આગળ વધતાં મેં કહ્યું: 'પણ હું તને મધમાખીની ઉપમા નહિ આપું. એકે ય વખત તું કોઈને ડંખી છો ખરી?'

શરીરથી હું સાઈકલ પર બેસી શાળા તરફ જઈ રહ્યો હતો, પરંતુ મન વિમાનમાં ક્યાંનું ક્યાં ભટકી રહ્યું હતું. સાયકલ કરતાં પણ વધારે વળાંકો એ વિમાન વારેવારે લેતું હતું. ફડકેની લાલિત્ય-ભરી નવલકથાઓ – ટેનિસની રમત સાથે એની સરખામણી કરી શકાય. પણ જીવન એ ટેનિસની રમત નથી; એ તો ક્રિકેટના—

શાળામાં ચાલતી પ્રાર્થનાનું મહારાષ્ટ્રગીત કાને અથડાયું:—

"અટકેવરિ જેથીલ તુરંગિં જલ પિણું।
તેથ અડે કાય જલાશય નદાવિણે॥"

સાયકલ પર લટકાવેલી થેલી માંહેની અરજીઓનો થોકડો મારી નજર સામે ખડો થયો! એક કાળ એવો હતો જે વખતે અમારા મરાઠા લશ્કરનાં ઘોડાં અટક એટલે સિંધુનાં પાણી પીતાં હતાં. પણ આજે? આજે તો ઘેર બેઠાં બેઠાં જ ચંદી ખાય છે – અરે, ચંદી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ ક્યાં ખાવા પામે છે?

પટાવાળાના હાથમાં સાયકલ સોંપી હું મારી ઑફિસ તરફ વળ્યો.

'તેથ અડે કાય જલાશય—' વાળું ચરણ મનમાં ગણગણતો ગણગણતો હું અંદર પેઠો. અંદર એક પચીસ છવ્વીસ વર્ષનો જુવાન મારી રાહ જોતો બેઠો હતો. સહેજ મેલાં કપડાં, જરા અસ્તવ્યસ્ત દેખાતાં વાળનાં જુલફાં, ઉદાસ ચહેરો, શૂન્ય દૃષ્ટિ—પડેલી નજરે મને એમ જ લાગ્યું કે બારણું દેખીને રખે કોઈ ગાંડો અંદર પેસી ગયો હશે? પણ મારી શંકા લાંબો વખત ટકી નહિ. અંદર પેસતાં જ પેલા જુવાને ઊભા થઈ મને નમસ્કાર કર્યા.

'કેમ, શા કામે આવ્યા છો?' ખુરશી સહેજ આગળ ખેસવી તે પર બેસતાં બેસતાં મેં પૂછ્યું.

'મોટરસ્ટેન્ડ પરથી ઊતરી સીધો હું અહીં જ આવું છું. આપની શાળામાં શિક્ષકની એક જગ્યા ખાલી પડી છે—'

'હા; આજે જ એ જગ્યા પૂરી દેવી છે. પણ અમારે મૅટ્રિક પાસ થયેલ ઉમેદવાર જોઈએ છે.'

'હું અંડર ગ્રેજ્યુએટ છું.'

નવાઈ પામી મેં સામો સવાલ કર્યો: 'કૉલેજમાં કેટલાં વર્ષો ભણ્યા છો?'

'ડૉક્ટરી લાઈનના પાંચમા વર્ષમાં હતો.'

'એમ.બી.બી.એસ. ના?'

'હા.'

મારી નવાઈનો પાર ન રહ્યો. કોઈ ચમત્કાર સાંભળતો હોઉં એમ મને લાગ્યું. ડૉક્ટરી લાઈનમાં પાંચમા વર્ષનો અભ્યાસ કરતો જુવાન એક નિશાળમાં સાદી શિક્ષકની નોકરી શોધવા નીકળે છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એના મગજના ચક્રમપણા વિષે ફરી મનમાં સંદેહ પેદા થયો. મેં વધારે દીર્ઘદૃષ્ટિ વાપરી વળી કહ્યું: 'પણ અમારે જરૂર છે તે કાયમી શિક્ષકની છે.'

'હું પણ કાયમ રહેવાને ઇરાદે જ આવ્યો છું.'

'પણ અહીં રહી તમે એમ.બી.બી.એસ. શી રીતે થવાના?'

'એ ઘેલું મેં ક્યારનું કાઢી નાખ્યું છે!'

એમ.બી.બી.એસની પરીક્ષા પસાર કરવી એ શું ઘેલું કહેવાય? મજાનો બંગલો બાંધવાના ઇરાદે ચણતર પૂરું કરી પછી છાપરા વખતે કામ અટકાવી દેવા જેવો આ દાખલો હતો. મારી નવાઈનો પાર ન રહ્યો.

'એ ઘેલું શા માટે કાઢી નાખ્યું?' મેં એની જ ભાષામાં પૂછ્યું. પણ એ બોલતી વેળા આ માણસને ખરેખર ઘેલું તો નથી લાગ્યું એ વિચાર વળી પાછો મનમાં તાજો થયો.

'કેમ કે મારી સઘળી ઉમેદ જલીને ખાખ થઈ ગઈ છે!'

મારું મન વિચારે ચડ્યું. નક્કી, આ માણસ ભણતો હશે ત્યારે કોઈ સુંદર યુવતી સાથે લગ્ન થયું હશે, પણ પછીથી એ ગુજરી ગઈ હશે. મને મારો નિર્મલા પ્રત્યેનો પ્રેમ પ્રત્યક્ષ દેખાતો હતો. મેં સહાનુભૂતિપૂર્વક માત્ર ઉચ્ચાર કર્યો: 'અરેરે!'

'સાહેબ! એમાં ભૂલ તો જાણે મારી જ હતી. પણ ભૂલથી પણ માણસ મોટર તળે આવી જાય તેથી કાંઈ મરતો બચી જતો નથી! કેમ ખોટું છે, સાહેબ?'

તે સહેજ હસ્યો. પણ પથરાને ગમે તેટલો ઘસીએ તેથી કાંઈ એમાંથી ઝરણું થોડું જ નીકળે છે? એ હાસ્યયુક્ત ચહેરો પણ મને તો છેક ભાવહીન લાગ્યો.

'તમારી શી ભૂલ હતી?' કાંઈક બોલવું જોઈએ એ હિસાબે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેં પૂછ્યું.

'હું અગ્નિ સાથે ખેલતો હતો!'

'એટલે?'

'એ સઘળી કથની સાંભળવાની આપને શા માટે તસ્દી આપવી? અગ્નિ વિના દુનિયામાં કોઈનું ચાલતું નથી એ વાત સાચી હોવા છતાં એની સાથે ખેલ કરવા જતાં માણસ એવો તો દાઝી જાય છે!' અને જરા વારે તેણે તુરત ઉમેર્યું: 'એ સઘળું યાદ આવતાં હજુ એવો દાહ થાય છે કે વાત નહિ!' કહેતાં કહેતાં તેણે પોતાના બંને હાથ જોરથી છાતી પર ભીંસ્યા; આંખોના ખૂણા સહેજ ભીના થયા હોય એમ પણ દેખાયું. હું એના સામું જોઈ ન શક્યો. એને રાખી લેવો કે ના પાડવી એનો નિર્ણય પણ હું કરી ન શક્યો. છતાં એના પ્રત્યે કશીક સહાનુભૂતિ તો વાપરવી જ જોઈએ એ વિચાર હું જતો કરી ન શક્યો.

'સાંજે તમે મને મારે ઘેર મળવા આવશો? આપણે ત્યાં નિરાંતે—'

'ભલે સાહેબ!' અને એટલું બોલતાં જ ઊભો થઈ નમસ્કાર કરી એ રવાના થયો.

મૅટ્રિકના વર્ગના અંગ્રેજીનો સમય લેવા હું વર્ગમાં પહોંચ્યો. આજનો પાઠ હતો: 'વ્હોટ મેન હૅઝ મેઈડ ઑફ મેન!'* મને મનમાં થઈ આવ્યું, માનવી માનવીનો સર્વનાશ જ કરે છે! અને ઘડી પહેલાં પેલો જુવાન પણ શું બોલી ગયો હતો! 'હું અગ્નિ સાથે ખેલતો હતો.' માનવી શું ખરેખર અગ્નિ સરખાં જ હશે! કદાચ હોય પણ ખરાં. પણ હું તો નિર્મલા જેવા પતંગિયા સાથે મોજ માણી રહ્યો હતો; મારે એ અગ્નિની સાથે શી નિસબત હતી?

* 'માણસે માનવીની શી દશા કરી છે!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

* * *

પ્રાઈમસનો જોરભેર થતો અવાજ બહાર સંભળાતો હતો. કપડાં ઉતારીને 'કેમ છુધા?' કહી તેના બોબડા બોલના ચાળા પાડતાં પાડતાં રસોડામાં દાખલ થવાનો મારો રોજનો ક્રમ હતો. પરંતુ ઓરડામાં બહાર સાદડી પર પડેલી ચોપડી તરફ નજર જતાં જ મને સવારની નવલકથા યાદ આવી. મેં માની લીધું કે ઘણું કરીને તો રાણીસાહેબે આખું રાજ સર કર્યું હશે! ઉત્સુક બની મેં ચોપડી હાથમાં લીધી, ને પાનાં ફેરવવા માંડ્યાં. નિર્મલાએ શણગારીને તૈયાર કરેલી સુધાનું દર્શન મને જેટલો આનંદ આપતું તેટલો જ આનંદ એણે નિશાનીઓથી ચીતરેલી ચોપડી જોઈને મને થતો. પાનાં ઊથલાવતાં પાંત્રીસમે પાને ભૂરી પેન્સીલથી બાજુમાં લીટી કરેલું વાક્ય મારી નજરે ચડ્યું.

> "માનવીનું મન કોઈ રસાયનિક દ્રવ્ય તો નહિ હોય, જેના પર અનુભવો રૂપી તરેહતરેહના સૂક્ષ્મ વાયુઓની રસાયનિક પ્રતિક્રિયા થતી હોય છતાં એમાંની કોઈ આપણી નજરે પણ ન ચડે?"

'નવા નવા સિદ્ધાંતોનું પ્રતિપાદન કરવામાં આ લેખકો ભારે કાબેલ જણાય છે!' નિર્મલાના નિર્મલ મનને યાદ આણતાં હું મનમાં જ ગણગણ્યો. વળી પાનાં ફેરવવા માંડ્યાં. પંચાવનમે પાને એક લાલ પેન્સીલની નિશાની આવી, પણ એ વાક્ય વાંચવા ન રોકાતાં મેં આગળનાં પાનાં ફેરવવા માંડ્યાં. મને નવાઈ થઈ કે તે પછી ક્યાંયે કેમ કશી નિશાની નથી? ત્યારે શું નિર્મલાએ અત્યાર સુધીમાં ફક્ત પંચાવન પાનાં જ વાંચ્યા હશે? ફડકે સરખા પોતાના ગમતા લેખકની નવલકથાનું આટલું જ વાંચન? પૂર્ણિમાનો ચંદ્ર રાતના દસ વાગે જ આથમી ગયાનું કોઈ કહે તો તે હું માની લઉં, પણ—'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાછું પંચાવનમું પાનું ખોલ્યું તો રાતી નિશાની સાથે રાતી પ્રીતનો દોરો પણ ત્યાં જ હતો. ત્યારે તો ચોક્કસ નિર્મલાએ પંચાવન કરતાં વધારે પાનાં વાંચ્યા જ નથી! મેં જોયું કે એ પાના પર માત્ર રાતી પેન્સીલની સાદી લીટી નહોતી, પણ બાજુ પર મોટું પ્રશ્નાર્થ ચિહ્ન પણ કરેલું હતું. નવાઈ પામી મેં એ લખાણ વાંચવા માંડ્યું.

"પોતાની વાણી અને વર્તન વડે એ તેમની પ્રણયોત્સુકતાને વધારે ઉત્તેજિત કરતો હતો એ ખરું; છતાં એ બધું કરતી વેળા સ્ત્રીહૃદયને પોતે કેટલું આકર્ષી રાખી શકે છે એની ખાતરી કરવા સિવાય એનો આની પાછળ બીજો કશો હેતુ નહોતો. આવો અનુભવ મેળવવાની મોજ એ તરુણાવસ્થાની મસ્ત ક્રીડાનું જ એક અંગ છે. જેણે એનો અનુભવ લીધો ન હોય એને અભાગિયો જ ગણવો જોઈએ."

વળી એક નવો સિદ્ધાંત! હું હસવું ખાળી ન શક્યો. પણ દરમિયાન જોસભેર અવાજ કરતા પ્રાયમસનો ભડભડાટ છેક ધીમો પડી ગયો. ચાનું આંધણ કીટલીમાં રેડાયાની એ સૂચના હતી. મેં રસોડામાં પગ દીધો. પ્રાયમસ પાસે બેસી સુધા પંપ કરવાની ગડમથલ કરતી હતી. તેને બાજુ પર હડસેલતાં જરા ચિડાયલા સ્વરે નિર્મલા બોલી: 'શી પણ ઉતાવળ આવી છે!'

'ચા કેમ બનાવવી એ અત્યારથી જ શીખે છે! ઉત્તમ ગૃહિણી બનવાના એને કોડ લાગે છે!'

'પહેલાં હજુ કો'ક એને શોધતો આવશે ત્યારે ગૃહિણી બનશે ને?'

'તે સુધાને ક્યાં કશી હરકત આવે એવું છે? આબાદ એની મા જેવી તો છે! માને પસંદ થતાં હરકત આવી હતી?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચા કપમાં રેડતાં રેડતાં નિર્મલા બોલી: 'પણ એમ અગ્નિ સાથે રમત કાંઈ સારી ગણાય? વખત છે ને—'

હું ચમકી ઊઠ્યો. બપોરે શાળામાં મળવા આવેલ પેલા જુવાનના શબ્દો મને સાંભરી આવ્યા. એની મૂર્તિ મારી કલ્પનાચક્ષુ સામે ખડી થઈ.

પ્રાયમસ બતાવી મેં સુધાને કહ્યું: 'એ મોટો હાઉ છે, હો બહેન! આપણે તેનાથી દૂર રહીએ.'

'ત્યારે બા કેમ—' નાનાં બાળકને જવાબ આપી બોલતાં બંધ કરવા કરતાં તેનું મોં ભરીને તે બંધ કરવું વધારે સહેલું હોય છે. રકાબીમાંથી એક શકરપારો તેના હાથમાં પકડાવી મેં તેને સવાલ પૂછતી અટકાવી.

ચા પીતાં પીતાં મેં નિર્મલા તરફ નજર ફેંકી. એ ચહેરા પર ઉદાસીનતાની ઘેરી છાયા પથરાયેલી હતી.

'કશું કંઈ થાય છે?' મેં પૂછ્યું.

'એવું શું પૂછતા હશો?'

'ના ના, કશુંક થાય છે એ તો નક્કી!'

'તમે નિશાળમાં જાઓ છો કે દવાખાનામાં?'

'એમ વાત ઉડાવવાથી સાચી હકીકત છુપાવી નથી શકાતી. કલાકે પચાસ સાઠ પાનાં વાંચનારી તું, આજે તેં નવી નવલકથાનાં પંચાવન પાનાં પણ—'

શરીરની આછી કંપારી સાથે તેણે જવાબ આપ્યો: 'સાચી વાત છે; મને આજે ઠીક નથી.'

'તાવ આવ્યો હોય એમ તો નથી લાગતું?' શરીરમાંથી પસાર થયેલ આછી કંપારી પરથી મેં કલ્પના દોડાવી. પછી ઉમેર્યું: 'તું એમ કર; જરા આડે પડખે થા. સુધા પાછળ ફળીમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રમ્યા કરશે, ને બાઈ એનું ધ્યાન રાખશે.' મેં ડૉક્ટરી સલાહ આપી.

એમ સહેજે નિર્મલા પથારીમાં સૂઈ જાય એવી નહોતી. પણ આજે આટલું સૂચન કરતાં જ પટ કરતી તે ઊભી થઈ ને અંદર બિછાનામાં જઈને સૂતી. મને પણ નવાઈ લાગી. પાછલા ફળીમાં રમતાં રમતાં સુધાએ કેરીનો એક ગોટલો શોધી કાઢ્યો હતો. મને બતાવી કહે: 'મોટાભાઈ! આનું મોટું ઝાડવું થાય?'

'હા થાય.' કહી હું ઓરડામાં ગયો. જરા નિર્મલાનું માથું દાબવું અને તાવ છે કે કેમ તે થર્મામીટરથી માપી જોવું એવો મારો ઇરાદો હતો. પણ રસોડામાંથી આગલા ખંડમાં આવું ત્યાં તો પેલા ભાઈને ઓશરીનાં પગથિયાં ચડતો જોયો. મનમાં વિચાર થઈ આવ્યો કે એક વાર તો સંભળાવી દેવું કે 'કાલે સવારે મળવા આવજો.' પણ વળી થયું કે શા સારુ બિચારાને ફોગટનો બીજો ધક્કો ખવરાવવો? સૂવાના ખંડમાં જઈ મેં નિર્મલાના શરીરને હાથ લગાડી જોયો. કપાળ ખૂબ ઊનું હતું, પરંતુ શરીર તો—

તાવ માપવા આપેલું થર્મામીટર નિર્મલા પાસેથી લઈ હાથમાં રાખીને જ હું ઓશરીમાં આવ્યો. પેલા ભાઈ ખુરશી પર બેઠા બેઠા પેલી નવલકથાનાં પાનાં ઉથલાવતા હતા. મારા હાથમાં થર્મામીટર દેખી તેમણે પૂછ્યું: 'કેમ કાંઈ શરીર ગરમ થયું છે?'

'ના રે, મને કશું નથી. પણ ઘરમાંથી જરા—'

નવલકથાનાં પાનાં ઉથલાવતાં એ ભાઈ સહેજ મરકયા. એ હાસ્યમાં તિરસ્કાર હતો. વળી મારા મગજમાં સવારનો વિચાર ચમકી ગયો: 'આ આદમી ઘેલો તો નહિ હોય?'

સામેની ખુરશી પર બેઠક લેતાં મેં એમને પૂછ્યું: 'કેમ હસ્યા?'

'આ લેખકો પણ લખે છે ને કાંઈ! કાલે ઊઠી એમ પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લખી મારશે કે અગ્નિ બરફથી પણ ઠંડો હોય છે!' એમ કહી તેણે પેલી નવલકથા મારા હાથમાં સેરવી. જોયું તો પંચાવનમું પાનું જ હતું! નિર્મલાએ હાંસિયામાં બાજુ પર પ્રશ્નાર્થની નિશાની કરેલું એ વાક્ય મેં ફરી વાંચ્યું: "આવો અનુભવ મેળવવાની મોજ એ તરુણાવસ્થાની મસ્ત ક્રીડાનું જ એક અંગ છે. જેણે એનો અનુભવ લીધો ન હોય એને અભાગિયો જ ગણવો જોઈએ."

મેં તેના તરફ સહાનુભૂતિ બતાવતાં કહ્યું: 'શિક્ષકની ખાલી પડેલી જગ્યા તમને જ આપવાનો મારો વિચાર છે.'

'આપનો ભારે આભારી છું.'

'પરંતુ—'

દરમિયાન કાદવવાળા ગોટલા સાથે દોડતી દોડતી સુધા મારી પાસે આવી. 'પણ હજી ઝાડ કેમ નથી ઊગતું, મોટાભાઈ?' એણે તકરાર શરૂ કરી. ઘડીમાં ગોટલામાંથી ઝાડ ન ઊગવા માટે તકરાર કરનાર એ બાળકીને શો જવાબ આપું? અમે બંને જણ એના સવાલથી હસી પડ્યા. પણ જરા ઊંડા ઊતરી વિચારીએ તો જણાશે કે બુદ્ધિના પ્રદર્શનમાં બાળકો અને મોટેરાંઓ વચ્ચે શું ખરેખર બહુ જબરો ફરક હોય છે? બાળક ગોટલામાંથી ક્ષણવારમાં ઝાડ ઊગવાની માગણી કરે છે; આપણ મોટેરાંઓ એ જ પ્રમાણે આપણી સઘળી આશાઓ—

'આ આપની પુત્રી છે?' પેલા ભાઈના સવાલે મારી વિચારમાળા તોડી. સુધા તરફ તે તાકીને જોઈ રહ્યો હતો. નજર લાગવા બાબતના કે કોઈ વહેમમાં હું માનતો નથી જ; પણ એ ભાઈની નજર—એને ક્રૂર કહી શકાય એવી જ એ તીવ્ર અને ભેદક હતી. એની એ નજર જોતાં જ એક વાર તો હું પણ શેહ ખાઈ ગયો.

'આ આપની જ પુત્રી છે?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હા. અસલ એની મા પર જ ઊતરી છે!' મારા અને સુધાંના ચહેરામાં કોઈ જાતનું સરખાપણું ન જણાયાથી એણે સવાલ પૂછ્યો હશે એમ માની મેં ખુલાસો આપ્યો.

તે મારા તરફ ભાવહીન નજરે–શૂન્ય દૃષ્ટિએ તાકી રહ્યો હતો. મને વિચાર આવ્યો, એ અર્થહીન જણાતી દૃષ્ટિની પાછળ કેટલું અગાધ ઊંડાણ સમાયું હશે?

તેણે થોડી વારે પૂછ્યું: 'તમે ઘડી પહેલાં કહેતા હતા કે તમારાં પત્નીની તબિયત બરાબર નથી, ખરું?'

મેં ધાર્યું કે એ ભાઈ આ બહાને અત્યારે પાછા જવા ધારતા હશે, એટલે મેં કહ્યું: 'હા.'

'તમને હરકત ન હોય તો હું તબિયત તપાસું?'

હું મૂંઝવણમાં પડ્યો.

'હજુ હું વિદ્યા ભૂલ્યો નથી; તાજું જ છે. કહો તો આખી 'મટીરિયા' કડકડાટ બોલી જાઉં!'

નાઈલાજે હું ઊભો થયો. મારી પાછળ તે ભાઈ પણ સૂવાના ખંડમાં દાખલ થયા. તેના તરફ નિર્મલાનું ધ્યાન જતાં જ — મેં જોયું કે કોઈ અગમ્ય ભયની લાગણી ભારે શ્રમપૂર્વક તેણે દબાવી દીધી હતી! ને એ ભાઈએ નાડી જોવા માંડી ત્યારે તો નિર્મલાનો હાથ થરથર ધ્રૂજતો હતો.

'જરા આંખો જોવા દેશો?' આંખનાં પોપચાં ખોલતાં ખોલતાં તેણે નિર્મલાને પૂછ્યું.

'આંખો અવારનવાર બહુ બળ્યા કરે છે, ખરું?' તેણે બીજો સવાલ પૂછ્યો.

'હા.' નિર્મલાએ ટૂંકો એકાક્ષરી જવાબ આપ્યો.

ખંડમાંથી બહાર નીકળતાં મેં પૂછ્યું: 'આ આંખો બળતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અટકે તે માટે શા ઇલાજ લેવા જોઈએ?'

'અગ્નિ પાસે બેસવું જ નહિ; અને બેસવું પડે તોપણ એની સાથે ખેલ—' ઘોઘરા અવાજે એટલું બોલીને એણે નમસ્કાર અર્થે બે હાથ જોડ્યા, અને ઉમેર્યું: 'વારુ ત્યારે, હું રજા લઈશ.'

'ત્યારે આવતી કાલથી નોકરી પર હાજર થઈ જજો?'

'અરે ભૂલ્યો! તમને એ વાત તો કહેવાની જ રહી જતી હતી. માફ કરજો, આપની સ્કૂલમાં નોકરી કરવાની મારી મરજી નથી!'

× × ×

રાત્રે પથારીમાં ઊંઘમાં મેં પડખું ફેરવ્યું. મને લાગ્યું કે દીવો વધારે મોટો થઈ ગયો છે. દિવસે અગ્નિ સાથે ખેલ ન કરવાની વાતોનો ઉલ્લેખ અનેક વાર થઈ ગયો હતો તે સાંભરી આવતાં જ ઊઠવાની આળસ આવતી હતી છતાં દીવાની વાટ ઝીણી કરવા માટે હું પથારીમાં બેઠો થયો. આંખો ચોળી જોયું તો ખરેખર દીવો મોટો તો થયો જ હતો, પણ નિર્મલાએ જ તે કર્યો હતો! ટેબલ પર હાથની અદબ વાળી તે પર માથું ટેકવી તે બેઠેલી જણાતી હતી. આસ્તેથી હું તેની પાછળ જઈ ઊભો રહ્યો. તેણે પાછળ ફરીને જોયું નહિ. ઘણે ભાગે ઝોકું આવ્યું હશે.

તેના જમણા હાથ પાસે એક પત્ર પડ્યો હતો. એ અક્ષર નિર્મલાના જ હતા! આટલી મોડી રાત્રે જાગીને એ કોને કાગળ લખતી હશે? મેં વાંચવા માંડ્યું—

"આજે 'નિરંજન' હાથમાં લીધી ત્યારે હું કેવા ઉત્સાહમાં હતી? પરંતુ પંચાવનમા પાના પરનું પેલું વાક્ય—'ઝાંઝરુ કરડે છે ત્યારે તો ફક્ત કીડીએ ચટકો ભર્યો જેવું જ લાગે છે; પણ એ કલાકે પગે સોજો ચડે છે ત્યારે?—

"પેલા વાક્યે પણ મારા દિલ પર એવી જ અસર કરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલાં તો મને ખાસ કશું ન લાગ્યું, પણ એ કલાક પછી માથું એવું તો ભમવા માંડ્યું કે ન પૂછો વાત! કેટલું રડી ને કેટલા નિસાસા નાખ્યા. પણ લોહીના ડાઘ આંસુથી નથી ધોવાતા એમ કહેવાય છે, તેમાં ઘણું સત્ય લાગે છે.

"બા! કેમ રડે છે?' એમ સુધાએ પૂછ્યું. ત્રણ વરસની ગભરુ બાળકી! તને શું સમજાવું? પણ બેટા! સત્તર અઢાર વર્ષની તું થઈશ, નાટકો નવલકથાઓ વાંચતી થઈશ, 'પ્રેમ' વિષે જરા જાણતાં શીખીશ, એ પરત્વે જરા ખેલ કરતાં શીખીશ—કહો કે નિરાંતે એવા ખેલ માંડવાનો અવસર તને સાંપડશે, તો જ, બેટા સુધા! આજે તારી બા શા માટે રડતી હતી તેનો અર્થ તું સમજી શકીશ! પણ ઈશ્વર કરે, તું એ બધું ન જાણે તો જ ઘણું સારું! પ્રેમ એ માત્ર ખેલ નથી; એ ખેલમાં શિકારની ભીષણતા છે. પ્રેમ એ કેવળ પુષ્પ નથી; પ્રજાળે એવો એ અગ્નિ છે!"

અટકી જઈ મેં નિર્મલા તરફ નજર ફેંકી. બાળક રડી રડીને થાકી જઈ આખરે ઊંઘી જાય એવો તેનો દેખાવ હતો. અમારાં લગ્નનો આખો ઇતિહાસ મને સાંભરી આવ્યો. નિર્મલાના પિતા મુંબઈની એક ચાલીમાં રહેતા હતા. છોકરીઓને મેટ્રિક સુધી ભણાવી હોય તો પૂરતું છે એમ તેઓ માનતા હતા! પરિણામે મેટ્રિક પાસ થયા પછી લગ્ન થતાં સુધીનો વર્ષ દોઢ વર્ષનો ગાળો નિર્મલા ઘેર જ રહેલી. આ સમય દરમિયાન એણે કોઈ બેસુમાર નવલકથાઓ વાંચી કાઢેલી. કન્યાને જોવા માટે હું તેને ત્યાં પહેલી વાર ગયો હતો ત્યારે એના પિતાએ ગમ્મતમાં કહેલું પણ ખરું કે 'અમારી નિર્મલાબેનને બે દાગીના ઓછા હશે તો ચાલશે, પણ એક બાબતમાં તો—'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'કઈ બાબત?' મેં સવાલ કરેલો.

'નવલકથાઓ!'

'વાચનાલયનો હું મંત્રી જ થઈશ એટલે પછી કશી હરકત નહિ આવે!' મેં તુરત કહેલું.

સત્તર અઢાર વરસની એ મુગ્ધવય—પુષ્કળ નવરાશ—શૃંગારિક નવલકથાઓનું વિપુલ વાંચન—મુંબઈની રહેણી—

મૂંઝાતે હૈયે મેં લખાણનો આગળનો ભાગ વાંચવા માંડ્યો—

"ચાલીમાં અમારી પછીની રૂમમાં જ આનંદ રહેતો હતો! એનું કુટુંબ તો ગરીબ હતું; છતાં આનંદની હોશિયારીને લીધે એણે મેડિકલ કોર્સ લીધો હતો. કોણ જાણે કઈ અભાગી પળે મને એની જોડે પ્રેમના ખેલ ખેલવાની મતિ સૂઝી! ફડકે 'નિરંજન'માં લખે છે: 'એ ક્રીડાનો જેણે અનુભવ લીધો ન હોય એને અભાગિયો જ ગણવો જોઈએ.' હું કહું છું, જેમણે એવા ખેલ માંડ્યા હોય તે જ વધારે અભાગિયાં ગણાવાં જોઈએ. પડખે વાળી શાંતાનું કહ્યું માનીને મેં આનંદના જવા આવવાને રસ્તે ઊભા રહેવા માંડ્યું! શરૂઆતમાં તો તે ઊંચી આંખ પણ કરતો નહિ. પણ પછી—

"પરંતુ એમાં વાંક તો મારો જ હતો ના? 'તમારી ચોપડીઓમાં તો ગંધાતી દવાઓ જ ભરી હોય! એમાં સુંગધી ફૂલો શાનાં સાંપડે?' આવાં વાક્યો તો મેં તેને વારે વારે સંભળાવેલાં. પરિણામે એક દહાડો એણે ખરેખર ખાનગીમાં ચંપાનાં ફૂલો મને આણી આપ્યાં. કહો જોઈએ, એમાં એનો શો વાંક? મેં તેની સાથે શાંતાની શીખવણીથી પ્રેમની ચેષ્ટાઓ આરંભી. તેની સાથે ફરવા જવું, છૂટથી હસવું, વગેરે ખેલો મેં શરૂ કર્યાં. પણ એ ખેલ ખરેખાત જીવલેણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતા! શિકારમાં માણસને મોજ આવે છે, પણ સસલાં અને હરણિયાં તો જીવનાં જ જાય છે!—

"આજે સાંજે એકાએક એણે ઓરડામાં આવી મને તપાસી! મારી છાતીના ધબકારા કેટલા વધી ગયા હતા તે તો એક હું જ જાણું છું! મેં એના ભણી નજર કરી— વીજળી પડીને બળી ગયેલા કોઈ આંબા સરખો એ દેખાતો હતો—એ હાસ્ય, એ તેજસ્વી આંખો, બધું કોણ જાણે ક્યાં સંતાઈ ગયું હતું! મેં પાપણીએ જ એ બધું જલાવી દીધું હતું! એના પ્રત્યે કોઈ જાતની પ્રેમભાવના ન હોવા છતાં હું એની સાથે પ્રેમ દાખવવાનો ખેલ ખેલતી હતી. જુવાનના દિલને આકર્ષવામાં હું સફળ થાઉં છું કે નહિ એનો મેં અનુભવ મેળવ્યો. પ્રેમ દર્શાવવાનો મારો ખેલ – મેં ભજવેલું નાટક સફળતાથી પાર પડ્યું—પણ એના સમસ્ત જીવતરને મેં જલાવી દીધું!

"સાચી વાત છે કે મેં જ એનું જીવતર નષ્ટ કર્યું–બાળીને ખાખ બનાવી દીધું! કેવો હોશિયાર જુવાન હતો? પણ મારાં લગ્ન અન્ય સ્થળે થવાનાં છે એમ જાણતાં જ એ અદૃશ્ય થયો! એના વૃદ્ધ પિતા તપાસ કરવા મારે ઘેર આવેલા ત્યારે આંખ ઊંચી કરી તેમના તરફ જોવાની તો મારી હિંમત જ ચાલી નહિ! ડૉક્ટર બનીને કાંઈ નહિ તો મહિને ચારસો પાંચસો રૂપિયા જે જુવાન કમાતો હોત, તે આજે પચીસ રૂપયડીની માસ્તરની જગ્યા ભીખવા અહીં આવ્યો હતો! ને મેં અભાગણીએ એને એ જગ્યા પણ મળવા ન દીધી! એની વાત કરતી વખતે પોતે મને કહેતા હતાઃ 'ઘેલો લાગે છે!' પણ એને ઘેલો કરી મૂકનારી તો હું જ હતી ના? એણે લખેલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છેલ્લા પત્રની ચાર લીંટીઓ તો—"

અહીં નિર્મલાનો પત્ર પૂરો થતો હતો. જિજ્ઞાસા થવાથી મેં જરા દૂર પડેલ એક બીજો નોટપેપર હાથમાં લીધો. એમાં મરોડદાર અક્ષરોમાં લખ્યું હતું—

"વહાલી.....

"તારા બધા કાગળો આ સાથે પાછા બીડું છું. એ સાચવી રાખીને ભવિષ્યમાં તારા પતિને બતાવું એવો સિનેમા-નાટક માંહેનો હું ખલપુરુષ નથી. પણ ભવિષ્યમાં પસ્તાવાનો વખત આવે તે પહેલાં એક વાત કદી ન ભૂલજે કે છરીકાતર નાનાં બાળકોનાં રમકડાં નથી, એ જેટલું સાચું છે તેટલું જ એ પણ સત્ય છે કે જુવાન છોકરા-છોકરીઓનાં હૃદયો પણ ખેલ ખેલવાનાં કેવળ રમકડાં નથી!"

આંખોમાંથી ચોધારે પડતાં આંસુએ એ કાગળ હું ભીંજવી રહ્યો હતો. જાગી ગયેલી નિર્મલાએ પૂછ્યું: 'શું કરો છો?'

'સળગેલા અગ્નિને ઓલવું છું?

'હવે ઓલવે શો લાભ છે? આખર તો રાખ જ મળવાની છે! ખરું તો એને ફૂંક મારીને ચેતવવાની જ જરૂર નહોતી!' રુદ્ધ કંઠે નિર્મલાએ જવાબ આપ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પતંગ

"કૉલેજને પગથિયે પગ દેતાં જ માનવી ગરુડ બની જાય છે, ઘરસંસાર માંડે એટલે પોપટ બને છે, અને દુનિયાનો અનુભવ એની કિંમત પતંગ કરતાં વધારે નથી એ સાબિત કરે છે! કૉલેજમાં હતો ત્યારે ભાવિ જીવન અંગે કેવા કેવા ગગનગામી મિનારાઓ મેં રચ્યા હતા? પણ ખરી વાત એ જ છે કે એ સઘળા કલ્પનાની રેતમાં જ ચણેલા હતા! કૉલેજ છોડી તે સાથે પેલા ગરુડના ગગનવિહારો અદૃશ્ય થયા. છતાં પરિસ્થિતિના પાંજરામાં કાંઈ નહિ તો પોપટ થઈને રહેવાનું સદ્‌ભાગ્ય સાંપડશે જ એમ મેં માન્યું હતું. પણ માનવી કાયમ પોપટ પણ બની શકતો નથી. સ્વભાવે એ પતંગ છે. દીવાની જ્યોત નજરે પડતાં જ એના પર ઝંપલાવી પડવું એટલું જ પતંગ જાણે છે! માનવી પણ જીવનભર બીજું શું કરે છે? મોહ–મોહની પાછળ—પણ વધારે લખવાનો શો અર્થ છે? મૃત દેહના ગમે તેટલા ચીરા કરીએ તોપણ અંદરથી આત્મા થોડો જ લાધવાનો છે? ગત જીવનની ભૂલોની ચિકિત્સા કરવાથી કદી ગયેલું સુખ કોઈને સાંપડયું જાણ્યું છે? અમારા કૉલેજ મેગેઝિન (ત્રૈમાસિક) માં છપાયેલી મારી કવિતા હજુ ય મને સાંભરે છે. એ જિન્દગી કેટલી સાદાઈભરી ભોળપણભરી હતી! 'છે જિંદગી અમૃતકટોરો' એ પહેલું ચરણ લખતી વેળા મારું દિલ હર્ષથી કેવું નાચી ઊઠયું હતું? મેં માન્યું હતું કે આ એક ચરણના સર્જનથી મેં સાહિત્યક્ષેત્રમાં જાણે ધ્રુવતારો નિર્માણ કર્યો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. પણ આજ વીશ વર્ષનાં વહાણાં વાયાં પછી અંતે મને લાગે છે કે જિંદગી એ એક ઝેરનો જ કટોરો છે!

"આટલા શબ્દો સાથે અવિનાશે એ ઝેરનો પ્યાલો હોઠે અડાડયો અને—"

વાર્તા પૂરી વંચાઈ રહેવા આવી હતી એટલે મેં સહેજ ઊંચે જોયું.

ભાભીથી આંસુ ખાળી શકાતાં નહોતાં. પોતાની સાડીના પાલવ વડે તેમણે તે લૂછવા માંડયાં. ઉત્સાહમાં આવી મેં ઊંચે આકાશ તરફ નજર ફેંકી. પૂનમનો ચંદ્ર પણ ઘોળી વાદળીઓથી ઢંકાઈ ગયો હતો. એ કરુણ વાર્તાના શ્રવણથી જાણે પવન થંભી ગયો હતો. ફળીમાં સામેની નાળિયેરી પણ એટલી સ્થિર બની ગઈ હતી કે જાણે કોઈ ચિત્રમાં દોરેલી જ એ આકૃતિ છે એવો મને ભાસ થયો.

વિજયના ઉત્સાહમાં મલકાઈ મેં મારા બીજા શ્રોતાઓ તરફ જોયું. અશ્રુવિમોચનના ધોરણે જોઈએ તો સ્ત્રીઓ કોંકણના કૂવા જેવી હોય છે; એક હાથ ખોદો ત્યાં પાણી નીકળ્યું જ છે! એથી ઊલટું પુરુષોને ઘાટમથાળેના કૂવા જેવા ગણવા જોઈએ. ડૉક્ટરની આંખે આંસુ દેખવાનું મેં ધાર્યું જ નહોતું છતાં તેનો શો મત છે એ જાણવાના કુતૂહલથી મેં તેના તરફ જોયું ત્યાં તો મને એકાએક રજપૂતાનાનું રણ સાંભરી આવ્યું. મહિનાઓ સુધી ત્યાં વરસાદનું ટીપું ય પડતું નથી. ગમે તેટલું ખોદો પણ તમે ભીની રેતી દેખી નહિ શકો! ડૉક્ટરની આંખો મને આબેહૂબ એ રણના સરખી લાગી. મને એમ પણ લાગ્યું કે જાણે તે મારા તરફ જોઈને ખંધું હસી રહેલ છે. હું સહેજ શરમાયો, સહેજ મને ગુસ્સો પણ ચડયો.

જમણે હાથે પોતાનાં શર્ટનાં બટનો પર હાથ ફેરવતાં ફેરવતાં ડૉક્ટરે કહ્યું: 'વાર્તા તો જાણે સરસ છે એમાં ના નહિ! પણ એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાત શું ખરેખરી બનેલી છે? દુનિયામાં સદા ય આમ જ બને છે ખરું? તારા વાર્તાના અવિનાશનો શાંતા પર સાચેસાચો પ્રેમ હતો શું?'

ડૉક્ટરના એ સવાલથી નવાઈ પામી મેં કહ્યું: 'સાચો પ્રેમ હતો શું, એમ પૂછે છે? દારૂની લત લાગી તે પહેલાં અવિનાશ શાંતાને ફૂલની જેમ જાળવતો. એથી વધારે પ્રેમ કોને કહેશો?'

'જાણે મારા મનની વાત જ બોલ્યો! અવિનાશ શાંતાને ફૂલની જેમ જ જાળવતો હતો. પણ ભાઈ! માણસને ફૂલ પ્રત્યે જે પ્રેમ હોય છે તે ખરેખર સાચો હોય છે ખરો? એને પ્રેમ ગણશું કે લાલસા કહેશું? કરમાયેલાં ફૂલને ઘરમાં જતન કરી રાખી મૂકેલાં કોઈએ જાણ્યું છે? માનવી અને ફૂલ!—હું કહું છું એ બંને વચ્ચે ભારે મોટું અંતર રહેલું છે!'

સ્વપ્નામાં પડેલા માણસને કોઈ ઢંઢોળીને જાગ્રત કરે એવી મારી દશા થઈ. અવિનાશનો શાંતા પ્રત્યેનો પ્રેમ અતિ ઉત્કટ હોવાનું મેં વાર્તામાં બતાવ્યું હતું. પણ અત્યારે ડૉક્ટરે કહેલા શબ્દો—

ડૉક્ટરે આગળ ચલાવ્યું: 'ભાઈ! તારી વાર્તાવાળા અવિનાશનો શાંતા પર પ્રેમ હોત તો એક તો તે દારૂની લતે ચડત નહિ, એ લત લાગી હોત તોપણ સવેળા તેમાંથી તે છૂટી જાત, અને છૂટયો ન હોત તોપણ તેણે આવો કેર વરતાવ્યો ન હોત. માણસો સાચો પ્રેમ દાખવી શકતા નથી તેથી જ દુનિયામાં દુઃખના ડુંગરા ઊગે છે.'

'એક ચ પ્યાલા'વાળા ગડકરીના નાટકમાં સુધાકર સિંધુને ચાહતો નહોતો, એના પ્રત્યે એને પ્રેમ નહોતો, એમ તો તું કહેવા નથી માગતો ના?' મેં પૂછ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'અલબત્ત, સુધાકરને સિંધુ પ્રત્યે વહાલ હતું; પણ એ પ્રેમ સાચો નહોતો. ગડકરીના સુધાકરનો તેમ જ તારા આ અવિનાશનો પ્રેમ ખારા જળ જેવો છે! ખારું પાણી પીવાથી કોઈની તરસ છીપી જાણી છે? ભાઈ! દુનિયામાં જ્યાં ત્યાં ખારું પાણી જ ભર્યું છે! આપણે નિશાળમાં ભૂગોળમાં પણ નથી ભણ્યા કે પૃથ્વીના ત્રણચતુર્થાંશ ભાગમાં સમુદ્ર પથરાયેલ છે? સંસારમાં પણ એ જ સત્ય છે!'

'સુધાકર અને અવિનાશને તું ખારું પાણી કહે છે? મીઠા જળની તારી કલ્પના કઈ જાતની છે એ જ હું તો સમજી શકતો નથી!'

'જો, તને સમજાવું. જોકે હું તારા જેવો પ્રખ્યાત લેખક નથી; વાતને લડાવીને કહેતાં મને ન આવડે. તારી વાર્તામાં તેં જ છેવટે લખ્યું છે કે માણસ પતંગ જેવો છે. ખરેખર, માનવી પતંગ જેવો જ છે. પણ એ પતંગ દીવાની જ્યોત ઉપર ઝડપ મારનારો પતંગ નથી; દોરને આધારે ગગનમાં દમામથી ઊડ્યન કરતો એ પતંગ છે.'

ડૉક્ટરના એ શબ્દો સાભળતાં જ હું ચમકી ઊઠ્યો.

મને સાવ મૂંગો રહેલો દેખી ડૉક્ટરે કહ્યું: 'કેમ ભાઈ! મારું કહેવું ગળે ઊતરે છે ખરું?'

'ના ના; તારી વાત આપણે ગળે નથી ઊતરતી! તારે એમ કહેવું છે કે સુધાકરનો સિંધુ પ્રત્યેનો પ્રેમ સાચો નહોતો, ખરું? એમ તો કાલે ઊઠી તું એમ પણ કહી શકે કે મધમાં પણ મીઠાશ નથી!'

કશોક વિચાર કરતાં કરતાં ડૉક્ટરે જણાવ્યું: 'હું તને ખાલી વાત કરવા ખાતર નહોતો કહેતો. મેં મારી નજરોનજર એવો દાખલો જોયો છે, માટે જ કહું છું.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરણવા લાયક થયેલી પુત્રીનો પિતા કોઈ મૂરતિયાની વાત કાને પડતાં જ જેટલી ઉત્સુકતા દાખવે, તેવી ચટપટી ડૉક્ટરના એ શબ્દો સાંભળતાં જ મારું વાર્તાલોલુપ મન અનુભવી રહ્યું. મેં કુતૂહલ-પૂર્વક પૂછ્યું : 'નજરે જોયેલ દાખલાની વાત હોય તો તો તે માનવી જ જોઈએ!'

ગાવાની શરૂઆત કરતા પહેલાં જેમ ગવૈયો આસન જમાવે તેમ ડૉક્ટરે ખુરશીમાં જ પોતાની જાતને બરાબર સંભાળથી ગોઠવી. હાથ માંહેના સાથ આપનારા વાદ્ય તરફ ધ્યાનપૂર્વક ગવૈયો જેમ જોઈ લે તેમ ડૉક્ટરે બંને હાથનાં આંગળાં એકબીજામાં ભેરવી, સહેજ માથું નમાવી, જાણે પોતાના સ્મૃતિ–વાદ્ય તરફ નજર ફેરવી લીધી; આલાપ કાઢતા પહેલાં જેમ શ્રોતૃવૃંદ તરફ ગવૈયો આંખ ફેરવી લે તેમ ડૉક્ટરે મારા સામે, પોતાની પત્ની સામે અને છેવટે આકાશ તરફ જોઈ લીધું. ઘડી પહેલાં વાદળાં આડે છુપાયેલ ચંદ્ર જાણે એની વાર્તા સાંભળવી હોય તેમ બહાર નીકળી આવ્યો હતો. 'કહો, અમને એ વાત કહો!' એવી જાણે વિનતિ કરતી હોય તેમ બહાર આંગણામાં વાયુની આછી લહરીઓ નાચી રહી. મારી સામેની ઊંચી ટટ્ટાર ઊભેલી નાળિયેરી પોતાના લાંબા હાથ વડે ડૉક્ટરને વાર્તા કહેવા જાણે ધીરેધીરે નિશાની કરતી હતી.

ડૉક્ટરે શરૂ કર્યું :—

દસ વરસ પહેલાંની વાત છે. હા, પૂરાં દસ વરસ થઈ ગયાં છે. પણ એ સંધ્યાકાળ મને હજુ બરાબર સાંભરે છે.

તે દહાડો હું સાંજના ચાર વાગતાં જ દરિયાકાંઠે ગયો હતો. તડકો નમ્યો ન હતો, પણ મારું મન એટલું અસ્વસ્થ અને બેચેન બની ગયું હતું કે ન પૂછો વાત. અહીં આવ્યાં મને તે વેળા છ મહિના થઈ ગયા હતા; મારે હાથે જશ છે એવી લોકોને ખાતરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થઈ ચૂકી હતી. પણ તે દહાડો મારા હાથમાં જે કેસ હતો એમાં મારા હાથને જશ ન મળ્યો. ખિન્ન હૃદય સાથે હું દરિયાકાંઠે ગયો. એ અફાટ ઉદધિનાં દર્શનથી થોડી વારે મારું દિલ જરા હળવું થયું. આપણે સંસારને પણ સાગરની જ ઉપમા આપીએ છીએ ના? એકમાં મોજાં પેદા થાય છે, બીજામાં માનવીઓ જન્મે છે. એ મોજાં પાછાં અનંતતામાં જેમ મળી જાય છે, તેમ માનવીઓ પણ ભૂતકાળમાં સમાઈ જાય છે. એ દૃશ્ય જોયા પછી મનમાં ઠીકઠીક શાંતિ વળી. તડકામાં લાંબા વખત સુધી ઊભું રહેવાય તેમ ન લાગ્યાથી એક મોટી હોડીને આશરે મેં શરીરને લંબાવ્યું. પેલી બાજુ રાંપણ બિછાવનારાઓ—

'રાંપણ એટલે શું?' મેં વચ્ચે જ સવાલ કર્યો.

'સાચી વાત છે, ભાઈ! હું ભૂલી જ ગયો હતો. એ અમારા કોંકણનો શબ્દ છે. અહીંની અમારી કેડીઓ તેમ જ શબ્દો બહારના માણસો જાણી ન શકે! રાંપણ એટલે માછલાં પકડવાની મોટી જાળ.'

'તારી વાર્તામાં આવા જ શબ્દો સાંભળવા પડશે કે શું?' મેં સહેજ અકળાઈને પૂછ્યું.

'અરે, અહીં બાજુમાં ગોવામાં જ શુદ્ધિની ચળવળ ચાલી છે એટલે તારે આ અશુદ્ધ શબ્દોથી હવે બહુ ગભરાવું નહિ પડે!' ડૉક્ટરે હસતાં હસતાં ટકોર કરી, અને વાર્તા આગળ ચલાવી.

તે દહાડો એમણે ખૂબ ખૂબ માછલીઓ પકડી હતી. લગભગ સો દોઢસો માછીમારો જાળાં નાખવામાં રોકાયા હતા. જાણે સાગર સાથે સંગ્રામ ખેલીને તેઓ ભારે જબરી લૂંટ આણી રહ્યા હતા. એમની વાતચીતનો તેમ જ હસવાનો મિશ્ર અવાજ મારે કાને અથડાયા કરતો હતો. જાણે સાગરનાં મોજાંઓના પડઘા પડી રહ્યા હતા. હોડીને છાંયે હું થોડી વાર પડ્યો રહ્યો હોઈશ. ત્યાં તો એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોડીના મોરા તરફની બાજુએ કોઈ બોલતું હોય એવો ભાસ થયો. મેં એ તરફ મોં ફેરવ્યું. બે માનવીઓ ગુસપુસ વાતો કરતાં હતાં. પૈકી રંગીન છીંટનું ફ્રૉક પહેરેલી સોળ સત્તર વર્ષની એક ખ્રિસ્તી યુવતી કહેતી હતીઃ 'ધાણ્ણ! આ વાત સાચી છે?' જુવાનીને ઉંબરે પગ માંડતા એ યુવકે જવાબ આપ્યોઃ 'મારિયા! તને કદી હું ખોટી વાત કહું ખરો?'

ગળામાં લટકતા સોનાના ક્રોસ સાથે જમણે હાથે રમત કરતી મારિયા બોલીઃ 'હું આવતી કાલે સાંજે પાછી આવી જઈશ. પણ આ આજની રાંપણ–પૈસા મળવાની આશા દેખાતાં જ આ લોકો દારૂ ઢીંચવાનું શરૂ કરી દેવાના. જોજે ધાણ્ણ! તને પણ એ લોકો ખેંચી જશે.'

'મારિયા! આજે છ મહિના થયા; એકે ય વખત દારૂ (માડી)ને અડયો જ નથી.' તેના તરફ અનિમેષ દૃષ્ટિએ જોઈ રહેલા ધાણ્ણએ કહ્યું. એની આંખોમાં અત્યારે સાગરનાં જળની નિર્મળતા જાણે ચમકારા મારતી હતી.

'પણ–પણ–પણ મને બીક લાગે છે. સ્ત્રીઓ બધી માછલાં લઈને વેચવા જતી રહેશે એટલે–ધાણ્ણ! સોગન ખાઈને કહે છે કે તું દારૂને નહિ અડે?'

રાંપણ તરફ હાથ લંબાવી ધાણ્ણએ જવાબ આપ્યોઃ 'સોગન-પૂર્વક નહિ અડું. ને તું કહે તો એ કરતાં પણ આકરા સોગન લઉં. મારિયા! તારે ગળે હાથ, હું દારૂને અડીશ જ નહિ!'

તેનો જવાબ સાંભળી મારિયા હસી. પરંતુ ઓટ વેળા જેમ પાણી ઓસરી જાય છતાં એણે ભાંજવેલો રેતીનો ભાગ ચોખ્ખો જુદો તરી આવે, તેમ ધાણ્ણના આશ્વાસનને કારણે મારિયાનો ભય દૂર થયો હતો છતાં એના મોં પર ઊંડાણમાં શંકા ડોકાઈ રહ્યાનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેખી શકાતું હતું. ધાબુના ધ્યાનમાં એ વાત આવી હોવી જોઈએ. રાંપણ તરફ નજર રાખી તેણે કહ્યું: 'મારિયા! તને એમ તો નથી લાગતું ને કે હું ભાનભૂલો બની ગયો છું? નહિતર દારૂ પીવા જવાની વાત તું શા માટે કરે? આજે છ મહિનાથી એને અડ્યો નથી તો દેવું બધું પતી ગયું છે. બીજા છ મહિનામાં તો દેવળમાં આપણા લગ્નનો ઘંટ વાગશે! મને તો અત્યારે જ એના ડંકા પડતા સંભળાય છે; તને નથી સંભળાતા?'

છેલ્લો સવાલ પૂછતાં પૂછતાં સહેજ વાંકા વળી એણે આસ્તેથી મારિયાના ગાલ ઉપર હાથ ફેરવી લીધો, અને તીરવેગે તે દરિયા-કાંઠે બધા માછીમારોમાં ભળી ગયો. મારિયા પણ તેના પછી ચાલી નીકળી.

બીજે દિવસે મળસ્કે મને મચ્છીમારોનાં ઝૂંપડામાંથી કોઈ બોલાવવા આવ્યું. જઈને જોયું તો ધાબુ બેશુદ્ધ દશામાં પથારીમાં પડ્યો હતો. એને આખે શરીરે ઝિઝરડા દેખાતા હતા; માથામાં એક મોટો જખમ પણ હતો. તુરત મને આગલી સાંજની તેની અને મારિયા વચ્ચેની વાતચીત સાંભરી આવી. આ ખ્રિસ્તી જુવાને પોતાની વાચાદત્ત પ્રેયસીને વચન આપ્યું હતું કે પોતે દારૂને–માડીને સ્પર્શ નહિ કરે. પણ જે વેળા મારિયા માછલાંનો ટોપલો માથે ચડાવી રાત આખી ભટકતી હતી, તે વેળા અહીં ધાબુ દારૂ પીને મસ્ત બની રહ્યો હતો શું?

પ્રેમ અને દારૂના દ્વંદ્વમાં આખરે દારૂ જ વિજયી નીવડે! ધાબુને થયેલ જખમ સાફ કરી હું પાટો બાંધતો હતો તે દરમિયાન આવા અનેક વિચારતરંગો મારા મગજમાં ચાલી રહ્યા હતા. એને કપાળે થયેલ જખમ તો કાલે રૂઝાઈ જશે, પણ મારિયાના દિલ પર થયેલ કારી ઘા–એ જખમ શી રીતે રુઝાશે? પેટ ખાતર માછલીનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોટો સૂંડલોએક ભાર માથે ઉઠાવી પંદર માઈલ પગે ચાલી રપેટી કરનારી એ યુવતી હતી. એનું દિલ આ જુવાન પર ચોંટયું હતું ત્યારે :આ જુવાન!—રાત્રે દારૂમાં એ કેટલો ચકચૂર બન્યો હશે એની સાક્ષી એના કપાળમાં થયેલ ઊંડો જખમ આપી રહ્યો હતો.

ધાણુને પાટો બાંધી હું ઘેર પાછો ફરવા ઊભો થયો. મળસ્કે અંધારું વધારે ઘેરું જણાય છે. ધાણુની ઝૂંપડીનાં બારણામાં ઊભાં ઊભાં મેં ઊંચે આકાશ તરફ નજર દોડાવી. પૂર્વ દિશામાં શુક્રનો તારો ચળકાટ કરતો હતો. એ જોતાં જ મને ધાણુ પ્રત્યે મારિયાના અંતરમાં રહેલ પ્રેમનું સ્મરણ થઈ આવ્યું. ગમે તેમ થાય તોપણ શુક્રનું તેજ કાંઈ અંધકારને અજવાળી શકે છે?

ધાણુનો એક ઘરડો પડોશી મારી સાથે વાતે વળગ્યો. તેણે જે હકીકત કહી તેથી હું ભારે નવાઈ પામ્યો. ગઈ કાલની રાંપણમાં ઘણાં માછલાં હાથ લાગ્યાં હતાં. વહેલી સાંજે સ્ત્રીઓ ટોપલેટોપલા ભરીને તે વેચવા માટે ચાલી નીકળી હતી. પાછળ પછી પુરુષોના—તેમાં ય જુવાનોના સ્વૈર વર્તનને કોણ રોકવાનું હતું? બધાએ ખૂબ-ખૂબ દારૂ ઢીંચ્યો. તેમને છેતરીને ધાણુ કચારનો ઘેર જઈ પહોંચ્યો હતો. કોઈ જુવાનના ખ્યાલમાં એ હકીકત આવી. પછી પૂછવાનું કયાં રહ્યું? માણસો સાથે હળી ગયેલા પોપટ તરફ જેમ બીજા પોપટો તુચ્છતાથી જુએ, તેમ સઘળા જુવાનો ધાણુ વિષે તિરસ્કાર દર્શાવતા ગમે તેમ બોલવા લાગ્યા. તેમાંના બેચાર જણાએ ઘેર જઈ ધાણુને પોતાની સાથે ખેંચી આણવાનો પ્રયત્ન પણ કર્યો; પણ ધાણુએ કોઈને દાદ ન આપી. પેલા જુવાનોએ ખિજાઈને એને ઝૂંપડીમાંથી ઢસરડીને બહાર આણ્યો. મહા પ્રયત્ને જોર કરી એ તેમના હાથમાંથી છટકયો. પેલાઓ વળી તેની પાછળ દોડયા. અને તે પછીની ખેંચાખેંચીમાં પથ્થર સાથે અફળાઈ પડવાથી ધાણુનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માથું ફૂટ્યું.

આ બધું સાંભળીને મારા પગ પાછા ઝૂંપડીમાં વળ્યા. ઘાણ્ણને કપાળે બાંધેલો પાટો બરાબર બંધાયો છે કે નહિ તેની ખાતરી કરી જોવાને બહાને મેં તેના મોંની વાસ લીધી. દારૂની સહેજ પણ ગંધ તેના શ્વાસમાં જણાઈ નહિ!

પ્રેમ અને દારૂમાં આખરે પ્રેમે શું ખરેખર દારૂ પર સરસાઈ મેળવી હતી?

એ જ ક્ષણે ઘાણ્ણએ આંખો ઉઘાડી. અતિ ક્ષીણ સ્વરે તે કકળ્યો: 'અરર! ઓ મા!.....મારિયા!'

ઘાણ્ણને ધીરજ દઈ હું ઘેર પાછો ફર્યો ત્યારે સવાર પડી ચૂકી હતી. મારિયાનો પ્રેમ શુક્રનું અજવાળું નહિ, પણ અંધકારને નિર્મૂળ કરનારો એ અરુણોદય છે એ વિષે મને શંકા નહોતી રહી.

તે પછી આઠ દસ દહાડા સુધી પાટો બાંધવાને નિમિત્તે હું ઘાણ્ણને ત્યાં જતો હતો. આ અરસામાં જ્યારે જ્યારે મારિયાને હું ત્યાં દેખતો ત્યારે મને આપોઆપ શકુંતલાનું સ્મરણ થઈ આવતું. શકુંતલાની પેઠે હરણાં તેમ જ વનલતાઓ પર પ્રેમ દાખવવા જેટલું મારિયાનું જીવન કાવ્યમય નહોતું એ સાચું, છતાં એના દુષ્યંતને રોજ માછલાં પકડવા જવું પડતું હતું એ પણ એટલું જ સાચું હતું! પણ દરિયાકિનારે તેમની વચ્ચે ચાલેલો જે સંવાદ મેં સાંભળ્યો હતો, તે તો મને દુષ્યંત-શકુંતલાના પ્રેમાલાપો જેટલો જ હૃદયસ્પર્શી જણાયો હતો. એક રીતે જોતાં મારિયાનો દુષ્યંત જ મહાભારતના દુષ્યંત કરતાં શ્રેષ્ઠ હતો એમ નથી લાગતું? પેલો દુષ્યંત તો રાજા હોવા છતાં આપેલ વચન પાળવા તૈયાર ન થયો; જ્યારે ઘાણ્ણએ પોતાના જીવને જાખમે પણ પ્રેયસીને આપેલું વચન પાળી બતાવ્યું! ઘાણ્ણની માંદગી દરમિયાન મારિયા તેને વારેવારે પૂછતી: 'આટલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બધી હેરાનગતિ તેં શા સારુ માથે વહોરી લીધી?'

તે જવાબ આપતો: 'તારા સારુ!'

'મારામાં એવું તે શું બળ્યું છે?' પોતાની વિશાળ આંખો તેના પર ચોડીને મારિયા સામે સવાલ કરતી.

'તારામાં શું છે? તારામાં દારૂ ભર્યો છે! મસ્ત બનાવે એવો દારૂ ભર્યો છે! તારી આ આંખોમાં, તારા આ હાસ્યમાં—' મારિયાને શરમાતી દેખી ઘાણ્ણુ વધારે બોલવાની કદી હિંમત કરી શકતો નહિ.

આ બનાવને પાંચ વર્ષો વીતી ગયાં.

એક દિવસ રાત્રે ઘાણ્ણુ ગભરાતો મૂંઝાતો મારે ત્યાં આવ્યો. મારિયા સાથે એનાં લગ્ન થયાંને ચાર વર્ષો થઈ ગયાં હતાં. રોજ માંદા પડવા માટે તેઓ કાંઈ પૈસાદાર થોડાં જ હતાં! અર્થાત્ મારે (ડૉક્ટરને) એ ચાર વરસો દરમિયાન એકે વખત એને ઘેર જવાનું બન્યું નહોતું. ઘાણ્ણુના કહેવા પ્રમાણે છેલ્લા આઠ દસ દિવસથી મારિયાને તાવ આવતો હતો. શરદી–તડકાને લીધે હાડકચર આવી જતી હશે એવી માન્યતામાં પહેલા બેત્રણ દિવસ ચાલ્યા ગયા. તે પછી ત્રણચાર દિવસ ઘરઆંગણાની દવા કરવામાં વિતાવ્યા. ઘાણ્ણુ દવા માટે મારે ત્યાં આવવા તૈયાર થાય તો મારિયા જ તેને રોકી રાખતી; પણ આજે તાવનું જોર વધ્યું હતું.

જરૂરી દવાઓ સાથે હું ઘાણ્ણુને ત્યાં પહોંચ્યો. હવે તે અગાઉની પેઠે ઝૂંપડામાં રહેતો નહોતો; તેણે મજેનું એક ઈંટમાટીનું ઘર ચણાવ્યું હતું. ઘાણ્ણુનું એ સુંદર ઘર દારૂના ટીપાને પણ સ્પર્શ ન કર્યાનું ફળ છે એ વિચાર સ્વાભાવિક રીતે જ મારા મનમાંથી પસાર થઈ ગયો. ફળિયું, ઘર, બધું સ્વચ્છ અને સફાઈબંધ હતું. મારિયાની પથારી પાસે પહોંચી મેં તેની તબિયત તપાસી. તાવ ૧૦૪ ડિગ્રી સુધી પહોંચ્યો હતો! વચ્ચે વચ્ચે સનેપાતના ચાળા સરખું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે બબડ્યા પણ કરતી હતી. નાડી–છાતી–બધું બરાબર તપાસી લઈ કશું જ બોલ્યા વિના હું બહાર આવ્યો. આંખમાં ઝળઝળિયાં સાથે ધાબુએ પૂછ્યું: 'સારું થઈ જશે ખરું, ડૉક્ટર સાહેબ?'

તેને શો જવાબ દેવો તે મને સૂઝતું નહોતું. ગળે બાઝેલો ડૂમો સાફ કરી મેં કહ્યું: 'ધાબુ! દરિયામાં તમારી હોડી તોફાનમાં સપડાય તો તમે શું કરો?'

તેણે જવાબ આપ્યો: 'બીજું શું કરે? બાળબચ્ચાંઓને યાદ કરીએ અને ભગવાનને હાથ જોડી વિનવીએ.'

'અને તોફાનમાંથી તમને ભગવાન જ બચાવે છે ના? એમ જ ત્યારે બધી વાત ઈશ્વરાધીન છે, એમ ગણી લે.'

મારો એ અસ્પષ્ટ જવાબ અને મોં પર પથરાયેલી ખિન્નતાનો અર્થ ધાબુ બરોબર સમજી ગયો. રડતે રડતે તેણે કહ્યું: 'ડૉક્ટર સાહેબ! તમને પગે લાગું; મારી માર્યાને મહેરબાની કરી ગમે તે રીતે જિવાડો!'

માર્યાને જિવાડવા જેટલી મારામાં શક્તિ હોવાનું મારું સદ્‌ભાગ્ય મને લાગ્યું નહિ. તોફાનમાં હોડી ઊંધી વળી જાય પછી હલેસાંનો શો ઉપયોગ? ડૉક્ટર અગર વૈદ્ય ગમે તેવા શક્તિશાળી હોય તોપણ મૃત્યુ પાસે તો તેઓ ક્ષુદ્ર માનવી જ બની જાય છે! માનવી માત્ર મૃત્યુને દ્વારે કેવળ પૂતળાં જ છે. માર્યાને માટે માત્ર દવા આપીને ઘેર પાછા ફરવાનું મને ગમ્યું નહિ. ચાર વરસ દરમિયાન ધાબુ સારી રીતે રસ્તે આવી ગયો હોવાથી બધાની આંખમાં એ શલ્ય પેઠે ખૂંચતો હશે એમ જણાતું હતું. માંદાની સારવારમાં અગર તો તેને મદદ કરનારું ઘરમાં બીજું કોઈ માણસ દેખાતું નહોતું! કેવળ તેમનો ત્રણ વરસનો દીકરો જ ઘરમાં બીજા માણસ તરીકે હતો! ઠીક હતું કે અત્યારે એ ઊંઘી ગયો હતો નહિતર—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધાબુ મારિયાની પથારી પાસે પહોંચ્યો. પ્રેમપૂર્વક તેણે તેનું મોં પંપાળ્યું – તે પર આસ્તેથી હાથ ફેરવ્યો. પાંચ વરસ પહેલાં દરિયા કાંઠે હોડીના મોરાની ઓથે એણે મજાકમાં મારિયાને ગાલે હાથ ફેરવી લીધો હતો તે ક્યાં, અને ક્યાં આજનું એનું પંપાળવું? બંને વચ્ચે કેટલું અંતર હતું? મારિયા શુદ્ધિમાં નહોતી. ઘૂંટણીએ પડી ધાબુએ પ્રાર્થના કરવા માંડી. અજાણે મારા પણ હાથ જોડાયા. ઈશ્વર છે કે નહિ, હિંદુધર્મ શ્રેષ્ઠ છે કે ખ્રિસ્તીધર્મ, એવો કોઈ સવાલ મારા હૃદયને ત્યારે સ્પર્શી શક્યો નહિ. વીજળીનો કડાકો સંભળાતાં જ બાળક જેમ નજીકના માણસને વળગી પડે છે, તેવી જ રીતે કારમા મૃત્યુના ભયને કારણે અમે સર્વશક્તિમાન પરમાત્માને ચરણે વળગી પડવાનો પ્રયત્ન કરતા હતા. પણ પ્રભુના ચરણ એમ અમારે હાથ ક્યાંથી આવે?

પ્રાર્થના પૂરી કરી ધાબુ ઊભો થયો. એટલામાં મારિયાએ આંખો ખોલી. અતિ ક્ષીણ અવાજે તે કશુંક બોલી પણ ખરી. જંગલમાં રસ્તો મૂલેલા પ્રવાસીને તમરાંનો અવાજ સાંભળતાં જ જેમ ભય લાગે, તેમ એનો ઊંડેથી આવતો અવાજ સાંભળી મેં શરીરે રોમાંચ અનુભવ્યો. જાણે યમદેવે એને અંદર ખેંચી લઈ દરવાજો હમણાં જ બંધ કરી દીધો હતો, અને દૂર ખેંચાયે જતાં તે જે બોલતી હતી તે બંધ થતા દરવાજામાંથી અમે અસ્પષ્ટ અવાજે સાંભળતા હતા! ધાબુએ તેના હોઠ નજીક પોતાનો કાન આણ્યો. ફરી ફરી મારિયાએ તેને કશુંક કહ્યા કર્યું. જોસભેર વહેતાં આંસુ-ઓને ખાળવાનો પ્રયત્ન કરી તે ઊભો થયો અને પોતાના બાળકને જગાડીને ઉપાડી લાવ્યો. પુત્રનાં દર્શન થતાં જ મારિયાની આંખે આંસુની ધારાઓ વહેવા માંડી. રાતની એ ભયાનક વેળા, પથારીમાં પડેલી પોતાની જનેતા, અને ઘરમાં ઊભેલી મારા જેવી અજાણી

पुस्तकालय
गुरुकुल कांगड़ी
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યક્તિઃ એ નવું દૃશ્ય દેખતાં જ બાળક પણ ગભરાઈ ઊઠ્યો. બાળકને પાસે લાવી ઊભો કરતાં જ કોણ જાણે ક્યાંથી, મારિયાના શરીરમાં અજબ શક્તિ આવી. પતિનો હાથ ઝાલી તેણે તે પોતાને ગળે મૂક્યો અને બોલીઃ 'કોઈ કહેતાં કોઈ દિવસ પીશો નહિ, હો! મારા આ રતન ખાતર દારૂને હાથ પણ ન અડાડજો!' ધાણ્ણુએ ચોધાર વહેતાં આંસુ દ્વારા જ મારિયાને વચન આપ્યું.

એ આખું દૃશ્ય જેટલું કરુણ તેટલું જ ભવ્ય અને ઉદાત્ત હતું.

પછી — પછી શું? આજનાં ફૂલોને આવતી કાલે નિર્માલ્ય બનાવી દેવાની કુદરતને તો ટેવ જ પડી છે! પાંચ વરસ પહેલાંની હસતી, આનંદી મારિયા અને અત્યારની પથારીમાં પડેલી તેજહીન, પ્રાણહીન મારિયા બંને એક જ વ્યક્તિ હોવા વિષે ઘડીભર મને ય સંદેહ પેદા થયો. મારિયા ક્યાં ગઈ, એ શા માટે ચાલી ગઈ, વગેરે સવાલોનો જવાબ કોણ આપે? તે જતી રહી એ જ સત્ય હતું.

મહામહેનતે મેં ધાણ્ણુને ધીરજ આપી તેનું સાંત્વન કર્યું. જરૂર પડતાં ગમે તે વખતે મારે ઘેર આવવામાં તેણે જરા પણ સંકોચ ન રાખવો એમ કહી મળસ્કે હું ઘેર પાછો ફર્યો. તે વેળા પણ આકાશમાં શુક્ર ચમકી રહ્યો હતો, પરંતુ ધાણ્ણુના ઘરની અંદર સદાને માટે અંધકાર પથરાઈ ગયો હતો! મારિયાના પ્રેમનું બંધન હવે તેને રહ્યું નહોતું; મારા મનમાં ભારે જબરી શંકાએ જોર કર્યું: ધાણ્ણુ પાછો દારૂ પીવા માંડશે ખરો? એટલામાં અરુણોદય થયો. મેં મારી જાતને જ સવાલ કર્યોઃ ધાણ્ણુના ઘરમાં પણ આ અજવાળાં પથરાયાં હશે ખરાં?

મારા એ સવાલનો જવાબ મને ઘણે દહાડે મળ્યો.

એ બાળક ધાણ્ણુને પ્રાણથી પણ વહાલો હતો. તેની તબિયત જરા સરખી ઢીલી જણાતાં જ ધાણ્ણુ દોડતો મારે દવાખાને આવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહોંચતો. એનાં કોઈ પાર વિનાનાં લાડ ધાબ્રુ પૂર્યાં કરતો. ભાવિક લોકો જેમ દેવપૂજા માટે કલાકોના કલાકો ફૂલો વીણવામાં ગાળ્યા કરે છે, તેવું ધાબ્રુ કરતો. જાતજાતનાં કપડાં, તરેહતરેહનાં રમકડાં, જે કાંઈ બાળક માગે અગર તો ધાબ્રુને ગમી જાય, તે દરેક ચીજ ધાબ્રુના ઘરમાં હાજર થતી. પોતાનો બાળક અને પોતાનો ધંધો: એ બે જ ધાબ્રુને મન આંખની કીકી સમાં હતાં. ઘણાએ તેને ફરી પરણવાનો આગ્રહ કર્યો. પરંતુ સાવકી મા બાળકને પજવે એ કારણે તે બીજી વારનાં લગ્નની વાત કરવા પણ ખુશી નહોતો. એક વખત તો મેં મશ્કરીમાં તેને કહ્યું પણ ખરું: 'ધાબ્રુ! બાળક પાછળ આટલો બધો ગાંડો શું થયો છે?' જરી વાર શાંત રહી તેણે જવાબ આપ્યો: 'સાહેબ! સ્ટીમર ડૂબતી હોય ત્યારે માણસ હોડીનો આશરો લે છે; મારી સ્ટીમર તો ડૂબી ગઈ છે, પણ આ હોડીમાં બેસી હું સાગર પાર કરી જવા ધારું છું!'

ધાબ્રુનો એ વિચિત્ર પણ મર્માળો જવાબ સાંભળી મેં કહ્યું: 'ભગવાન તારી હોડી અમર રાખે!'

પણ મારા આશીર્વાદમાં સાચું સામર્થ્ય નહોતું. મારિયાના મૃત્યુ પછી લગભગ ચારેક વર્ષો પસાર થઈ ગયાં હશે. એક દહાડો સાંજે દવાખાનામાં મને કોઈ બોલાવવા આવ્યું. દરિયાકાંઠે જઈ જોઉં છું તો ધાબ્રુ ઊંધું ખાલી ચોધાર આંસુએ રડતો હતો. દરિયામાં અનેક જાળો નખાઈ ગઈ હતી. મને નવ વર્ષ પહેલાંનો પ્રસંગ સાંભરી આવ્યો. મારિયા અને ધાબ્રુનો એ પ્રેમભર્યો સંવાદ ફરી ફરી મારા સ્મૃતિપટ પર તાજો થયો. સાગરનાં મોજાં પ્રથમની માફક આજે પણ ઊછળી રહ્યાં હતાં; રેતીના ઝીણા કણ રોજની પેઠે એકબીજાને પકડવા જાણે દોડતા હતા. ધાબ્રુ પણ અત્યારે એ જ સ્થાને—દસ વરસ પહેલાં જ્યાં મારિયા અને તે વાતો કરતાં ઊભાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતાં તે જ સ્થાને બેઠો હતો. પરંતુ બહારની દુનિયા આખી અસલ જેવી જ જણાતી હોવા છતાં ઘાણુની આંતરસૃષ્ટિ કેટલી બધી બદલાઈ ગઈ હતી? ચાર વરસ પહેલાં મારિયા તેને છોડીને સ્વર્ગે સંચરી હતી; આજે? આજે તેનો ચાર વરસનો લાડીલો પુત્ર દરિયાકાંઠે રમવા આવ્યો હતો અને—અને કહીં અદૃશ્ય થઈ ગયો હતો! અનેક માછીમારો સાગરનાં પાણીમાં એને શોધી રહ્યા હતા પણ હજુ કશો જ પત્તો લાગ્યો નહોતો! છોકરો દરિયામાંથી જડી આવે તો ઇલાજ લાગલો જ લઈ શકાય એ ખાતર મને પહેલાંથી બોલાવી હાજર રાખ્યો હતો. દરિયામાં પાથરેલી જાળો તરફ હું અસ્વસ્થ ચિત્તે જોઈ રહ્યો હતો. મનમાં થયું: 'ઈશ્વરને પણ એક ક્રૂર માછીમાર કેમ ન ગણવો? સંસારરૂપી આ મહાસાગરમાં માછલાં રૂપી માનવીઓ ફૂદાફૂદ કરે છે! મૃત્યુની જાળ પાથરીને ઈશ્વર આ સાગરમાંથી કેટલાં માનવીઓને ખેંચી લેતો હશે?' ઘાણુની સાથે વાતચીતનો એકાદ હરફ કાઢવાની પણ હિંમત હું કરી ન શક્યો. દસ વરસ પહેલાં આ ગરીબ ભોળા માનવીએ પ્રેમને જોરે દારૂનો મોહ ત્યજી દીધો હતો. એની પ્રેમવેલી હજુ એકાદું ફૂલ ખીલવે ખીલવે ત્યાં તો પોતે જ સુકાઈ ગઈ! એ ફૂલ પણ બિચારાને હાથ રહ્યું હોત તો કેવું સારું? પરંતુ કાળના ક્રૂર પંજાએ એને પણ ચોળી મસળી ફેંકી દીધું હતું! છેક અંધારું પથરાતા સુધી માછીમારોએ બાળકને શોધ્યા કર્યો, પણ સઘળી મહેનત વૃથા નીવડી. ખરું કહીએ તો કોઈ મહાન ધરતીકંપ થાય અને અનેક શહેરો ઊખડી પડી દટાઈ જાય, તે વેળા ત્યાં કોઈ સુંદર નકશીવાળી હાથીદાંતની નાની મૂર્તિ શોધવા માનવી અડવડિયાં મારે એના જેવું એ દૃશ્ય હતું. નિરાશ બની માછીમારો ઘાણુ પાસે આવ્યા. ઘણી વારે તેણે મોં ઊંચું કર્યું. એ ચહેરા પર જાણે મૃત્યુના ઓળા પથરાયા હતા. હોઠ પીસી એણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાગરનાં અગાધ જળ પર નજર ફેંકી, અને તુરત બંને હાથ જોરથી છાતી પર ભીંસ્યા. વળી થોડી વારે ઊંચે આકાશ તરફ જોઈ લીધું. પછી મારા ભણી આંખો ઠેરવી કહ્યું: 'સાહેબ! મને માફ કરશો. હવે તમે અહીં રોકાશો નહિ. હું હવે દારૂ પીવાનો છું! પ્રભુએ મને આજે પાણીમાં દાટી દીધો છે; એ પ્રભુને હવે હું દારૂમાં દાટું તો જ જાણજો કે મારું નામ ધાપ્પુ છે!' એમ કહી તેણે એક વિકટ હાસ્ય કર્યું.

આજે એક વરસ થઈ ગયા છતાં એ અટ્ટહાસ્ય હજુ ય મારા કાનમાં ઘૂમ્યા કરે છે.

ડૉક્ટરે બંને હાથમાં પોતાનું માથું દાબ્યું. થોડી વારે એક નિસાસા સાથે તેણે આકાશ તરફ નજર ફેંકી. તારાનાથ ફરી વાદળાં પાછળ છુપાઈ ગયો હતો. મંદ પવનને લીધે ચાલી રહેલો પાંદડાંઓનો સળવળાટ કરુણ રુદન સમો વાતાવરણમાં ખિન્નતા આણતો હતો. ડૉક્ટરની આંખે અશ્રુધારાઓ વહેતી હતી.

પણ કરુણ રસમાં તણાઈ જવા જેટલું લેખકનું સ્વાભિમાન પોચી માટીનું બનેલું નથી હોતું! મોંની સીટી વગાડતો હું થોડી વાર શાંત રહ્યો; પછી ડૉક્ટરને કહ્યું: 'ડૉક્ટર! તમારી વાત તો હૃદયને ખરેખર હલાવી દે એમાં તો શંકા જ નથી. પણ હરિકથામાં કીર્તનકાર આખરે ધ્રુવપદ તરફ જ વળે છે!'

સહેજ આંખો ચડાવી ડૉક્ટર મારા સામે તાકી રહ્યા. તે દૃષ્ટિ પરથી હું જોઈ શક્યો કે તેમને મારું કહેવું ગમ્યું નથી. પણ કિલ્લામાં પડેલા ગબડાનો જો યોગ્ય લાભ ઉઠાવી ન શકે તો તે સેનાપતિ શાનો કહેવાય? વિજયના તોરમાં મેં લગાવ્યું: 'ડૉક્ટર! ગડકરીનો સુધાકર, મારો અવિનાશ અને તમારો આ ધાપ્પુ – ત્રણે એક જ પાટલે બેસનારા એક જ માળાના મણકા જેવા છે!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડૉક્ટરે સહેજ અણગમાભર્યો અવાજે કહ્યું: 'એક જ પાટલે બેસનારા કબૂલ; પણ સુંવાકર અને અવિનાશ ખોટાં મોતી જેવા છે, જ્યારે ધાણ્ણુ—! એનાં મૂલ્ય તો—? પ્રેમ ખાતર દારૂનો ત્યાગ કરવો, વહાલી પત્નીના મૃત્યુ પછી પણ બાળકમાં દિલ પરોવી દારૂને હાથ પણ ન અડકાડવો, એ બધું કરવું સાવ સહેલું છે એમ તું ધારે છે? માછીમારો 'રાપણ' માટે રાતદિવસ કે ઢાડતડકો ગણકાર્યા વિના લોહીનું પાણી કર્યા કરે; અથાક મહેનત, કેળવણી કે સંસ્કારનું નામ નહિ; આસપાસનો આખો સમાજ પૂરો દારૂબાજ: એ આખી મોહજાળમાં પણ ધાણ્ણુ નવ વરસ સુધી કોરો રહ્યો! એના દિલમાં જો સાચો ઉત્કટ પ્રેમ ન હોત—'

મારી બાજુ ઢીલ પડતી દેખી હું વચ્ચે જ બોલી ઊઠ્યો: 'એક પતંગ જ્યોત પર ઝંપલાવી તત્કાળ ભસ્મ થઈ જાય છે; બીજો ઘણી વાર સુધી એ જ્યોતિ ફરતો ચક્કર માર્યા છતાં પણ આખરે તો પાછો એમાં જ બળી મરે છે! તો પછી બંનેમાં કયો મોટો તફાવત પડી જાય છે?'

'હું તારી દલીલ સ્વીકારી શકતો નથી. પતંગનો દોર તૂટે એટલે એ પવનમાં ગમે ત્યાં ખેંચાયે જાય છે; પણ એ દોર તૂટે તે જ વેળા જો બીજા સાથે તેની ગાંઠ વાળી દઈએ—ગરીબ બિચારો ધાણ્ણુ! મારિયા પ્રત્યેના પ્રેમને જોરે એણે દારૂ પર વિજય મેળવ્યો; અને મારિયા ચાલી નીકળી તો એણે આપેલ બાળક સાથે નેહ લગાડી એણે હૈયાને કઠણ કરી દિલ ટકાવી રાખ્યું. પરંતુ એ આધાર પણ જતો રહ્યો, અને આખરે દારૂએ વિજય મેળવ્યો! પણ દારૂની મદદે જો દુર્દૈવ દોડી ગયું ન હોત તો—'

મેં જિજ્ઞાસા ખાતર સવાલ કર્યો: 'ધાણ્ણુ આજે શું કરે છે?'

ડૉક્ટરે ચલાવ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'શું કરે ? ખૂબખૂબા દારૂ ઢીંચે છે. ઘર ખોયું છે; હતું નો'તું તે સઘળું ધૂળધાણી કરી નાખ્યું છે. એક મહિના પહેલાંની જ વાત છે. રાત્રે નવને સુમારે એક દરદીને તપાસીને હું ઘર તરફ પાછો આવતો હતો. સારું થયું કે સાઈકલનો લેમ્પ તેજદાર હતો. ઘાણ્ણ બહાર રસ્તામાં જ પડ્યો હતો. મોં એવી દુર્ગંધ મારતું હતું કે વાત ન પૂછો ! પથ્થર સાથે અફળાઈ પડ્યાથી માથામાં જરા લાગ્યું પણ હતું. દસ વરસ પહેલાં પણ મેં તેને આવી જ હાલતમાં જોયો હતો. પણ તે વેળા થયેલ જખમનું કારણ તેનો પ્રેમ હતો; આજે થયેલ જખમની પાછળ દારૂ કારણભૂત હતો ! એક વાર જે સ્થળે સુંદર ફૂલબાગ ખીલી રહ્યો હોય ત્યાં જ પછીથી સ્મશાન બની જાય એવું એ દૃશ્ય હતું ! ઘાણ્ણને જોતાં જ મારા મગજમાંથી એ વિચાર પસાર થઈ ગયો; પણ ઘાણ્ણને ત્યાં પડતો મૂકી ચાલ્યા જવાને મારું દિલ ના પાડતું હતું.

સાચી વાત છે કે દોરનો આધાર તૂટી જવાથી પતંગ ફાટીને ચિરાઈ ગયો હતો. પણ આ પતંગ જ એક વાર પ્રેમસૂત્રને જોરે ગગનમાં દમામભેર ઘુઘવતો હતો એ પણ એટલું જ સાચું હતું !

આસપાસ કોઈ ઘરની મેં તપાસ માંડી. બાજુની વાડીમાં જરા ખૂણા પર એક પાંદડાંની બનાવેલી ઝૂંપડી દીઠી. મેં જોર-જોરથી બૂમો મારી. થોડી વારે એક વીસ-બાવીસ વરસની બાઈ હાથમાં ગ્યાસલેટનો ડબો-દીવો લઈને ઝૂંપડીમાંથી બહાર આવી. એ બાઈએ અને મેં મળીને મહામહેનતે ઘાણ્ણને ઉપાડીને ઝૂંપડીમાં લીધો. એ ઝૂંપડીમાં બીજું કોઈ જ નહોતું. ઘાણ્ણના મોં પર મેં અને એ બાઈએ ખૂબખૂબા પાણી છાંટ્યું. આખરે ભાનમાં આવી ઘાણ્ણએ આસપાસ જોવા માંડ્યું. મને દેખીને તુરત એણે બે હાથે પોતાનું મોં ઢાંકી દીધું. પણ પછી મનમાં શું સૂઝ્યું કોણ જાણે; તુરત ઊભા થઈને ભૂત ભરાયેલ માનવી પેઠે તે ઝૂંપડીના બારણા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરફ દોડ્યો. તે દહાડો તેણે પુષ્કળ દારૂ પીધો હશે! એ કદમ ગયો નહિ હોય ત્યાં તો એના પગ ધ્રૂજવા લાગ્યા; અને સડપ કરતો તે બેસી પડ્યો. હવે એનું શું કરવું એ મારા માટે મોટો સવાલ થઈ પડ્યો. પોતાનું ઘર તો હવે એને રહ્યું જ નહોતું! કોઈ નજીકનું સગું એને હોય એવું હું જાણતો નહોતો. અને કદાચ કોઈ સગું-વહાલું હોય તોપણ આવા અટલ દારૂબાજને ઘરમાં ઘાલવા કોણ તૈયાર થાય? મારે ઘેર લઈ જવાની મારી હિંમત ચાલતી નહોતી. પેલી ઝૂંપડીવાળી બાઈને જ મેં પૂછ્યું: 'હવે આનું શું કરશું?'

'બિચારો માલિકના ઘરનો મેમાન છે!' કરુણાભરી નજરે ઘાણ્ણ તરફ જોઈને બાઈએ જવાબ આપ્યો.

'પણ એ તો ખ્રિસ્તી છે. તમારા જેવા હિંદુને ત્યાં—'

'આ ઝૂંપડીમાં છો પડી રહેતો! મારા વિઠોબાને કાંઈ એ થોડો જ ઉઠાવી જવાનો છે?' ઝૂંપડીના એક ખૂણા તરફ નજર નાખી બાઈએ કહ્યું.

એણે આંખ વડે નિર્દેશ કરેલા ઝૂંપડીના ખૂણા તરફ મેં નજર ફેંકી. વિઠોબાની ત્યાં એક છબી હતી; એને ફૂલ ચડાવ્યાં હતાં. વીસ બાવીસ વરસની એક જુવાન હિંદુ વિધવા બાઈની ઝૂંપડીમાં એક જુવાન દારૂડિયા ખ્રિસ્તીને રાત્રે રહેવા દઈને ઘેર ચાલ્યા જવાને દિલ ના પાડતું હતું. મને વિચારમાં દેખીને પેલી બાઈએ કહ્યું: 'ભલે ને બિચારો અહીં જ પડી રહેતો? એ પણ મારા જેવો જ કોઈ અનાથ લાગે છે!'

એ બાઈનું હૈયું ઘાણ્ણની આવી દશા દેખી વ્યાકુળ થઈ ગયું હતું. બનવા જોગ છે કે એણે પોતે પણ અનેક કષ્ટો અનુભવ્યાં હોય. ધીરેથી તે ઘાણ્ણ નજીક ગઈ અને તેનો હાથ ઝાલીને તેને એક ફાટલતૂટલ ગાભા ઉપર સુવાડ્યો. એ અભણ બાઈએ જે હિંમત દાખવી તે હું કેમ ન દાખવી શક્યો એ વિચારમાં જ હું ઘેર પહોંચ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાની પત્ની તરફ જોઈ ડૉક્ટરે ઉમેર્યું: 'આને પૂછીને જોઈએ તો ખાતરી કરી લે! કાં, તને પેલો દિવસ સાંભરે છે? માણસ પોતાની જાત પર જ્યારે ચિડાય ત્યારે ડગલે ને પગલે તે બીજા પર એ ગુસ્સો ઠાલવવા કરે છે. તે દહાડો ઊંઘ આવતાં સુધી હું વારેવારે નાહક ચિડાયા કરતો હતો, નહિ?'

'ફરી કોઈ વાર ઘાણ્ણ મળ્યો હતો ખરો?' મેં પૂછ્યું.

'ના રે! હવે એ મોં પણ શાનો બતાવે? કાલે દવાખાનામાં એક મચ્છીમાર દવા લેવા આવ્યો હતો. એ કહેતો હતો કે ઘાણ્ણ હવે એ બાઈની પાછળ ગાંડો થયો છે! કહે છે કે એ વિધવા બાઈને સસરાએ ઘરમાંથી કાઢી મૂકી હતી! હમણાં હમણાં તો એ રોજ જે પીઠામાં આવતો ત્યાં પણ વળી દેખાતો નથી! ક્યાંઈ બીજે જઈને દારૂ ઢીંચતો હશે અગર—'

'એ અને પેલી બંને ઘરમાં જ આણીને પીતાં હોય તો ય શી ખબર? આ લતનું એવું છે કે એમાં જોડીદાર ગોઠિયા વિના રંગત જામતી નથી. ડૉક્ટર! તારો આ પતંગ ભારે ચગ્યો છે, હો! પોતે તો જાણે ચિરાઈ ફાટી ગયો; અને હવે વળી— પણ લાંબી વાતનાં ગાડાં ભરાય. ડૉક્ટર! માનવીનો સ્વભાવ જ મોહમાં લપટાઈ પડવાનો છે.'

મારા મુદ્દાને ઉખેડી શકવાનો કોઈ પુરાવો ડૉક્ટર પાસે હતો નહિ. એ સ્તબ્ધ બની રહ્યા. વિજયી મુદ્રાથી મેં આકાશ ભણી જોયું. ઘડી પહેલાં વાદળાંએ આણેલી ઘેરી છાયા હવે દૂર થઈ ગઈ હતી. ઝાકળ ઊડી ગયા પછી જેમ પૃથ્વીતલ પર મોતીનાં ટીપાં બાઝે છે, તેમ આકાશમાં તારાગણો ચમકી રહ્યા હતા. ચંદ્રનો પ્રકાશ નિર્મળ – એટલો બધો નિર્મળ પથરાયો હતો કે ચંદ્રમાં કલંક હોવાનું કહેનારા લોકો મૂર્ખા ગણાવા જોઈએ એમ મને થઈ આવ્યું.

એટલામાં દરવાજા પાસે કોઈનાં પગલાં સંભળાયાં. ડૉક્ટરે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂછ્યું: 'કોણ છે?' એમણે ધાર્યું હતું કે કોઈ વિઝિટ માટે બોલાવવા આવ્યું હશે. આરામખુરશી છોડતાં છોડતાં ડૉક્ટરે ઉમેર્યું: 'અંદર આવો ને?' પરંતુ દરવાજા પાસે ઊભેલી વ્યક્તિઓ કેમે કરી અંદર દાખલ થતી નહોતી. આ વળી શી પીડા છે એ નક્કી કરવા માટે ડૉક્ટર બહાર નીકળ્યા. પણ તુરત પાછા આવવાને બદલે તે ફાટક પાસે ઘણી વાર સુધી વાતચીત કરતા રોકાયા. વાતચીતના કોઈ શબ્દો હું સાંભળી શક્યો નહોતો. છતાં સવારના પહોરમાં થતો પંખીઓનો કલબલાટ જેમ આનંદ આપે છે, તેમ એ વાતચીતના આછા ભણકારા મને સુખદ લાગ્યા. મેં ડૉક્ટરનાં પત્નીને કહ્યું: 'આ વાત કોઈ માંદગીના કેસ અંગે તો ન જ હોઈ શકે.'

ડૉક્ટર પાછા ફર્યા; એની પાછળ એક જુવાન, અને સહેજ શામળવર્ણી એક બાઈ દાખલ થયાં. આરામખુરશીમાં બેસતાં બેસતાં ડૉક્ટરે કહ્યું: 'ભાઈ, હું ઓળખાણ કરાવું. આ પેલો ધાબુ અને આ બહેન છે તે હિંદુ ધાબુનાં પત્ની છે!'

ડૉક્ટરના કહેવાનો ભાવાર્થ હું તુરત કળી ન શક્યો. મેં પૂછ્યું: 'હિંદુ ધાબુ એટલે શું?'

મારા વાંસામાં એક ધબ્બો લગાડી ડૉક્ટરે જવાબ આપ્યો: 'આવો જબરો લેખક, અને તેમાં વળી નાસિકનો, તો ય ન સમજ્યો? પેલી મિલરે હિંદુ ધર્મનો અંગીકાર નાસિકમાં જ કર્યો હતો કે નહિ?'

ધાબુની હાજરીમાં જ તેને અંગે મરાઠી ભાષામાં વાતચીત કરવાનું દુરસ્ત ન જણાયાથી મેં ડૉક્ટરને અંગ્રેજીમાં જ પૂછ્યું: 'આ બધું ગૌડબંગાલ શું છે? આ બાઈ કોણ છે?'

ડૉક્ટરે પણ અંગ્રેજીમાં જ જવાબ આપ્યો. 'તે દહાડો રાત્રે ધાબુને હું જે વિધવા બાઈની ઝૂંપડીમાં મૂકી આવ્યો હતો તે જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાઈ. તે દહાડો એ બાઈએ ઘાણુ પ્રત્યે એટલી મમતાભરી વર્તણૂક દાખવી કે તે દહાડેથી ફરી ઘાણુએ દારૂનો સ્પર્શ કર્યો નથી. દારૂ જરા ય યાદ ન આવે એટલા ખાતર તે દિવસથી રોજ ઘાણુએ આ બહેનની ઝૂંપડીમાં જ સૂવા આવવાનું શરૂ કર્યું. ને લોકોનું તો ભલું પૂછવું! કાગનો વાઘ કરતાં એમને શી વાર લાગવાની છે? એ બહેનની આબરૂને નાહકનો ધોખો ન પહોંચે એટલા ખાતર ઘાણુએ શુદ્ધિ કરાવી હિંદુ બનીને એની સાથે પુનર્લગ્ન કરવાનું નક્કી કર્યું. પણ એ બહેનના જ્ઞાતિજનોને આ વાત શી રીતે રુચે? ગઈ કાલે કેટલાક તો ઘાણુને મારવા પણ ઊપડેલા! ઘડી પહેલાં કોઈએ આ બહેનની ઝૂંપડી પણ સળગાવી દીધી છે. ઘાણુને હું યાદ આવી ગયો, એટલે એ બને જણાં અહીં મારી પાસે આવ્યાં છે!'

છેવટની હકીકત સાંભળી મેં વિચિત્ર લાગણી અનુભવી. મનમાં એમ પણ થઈ આવ્યું કે એ બાઈને અનેક સવાલો પૂછી બધું જાણી લઉં. પણ એ બને તેવું નહોતું. પ્રેમ દારૂ ઉપર ખરેખર આવો વિજય હાંસલ કરી શકે ખરો? મેં અવિશ્વાસ દર્શાવતા સ્વરે ઘાણુને પૂછ્યું: 'ગયા મહિનામાં દારૂનો લગીરે સ્પર્શ નથી કર્યો?'

ડૉક્ટરના પગ તરફ હાથ લંબાવી એણે જવાબ આપ્યો: 'માલેકને પગે હાથ મૂકી સોગંદપૂર્વક કહું છું કે એક ટીપાને ય હું અડ્યો નથી. ખોટું બોલું તો મારો દરિયાલાલ મને ભરખી જાય! હવે તો દારૂને હાથ પણ નહિ અડાડું!'

નવાઈ પામી મેં પૂછ્યું: 'દારૂ ફરી વાર યાદ પણ નથી આવતો?'

પોતાની ભાવિ પત્ની તરફ જોઈ તેણે જવાબ આપ્યો: 'આની આગળ દારૂને સંભારે એવો નાદાન કોણ હોય?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સતી

કોઈ વાર નહિ તે ઘણે વર્ષે કોંકણમાં અમારે વતનને ઘેર અમે આવ્યાં હતાં. પરણ્યા પછી શરૂઆતનાં બહુ થોડાં વર્ષો બાદ અહીં રહેલાં; આથી આ ગામડામાં આવ્યા પછી રિપ વાન વિંકલના જેવી એની દશા થઈ હતી, અને એમાં એને મજા પણ આવતી હતી. ધરતીકંપને પ્રત્યેક આંચકે માણસના મનમાં કેવા વિચારો આવી જતા હશે એનો બરોબર ખ્યાલ એની વાતચીતમાંથી મને આવ્યા કરતો હતો. ઘોડિયામાં જેને હીંચકાવેલ એવા એક માણસે નાયકાના છંદમાં ફસાઈને ઘરબાર ફનાફાતિયા કરી દીધું હતું. નાનપણમાં સુદામાને શરમાવે એવો એક જણ હવે એવો હૃષ્ટપુષ્ટ અને તગડો આદમી બની ગયો હતો કે નાનપણમાં પવન આવે તો ઊડી પડશે એવી એની દશા હશે એમ કોઈ માને પણ નહિ. તે વેળા હાલતાં-ચાલતાં શીંગડા ભરાવે એવી એક સાસુ આજે ગોકળગાયના જેવી નરમ અને સીધીદોર બની ગઈ હતી. એથી ઊલટું નાનપણમાં સાદો ભોળો જણાતો એક જુવાન છોકરો આજે ફાટેલ આખલાની જેમ ગામનો પાકામાં પાકો બદમાશ બની બેઠો હતો.

આ ગ્રામોદ્ધારના કાર્યક્રમમાં બાના ચારઆઠ દિવસ તો જાણે સડેલાઈ પસાર થઈ ગયા. પણ ખરી મુશ્કેલી તો મારે હતી. મારે માટે દેશ નવો અને માણસો અજાણ્યાં હતાં. સાથે કોઈ દુભાષિયા વિના બજારમાં જવાનું પણ મુશ્કેલ હતું. સિવાય ગામડાની નવ દુકાન લાંબી અને પાંચ દુકાન પહોળી બજારમાં જોવાનું પણ શું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય? વેપારીઓ થડા પર ઉઘાડા ડિલે બેઠા હોય; હોટેલના બહારના બાંકડા ઉપર ચાની સાથે ભજિયાંનો નાસ્તો કરતો બસનો કલીનર હોય; અંબોડા પરથી સહેજે ઓળખાઈ આવતી ખ્રિસ્તી બાઈઓ માથે સૂંડલામાં ચળકાટ મારતાં જાતજાતનાં માછલાં લઈને ફરતી હોય. વારે વારે એનાં એ દૃશ્ય જોઈને હું કંટાળી ગયો. શિયાળાના દિવસો હતા એટલે આંબા, ફણસ અને કાજુનાં માત્ર ઝાડ જ દેખવાનાં હતાં. પણ ફળના સ્વાદ વિના માત્ર ઝાડોનું નિરીક્ષણ કરવા જેવો હું કાંઈ વનસ્પતિશાસ્ત્રનો અભ્યાસી થોડો જ હતો?

ઘણું કરીને રવિવારનો દિવસ હતો. મુંબઈની રવિવારની મોજોનાં સ્મરણોએ મને વધારે નિરાશ બનાવ્યો. બાએ કહ્યું: 'ભાઈ! ત્યારે કિલ્લામાં સતીનો પાળિયો છે તે જોવા જા તો?'

'કેટલેક દૂર હશે?'

'બહુ તો બેત્રણ માઈલ હશે. હું નાની હતી ત્યારે ગોવા જતાં રસ્તામાં એનાં દર્શન કર્યાં હતાં.'

'ગોવા જતાં?'

'ત્યાંથી જ ગોવાનો સીમાડો શરૂ થાય છે; આડી એક નદી જ છે.'

મેં સિંહગઢ જોયો હતો, એટલે સહેજે માની લીધું કે કોઈ પડી ગયેલ ખંડેર જેવો કિલ્લો હશે! અને કોઈ પાખંડીએ પથરાને માતા બનાવવાને ઇરાદે એમાંના એકાદ પથ્થરને ઊભો કરી એનો પાળિયો કરી સતીનું નામ ઠોકી બેસાડ્યું હશે. ખાલી ટાંગાતોડ કરવામાં માથાનો ઘા થતો લાગ્યો. પણ ઘેર બેઠાં બેઠાં ય શું કરવું એ સવાલ તો હતો જ. કાંઈ નહિ તો નદીનો દેખાવ તો મનોહર હશે જ, એમ માની બપોર પછી જવાનું મેં નક્કી કર્યું. સાથે કોને લઈ જવો એ સવાલ થયો. આખરે મહામહેનતે એક વિદ્યાર્થી મળી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવ્યો. એ સ્કાઉટ હતો. એક વાર એમની ટુકડીએ ત્યાં કેમ્પ. નાખ્યો હતો. બૉયસ્કાઉટ પ્રવૃત્તિ વિષે મનમાં મનમાં મેં એના સ્થાપક પોવેલ સાહેબનો આભાર માન્યો.

તડકો નમવાની શરૂઆત થતાં જ અમે ચાલવા માંડ્યું. ખેતરોના પાળાઓ પરથી ટૂંકો રસ્તો હતો, ને મને એ પાળાઓ પર ચાલવામાં મોજ આવતી. દરેક ખેતર શેતરંજના પટ જેવું લાગતું. વચ્ચે વચ્ચે વળી ક્યાંઈક પાંચદસ ઝૂંપડાં પણ આવી જતાં. એ ગામડાનાં બાળકોના ખેલ અને કૂકડાઓની કચકચ ઘડીભર સાંભળવાની પણ ગમ્મત પડતી. ચોતરફ નજર નાખો ત્યાં જાતજાતનાં લીલાં ઝાડ દેખાય! વાડો ઉપર ચડેલા વેલાઓ જાણે ચડવાના પરિશ્રમથી થાકીને નિરાંતે આરામ લેતા પડ્યા હોય એમ લાગે.

મારો બાલવીર-સાથી લાલ માટી જેવા રંગનાં ફૂલો તરફ આંગળી ચીંધી કહેતો હતો: 'આ ફૂલોનું નામ પીટકુળીનાં ફૂલ. એ ફૂલ ભગવાનને ચડતાં નથી! પણ કહેવાય છે કે મડદાંને એ જ ચડાવાય. બાલવીરને દરેક બાબતમાં થોડું થોડું જ્ઞાન હોવું જ જોઈએ એ સિદ્ધાંતનો વિચાર કરતાં એણે આપેલી માહિતી ભારે કિંમતી ગણાય. મારા મનમાં વિચાર થઈ આવ્યો: આ પીટકુળીનાં ફૂલો લઈને પેલી સતીના પાળિયા પર ચડાવ્યાં હોય તો ઘણું સારું. સતી એટલે—

પવનની આછી લહેર આવે ત્યાં તો પવનચક્કી ફરવા માંડે તેમ આટલો વિચાર આવતાં જ સતી વિષેનું વિચારચક્ર મારા મનમાં ચાલુ થઈ ગયું.

કિલ્લા ઉપર સતી થયેલી એ સ્ત્રીના જીવન વિષે જાણવાનું મારા મનમાં કુતૂહલ પેદા થયું. મારા સ્કાઉટ-સાથીએ મને એ પાળિયાની લંબાઈ-પહોળાઈનું માપ કહ્યું પણ સતીનો ઇતિહાસ એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાણતો નહોતો. રસ્તે જે ફૂલો હાથ આવ્યાં તે હું એકઠાં કર્યે જતો હતો. તેમાં ગોકર્ણીનાં વાદળી ફૂલો અને ચંપાનાં પીળાં ફૂલો પરસ્પરના રંગ-વિરોધને કારણે અદ્‌ભુત શોભા આપતાં હતાં.

કિલ્લો નાનો સરખો જ હતો. કાળના ઘસારાની નિશાનીઓ એના દેહ ઉપર સ્પષ્ટ રીતે દેખાતી હતી. દીવાલ સ્થળે સ્થળે ધસી પડી હતી; મુખ્ય દરવાજે જંગલી વેલાઓ જામી પડ્યા હતા; અને કિલ્લાની અંદર તો ઢીંચણ સુધીનાં ખડ ઊગી ગયાં હતાં. એમાંથી કેડીએ કેડીએ આગળ જવામાં પણ ડગલે ને પગલે સાપનો મને તો ભય જ લાગ્યા કરતો હતો! મારી સાથેના પેલા વિદ્યાર્થી ભાઈએ અંદરની ગઢી બતાવી. એની દીવાલમાં તો વળી સઘળી બાજુએ ગાબડાં જ પડ્યાં હતાં. અંદરના રંગમહેલમાં ઝાડોને કારણે એવું તો ઘોર અંધારું પથરાયું હતું કે કહેવાની વાત નહિ! અમારો સંચળ સાંભળતાં જ અંદર બેઠેલા એક ઘુવડે ચિત્કાર કરી અમારું સ્વાગત કર્યું. કાળ કેવું ક્રૂરતાભર્યું વિડંબન કરે છે એનો ખ્યાલ મને એ વખતે જ બરાબર આવ્યો.

ત્યાંથી અમે સતીના પાળિયા તરફ ગયા. દૂરના એક બુરજ તરફ જતાં રસ્તે એ સ્થાન આવતું હતું. પાળિયા ઉપર સૂકાયેલાં થોડાં ફૂલો પડ્યાં હતાં. પેલા બાલવીર પાસેથી હું જાણી શક્યો કે સતીના કોઈ વંશજ અહીં આસપાસમાં જ રહે છે, અને રોજ આ પાળિયાની પૂજા કરી ફૂલ ચડાવી જાય છે.

અત્યંત આદરપૂર્વક મેં પણ એ પાળિયા પર મારા હાથ માંહેનાં થોડાં ફૂલો ચડાવ્યાં; બાકીનાં મેં મારી પાસે જ રહેવા દીધાં. બુરજ પર ચડીને આસપાસનો દેખાવ જોવો અને તે પછી નદીએ જવું એવો મેં વિચાર રાખ્યો હતો.

બુરજ ઠીકઠીક ઊંચો હતો. એ બાજુના ડુંગરના ભાગમાં એવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સીધી કડા હતી કે ભૂલેચૂકે જો પગ લપસી પડે તો પડનારનું હાડકું ય હાથ ન આવે એ વિષે મને શંકા ન રહી. ધડધડતી છાતી સાથે હિંમત રાખી મેં વાંકા વળી નીચે જોયું. એક વિશાળકાય શિલાખંડ જાણે મોં ફાડી ગળી જવા બેઠો હોય એવી ભીષણ એ ખીણ હતી. મેં રોમાંચ અનુભવ્યો. ભયથી માથું પાછું ખેંચી લીધું.

પાળિયાની પૂજા કરવા કોઈ આવ્યું હોય એમ જણાતું હતું. ધીરે ધીરે હું તેની પાસે પહોંચ્યો. અજાણ્યો મનુષ્ય દેખી એને પણ આનંદ થયો હશે. મારા સ્કાઉટ–સાથીની મદદથી મેં તેની સાથે વાતો કરવા માંડી.

'શું સતીનો પાળિયો જોવા આવ્યા છો?' એણે પૂછ્યું.

'હા.'

'પાળિયો ઘણો જૂનો અસલી કાળનો છે. કાંઈ નહિ તો એને ત્રણસો ચારસો વરસો તો સહેજે થયાં જ હશે. મારી દાદાના દાદીની .....'

વંશવૃક્ષની કોઈ તૂટેલી ડાળે મને એ લઈ જશે એ ભયથી મેં વચ્ચે સવાલ કર્યો: 'તમે સતીના વંશના હો એમ લાગે છે!'

'હા. અહીં રોજ અમારે પૂજા ચડાવી જવી પડે છે. સતી માતા ભારે સાચવાળાં ને જાજ્વલ્યમાન છે. એમના કર જો ન કરીએ તો ઘરમાં દીવો ય ન રહે!'

મહામહેનતે હસવું ખાળી રાખી મેં પૂછ્યું: 'અહીં કોણ સતી થયેલી તે કહેશો?'

'કિલ્લેદારની ધણિયાણી. સતીનું સત બહુ જાગતું છે.''

'એમ કે?'

'ધણીને એ બાઈ અણગમતી હતી, તોપણ ધણી પાછળ એ સતી થઈ સ્વર્ગે સંચરી હતી!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અણગમતી પત્ની સતી થાય? ત્યારે ગમતીએ શું કર્યું હશે? મારી જિજ્ઞાસા અદમ્ય બની. જે પતિની પાછળ એની અણમાનેતી પત્ની સતી થાય, એ પતિનો વિરહ માનેતી પત્ની શી રીતે સહન કરી શકી હશે? કદાચ એણે તો તુરત જ બુરજ પરથી નીચે પડતું જ મૂક્યું હશે!

મેં પૂછ્યું: 'એ કિલ્લેદારને બે સ્ત્રીઓ હતી?'

'હા. બંને જણીએ એક જ દહાડે દેહ છોડયો.'

પોતાની કલ્પના સાચી પડતી દેખાય ત્યારનો આનંદ અવર્ણનીય હોય છે. પેલા ભાઈને રાજી કરવા ખાતર મેં જણાવ્યું: 'આ બંને શોકયને માટે સ્વર્ગમાં દેવોને પણ ઈર્ષ્યા પેદા થઈ હશે, નહિ?'

એણે સહેજ મસ્કરીમાં જવાબ આપ્યો: 'પણ બંને જણી સ્વર્ગે જાય કયાંથી?'

'કેમ એમ કહો છો?'

'અરે ભાઈ! બીજી તો રૌરવ નરકમાં સડતી હશે!'

'તમે માનેતીની વાત કરો છો?'

'હા, હા; માનેતીની!'

નવાઈનો એવો અણધાર્યો આંચકો મારા હૃદયે અનુભ્યો કે તેને બીજો સામે સવાલ પૂછવાનું પણ મને ભાન ન રહ્યું. પણ બરાબર એ જ વખતે પેલો આદમી પૂરેપૂરો રંગમાં આવી ગયો હતો. તેણે ચલાવ્યું: 'એ દિવસોમાં આ કિલ્લો તો કોંકણની ચાવી જેવો હતો. ગોમાંતક જીતી લઈને ફિરંગીઓ આ બાજુ આવવા અથાક પરિશ્રમ કરી રહ્યા હતા. નદીની પેલી બાજુએ તેઓ છાવણી નાખી પડયા હતા. અહીં આ કિલ્લામાં જ થોડુંઘણું લશ્કર હતું; એ વિના આ બાજુએ એમને માટે ચોસઠે દરવાજા મોકળા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'બાદશાહ તરફ મદદને માટે માગણી લઈને માણસ તો રવાના થઈ ચૂક્યો હતો, પણ એ ત્યાં પહોંચે અને મદદ આવે ત્યાં તો—

'ફિરંગીઓને એક જ બાબત નડતી હતી. એ દિવસો ચોમાસાના હતા; ને ફિરંગીઓ પાસે હોડીઓ જ નહોતી. નદીની પેલી બાજુએ સખત ચોમાસામાં પડચા રહેવું તેમને માટે અશક્ય હતું. પાંચ માઈલ ઊંચાણમાં એક ખાનગી જગોએ ચોમાસામાં પણ નદી પાર કરી શકાય તેવો પટ હતો—સગવડ હતી. પણ એ બાજુ ખૂબ ઘાડું જંગલ હોવાથી એ રસ્તે જવાની સાધારણ રીતે કોઈ હિંમત કરતું નહિ. અહીંના કિલ્લેદારને જ એ છૂપી જગ્યાની માહિતી હતી.'

એટલામાં બાજુમાં ઊંચા ઊગેલાં ખડમાં સહેજ સળવળાટ થતો સંભળાયો. હું અને મારો સ્કાઉટ-સાથી બંને જણા ચમકી ઊઠચા! પણ પેલા માણસે તો પૂરી શાંતિથી કહ્યું: 'મોટો જળસાપ થયો છે હવે. જીવતાં જીવત અણગમતીને સુખ ન આપ્યું એટલે એ કિલ્લેદાર હવે જળસાપ થઈને આવ્યો છે. આ પાળિયાને વીંટળાઈને અનેક વાર એ પડચોપાથર્યો રહેતો દેખાય છે.'

કોંકણના આ જળસાપ દિવડનો પરિચય મેં એ પ્રાંતમાં પગ મૂક્યો તેને પહેલે દહાડે જ થયો હતો. ઓશરીમાં એક લાંબો લપસીંદર સાપ પડેલો દેખી હું ઊંચે શ્વાસે ઘરમાં ઘૂસી ગયો હતો. મને પાછળથી જણાયું કે સર્પના ઝેરનો આધાર એની લંબાઈ અગર જાડાઈ પર નથી હોતો! કહેવાય છે કે દિવડના મોંમાં ફક્ત રવિવાર અને બુધવારે જ ઝેર હોય છે.

આજે રવિવાર હતો. બેશક, કિલ્લેદાર સાહેબને તેમના આ નવા સ્વરૂપે રવિવારે ભેટવા હું જરા ય ખુશી નહોતો.

મેં કહ્યું: 'પછી શું થયું?'

'એ જ દિવસે કિલ્લામાં હરિકીર્તન ગોઠવાયું હતું. કીર્તનકારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કથામાં કહ્યું: સીતામાતાએ હનુમાનજીને વરદાન આપ્યું હતું કે ત્રેતા-યુગમાં તારા વંશના વાંદરા લોકો આ દેશમાં રાજ કરશે. ફિરંગી લશ્કર દેખીને કિલ્લેદાર ચિંતામાં તો પડયો જ હતો. એના મનમાં આ વિચારે ઘર ઘાલ્યું કે સીતામાતાનું વરદાન સાચું પડવાના દિવસો જ હવે આવી લાગ્યા છે! તેણે મનમાં નક્કી કર્યું કે મધરાતે પેલા છાને રસ્તે નદી પાર જઈ ફિરંગીઓને મળવું, એને એ છૂપો રસ્તો બતાવવો અને એમ કરી આખરે પોતાનો કિલ્લેદાર તરીકેનો હક્ક-ભોગવટો જાળવી રાખવો! એણે પોતાની માનેતી સ્ત્રી સિવાય કોઈ ને આ વાતની બાતમી આપી નહિ. પણ માનેતી એની વિરુદ્ધ હતી! એણે કિલ્લેદારને અનેક વિનતિઓ કરી પણ કિલ્લેદાર એમ બૈરીની સલાહ પ્રમાણે ચાલવા તૈયાર નહોતો!'

સૂર્ય અસ્તાચળ પર જવા ઉતાવળો થયો દેખાતો હતો. ચોપાસ પથરાયેલું પીળું ઘાસ વધારે ફિક્કાશ ધારણ કરતું હતું. એ તરફ ઉદાસ વૃત્તિથી જોતો જોતો હું પેલાની વાત સાંભળતો હતો.

'નક્કી કર્યા મુજબ મધરાતે કિલ્લેદાર પોતાની માનીતી પત્નીના ઓરડેથી બહાર પડયો. પત્નીએ કહ્યું: 'થોડું દૂધ પીતા જાઓ તો?'

'પતિની ઇચ્છા દૂધ પીવાની નહોતી; પણ માનીતી પત્નીને આવી નજીવી બાબતમાં નારાજ કરવા તેનું દિલ તૈયાર નહોતું. તુરત પત્નીએ દૂધનો કટોરો હાજર કર્યો. કિલ્લેદારનું ચિત્ત અત્યારે અધીરું બન્યું હતું; પ્યાલો મોંએ માંડી ઘટઘટ કરતો એ સઘળું દૂધ ચડાવી ગયો — પણ એ ઓરડેથી બીજે દહાડે એનો મૃતદેહ જ બહાર લાવવામાં આવ્યો!

'માનીતી પત્નીએ પોતાના વહાલા પતિને જાતે ઝેર પાઈ એના પ્રાણ લીધા હતા! કેવી વિચિત્ર વાત છે? પતિ શત્રુઓને મળી ન જાય એટલા ખાતર—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'માનેતીએ ઝેર તો પાયું પણ પછીથી પતિનો તરફડાટ દેખી એની હિંમત છૂટી ગઈ. લોકો બધા જમા થઈ ગયા. એક પછી એક અનેક ઉપાયો કર્યા, પણ ઝેર અતિ કાતીલ હતું. એ ઝેર પોતે જ પાયું છે એ વાતનો માનેતીએ જાહેરમાં એકરાર કર્યો. લોકોએ અનેક રીતે પૂછ્યું પણ પેલીએ એનું કારણ ન જ જણાવ્યું.

'બીજે દિવસે સવારે કિલ્લેદારના પ્રેતને અગ્નિદાહ દેવાની તૈયારી થઈ. આ બાઈ સતી થવાનું કહેતી હતી, પણ ઝેર પાઈ પતિને મારનાર પત્નીને સતી થવાનું માન લોકો શી રીતે લેવા દે? અણમાનેતી તુરત હોંશભેર તૈયાર થઈ. તેણે પોતાની શોકય તરફ એક તિરસ્કારભરી દૃષ્ટિ ફેંકી, અને સતી તરીકે પોતે પતિની ચિતા પર ચડી. ત્યાર પછી ઘણાં વરસો સુધી કિલ્લામાં આ સતીનો મહિમા ઉજવાતો રહ્યો.'

મારું મન એ કિલ્લેદારની માનેતી સ્ત્રીના વિચારમાં ઊંડું ઊતરી ગયું હતું. એ તેજસ્વી બાઈનું પછી શું થયું?

પેલાએ મારા મનની શંકા જાણે વગર બોલ્યે જાણી લીધી હોય એમ ચલાવ્યું: 'પતિની હત્યા કરનારી રાક્ષસી તરીકે એને એ બુરજ પરથી ધક્કો દઈ નીચે ખીણમાં ફેંકી દેવી એમ નક્કી થયું. હસતે મોંએ એ બુરજ પર ચડી. એણે જાતે જ ભુસકો મારવાનું કબૂલ કર્યું હતું. આંખે પાટા બાંધી લેવાની એણે ના પાડી. ઘરડા માણસો સાંભળેલી વાત કહે છે કે ઇચ્છાવરને વરવા તૈયાર થાય એવી એ હોંશભરી દેખાતી હતી. બે ડગલાં આગળ વધી એણે નીચા નમી ખીણમાં ઊંડે નજર ફેરવી લીધી, પણ તુરત વળી બે ડગલાં પાછી ફરી. લોકોએ માન્યું કે પાપ આખરે બીકણ હોય છે. એની દેન નથી કે જાતે કૂદકો મારે! પણ તે પાછી ફરી હતી તે તો તેને કશુંક કહેવાની ઇચ્છા હતી તેથી. તેનું હૈયું ભરાઈ આવ્યું; ડૂસકાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભરતાં ભરતાં માંડમાંડ પોતે પતિને શા કારણે ઝેર આપ્યું હતું તે હકીકત તેણે જાહેર કહી. લોકોને લાગ્યું કે એને બુરજ પરથી ધક્કો દઈ મારી નાખવામાં અન્યાય થાય છે, પણ એ અંગે કશું પગલું લેવાય તે પહેલાં જ એણે બુરજ પરથી ભુસકો માર્યો હતો! નીચેની શિલા લોહીથી કંકુવરણી થઈ ગઈ. નાનપણમાં લોકોને મોંએ અમે એવી વાત પણ સાંભળેલી કે એ શિલા પરના લાલ ડાઘ વરસો સુધી ભુંસાયા નહોતા!'

દરમિયાન એનું ધ્યાન મારા હાથમાં બાકી રહેલાં ફૂલો તરફ ગયું. તેણે ઉમેર્યું: 'સાહેબ! એ ફૂલ પણ સતીને ચડાવી દો ને? ભારે સતવાળી ગણાય છે!'

મેં બીજાં એત્રણ ફૂલો સતીના પાળિયા પર ચડાવ્યાં.

તેણે ફરી સવાલ કર્યો: 'હજુ ય વધ્યાં છે? એનું શું કરશો?'

'આ બુરજ નીચે પેલી શિલા દેખાય છે, તેના પર એ ચડાવવાનો છું. સાચી સતી તો એ જ છે!'

૧૯૩૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચંદુ

'ચંદુ!'

પણ સામેની પથારી પર આડીઅવળી પડેલ ચાદર તળે કશી સળવળાટ દેખાયો નહિ. જાણે કોઈ ત્યાં ઊંઘતું જ નહોતું.

'એલા ચંદુ–એલા એ ય!—'

ઓઢવાની ચાદરમાં જરા ચેતન આવ્યું. એકવચન કરતાં અરધા વચનમાં વધારે ભાવ છે એનો જાણે પ્રત્યક્ષ પુરાવો મળતો હતો.

'એલા ચંદુડા! ઊઠ, હવે ઊઠ તો ખરો?—'

ઊંઘી ગયેલી વ્યક્તિએ માથે ઓઢેલી ચાદર ઝડપ કરતી દૂર કરી. ચિડાયા વિના માણસ જાગ્રત થતો જ નહિ હોય?

પડ્યાં પડ્યાં જ ડમ્બેલ્સના દાવની પેઠે એકાદ બે વખત હાથ લાંબાટૂંકા કર્યા પછી ચંદુએ પૂછ્યું: 'એમાં લાય લાગ્યાની જેમ આટલી બધી બૂમો શાની પાડે છે?'

'સાચે જ લાય લાગી છે, જો!' સળગતા પ્રાઇમસ તરફ આંગળી બતાવીને કેશવે જવાબ આપ્યો.

'ત્યારે તો હવે મ્યુનિસિપાલિટીનો બંબો આવી પહોંચે પછી જ જગાડજે! ત્યાં સુધી તો આ હું—'

ચંદુ ફરી વાર ચાદર ઓઢીને સાચેસાચ સૂઈ જશે એમ લાગવાથી કેશવ તેની નજીક ગયો ને ટેબલ તરફ આંગળી બતાવતાં કહ્યું: 'જો, છાપાં ય કચારનાં આવી ગયાં છે, તો ય તું તો—'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પથારીમાં બેઠા થઈ ટેબલ પર પડેલા બેત્રણ તાજા અંકો તરફ ચંદુએ નજર દોડાવી લીધી. પછી સહેજ હસતાં હસતાં કહ્યું: 'ભાઈ! છાપાં તો તું જ વાંચી લેજે. આછીપાતળી ગમે તેવી તો ય તારે ચાલુ નોકરી છે! આજ નહિ તો કાલે, તને કોઈ કન્યા ય આપશે. પણ જોજે, પરણ્યા પછી સંતતિનિયમનની જાહેરખબરોનો તારે બરાબર અભ્યાસ કરવો પડશે! મારા જેવા બેકારને તો એવી જાહેરખબરો વાંચવાથી મનમાં માત્ર રંજ વધે છે. પેલો સંન્યાસી દવાખાનાવાળો કેવી ચમકદાર જાહેરાતો આપે છે! જાણે કવિતા વાંચી લ્યો. "ઓ ચાતક! પ્રિય ચકોર!" પણ એ વાંચતાં વાંચતાં મને પોતાને તો સંન્યાસી થઈ જવાનું મન થઈ આવે છે. સંગીત સૌભદ્રમાં પેલી સુભદ્રા ગાય છે તેવી *'બધુનિ ઉપવનના વિરહાગ્નીની જ્વાલા ભડકે ઉરાં!'ની દશા અમારા જેવાની આવી જાહેરાતો વાંચીને થાય છે!'

આખરે ચંદુ મોં સાફ કરવા ઊભો થયો, ત્યારે જ કેશવે ફૂટકારાનો દમ ખેંચ્યો.

હમણાં હમણાં ચંદુ કાંઈ વાત કરવા માંડે કે તુરત એ ભાષણ કરવાના પ્રવાહમાં તણાઈ જાય છે, એવો કેશવનો રોજનો અનુભવ હતો. ચંદુનો બળડાટ શરૂ થાય એટલે કેશવને એને માટે એક જ ઉપમા સૂઝી આવતી: પાણી બહાર કાઢેલી તરફડતી માછલી!

ચંદુ ઇંટર સાયન્સમાં હતો ત્યારે જેટલું ટેનિસ સરસ રીતે રમી જાણતો, તેટલી જ તેની બોલવાની છટા પણ આકર્ષક હતી. ટેનિસની ધૂનમાં એ બે વખત નાપાસ થયો, કાકાએ મદદ કરવાની ના સંભળાવી, ને પરિણામે નોકરી શોધવાનો વારો આવ્યો; અને નોકરી જલદી મળતી નહોતી એટલે એ ચીડિયો બન્યો ને પછી—

* આ ઉપવન દેખીને તો હૈયામાં વિરહાગ્નિની જ્વાલાઓ ભડકી ઊઠે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલામાં ચંદુ મોં ધોઈને આવી પહોંચ્યો, ને કેશવનું વિચાર-ચક્ર ત્યાં જ અટકી પડ્યું.

સામે પડેલા અંકોમાંથી એક અંક હાથમાં લેતાં ચંદુએ કહ્યું: "'હસાહસ' અને 'તાળીઓ'નું આજે કાંઈ નથી આવ્યું? કોઈનું ભાષણ ન છપાયું હોય તો લડાઈના સમાચારોમાં પણ વચમાં હસાહસ અને તાળીઓ હોવી જ જોઈએ, એ હજુ આ લોકોના ધ્યાનમાં કેમ નથી આવ્યું દેવ જાણે! દાખલ તરીકે એમ છાપી શકાય: "લંડન પર બૉંબમારો!" ને પડખે ફ્રૉંસમાં હસાહસ.'

તેના હાથમાંનું છાપું નજીક ખેંચી તેમાંની એક જાહેરાત પર આંગળી મૂકી કેશવે કહ્યું: 'ચાલ, આ વાંચ જોઈએ?'

બેંગલોરમાં ઊઘડનારા એક નવા કારખાનાની એ જાહેર ખબર હતી. એ કારખાનામાં ભણેલા મહારાષ્ટ્રીઓ માટે માગણી હતી.

છાપાને દૂર ફેંકી દેતાં ચંદુએ કહ્યું: 'આટલે બધે લાંબે મરવા કયો ભાઈ જવા બેઠો છે? આગળ હાથ, પાછળ હાથ, રક્ષા કરે ગોરખનાથ! મારે એકલપંડને વળી વધારે શી જરૂર છે? ને નહિ તો છેવટ બાવો ક્યાં નથી થઈ જવાતું? ને એ ય ન ફાવે તો એકાદી સિનેમા કંપની કાઢીશ!'

ચંદુ આમ ફાવે તેમ ફેંકવા માંડે એ વેળા એને કેમ કરી બંધ કરવો એ કેશવને સૂઝતું નહિ. છતાં એક વાત વિષે એને પૂરે-પૂરી ખાતરી હતી: ચંદુ સ્વભાવે ખરેખર વહાલસોયો છે; પણ પરિસ્થિતિને કારણે જ એના સ્નેહનો ઝરો સૂકાઈ ગયો છે. એને કોઈ જાતનું બંધન હોત – ભાઈ, બહેન, મા, – કોઈક ખેંચી રાખનારું અંગત સગું હોત તો ચંદુ આમ નિષ્ક્રિય ન બની જાત! પતંગ આકાશમાં ઊંચે ચગે છે, તે પણ એના દોરને જોરે જ. એકડા ઉપર મીંડું ચડે ત્યારે જ એની કિંમત દસગણી થાય. માણસનું પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવું જ છે. માનવીના પ્રેમ અગર પરાક્રમને પ્રકાશમાં આવવા માટે યોગ્ય તકની ખાસ જરૂર હોય છે. કોણ જાણે ચંદુનું નસીબ કેવું છે!

× × ×

પણ ચંદુનું નસીબ આજે જ જોર કરીને ઊઘડવાનું હતું એની બિચારા કેશવને ખબર નહોતી! સાંજે સાડા પાંચે નિશાળમાંથી પાછો ફર્યો ત્યારે એણે જે દૃશ્ય જોયું એથી તે સ્તબ્ધ જ બની ગયો. ચંદુ દાઢી કરતો હતો! ચચ્ચાર દહાડાની વધેલી દાઢી બોડવા પણ સવારે સેફ્ટી રેઝરને હાથ ન અડકાડનારો ચંદુ આજે સાંજના સાડા પાંચ વાગે—

કોઈ ભૂખડીબારસ મ્યુનિસિપાલિટી ગામમાં ડામરના રસ્તાઓ કરવાની તૈયારી આદરે, તેવું એ દૃશ્ય હતું!

ને ચંદુ આજે ફક્ત દાઢી કરવા જ પ્રવૃત્ત થયો હતો એમ નહિ; સાબુ લગાડતાં લગાડતાં તે મોં વાટે ઝીણી સીટી પણ વગાડી રહ્યો હતો. ઘડીભર કેશવને એવી શંકા પણ થઈ આવી કે રખે ચંદુમાં કાંઈ ગાંડપણનું વાયરું આવી ગયું હોય! પણ એ શંકા તુરત દૂર થઈ.

કેશવને આવેલો જાણતાં જ ચંદુએ હસીને તેના તરફ જોયું. ગાંડા માણસની આંખ આવી ન હોય. ઘર આંગણે રોપેલા ગુલાબના છોડ ઉપર ઘણે દહાડે ફૂલ ખીલી ઊઠે, તેમ ચંદુના મોં પરના હાસ્યે કેશવના દિલમાં પ્રસન્નતા પાથરી.

ચંદુએ હસતે હસતે કહ્યું: 'બચ્ચાજી! ખાલી જોઈ શું રહ્યો છે? જા, દોડ! પેંડા લઈ આવ, પેંડા!'

ચંદુ શું કહેવા માગે છે તે કેશવ સમજી જ શક્યો નહિ. એણે શાંતિથી સામે સવાલ કર્યો: 'કેમ, આજે બહુ ભૂખ આવી પડી છે?'

'અરે ભાઈ! ભૂખ નહિ, નોકરી આવી પડી છે, નોકરી!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમ કહેતાં કહેતાં એણે રોફભેર એક કવર કેશવ તરફ ફેંક્યું.

કેશવે જોયું: કવર બહુ જ આકર્ષક ઢબનું હતું; અંદરનો નોટ-પેપર પણ એવો જ આછા રંગનો સુગંધભર્યો હતો; એ નોટપેપરમાં નીચે સહી હતી: 'સુનેત્રા પટવર્ધન.'

કેશવની આંખ સામેથી છેલ્લાં બે વર્ષનો આખો ઇતિહાસપટ જાણે ક્ષણવારમાં પસાર થઈ ગયો. સુનેત્રા કૉલેજમાં ચંદુના વર્ગમાં ભણતી હતી. બંનેને ટેનિસનો અજબ શોખ; શોખ કરતાં એને ઘેલું જ કહી શકાય. એ શોખને કારણે સુનેત્રા જાગીરદારની દીકરી હોવાં છતાં ચંદુ સાથે એને ઠીક મૈત્રી જામી. એ મૈત્રીએ કૉલેજની વિદ્યાર્થીઆલમમાં વાત વહેતી પણ કરી દીધેલી: ચંદુ હવે જાગીર-દારનો જમાઈ જ થવાનો!

પણ એક દહાડો બા માંદી હોવાના સમાચાર મળતાં સુનેત્રા કૉલેજ છોડીને વતનમાં ગઈ. અને ત્યાં ગયા પછી તે પાછી ન જ ફરી. આગળ જતાં ચંદુએ છાપાંમાંથી જાણ્યું કે સુનેત્રાની બા ગુજરી ગઈ છે. આજ નહિ તો આવતી કાલે સુનેત્રાનો કંઈક કાગળ આવશે એવી આશામાં ચંદુએ થોડાક દહાડા ખેંચી કાઢ્યા; એને લખવાના દિલાસાના પત્રમાં કઈ કઈ વાતો લખવી એની ટૂંકી નોંધ પણ ચંદુએ તૈયાર કરી રાખેલી! પણ થોડા જ દહાડામાં ચંદુની ખાતરી થઈ ગઈ કે પૈસાદાર માણસો ભુલકણાં બહુ હોય છે.

આ સઘળા ઇતિહાસ પછી સુનેત્રાનો ચંદુ પર આવેલો કાગળ જોતાં કેશવને ભારે નવાઈ લાગી. એણે ઝડપથી એ કાગળ પર નજર ફેરવી લીધી. એની નવાઈ ઊલટાની વધી પડી. સુનેત્રાએ ચંદુને તુરત આવવાનું લખ્યું હતું. એને પચાસ રૂપિયાની ખાસ જગ્યા આપ-વાની હતી. ફક્ત બે જ કામ ચંદુને કરવાનાં હતાં: સુનેત્રા સાથે રોજ સાંજે ટેનિસ રમવું, અને સવારે એની નાની બહેનને ભણાવવી!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનેક ગામની છાપવાળા એ કવરમાં પેલો કાગળ પાછો મૂકતાં કેશવે કહ્યું: 'શરચ્ચંદ્રની બડી દીદી તેં વાંચી છે કે નહિ?'

ચંદુએ મૂંગામૂંગા હકારમાં માત્ર માથું નમાવ્યું.

'એની જ આ સુધરેલી આવૃત્તિ માની લે ત્યારે!'

'એટલે તું શું કહેવા માગે છે?'

'એટલે હું એમ કહેવા માગું છું કે ટેનિસના રેકેટને સફાઈદાર ફેરવતાં આવડવાથી દુનિયામાં માણસોનાં મન પારખતાં નથી આવડી જતાં! અરે ભાઈ, તું હવે જાગીરદારનો જમાઈ થવાને રસ્તે ચડ્યો છે, સમજ્યો? નાની બહેનને ભણાવવાનું તો કેવળ એક બહાનું છે! જોજે, ટેનિસ રમતાં બરાબર સાવચેત રહેજે, નહિતર 'લવ ગેમ' આપતાં આપતાં—'

ચંદુએ કેશવને આગળ બોલતો અટકાવી દીધો. પણ રાત્રે મેલ ઉપર વળાવવા જતાં સુધી કાંઈ નહિ તો દસ વખત ચંદુને એણે સંભળાવ્યું હશે: 'હવે મને યાદ પણ શાનો કરે?'

ચંદુએ સવિસ્તર હકીકતનો પત્ર લખવાનું વચન આપ્યા છતાં, જ્યારે માત્ર સહીસલામત પહોંચ્યાના પોસ્ટકાર્ડથી જ એણે પતાવ્યું, ત્યારે તો કેશવની ખાતરી જ થઈ ચૂકી કે માખી મધમાં ચોંટી ગઈ છે! રોજ સાંજે કેશવ આશાભર્યો ઓરડીનું બારણું ઉઘાડતો ને કાગળની તપાસ કરતો. એક દહાડો એક ઉઠાવદાર કવર પડેલું દેખતાં જ એણે એ હરખભેર ઉપાડ્યું. માન્યું કે આખરે ચંદુએ કાગળ લખ્યો ખરો! પણ ઉતાવળે કવર હાથમાં લેતાં જ એ આશાના કિલ્લા ઊથલી પડ્યા. વીમા કંપનીએ પ્રિમિયમ ભરવાની યાદ આપતી નોટીસ મોકલ્યાનું એ કવર હતું!

તે પછીને અઠવાડિયે છાપામાં એ જાગીરના ખબરપત્રીએ મોકલેલા સમાચાર છપાયા હતા. સુનેત્રા અને ટેનિસ શિક્ષકની ફાંકડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રમતનું એમાં રસભર્યું વર્ણન આવ્યું હતું. બીજા અંકમાં એ જ છાપામાં 'સ્ત્રીજગત'ના વિભાગમાં સુનેત્રા અને ચંદુનો ટેનિસ રમતી વેળાનો ફોટો પણ છપાયો.

કેશવની ધીરજ હવે ખૂટી ગઈ. તેણે ચંદુને પત્ર લખ્યો. તેમાં જણાવ્યું: 'થોડા દહાડામાં હું એક જાગીરનો કારભારી થવાનો છું એવાં સ્વપ્નાં હમણાં મને બહુ આવ્યા કરે છે.'

ચંદુએ જવાબમાં પુછાવ્યું: 'ભાઈ કેશવ! તને કારભારી થયાનાં સ્વપ્નાં આવે છે એ તો જાણે કે સારી વાત છે. પણ મને જણાવીશ કે એ સ્વપ્નાં તને ક્યારે આવે છે? મળસ્કે આવતાં સોણલાં સાચાં પડે છે એવી લોકમાન્યતા છે તે હું જાણું છું. પણ મારી ખાતરી છે કે મારા દિલોજાન દોસ્ત કેશવને જે સ્વપ્નાં આવે છે તે ઘણું ખરું મધરાતે—અગર તો તે પહેલાં જ આવતાં હોવાં જોઈએ!'

એ જવાબ વાંચી કેશવ મનમાં જ બબડી રહ્યો: 'પ્રીતિ ભારે લુચ્ચી હોય છે એમ જે કહેવાય છે, એમાં ઘણું સત્ય સમાયલું લાગે છે. નહિ તો છેલ્લાં ચાર વરસમાં એક પેંડાનું બટકું મળે તોપણ જે ચંદુ કેશવ માટે એમાંનું અરધું બટકું પણ સાચવી જ રાખતો, તે ચંદુ આજે આમ—'

પોતે તાજેતરમાં વર્ગમાં ભણાવેલી એક કવિતા તેને યાદ આવી. કવિ તેમાં લખતો હતો: 'પ્રીતિનાં જાદુ ભારે અકલ્પ્ય હોય છે. આખી દુનિયાને તે નવું જ રૂપ આપે છે. અંધારામાં ડગલું દેતાં ડરતી કુમારિકા પ્રેમમાં પડે એટલે અભિસારિકા બની ઘોર અંધકારમાં મધ્યરાત્રીએ પ્રિયતમને મળવા દોડી જશે. પ્રીતિને પંથે પડેલી યુવતી રાત્રે સૂતી વેળા માનું પડખું સેવવાની ના પાડશે. તેને ભય લાગે છે કે હૃદયમાં ખીલવા માંડેલા પ્રેમપુષ્પની સુવાસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માતાને પણ પહોંચી જશે તો?'

તે પછીના કાગળમાં કેશવે ચંદુને લખ્યું: 'યુવતી પોતાનો પ્રેમ અગર ડોશી પોતાનો ફૂકડો ગમે તેટલાં સંતાડી રાખે, તેથી કાંઈ દુનિયા કાયમ અંધારામાં નથી રહેતી!'

ચંદુએ એનો કશો જવાબ ન આપ્યો.

પણ તે પછી થોડાક દિવસે એક સવારમાં ચંદુની સવારી જ કેશવની ઓરડીએ અચાનક આવી પહોંચી! 'ટેનિસનું સામાન લઈ જવા આવ્યો છું.' એ ચંદુએ બતાવેલું બહાનું ખોટું છે એમ માનવાને કેશવને કશું કારણ નહોતું. પણ સાંજે જ્યારે ચંદુને એણે શાક ખરીદવા માટે શાકપીઠમાં જતો જોયો ત્યારે એને ભારે આશ્ચર્ય થયું. જાગીરદારોને ત્યાં ભેટ તરીકે ધરવા કાંઈ ભાજીમૂળા થોડા જ લઈ જવાય?

પણ ચંદુ ઓરડી બહાર ગયાની તકનો એણે પૂરેપૂરો લાભ લીધો. એણે ચંદુની ટ્રંક ઉઘાડીને જોવા માંડી.

મુદ્દા માલ સાથે ચોરને પકડવાની તક સાંપડતાં પોલીસને જે લાગણી થાય તેનો તેણે પ્રત્યક્ષ અનુભવ લીધો. ટ્રંકમાં સૌથી ઉપર જ વાળમાં ભેરવવાનો ચીપિયા, રંગીન રીબન, અને—

'મુકુલ' ની શીશી પણ સાંપડી!

કેશવને હસવું આવ્યું. કૉલેજમાં ટેનિસનો ચેમ્પિયન હતો ત્યારે પણ જે ચંદુ સલૂનની ખુરશીમાં બેસતાં જ 'શૉર્ટ કટ' નો હુકમ આપતો એ હવે 'મુકુલ'ને આવકારતો થયો હતો! ચંદુ પ્રેમમાં પડ્યો હોવાનો આથી વધારે સબળ પુરાવો બીજો કયો જોઈએ? આજ સુધી માથે ગાંધીછાપ વાળ રાખનાર આ બ્રહ્મચારીના મગજમાં હવે ફેશનેબલ સેંથી પાડવાનો વિચાર નાચી રહ્યાનું સ્પષ્ટ દેખાઈ આવતું હતું. કોઈકની દૃષ્ટિમાં પોતે સુંદર દેખાય એવો પ્રયત્ન માણસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવા માંડે એટલે એ પ્રેમમાં પડયો છે એ વાતનો સ્પષ્ટ ઉલ્લેખ કરવાની પછી ભાગ્યે જ આવશ્યકતા રહે છે!

તે દહાડે ચંદુને વિદાય આપતી વખતે કેશવે એની ખૂબખૂબાં મજાક ઉડાવી.

ગમે તેટલી ગલીપચી કરો છતાં કોઈ બાળક ઈરાદાપૂર્વક જ હસતું નથી; ચંદુ પણ એ જ રીતે શાંત રહ્યો. ગાડી છૂટવા ટાણે આખરે એણે મોં ખોલ્યું.

કેશવે પૂછયું: 'લગનના લાડુ હવે અમને કયારે મળવાના છે?'

હસીને ચંદુએ જવાબ આપ્યો: 'થોડા જ દહાડામાં!'

એ જવાબ સાંભળ્યા પછી કેશવે પોતાની બી.એ. ની ડિગ્રી પર મનમાં મનમાં અનેક શાપો વરસાવ્યા. એને રહી રહીને થયા કરતું: નાહકનાં મેં લોહીનાં પાણી કર્યાં! રાતદિવસ નોટો ગોખી ગોખીને આખરે કમાણી શી કરી? તો પચાસ રૂપયડીની માસ્તરની નોકરી! આ પચાસમાંથી પંચાવને પહોંચતાં માથે પળી આવી જાય તો ના ન કહેવાય! ગોખણપટ્ટી પાછળ ગાંડા થવાને બદલે પોતે ટેનિસ પાછળ પડયો હોત તો આજે—

આ વિચારે કેશવને એવો તો ઘેરી લીધો કે રમતનાં સાધનો વેચનારાની દુકાને જઈને એણે એકબે વખત સુંદર રેકેટ કેટલી કિંમતે મળે છે તેની પૂછપરછ પણ કરી લીધેલી! એ પ્રગતિ એથી આગળ પણ વધી હોત, પરંતુ—

'સ્ત્રીજગત' ના કોલમમાં છપાયેલા તાજા સમાચારે એના ઉત્સાહ પર ટાઢું પાણી રેડયું. ખબરપત્રીએ સુનેત્રાની ટેનિસની રમત એકાએક અટકી પડવા બદલ એમાં દિલગીરી વ્યક્ત કરી હતી. રમત અટકી પડવાના કારણમાં સુનેત્રાના શિક્ષકનું કાંડું મરડાયાનું અપાયું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેશવે કલ્પના કરવા માંડીઃ ચંદુનું કાંડું શાથી મરડાયું હશે?

ક્ષણ વારમાં એની નજરે એક ચિત્ર ઊભું થઈ ગયું. સુનેત્રા અને ચંદુ એક ટેકરી પર ફરવા ગયાં છે. સુગંધ, ચાંદની અને પ્રિય માનવીનું સાન્નિધ્ય, એ ત્રણ બાબતોનો ગમે તેટલો આસ્વાદ લીધા કરીએ તોપણ કદી સંતોષ થતો નથી! અંધારું થવા છતાં સુનેત્રા અને ચંદુ ટેકરી પર જ બેસી રહ્યાં છે. આખરે અંધારામાં નીચે ઊતરતાં સુનેત્રાનો પગ લપસે છે; તેને પડતી અટકાવી રાખવા ચંદુ આગળ વધે છે. એને આધારે સુનેત્રા પડતી પડતી બચી જાય છે; પણ એ ઉતાવળમાં ચંદુ સમતોલતા ખુએ છે, એક પથરા સાથે ઠોકર લાગતાં પોતે જ પડી જાય છે, ને એના હાથનું કાંડું મચકોડાય છે!

પણ ત્યાં તો બીજે જ દહાડે ચંદુ કેશવની ઓરડીએ આવી હાજર થયો! એને કાંડે મોટો પાટો વીંટેલો જોતાં જ કેશવ જરા ગભરાઈ ઊઠ્યો.

એણે ચંદુ ને પૂછ્યું: 'મુંબઈના ડૉક્ટરોને બતાવવા ચાલ્યો લાગે છે!'

ચંદુએ માથું ધુણાવી ના પાડી.

'ત્યારે ક્યાં જવા નીકળ્યો છે?'

'બેંગલોર.'

'બેંગલોર?' કેશવે આશ્ચર્ય પામી સવાલ કર્યો. તુરત તેના મગજમાંથી વિચાર પસાર થઈ ગયોઃ 'હાં, બરાબર! આ યુક્તિ સુનેત્રાની જ હોવી જોઈએ. કાંડું મચકોડાયાનું બહાનું કાઢીને બંને જણાં બેંગલોરની મજા માણવા નીકળ્યાં લાગે છે!'

કેશવે ચંદુની દરેક હિલચાલ બારીકાઈથી જોવા માંડી. ટ્રંકનું તાળું ઉઘાડતી વેળા હાથ વાંકાચૂંકા મરડાવા છતાં કાંડે કોઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાતની વેદના થતી હોય એવું ચંદુના મોં પરથી દેખાતું નહોતું! કેશવ એકદમ બરાડી ઊઠયો: 'બચ્ચાજી! ભારે પાજી નીકળ્યો તું તો!'

'કબૂલ છે!'

'આ તારો પાટો તો ખાલી બનાવટ માત્ર છે!'

'એ પણ કબૂલ!'

કેશવની નવાઈનો પાર ન રહ્યો. તે ચંદુ તરફ તાકી રહ્યો. ચંદુ ઝડપથી હાથનો પાટો ઉખેળી રહ્યો હતો. પાટો, પૂંઠાના ટુકડા, રૂ, બધું બરાબર સફાઈથી બાંધેલું હતું; પણ અંદર કાંડા પર જરા ય સોજો દેખાતો નહોતો કે કોઈ જાતની ઈજા થયાનું લાગતું નહોતું.

ચંદુએ હસતાં હસતાં અભિનય સાથે ગાવા માંડયું—

*"મોહુનિ દંડા ફેંકુનિ દેઈનિ ભિકાર ભગવી વસ્ત્રેં!"

પછી ધીરો પડી કહે: 'કેશવ, દોસ્ત! મારી પણ અર્જુનના જેવી જ દશા થઈ છે. હું યે ગાવા માંડત: સોહુનિ બેંડેજ (બેંડેજ છોડી નાખીને)—પણ એ કામ મારું નહિ. તારી પેઠે કાવ્યો રચતાં મને કયે દિવસે આવડે છે?'

ટ્રંક ખોલી ચંદુએ બ્રશ અને ટુથપેસ્ટ બહાર કાઢયાં. પડખે જ ટ્રંકમાં એક ફોટો પડયો હતો. ઝડપભેર ચંદુએ એ ફોટો કપડાંમાં સંતાડવા પ્રયત્ન કર્યો, પણ ત્યાં તો કેશવે એને સંભળાવ્યું: 'હવે આ બનાવટનું નાટક બંધ કર તો ઘણું સારું! કહી દઉં એ ફોટો કોનો છે?'

'કહે જોઉં!'

---

*'સંગીત સૌભદ્ર' ના નાટકમાં બનાવટી દંડી સંન્યાસીના વેશે સુભદ્રાનું હરણ કરવા આવેલો અર્જુન સુભદ્રાને ઉપાડી જતી વેળા કહે છે: 'હવે આ દંડને ભાંગી નાખીશ, અને ભિખારી જેવાં આ ભગવાં કપડાં પણ ફેંકી દઈશ!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'સુનેત્રાનો!'

'જુઠું!'

'ત્યારે તમારા બંનેનો!'

'હરગિજ નહિ!'

'સરત મારું કહેવો હો તો!'

'નાહકના પૈસા શા માટે ખોવા બેઠો છે?'

કેશવે આગળ વધી તુરત ફોટો ઉપાડી લીધો.

ફોટા પરનો ઝીણો કાગળ બાજુએ કરી જોતાં જ કેશવ સ્તબ્ધ બની ગયો! એ ફોટો તો એક છોકરીનો જ હતો; પણ એ છોકરીને કેશવે અગાઉ કદી જોઈ નહોતી!

'આ કોનો ફોટો છે?' કેશવે સવાલ કર્યો.

'જો ભાઈ! એ ફોટો મારી ટ્રંકમાં છે, એ ફોટો એક જુવાન છોકરીનો છે; વળી એ કોઈ જાણીતી નટીનો નથી એ પણ જાહેર હકીકત છે. અર્થાત્ એ મારી સ્ત્રીનો જ ફોટો હોવો જોઈએ, ઇતિ સિદ્ધં!'

'હેં?' કેશવે મોં વકાસીને કહ્યું. 'હું તો ધારતો હતો કે તું સુનેત્રા સાથે—'

'અરે ભાઈ! જિંદગી શું કાંઈ નવલકથા છે?' હસતે હસતે ચંદુએ કહ્યું.

મચકોડાયેલ કાંડાની બનાવટ, એક સામાન્ય છોકરીનો ફોટોગ્રાફ, ચંદુની બેંગલોર જવાની વાત, આ બધી શી ભાંજગડ છે તે કેશવ સમજી ન શક્યો. એણે ફરી ખાતરી કરવા ચંદુને પૂછ્યું: 'તું ત્યારે બેંગલોર શા સારુ જાય છે?'

'ત્યાંના કારખાનામાં નોકરી પર હાજર થવા.'

જાગીરદારને ઘેર ટાઢે શીજે મળતી નોકરીને લાત મારી ચંદુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આટલે દૂર કારખાનામાં શા માટે નોકરીએ જઈ રહ્યો છે, એ કેશવને મન મોટો કોયડો થઈ પડ્યો. ચિડાઈને તેણે કહ્યું : 'ભાઈસાબ! આ બધી તારી ભાંજગડનો ખરો ઉકેલ શોધવા તો કોઈ શેરલોક હોમ્સ જ જોઈએ!'

ચંદુએ કેશવનો વાંસો થાબડતાં કહેવા માંડ્યું : 'ગાંડાભાઈ! કાવ્યની કલ્પનાએ તને ખાલી ભરમાવ્યો છે! નહિતર તું પણ આ કોયડાનો ઉકેલ સહેલાઈથી શોધી શકત!'

કેશવની ઉત્સુકતા હવે અનહદ વધી પડી હતી. એણે હાથ જોડી ચંદુને કહ્યું : 'માબાપ! ત્યારે આ બધું શું છે એ ચોખ્ખે-ચોખ્ખું કહી દેતો હો તો?'

ચંદુએ કહ્યું : 'ભાંજગડ કશી જ નથી, મૂરખાભાઈ! સુનેત્રા ગમે તેમ તો ય જાગીરદારની પુત્રી કહેવાય. તેને ટેનિસ રમનાર અને શીખવનાર સાથીદાર શિક્ષકની જરૂર તો હતી જ, પણ એ કામ એને મારી પાસેથી મફતમાં કરાવી લેવું હતું! એ માટે એણે એક યુક્તિ રચેલી. એની નાની બહેનને ભણાવવા માટે એક ઘરડા પેન્શનર માસ્તરને રોક્યા હતા. એ માસ્તર નકામા છે એમ સુનેત્રાએ પોતાના પિતાને સમજાવ્યું, ને એના જ પગારમાં બદલામાં મને રોકી લીધો. હું ત્યાં પહોંચ્યો કે પેલા પેન્શનરને પાણીચું દેવાયું! સાત-આઠ રૂપિયાના પેન્શન સિવાય એ બિચારાને બીજો કોઈ આધાર નહોતો!'

'એકાદ છોકરો તો હશે જ ના?' કેશવે વચ્ચે જ જણાવ્યું.

'ના, ભાઈ! ના. માત્ર ચાર છોકરીઓ હતી—હતી શું, છે. એમાંની મોટી તો પરણાવવા જોગ થયેલી, એટલે માસ્તર ગળોગળ આવી ગયેલો! મને બિચારા એ માસ્તરની દયા આવી! મને થયું : હું તો હજુ જુવાન છું, એકલો છું. મારું પેટ હું ગમે ત્યાં ભરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લઈશ ! પણ જીવનને ઊતરતે પંથે પડી ચૂકેલ એ ગરીબ માસ્તરના પેટ પર પાટુ મારવામાં શી માણસાઈ છે ? મેં જાતે જ મારું કાંડું સહેજ મરડ્યું. તુરત જ સુનેત્રાએ મને રજા આપી, ને પેલા માસ્તરને અસલ નોકરી પાછી મળી !'

કેશવે આદરપૂર્વક ચંદુ તરફ જોયું.

ચંદુએ હસતે હસતે ઉમેર્યું : 'પેલા માસ્તરે પણ પોતાના ઉપકારનો બદલો તુરત વાળી દીધો !'

'શી રીતે ?'

હાથમાંનો ફોટો બતાવતાં ચંદુએ કહ્યું : 'આ ફોટોગ્રાફ એ માસ્તરની મોટી છોકરીનો જ છે !'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માનેલી મોટી બહેન

રંગરાવ એક વેશ્યાને ત્યાં ગાળેલી રાત્રિનું વર્ણન આપતા હતા. એ વેશ્યા પરદેશી હતી, અને કોલાબાને દૂરને છેડે એનું રહેઠાણ હતું. ઇંદ્રમહેલ પણ જેની આગળ ફિક્કો લાગે એવો એનો ઓરડો શણગારેલો હતો. નીચે પાથરેલો ગાલીચો રેશમની ગાદી કરતાં પણ સુંવાળો હતો. તેની પિકદાનીનો આકાર મોરના સરખો હતો, અને એના ગળામાં ચળકાટ મારતાં મોતીની માળા પહેરાવેલી હતી. ઓરડાના ચાર ખૂણાઓમાં ચાર સુંદર પૂતળાં હતાં. એક પૂતળું પવનથી ખસી પડતા પાલવને રોકી ન શકાયાથી શરમાતી મુગ્ધાનું હતું. બીજુ પૂતળું પોતાનો વલ્લભ ગાઢ નિદ્રામાં પડ્યો છે એમ માનીને તેને ચૂંબન લેવા નીચી નમેલી રમણીનું હતું: પણ એ જ ક્ષણે એ વલ્લભે આંખો ખોલી દીધાથી એના મોં પર શરમના શેરડા ઊડ્યા હતા. ત્રીજું પૂતળું—

પણ એનું વર્ણન કરવાની શક્તિ તો કેવળ રંગરાવમાં જ હતી!

શ્રીમંત પિતાનો તે એકનો એક પુત્ર હતો. બિચારો લગ્નની ખટપટમાં જ પડ્યો નહોતો! અનેક મોટા માણસોની ઓળખાણને લીધે એનો વીમા એજન્ટનો ધંધો સારી રીતે ચાલ્યા કરતો હતો. એકલો ફક્કડરામ હતો! મહિને દહાડે પાંચસો રૂપિયાનો ધુમાડો કરનાર મોજીલા આદમી પાસે વિલાસી–રસિક વાતોનો તો તોટો હોય જ શાનો? ધંધાની સફરેથી પાછો આવે એટલે અમારી કલબમાં આવીને બેસે, અને પ્રવાસ દરમિયાન જે અનેક મોજો ઉડાવી હોય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેની રંગભરી વાતો સંભળાવે. અને એ બધી વાતો પૈકી અરધી કરતાં વધારે વાતો સ્ત્રીઓ અંગેની જ હોય! સહુને એની વાતોમાં ખૂબ મજા આવતી. પછી આટલા બધા રસનું કારણ એની વાર્તાનો વિષય હશે કે કેમ એ તો દૈવ જાણે! અમારી મંડળીમાં ગીતા ભણાવનારા પ્રોફેસરથી માંડીને સંતતિનિયમનના પ્રચાર સામે મોં મચકોડનારા વકીલો સુધીના અનેક તરેહના સનાતની લોકોનો સમાવેશ થતો હતો. પણ ક્લબમાં જ્યારે રંગરાવ બરાબર મોજમાં આવીને પોતાનાં રસભર્યાં વિલાસવર્ણનો સંભળાવતો ત્યારે આ શ્રોતાઓ પૈકી કોઈ ઊઠીને બહાર ચાલ્યા ગયાનું મારી જાણમાં નહોતું! 'યુહ્યસ્ય વાર્તા રમ્યા' એ મુજબ આવી વિલાસી વાતો પણ અતિશય રમ્ય લાગે છે એ જ ખરી વાત છે. નહિતર જાહેર ભાષણોમાં જે બાબતોનો ભારે જોરશોરથી નિષેધ કરવામાં આવે, જેના પ્રત્યે ઘૃણા દાખવવામાં આવે, તે જ બાબતની વાતો ખાનગી બેઠકોમાં રસના ઘૂંટડા પિવાતા હોય તેમ તલ્લીન બની સાંભળવાના માનવી સ્વભાવનો મેળ શી રીતે ખવરાવી શકાય?

પણ આજની બેઠકમાં આ મોજીલા રંગરાવનું આગમન અન્ય કારણે થયું હતું. એના એક ખાસ મિત્રનો વિચાર પોતાની દીકરીનાં લગ્ન અમારા ગામના જાણીતા વકીલ શ્રી જોગળેકરના દીકરા સાથે કરવાનો હતો. દીકરો હોશિયાર હતો, દેખાવે ફૂટડો જુવાન હતો; કશું એનામાં કહેવાપણું નહોતું. પણ પિતાની ખ્યાતિ વકીલ તરીકે જેટલી જગજાહેર હતી એટલી જ એક અદલ દારૂબાજ તરીકેની પણ તેની નામના હતી! આવી પરિસ્થિતિમાં દીકરીના બાપના મનની દશા સાપે છછૂંદર ગળ્યા જેવી થઈ હતી. મૂરતિયો એક નંબરનો હતો, પણ પિતા ભારે મોટો દારૂડિયો હતો! વધારે માહિતી મેળવવાને ઇરાદે રંગરાવની સાથે તે અમારી ક્લબમાં આવ્યો હતો. પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અહીં મળેલી માહિતીથી તો એનું મન ઊલટાનું વધારે ગૂંચવાયું. ગટરમાં જઈ પડેલ પિતાને ઘોડાગાડીમાં નાખીને ઘેર ઉપાડી જવામાં આ પુત્રને જરા ય શરમ આવતી નથી એમ અમારામાંના એકાદએ જણાએ એને માહિતી આપી, એટલે તો દીકરીના બાપનું મન વધુ ને વધુ અસ્થિર બન્યું. તેને થયું હશે, બાપે દીકરાના કાનમાં પણ મંત્ર નહિ ફૂંક્યો હોય તેની શી ખાતરી? નાનપણથી દીકરો પિતાના હાથ તળે જ મોટો થયેલ છે. જો એને આ અણગમતું હોત તો મોટો થયા પછી આજ સુધીમાં તો એણે પોતાના પિતાના વ્યસનનો તિરસ્કાર કર્યો જ હોત ના?

મનની અનિશ્ચિત અવસ્થામાં પિતા કલ્પમાં બેસી રહ્યો, અને સહેજે બીજી વાતો ચાલી. કોઈએ સવાલ ઉપાડ્યો: "કેમ રંગરાવજી! મુંબઈના શા ખબર છે?" અને જવાબમાં તેમણે પેલી કોલાબા તરફની વેશ્યાની વાતનો આરંભ કર્યો. આખો શ્રોતાગણ પણ રંગમાં આવી ગયો. ત્રીજા અને ચોથા પૂતળાનું વર્ણન પૂરું થતાં જ રંગરાવ પછી એ રૂપવતી વેશ્યાના સૌંદર્યનું વર્ણન કરશે એવી બધા આશા રાખી બેઠા હતા. પણ ત્રીજા પૂતળાનું વર્ણન જ્યાં હજુ પૂરું થાય છે ત્યાં જ કલ્પને દરવાજે મોટરનું હૉર્ન વાગ્યું.

આશ્ચર્ય પામી સહુ એકબીજા સામે જોઈ રહ્યા.

ડૉ. અનિરુદ્ધની મોટરનું હૉર્ન હતું!

ડૉ. અનિરુદ્ધની હાજરીમાં અમારી બેઠકનું આખું ય વાતાવરણ છેક પલટાઈ જતું—એમાં ઉદાત્ત ભાવ પ્રસરી રહેતો. એમની હાજરીમાં રંગરાવ પણ પોતાની વાતો કહેતાં અચકાતા. ડૉક્ટર સાહેબનું આચરણ—જીવન એવું વિશુદ્ધ હતું કે સહુ કોઈના પર તેનો પ્રતાપ પડતો. ગરીબો માટેની એમના સરખી તાલાવેલી હજારે એકાદ ડૉક્ટરને પણ ભાગ્યે જ હશે. ડૉક્ટરનાં પત્ની કોઈ વિષમ માંદગીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિણામે છેલ્લાં દસ વરસથી પંગુ દશા ભોગવતાં હતાં. ઘેર લક્ષ્મીનો તો કોઈ પાર નહોતો. નીતિ-અનીતિ સંબંધે કશો ય વિધિનિષેધ રાખવામાં ન માનનારા, કહો કે ચરિતાર્થ માટે કશી મહેનત કે કોઈ ધંધો કરવાની જેને પરવા સરખી ન હોવાથી પ્રેમના હરતરેહના ચેનચાળા કરનારા, પેઢીધર શ્રીમંત વર્ગમાં એમના ઘણા ખરા ઘરાકો હતા. તેમ છતાં ડૉક્ટરનું ચારિત્ર્ય સ્ફટિકમણિ જેવું નિર્મળ હતું; કોઈને એમને વિષે સ્વપ્નમાં પણ અન્યથા ખ્યાલ આવતો નહિ.

અર્થાત્ ડૉક્ટર અનિરુદ્ધ આવ્યાનું જણાતાં જ રંગરાવે પોતાનું શૃંગારરસભર્યું વક્તૃત્વ ત્યાં જ અટકાવી દીધું. જાણે રંગમાં ભંગ પડ્યો! ડૉક્ટર સહેજ મોડા આવ્યા હોત તો વધારે સારું એવો ભાવ અનેક શ્રોતાઓના મોં પર દૃષ્ટિગોચર પણ થયો. પણ કોલાબા-વાળી પેલી વેશ્યાનું રસિકતાભર્યું સૌંદર્યવર્ણન સાંભળવાનું તેમના નસીબમાં જ નહોતું ત્યાં શું થાય?

અંદર આવતાં જ ડૉ. અનિરુદ્ધ એક આરામખુરશીમાં લેટી પડ્યા. સવારના સાત વાગે તેઓ કામ પર ચડતા; બપોરનું જમણ દવાખાનામાં જ આટોપતા; અને સાંજના છ સુધીમાં જે કોઈ બીજી પરચુરણ વિઝિટો હોય તે ઉકેલીને તેઓ સીધા ક્લબમાં આવી પહોંચતા.

આરામખુરશીમાં પડ્યાં પડ્યાં બંને હાથના અંકોડા ભીડી હાથને માથા પાછળ ટેકવી ડૉક્ટરે એક બગાસું ખાધું. પછી ધીરેથી બોલ્યા: 'કેમ બધું શાંત દેખું આજ તો? આજે મૌનવ્રતનો દિવસ તો નથી ના?'

કડપદાર શિક્ષક વર્ગમાં દાખલ થતાં જ જેવી શાંતિ પથરાય એવી જ શાંતિ અત્યારે ક્લબમાં પથરાઈ હતી! ડૉક્ટરે રંગરાવ તરફ જોઈ હસતાં હસતાં કહ્યું: 'તમારા જેવો રંગીલો આદમી ક્લબમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાજર હોય છતાં કલ્પમાં આવું વૈરાગ્યનું વાતાવરણ શી રીતે પથરાયું છે? બોલો બોલો, તમારા કાંઈક અનુભવો સહુને સુણાવો તો ખરા?'

સહુ રંગરાવ તરફ મીટ માંડી જોઈ રહ્યા. ઘડી પહેલાંની પોતાની અધૂરી રહેલી વાત તે ફરી શરૂ કરશે ખરા? એના જેવા ભંગડ આદમીને શાનું ભાન હોય? એ તો ફેંકે પણ ખરા!

પણ સુવાસની પેઠે જ પવિત્રતા પણ પમરાટ પાથરે છે. રંગરાવે જવાબમાં માત્ર સ્મિત કર્યું, પરંતુ અધૂરી મૂકેલી પોતાની વાત એણે આગળ ચલાવવાની હિંમત ન દાખવી.

કશીક વાતચીત ચાલુ થાય એ હેતુથી રંગરાવની સાથે આવેલા તેના સ્નેહી તરફ અંગુલિનિર્દેશ કરી મેં જણાવ્યું: 'એઓ રંગરાવના સ્નેહી છે.'

'એ...મ!' ડૉક્ટરે મહેમાનને નમસ્કાર કર્યા; સામેથી મહેમાને હાથ જોડ્યા.

મેં વધારે પરિચય આપવા ઉમેર્યું: 'એમની ઇચ્છા જોગળેકર વકીલના પુત્ર વેરે પોતાની પુત્રીનો સંબંધ જોડવાની છે.'

'સરસ! જોગળેકર મારા જ ઘરાક છે. બોલો, લગનના લાડુ ક્યારે જમાડવાના છો?' હસીને ડૉક્ટરે કહ્યું.

'પણ.....પણ.....' પેલા મહેમાન જવાબ આપતાં અચકાતા હોય એમ બોલ્યા.

'કેમ? જોગળેકર ચાંદલાની રકમ બહુ મોટી માગે છે? એમને મારા વતી કહેજો કે ચાંદલો વધારે માગશો તો ડૉ. અનિરુદ્ધ પોતાના બિલની રકમ બમણી બનાવી દેશે, હો?'

આખી મંડળીમાં ધીમા હાસ્યની લહરી પસાર થઈ ગઈ.

'પૈસાનો સવાલ જ નથી.' પેલા ભાઈએ કહ્યું. જોકે તેમનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંકોચ હજુ ચાલુ જ હતો એમ દેખાતું હતું. 'દીકરીની ભારોભાર સોનું આપવા હું તો તૈયાર છું!'

'ત્યારે શી અડચણ છે?' ડૉક્ટરે સવાલ કર્યો.

'એ મૂરતિયા વેરે દીકરી દેવી કે કેમ, એ.....'

'દીકરા વેરે તમારી છોકરી પરણાવવી કે નહિ એવો સવાલ છે? અરે ભાઈ, કાલે જમાઈ થયા પછી તમને એમ લાગશે કે આ જુવાન જમાઈ થયો છે તેને બદલે દીકરો થયો હોત તો ઘણું સારું! હા, એટલું ખરું કે એ તમારો દીકરો થયો હોત તો તમારી દીકરી એના વેરે ન આપી શકાત!'

સહુના મોં પર વળી આછું સ્મિત સરી ગયું.

હવે રંગરાવ પોતાના સ્નેહીની મદદે જઈ પહોંચ્યા. પણ ડૉ. અનિરુદ્ધની સામે સીધું જોયા વિના જ તેમણે કહ્યું: 'એમનું દિલ દીકરી આપતાં સંકોચાય છે તેનું કારણ તો જોગળેકર વકીલ બહુ જાણીતા છે.....'

'ઓહો! એમને જાણીતું ઘર નથી જોઈતું, એમ છે? તો તો પછી જે જગ્યાએ ચોમાસામાં જવાની કેડી પણ ન મળે એવું સહ્યાદ્રિ બાજુનું કોઈ ગામડું જ એમણે પસંદ કરવું જોઈએ!'

પોતાના ગોળ ગોળ બોલવાનો કશો સીધો ઉપયોગ થતો ન દેખીને રંગરાવે વધારે સ્પષ્ટતા કરી: 'ડૉક્ટર સાહેબ! જોગળેકર રોજ પીએ છે.'

'અરે, હજારો માણસો રોજ પીએ છે!' શાંતિથી ડૉ. અનિરુદ્ધે જવાબ આપ્યો. 'ભાઈ! જેને વિષે તમને સ્વપ્ને ય શંકા ન આવે એવા અનેક લોકો પીએ છે, અટલ દારૂડિયા હોય છે! ડૉક્ટર દરદીના પેટમાં પેસી શકે છે માટે તો અમને આવી હકીકતો જાણવા મળે છે, સમજ્યા?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'પણ દારૂ પીવો એ કાંઈ...' રંગરાવે વાક્ય પૂરું ન કર્યું.

'સારું વ્યસન ન ગણાય, એમ ના? તમારું કહેવું બરાબર છે.' ડૉક્ટરે કહ્યું. તેઓ એટલી તો સ્વસ્થતાની વાત કરતા હતા કે આવી બાબતમાં તેમને કશી હરકત જ ન હોય એમ ઘડીભર સાંભળનારને પણ લાગી જાય. આખી મંડળી પર એક દૃષ્ટિક્ષેપ કરી લઈ તેમણે હસતાં હસતાં કહ્યું: 'કોઈ પણ તરેહનું વ્યસન સારું તો જ ગણાય–પુસ્તકોનું પણ નહિ! વ્યસનને પરિણામે માણસની સમતુલા સચવાતી નથી. જોગળેકર ખૂબ દારૂ પીએ છે, અને એકાદ બે વખત તો સાહેબને ગટરમાંથી ઘેર આણવા પડેલા એમ લોકો કહે છે, તે ખોટું તો નથી જ. પણ ભાઈ! તમારે તમારી દીકરી જોગળેકરને નહિ પણ તેના દીકરાને આપવી છે, એ ભૂલી ન જશો!'

કન્યાના બાપે જવાબ આપ્યો: 'પણ એવા નીતિવિહોણા કુટુંબમાં...'

ડૉક્ટરની દૃષ્ટિમાં જાણે વીજળીનો ચમકાર થયો. તેમનો અવાજ પણ જરા કઠોર બન્યો. તેમણે ચલાવ્યું: 'જોગળેકર નીતિમાન નથી એમ તમને કોણે કહ્યું? કબૂલ છે કે જે વ્યસનમાં સપડાવું ન જોઈએ એ વ્યસન માણસને એક વાર ચોંટ્યું; કહો કે એ એનો ગુલામ બની ગયો! પણ તે વેળા ડાહ્યા માણસોએ એની સાથે સહૃદયતાથી વર્તીને એનું વ્યસન વધારે જોર ન કરે એમ કરવું, કે એનો તિરસ્કાર કરીને એને ત્યજી જ દેવો? વ્યસની માણસોમાં મહારોગીઓની સંખ્યા ઓછી હોય છે; એ સિવાયના રોગીઓ જ વધારે હોય છે. હું કબૂલ કરું છું કે કોઈ પણ તરેહનું વ્યસન રાખવું એ દોષપાત્ર છે. પોતાનો આવો દોષ જેઓ વેળાસર દૂર કરી શકે છે તેમને મોટા માણસો જ ગણવા જોઈએ. પણ હું તો તમને સાધારણ માનવીના સ્વભાવની વાત કરું છું. માનવી સ્વભાવે દુષ્ટ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી; પરંતુ તે દૂષણો છે! તેનાં વ્યસન એ તેના દોષો—તેની ભૂલો છે; આપણે એ ભૂલોને સમાજ વિરુદ્ધના એના ગુના તરીકે લેખીએ છીએ અને...'

બોલતી વેળા ડૉક્ટર રંગરાવ તરફ જોઈ રહ્યા હતા; અમારા સહુનું ધ્યાન પણ તેમના તરફ જ દોરાયું. મેં જોયું કે રંગરાવની પાંપણો સહેજ અશ્રુભીની થઈ હતી. અનિરુદ્ધ સગા અતિ પવિત્ર ગૃહસ્થ કોઈ વ્યસની માણસ પ્રત્યે જે સહાનુભૂતિ ભરી ભાવના દાખવી રહ્યા હતા, તેથી એને નવાઈ લાગી હશે—લાગણી પણ થઈ હશે! બધા લોકો રંગરાવ તરફ જ જોઈ રહ્યા છે એ ડૉક્ટરના ધ્યાનમાં આવતાં જ તેમણે મોં ફેરવી લીધું. ખૂણામાં નજીકમાં પાણીનો ગ્લાસ ભરેલો પડ્યો હતો, તેમાંથી તેમણે બે ઘૂંટડા પાણી પીધું અને પછી પેલા મહેમાન તરફ જોઈને કહેવા લાગ્યા: 'મેં તો જાણે તમને ભાષણ જ સંભળાવ્યું, ખરું? પણ ભાઈ! મારી સલાહ એવી છે કે તમે આ જોગળેકર જેવું ઘર હાથથી જવા ન દેશો. માણસ કદાચ કોઈ વ્યસનનો ભોગ બની ચૂક્યો હોય, તોપણ તેનો અર્થ એ સઘળી રીતે માણસાઈ ગુમાવી જ બેઠો હશે એમ ન પણ બને! સામાજિક નીતિથી જોતાં જેઓ દોષાર્હ દેખાય છતાં માણસાઈની દૃષ્ટિએ જેઓ ઘણા ઊંચી કક્ષાએ હોય, એવા તો કેટલાય દાખલા સાંપડી શકે છે. લ્યો ને, હું તમને મારો એક અંગત અનુભવ જ જણાવું.'

રંગરાવની પેઠે જ ડૉક્ટર પણ વાતો કરવે જબરા હતા. એટલે ઘડી પહેલાં રંગરાવ બંધ થયા ત્યારે રંગમાં ભંગ પડ્યાની જે લાગણી સહુને થઈ હતી, તેની આમ અનાયાસે ભરપાઈ થતી જોઈ આખું શ્રોતાવૃંદ આનંદમાં આવી ગયું.

ડૉક્ટરે આંખેથી ચશ્મા ઉતારી પોતાના ખીસાના રૂમાલ વડે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે લૂછતાં લૂછતાં આદર્યું—

તમે સહુ એ હકીકત તો જાણો જ છો કે મારું બાળપણ બહુ ગરીબ અવસ્થામાં વીત્યું છે. એ ખરું છે કે નાનપણમાં મેં મ્યુનિસિપાલિટીની બત્તીએ બેસી વાંચ્યું નથી; પણ એનું કારણ તો અમારા ગામડામાં મ્યુનિસિપાલિટી જ હતી નહિ તે છે! મારા બાળપણમાં જ મારાં માતપિતા ગુજરી ગયાં હતાં. આધારમાં મારે એક મોટી બહેન જ હતી. એ બહેન પણ વિધવા હતી, અને સાસરિયામાં એને પણ કોઈનો આધાર નહોતો! અને જો હું ન હોત તો માતાપિતાના મૃત્યુ પછી એણે પોતાની જિંદગી લંબાવી હોત કે કેમ એ મારા મનથી તો શંકા જેવું જ છે. પણ પોતાના નાનેરા ભાઈને રસ્તે રઝળતો ભિખારી થવા ન દેવો એ એક જ નિરધારથી એણે મને નાનેથી મોટો કર્યો, અને ભણાવ્યો. પારકે ઘેર તે રસોઈ કરવા જતી, નવરાશને વખતે કશું સીવણકામ કરતી, અને સવારે વહેલી ઊઠી દળણાં દળી બે પૈસા રોકડા કમાતી. પોતે દળવા ઊઠે ત્યારે મને વહેલાં જગાડી ભણવા બેસવાનું કહે. બે પૈસાનો ટીનનો ડબ્બો સળગાવી હું વાંચવા બેસું. એની જ્યોતમાંથી ધૂમાડાના ગોટેગોટા નીકળતા જાય અને હું થોડાં ઝોકાં ખાતો ખાતો મારી અંગ્રેજી કવિતા ગોખું—

I am the monarch of all I survey,
My right there is none to dispute!

મળસ્કે વાંચવાથી જલદી બધું આવડી જાય અને મોઢે રહી જાય એમ કહેવાય છે; પણ મને તો એ અનુભવનો લાભ મળ્યો જ નથી. કવિતા ગોખતી વખતે પણ મારું ધ્યાન તો મોટી બહેનની ઘરઘર ફરતી ઘંટીના અવાજ તરફ અગર વચ્ચે વચ્ચે કોઈ ગીતની કડીઓ માંડે સાદે તે ગાતી હોય તે સાંભળવા તરફ જ રહેતું. મને પુસ્તકો પ્રત્યે એવો તો તિરસ્કાર છૂટતો! મનમાં થઈ આવતું, આમ બેઠાં બેઠાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાવું તે કરતાં તો ભણવું જ છોડી દેવું, અને આપણે પણ ક્યાંક મહેનત મજૂરી કરી બે પૈસા રળીને મોટી બહેનનો ભાર હળવો કરવો! પણ જ્યારે હું મારી આ વાત મોટી બહેનને કહેતો ત્યારે તે આંખો ફાડી મને એવી તો ડરાવતી કે હું આગળ કશું બોલી જ શકતો નહિ! આજે પણ હું વહેલો જાગી જાઉં છું ત્યારે મને એ વેળાની એક મળસ્કાની યાદ તાજી થાય છે. તે દહાડો મોટી બહેનને તાવ આવ્યો હતો, એટલે રાત્રે તે રોજ કરતાં જરા વહેલી સૂતી. હું વાંચતો બેઠો હતો. તાવ ભર્યો હશે છતાં એ વહેલી ઊઠીને દળણું પૂરું જ કરશે એ વિષે મારી ખાતરી હતી. એટલે તાવના ઘેનમાં એ ઊંઘી ગઈ છે એમ જણાતાં જ ધંટલો હું પાછલી પડશાળમાં ઉઠાવી ગયો, અને ચૂપચાપ એણે ભરડવા આણેલા દાણા પૂરા કરી મેં બધું હતું તેમ ગોઠવી દીધું, ને હું સૂઈ ગયો. સવારમાં વહેલી ઊઠીને એણે જઈને જોયું તો દળણું તો પૂરું થઈ ગયું હતું! તુરત હું બહાર વાંચતો બેઠો હતો ત્યાં આવી કહે: 'બાબુ! આપણે ત્યાં ભગવાન હાજરાહજુર લાગે છે!'

'શું થયું?' મેં પૂછ્યું.

'જનાબાઈનું દળણું ભગવાન દળી દેતા હતા એ તેં સાંભળ્યું છે ના? આપણે ત્યાં પણ મારું કામ એ જ રીતે વિઠોબા કરી ગયા લાગે છે! પણ હું કાચીપોચી નથી હોં કે! એ વિઠોબાને શોધી કાઢ્યા વિના હું નથી રહેવાની. ચાલો, તમારા હાથ બતાવો જોઈએ?'

એણે મારા બંને હાથ પકડી મૂઠીઓ ઉઘડાવી હાથનાં તળિયાં પર પોતાનો હાથ ફેરવી જોયો. દળવાની ટેવ તો મને હોય જ ક્યાંથી? અર્થાત્ મારા હાથનાં તળિયાં જરા સૂજી ગયાં હતાં, અને મોટી બહેને એ તુરત પકડી પાડ્યું. પણ મને કશું વધારે ન કહેતાં મારા એ બંને હાથ પોતાના મોં પર દાબી હીબકાં ભરી એ રડી પડી!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બોલતી વેળા એ દૃશ્ય જ ડૉક્ટરની આંખ સામે ખડું થયું હોવું જોઈએ. એમનો અવાજ ગળગળો થઈ ગયો હતો. બહેનભાઈના હેતનો આ અનુભવ રંગરાવના દિલને પણ હલાવી ગયો. સદા ઉત્તાન શૃંગારરસની વાતોમાં મસ્ત બનતો એ આદમી પણ અનિરુદ્ધના મોં તરફ ઉત્કંઠિત ભાવે જોઈ રહ્યો.

થોડી વાર અટકીને વળી અનિરુદ્ધે ચાલુ કર્યું—

જે વાત હું તમને કહેવા માગું છું એમાં આ દળણું દળ્યાનો બનાવ અગત્યનો છે જ નહિ; પણ મોટી બહેનોની વાત આવતાં હું જ ભાનભૂલો બની જાઉં છું. આશા છે કે તમે મને મારી લાગણીવશતાને માટે માફ કરશો. આપણે પેલી વાત જ આગળ ચલાવીએ—

મોટી બહેનની આવી મમતા અને મહેનતને લીધે હું મૅટ્રિક પાસ થતાં સુધી ભણ્યો. પરંતુ પરીક્ષામાં મારો નંબર ઊંચો ન આવ્યો. આગળ ભણવામાં કૉલેજનું ખર્ચ મોટી બહેન શી રીતે ઉપાડી શકે? મદદની યાચના અર્થે હું જ્ઞાતિના ધનિકો પાસે ગયો. કોઈ મને સલાહ આપતું: 'આજે જ પોસ્ટ ખાતામાં જો દાખલ થઈ જા તો વીશપચીશ વર્ષે ૧૪૦ ઉપરાંતના ગ્રેડમાં સહેજે ચડી જઈશ! નાહક કૉલેજના ફંદમાં શા સારુ પડે છે?' તો વળી બીજો ઉપદેશ આપતો: 'મામલતદારની કચેરીમાં આજે ઉમેદવારી કરવા જઈશ તો ય જતે દહાડે અવલ કારકુન તો જરૂર થઈ શકીશ. ભણી ભણીને ય તે બી.એ. થયા પછી કરવી છે તો માસ્તરની નોકરી જ ના? એ કરતાં આ શું ખોટું છે?'

પણ તેમણે મફતમાં આપેલી સલાહ મારા મહત્ત્વાકાંક્ષી સ્વભાવને ગળે ઊતરતી નહોતી. મોટી બહેનની ઇચ્છા પણ હું આટલેથી જ ભણવાનું પડતું ન મૂકી દઉં તેવી હતી. પરંતુ એની ઇચ્છા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાછળ એનું જોર ચાલે તેમ નહોતું!

આખરે તેણે બચાવેલી દસ રૂપિયાની સઘળી મૂડી અને જેનું મૂલ્ય ન થાય એવા એના અંતરના આશીર્વાદ લઈ હું મુંબઈ પહોંચ્યો. મુંબઈમાં રહેતા અમારા ઘણા માણસોનાં સરનામાં મેં ઉતારી લીધાં હતાં. ચોરના માથાની જેમ મુંબઈમાં ચારે દિશાએ હું ભટક્યો પણ જ્યાં જાઉં ત્યાંથી જાકારો જ મળતો હતો! ના પાડવાની હિંમત ન કરી શકે તેવો કોઈ ભલો માણસ એકાદ બે રૂપિયા મદદ તરીકે આપતો, પણ એવી પરચુરણ મદદને ટેકે હું કોલેજનાં પગથિયાં ચડી શકું તેમ નહોતું.

અમારા વતન તરફના એક માણસને તાજેતરમાં જ લોટરીમાં પહેલું ઈનામ લાગ્યાનું મેં સાંભળ્યું હતું. એક દહાડો સવારના પહોરમાં તેને ત્યાં જઈને હું લાંઘવા જ બેઠો! પણ એ આદમી પણ મોળો નહોતો. મારી સાથે એક અક્ષર પણ બોલ્યા વિના તે પોતાનું કામકાજ નિયમિત રીતે કરે જતો હતો; કહો કે અમે બંનેએ સામસામે સત્યાગ્રહ આરંભ્યો હતો! અને આ સત્યાગ્રહીઓમાં આખરે મારે જ હાર કબૂલ કરવી પડશે એમ હું દેખતો હતો. એ ભાઈ નિરાંતે કામ પૂરું કરી ઘરમાં જઈ જમીને ઓડકાર દેતા બહાર આવ્યા; અહીં મારા પેટમાં તો ગલૂડિયાં બોલતાં હતાં!

આખરે એ ભાઈ થાક્યા—કંટાળ્યા. છતાં મીઠાશભર્યા શબ્દોથી મને કહેવા લાગ્યા: 'જો, ભાઈ! હું પોતે તો તને કશી જ મદદ આપી શકું તેમ નથી. હું હજી હમણાં જ ટાયફોઇડમાંથી બચ્યો છું, ઘરવાળીની સુવાવડ પણ હવે થોડા દિવસમાં જ આવે એવું છે, અને આ મુંબઈનું ખર્ચ! પણ કહેવત છે ને કે કોઈને હાથે કરીને મદદ આપી ન શકાતી હોય તોપણ આંગળી ચીંધવામાં ક્યાં પૈસા ખરચવા પડે છે? એટલે આ મારો ઘાટી તને સાથે લઈ જશે. મોટો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મજાનો બંગલો છે તે બતાવશે. એમાં એક જ બાઈ રહે છે. બી.એ. સુધી ભણેલી છે! કાંઈ નહિ તો મહિને હજારબારસો રૂપિયા બેંક-માંથી વ્યાજના મળતા હશે! તું મહેનત કરી જો; નસીબ પાંસરાં હશે તો—તારા જેવા જુવાનને એ પાછો નહિ કાઢે એમ મને લાગે છે!'

એટલું કહી એ જરા વિચિત્ર રીતે હસ્યો. પણ મારા મનમાં આશાનો નવો અંકુર ફૂટવો શરૂ થયો હતો, મને નવી દિશા દેખાતી હતી, એટલે એના એ હસવા તરફ દુર્લક્ષ કરીને મેં તેની સલાહ માથે ચડાવી.

તેણે મોકલેલા ઘાટી સાથે હું ઝડપભેર આગળ વધ્યો. ટ્રામ માટેના બે આના (બે જણના) ખરચવાનું મન નહોતું. રસ્તે જતાં ઘડિયાળના બારના ટંકારા સંભળાયા, પણ એટલામાં તો પેલો ઘાટી મને એક મજ્જેદાર બંગલાના ફાટક પાસે લઈ ગયો. ફાટક ખોલી અમે અંદર દાખલ થયા.

બંગલાનું આગળનું બારણું બંધ હતું. વરંડામાં કોઈ નોકર દેખાતો નહોતો. આગળ વધી મેં બારણા પાસેનું ઘંટડીનું બટન દબાવ્યું. પણ એ ઘંટડીનો અવાજ હજુ પૂરો થાય તે પહેલાં જ મારી સાથે આવેલો પેલો ઘાટી ફાટક પાસે જઈ પહોંચ્યો હતો, અને ત્યાં ઊભો રહી મારા તરફ જોતો ખડખડાટ હસતો હતો. હું મૂંઝાઈ પડ્યો. મને થયું કે નક્કી પેલા લૉટરીવાળા ભાઈએ મને બનાવ્યો છે! કોઈ વિચિત્ર સ્થળે એણે મને ભટકાડ્યો છે! ધક્કા ખાઈને નીકળવું પડે તે કરતાં પોતે જાતે જ ડાહ્યા થઈ પાછા વળી જવું વધારે સારું, એમ વિચારી મેં પીઠ ફેરવી બંગલાનાં પગથિયાં ઊતરવા માંડ્યાં.

પણ હું પહેલે પગથિયે પગ દેતો હતો ત્યાં જ કોઈએ બારણું ઉઘાડવાનો અવાજ આવ્યો. કોઈએ પૂછ્યું પણ ખરું: 'કોણ છે?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવાજ કોઈ સ્ત્રીનો લાગ્યો.

હવે નાસી છૂટવું અશક્ય બની ગયું. તેમ કરવાથી તો ઊલટાનો હું ચોર છું એવો શક ઊભો થાય!

સઘળી હિંમત એકઠી કરી હું પાછો વળ્યો, અને બારણામાં ઊભેલી પેલી સ્ત્રી તરફ મેં દૃષ્ટિ ફેંકી. એ સ્ત્રીનો ચહેરો જોતાં જ મને મારી મોટી બહેનનું સ્મરણ થયું. બારીકાઈથી જોઈએ તો એ સ્ત્રી અને મારી મોટી બહેનમાં કોઈ જાતનું સામ્ય નહોતું. મારી મોટી બહેન ઊંચી હતી, તો આ બાઈ જરા નીચા બાંધાની હતી; આ બાઈએ પહેરી હતી તેવી જરીભરતની સાડી મોટી બહેને તો નજરે ય દીઠી નહિ હોય! તેમ એ બાઈના કેશની રચના જોઈને મોટી બહેન તો જરૂર મોં મચકોડે! પણ બંનેની આંખોમાં–બંનેની નજરમાં અસાધારણ સામ્ય હતું!

પગથિયાં ચડી એ ડગલાં આગળ વધી મેં કહ્યું: 'હું એક ગરીબ વિદ્યાર્થી છું—'

'વિદ્યાર્થી છે? ભાઈ! તું જમ્યો છે કે ભૂખ્યો છે?'

કશું બોલ્યા વિના હું મૂંગો જ રહ્યો.

બાઈએ કહ્યું: 'ભાઈ! આવ, અંદર આવ. પહેલાં જમી લે, અને પછી નિરાંતે બધી વાત કહેજે.' એના શબ્દોમાંથી, એની આંખમાંથી, એના શરીરના સઘળા હાવભાવોમાંથી, વહાલ જાણે નીતરતું હતું!

હજુ રસોયો જમવાનો બાકી હતો, એટલે સીધો જઈને હું પાટલા પર બેઠો. બંગલાના ફાટકમાં દાખલ થયો ત્યારે એવી કકડીને ભૂખ લાગી હતી કે ન પૂછો વાત; પણ જમવા બેઠા પછી મારી ભૂખ કોણ જાણે ક્યાં અદૃશ્ય થઈ ગઈ! દુઃખની પેઠે અતિશય સુખની પ્રાપ્તિ થતાં જ માણસ ભૂખતરસ પણ ભૂલી જાય છે. જેમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમ કરી બેચાર કોળિયા મોંમાં મૂકી મેં હાથ ધોયા. મારા કાનમાં એ બાઈના શબ્દો હજુ રણકી રહ્યા હતા: 'ભાઈ! આવ, અંદર આવ. પહેલાં જમી લે...'

જમી પરવારીને હું તેના દીવાનખાનામાં પહોંચ્યો. હસીને તેણે પૂછ્યું: 'કેમ ભાઈ! બરાબર જમી લીધું?'

મેં માત્ર માથું નમાવીને જ હા પાડી.

'ત્યારે હવે પેલી સંત્રાંની ચીરો પડી છે તે ખાઈ લે.'

જમ્યા પછી પોતે ફળો લેતી હતી તે વેળા તેણે મને સંભારીને મારો ભાગ કાઢી રાખ્યો હતો. એ ચીરો સંત્રાંની નહિ પરંતુ સ્વર્ગના કોઈ અમૃતફળની જ હોય એમ મને લાગ્યું. મને મારી મોટી બહેન સાંભરી આવી, અને હૈયું ભરાઈ આવ્યું.

ધીરે ધીરે એ બાઈએ મારો આખો ઇતિહાસ જાણી લીધો. અંતરની વાત દિલ મોકળું કરીને તેને કહી જવાનું મળ્યું એટલે મને પણ મનમાં શાતા વળી. આખરે એણે કહ્યું: 'તું અહીં રહીને જ જો કોલેજમાં ભણવા જાય—'

આંધળાને એકાએક આંખો મળે તેવી લાગણી મેં અનુભવી.

પેલી બાઈએ ચલાવ્યું: 'પણ તારે મારી એ સરતો પાળવી પડશે!'

હું તેના મોં સામે ઉત્સુક બની જોઈ રહ્યો. તેણે કહ્યું: 'પહેલી સરત એ કે તારે ઘરમાં એક ગરીબ છોકરા તરીકે વર્તવું નહિ, પરંતુ મારા ઘરના જ એક બાળક તરીકે—મારા નાનેરા ભાઈ તરીકે તારે હરવું ફરવું. તારે મને મોટી બહેન કહીને બોલાવવી.'

મારી આંખો આંસુથી છલકાઈ ઊઠી.

તેણે આગળ ચલાવ્યું: 'અને ભાઈ અનિરુદ્ધ! બીજી સરત એ કે ઘરમાં કોઈ બાબત તને ન ગમે તેવી બન્યાનું કાંઈ તારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખ્યાલમાં આવે, તો ભાઈ જેમ બહેન વિષે માથામાં રાઈ ચડાવીને ગરમ થતો નથી, તેમ તારે નારાજ ન થવું. અહીંની કોઈ વાત બહાર કોઈને કદી જણાવવી નહિ. સમજ્યો?'

આ બીજી સરતમાં કોઈ ઊંડું રહસ્ય છુપાયાનો મને વહેમ પડ્યો. પણ મેં મનમાં એવો તોડ કાઢ્યો કે આપણે પારકી પંચાતમાં શા માટે ઊંડા ઊતરવું? સૌ સૌનું ફોડી લેશે!

આ માનેલી મોટી બહેને મને અઠવાડિયામાં જ મુંબઈવાસી બનાવ્યો!

× × ×

પણ આમ મુંબઈવાસી બનવામાં ભારે ભૂલ થઈ છે એમ મને મહિનો પૂરો થતા પહેલાં જ ભાન થયું. મૂળે માનવી સ્વભાવ નવા ફેરફારમાં તુરત ગોઠવાઈ જતો જ નથી; તેમાં હું તો નાનપણથી જ ગરીબીમાં ઊછરેલો! એટલે મારી આસપાસ પથરાયેલ લક્ષ્મીસંપન્ન વાતાવરણ સાથે હું બરોબર એકરાગ થઈ ન શક્યો. મારી માનેલી મોટી બહેનનો ભાવ મારા પ્રત્યે પૂરેપૂરો હતો; એના વહાલને કોઈ સીમા નહોતી. એ જ કારણે હું ધીરે ધીરે ત્યાં ગોઠવાઈ શક્યો. જો એ મોટી બહેનનો સ્વભાવ એવો ન હોત તો પાણીગ્રહણ વખતે જ 'સાવધાન' શબ્દથી સાવધાન બની નાસી ગયેલા સંત રામદાસની પેઠે હું પણ એકાદ રાતમાં એ બંગલાને છેલ્લા નમસ્કાર કરી પોબાર કરી ગયો હોત! એ વૈભવશાળી વાતાવરણથી તો જાણે હું ન ગભરાયો, ન નાસ્યો. પણ—

કોઈ સુંદર મિષ્ટ ફળ આપણે સ્વાદે સ્વાદે ખાતા હોઈએ ત્યાં કોઈ આવીને આપણને એ ફળ ઝેરી હોવાના ખબર આપતાં જેવી દશા થાય, બરાબર એવી જ દશા એક વાર મારી પણ થઈ!

સગી બહેનને તો મારે છોડીને આવવું પડ્યું હતું. પરંતુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઈશ્વરે મને સગી બહેનની ખોટ ન જણાવા દે એવી એક બીજી મોટી બહેન સંપડાવી હતી, અને તેથી હું આનંદસાગરમાં ઝોલાં ખાતો હતો. પણ કૉલેજમાં દિવસો જતાં મારા વર્ગના સહાધ્યાયીઓએ આ બહેન વિષે જાતજાતના સવાલો પૂછીને મને મૂંઝવવા માંડ્યો. "પેલા ધનંજય રાત્રે તમારે બંગલે આવે છે ખરા? અને દારૂ પીને તેઓ બેભાન બને ત્યારે તેમને ઉઠાવીને મોટરમાં બેસાડવામાં તારે મદદ કરવી પડે ખરી કે નહિ?" "તારી આ માનેલી બહેન અગાઉ એક શાળામાં શિક્ષિકા પણ હતી; પરંતુ તેની ખરાબ ચાલચલગતને લીધે તેને ત્યાંથી રજા મળી હતી તે જાણે છે?" આવી તો અનેક ખરાબ વાતો વારેવારે મારે કાને આવવા માંડી. વાતચીતમાં દરેક જણના કહેવાનો ભાવ એક જ તરેહનો રહેતો: "જોજે ભાઈ! સંભાળીને રહેવું. જાણી લે કે તું એક પ્રતિષ્ઠિત વેશ્યાના ઘરમાં રહે છે!"

હું બેચેન બન્યો. ભણવામાં મારું ચિત્ત ચોટતું નહોતું; જમવામાં મને રુચિ રહેતી નહિ; ઊંઘ પણ મને છોડી ગઈ! કલાકોના કલાકો જાગતો રહી હું વિચારે ચડતો: આ સાચું હશે? મારી સગી મોટી બહેન તો કેવી સાત્ત્વિક અને ભાવનાશીલ હતી? સદાચાર વિષે તેનો કેટલો દૃઢ આગ્રહ હતો? ગરીબાઈ અને વૈધવ્ય બંને મહા મુશ્કેલીઓ છતાં ગામનો હલકામાં હલકો માણસ પણ તેના શીલ સામે આંગળી ચીંધી શકતો નહિ! તેની સાથે આ માનેલી મોટી બહેનની વાત સરખાવીએ તો? મુંબઈ જેવા સારા કેળવાયેલ ને સુધરેલા શહેરમાં કૉલેજના છોકરાઓ પણ તે વ્યભિચારી હોવાનો આરોપ જાહેરમાં મૂકવાની હિંમત કરી શકતા હતા!

પણ કૉલેજમાંથી બંગલે પાછો ફરું, આ મોટી બહેનની સામે ટેબલ ઉપર ચા પીવા બેસું અને મારી સગી બહેનની આંખોના જેવી જ નિર્મળ એની આંખો જોઉં, એટલે તુરત મારું મન પાછું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હઠી જતું. મને થતું કે નહિ, આ કેવળ કુભાંડ રચાયેલું છે. દુનિયાને કાગનો વાઘ કરવાની સદા ટેવ જ પડી હોય છે! તે સાથે જ નીતિના વિચારોમાં તરબોળ બનેલું અંદરનું મન બોલી ઊઠતું: દુનિયા કાગનો વાઘ કરતી હોય છે એ વાત તો સાચી; પણ કાગ જેવું પણ કાંઈક મૂળે હોવું તો જોઈએ જ ના?

રોજ કોઈ નવો નવો વિદ્યાર્થી આ આળા સવાલ અંગે કશી પૃચ્છા કરતો જ, અને તુરત મારું દિલ અસ્વસ્થ બની જતું. ધીરે ધીરે બંગલાની અનેક ઝીણી અને નકામી વિગતો પણ મેં ધ્યાનમાં લેવા માંડી. બંગલામાં નોકરચાકર ઉપરાંત બીજું કોઈ જ કેમ નહિ હોય? આટલી બધી પૈસાદાર સ્ત્રીને કોઈ કરતાં કોઈ જ સગું ન હોય એ બનવા જોગ છે ખરું? બાઈની ચાલચલગત વિષે ભારે ચર્ચા થઈ હશે તેથી જ એનું કોઈ સગું એના ખબરઅંતર પૂછવા પણ આવતું ન હોય, એ જ ખરી હકીકત હોવી જોઈએ. મને આ બાઈને બંગલે મોકલનારો પેલો ગૃહસ્થ જ નહિ, પરંતુ તેનો ઘાટી નોકર પણ કેવું વિચિત્ર રીતે હસ્યો હતો? તેના હસવાનો અર્થ શું ત્યારે આવો હશે? વાંચવા માટે મને શાંતિ મળી શકે તેટલા ખાતર તેણે પોતાના ઓરડાથી મને ઘણે દૂરની બીજી ઓરડી આપી હતી. પણ મેં જોયું કે મને આમ દૂર રાખવામાં વાંચવા માટે મારે શાંતિની જરૂર હોય એ તો કેવળ બહાનું હતું; પોતાના મોજશોખ અને વિલાસ મારી નજરે ન ચડે એટલા ખાતર જ એણે આ યુક્તિ કરી હશે. રાતની પ્રતિષ્ઠિત વેશ્યા અને દિવસની વહાલસોઈ મોટી બહેન! એ મોટી બહેનનો અનુભવ જેલીલ અને હાઇડના જેવો જ મને લાગતો હતો. આપણને અત્યંત વહાલા લાગતા માનવીના મૃત્યુનો ઘા હજુ સહી શકાય છે, પરંતુ તેનો અધઃપાત જોવાનું? – અશક્ય!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સત્તર અઢાર વરસનો ઊગતો જુવાન વિદ્યાર્થી હજુ કલ્પના-વિહારમાં જ મસ્ત હોય છે. મદ્યપાન અગર લગ્ન વિનાનો પ્રેમ એ તેના મનથી ભારે અક્ષમ્ય ગુનો ગણાય છે. એવાં માનવીઓને તે કેવળ કલંકિત ગણી કાઢતો નથી, પરંતુ સાક્ષાત્ પશુ–નરરાક્ષસ ગણતો હોય છે! સામાજિક નીતિનિયમોનું ઉલ્લંઘન કરનારી વ્યક્તિ-એ પોતાના વ્યક્તિગત સદ્ગુણોને પણ તિલાંજલિ આપી દીધી હોય છે એમ તે ચોક્કસપણે માને છે. કોઢ અને રક્તપિત્ત વચ્ચેનો તફાવત બહુ ઓછા લોકો પિછાને છે; કોઢમાં માત્ર ચામડીનો રંગ ટકાવી રાખવાની શક્તિ જ નાશ પામી હોય છે. અનેક માણસોનાં વ્યસનો પણ આના સરખાં જ હોય છે. મોહનો પ્રતિકાર કરવાની શક્તિ તેઓ ગુમાવી બેઠા હોય છે; પરંતુ તે સિવાય બીજી રીતે જોઈએ તો એ વ્યક્તિઓ—

એ વ્યક્તિઓ પણ માનવી જ હોય છે. નીતિના નિયમોનું અક્ષરશઃ પાલન કરનારા માનવીઓ કરતાં ઘણી વાર તેઓ ઘણા વધારે લાગણીવાળા હોય છે.

વેરના વિચારો અસહ્ય થતાં કોઈ વખત માણસ ખૂન કરી બેસે છે. આ મોટી બહેન વિષેના ચિત્રવિચિત્ર વિચારોથી મારું માથું ફરી ગયું. મેં જાતજાતની વિચિત્રતાઓ કરવા માંડી. દસ વાગતાં જ સૂઈ જવાનું મેં બંધ કરી દીધું; વચ્ચે વચ્ચે ચોરપગલે મોટી બહેનના ઓરડા પાસે જઈ સંતાવાનું મેં શરૂ કર્યું; અંદર કશી વાતચીત ચાલે છે કે કેમ તે કાન દઈને સાંભળવા પ્રયત્ન આદર્યો; રાત–બેરાત કોઈ મોટરનું ભૂંગળું આ બંગલામાં સંભળાય છે કે કેમ તે જાણવા મહેનત કરવા માંડી—મેં બરાબર છૂપી પોલીસનો ધંધો આદરી દીધો! માણસ બીજાના ચારિત્ર્યની ચોકી કરવા જતાં પોતે જ નીતિ-નિયમોનો આમ જાણેઅજાણે ભંગ કરવા માંડે છે તેનું તેને આવે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વખતે ભાન પણ રહેતું નથી!

અને કાયમ એમ સાથે રહેનાર પાસેથી ઘરમાં બનતા બનાવો સંતાડી રાખવા ગમે તેટલા પ્રયત્નો કરવામાં આવે, છતાં તે ગુપ્ત શી રીતે રહી શકે? અનુભવે મેં ખાતરી કરી લીધી કે રાત્રે દસ અગિયાર વાગતાં આ બંગલા પાસે એક મોટર આવે છે, તેમાંથી એક આદમી ઊતરીને સીધો મોટી બહેનના ઓરડામાં જાય છે, અને ત્યાંથી કોઈ વખત બાર વાગતાં તો કોઈ વખત રાતના છેક બે વાગે તે પાછો ચાલ્યો જાય છે. બેત્રણ વખત તો ઓરડામાં સોડાની બાટલીઓ ફૂટતી હોવાના અવાજ પણ સંભળાયા. અંદર મદ્યપાન ચાલતું હશે એ સ્પષ્ટ જ હતું. મોટી બહેનના ઓરડાની બધી બારીએ પડદા ટાંગેલા રહેતા, એટલે અંદર શું ચાલે છે તે હું જોઈ તો ન શક્યો, પણ જે બહાર નજરે દેખાતું હતું તે કાંઈ ઓછું નહોતું!

મારું મગજ ભમી ગયું. અનેક વાર મને મનમાં થઈ આવ્યું કે મોટી બહેનના ઓરડામાં જઈ તેને બરોબરનું સંભળાવવું અને પછી આ બંગલો છોડી ચાલ્યા જવું! પણ દિવસે એનું પેલું વહાલ ઉપજાવે તેવું હાસ્ય અને નિર્મળ દૃષ્ટિ નજરે પડતાં જ એને બેચાર કડવાં વેણ સંભળાવી દેવાની મારી રાતવાળી હિંમત ચાલી જતી!

એક રાત્રે મેં મોટર આવ્યાનો અવાજ સાંભળ્યો. મોટી બહેનના ઓરડાનું બારણું ઊઘડતું અને તુરત વસાઈ જતું પણ સાંભળ્યું. ગરમ થયેલ મગજને શાંત કરવાને ઇરાદે હું બગીચામાં ગયો. સામે જ દેખાતા પેલા ઓરડામાં મારી માનેલી મોટી બહેન એક વિલાસી દાઢીયા સાથે ચમન ઉડાવી રહ્યાનું ચિત્ર મારા કલ્પનાપટ પર એવા તો તેજસ્વી રંગોમાં આલેખાયું કે—

પણ એકાએક મેં એક ચીસ સાંભળી. એ અવાજ મોટી બહેનનો જ હતો! હું ઓરડા તરફ દોડયો. દરવાજે પહોંચું છું ત્યાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો કોઈએ જોસભેર એનું બારણું ખોલ્યું —

એક ભવ્ય પુરુષ આકૃતિ બહાર આવી; નખશીખ યુરોપિયન પોશાકમાં એ સજ્જ હતો. એનું વિશાળ કપાળ અને મોહક નાક જોતાં હું તાજુબ બન્યો!

પણ તુરત મારી નજર એની આંખો તરફ ગઈ. એ આંખો કેટલી મસ્ત અને લાલઘૂમ દેખાતી હતી! ભાઈસાહેબે પીધેલો હોઈ બેહોશ બનેલ હતા!

મોટી બહેન તેને પાછો અંદર લઈ જવાને તેની પાછળ આવી ઊભી રહી હતી, પણ એમ જણાતું હતું કે તેને હાથ અડકાડવાની તેની હિંમત ચાલતી નહોતી!

મોટી બહેનને પાસે આવેલી જોતાં જ ડોળા કાઢી પેલાએ રાડ પાડી કહ્યું: 'તેં તેં..... તેં જ મારું સત્યાનાશ વાળ્યું છે! તે દહાડો તું મારી સાથે ચાલી નીકળી હોત તો — ચુપ! વધારે બોલીશ તો બીજી થપ્પડ પડશે!'

તે સાથે તેણે હાથ ઊંચકયો. એ પકડી લેવા હું આગળ વધ્યો. પણ હાથ ઉગામવા સાથે જ એણે સમતુલા ખોઈ હતી અને પોતે જાતે જ પડી જવાની અણી પર આવ્યો હતો. મહામહેનતે મેં તેને ઝીલી લીધો. મારી નજર મોટી બહેનના ગાલ ઉપર પડી. એ નરાધમે એને કેટલા જોરથી થપ્પડ લગાવી હતી! એ જોતાં તો એને ધક્કો મારી પાડી દેવાનો મને વિચાર થઈ આવ્યો. પણ તે પહેલાં તો મોટી બહેને ઈશારા વડે તેને ધીરે ધીરે બહાર લઈ જવાનું સૂચવ્યું. મને નવાઈ લાગી. આવા નરપશુ સરખા આદમીના પ્રેમમાં મારી મોટી બહેન પડે છે? કેવી શરમજનક ઘટના છે!

ડ્રાઈવરની સહાય લઈ જેમ તેમ મેં એને ગાડીમાં બેસાડયો. ધીમો અવાજ કરતી મોટર ઊપડી ગઈ. અવાજ સંભળાતો બંધ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થતાં જ મેં ગળગળે સાદે મોટી બહેનને કહ્યું: 'હું જાઉં છું.'

ભારે મોટો જખમ થયો હોય એમ પિડાયલા અવાજે તેણે સવાલ કર્યો: 'ક્યાં?'

'રસ્તો સૂઝે ત્યાં!'

એણે હાથવડે મને બંગલાની અંદરની મારી ઓરડીનો રસ્તો બતાવ્યો.

'એ રસ્તો હવે મારે માટેનો નથી!' મહા નીતિમાન આદમીના તોરથી મેં જવાબ આપ્યો.

'કેમ?' એ સવાલ કરતી વેળા મોટી બહેનના ચહેરા પર કોઈ અસહાય યાચકનો દીનભાવ તરવરતો હતો.

'જ્યાં આવા ગંદા પ્રકારો બનતા હોય એ સ્થળે—'

'જરૂર, પ્રકાર તો બનેલો છે પણ તે ગંદો હોવા વિષે તારી ખાતરી છે?' પણ એ સવાલ પૂછતા સુધીમાં તો મોટી બહેને સ્વાસ્થ્ય મેળવી લીધું હોય એમ દેખાતું હતું.

'બીજાના ઘરનો મેલ ધોવા હું ઇચ્છતો નથી.'

'પણ આ ઘર પારકું છે?'

કશો જવાબ આપ્યા વિના હું તેના સામે જોઈ જ રહ્યો.

'તું મારો નાનેરો ભાઈ છે, ને હું તારી મોટી બહેન છું, ખરું?'

પણ તેથી આગળ તે બોલી ન શકી! આંખે વહી રહેલાં આંસુ મારી નજરે ન પડે એ ખાતર તે મોં ફેરવી ગઈ હતી.

મારા નીતિ વિષેના ખ્યાલો મને પાછો ફરવાની ના પાડતા હતા; મારી કૃતજ્ઞતાબુદ્ધિ મને એ સ્થળેથી ખસવાની ના કહેતી હતી!

ધીરે રહી પાસે આવી મોટી બહેને મારે વાંસે હાથ ફેરવ્યો. મૂંગો મૂંગો તુરત હું તેની પાછળ ચાલ્યો. તે સીધી પોતાના ઓરડામાં પહોંચી! અંદરના મોટા ટેબલ ઉપર કાચના પ્યાલાઓ–

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શીશાઓ – બધું અસ્તવ્યસ્ત વેરાયલું પડ્યું હતું. એ દૃશ્ય જોતાં જ મને ઘૃણા ઊપજી !

મને સામેની એક ખુરશી પર બેસાડી મોટી બહેને પોતાની જીવનકથની કહેવા માંડી. 'વાગ્યા વિનાની વેદના એ તો, જાણી શકે નહિ કોઈ !' એ કડી અનુસાર એ કથની મોટી બહેનના જેટલી લાગણીથી હું તમને વર્ણવી નહિ શકું. હરિભાઉ આપટે, શરતબાબુ અગર હાર્ડી જેવા સમર્થ લેખકે પોતાના કાળજામાંથી વહેતા રુધિર વડે કોઈ નવલકથા આલેખી હોત તો —

હું તમને એનું ટૂંકમાં બ્યાન કરાવીશ. કોલેજમાં ભણતાં ત્યારે જ ધનંજય અને મોટી બહેનને પરિચય થયો; પરિચયમાંથી પ્રેમ બંધાયો. અદ્દલ સુધારાના વિચારો ધરાવતા એક મોટા ધનિકની તે એકની એક પુત્રી હતી. ધનંજયના વડીલ પણ શ્રીમંત હતા, પણ તે કટ્ટર સનાતનધર્મી હતા. અર્થાત્ ધનંજયના પિતા કોઈ રીતે એ બંનેનાં લગ્ન થાય એનો વિચાર સરખો કરવા તૈયાર નહોતા! ધનંજયનો સ્વભાવ મૂળથી જ ધાર્યું કરવાનો હતો. પોતાના પિતાની મરજી ન હોવા છતાં તેણે પરણવાનો વિચાર કર્યો, પરંતુ મોટી બહેનના પિતાને એમ કરવું ગમતું નહોતું. એક દિવસ રાતના નાસી જવાને ઇરાદે ધનંજય મોટી બહેનને ત્યાં આવ્યો. મોટી બહેનનું દિલ એનો પ્રેમ જોઈ પુલકિત બન્યું. પણ એ તરેહના સાહસનું પગલું ભરવાનું બળ તેનામાં ન જણાયું.

પછી તો ઉચ્ચ ડૉક્ટરી અભ્યાસ માટે ધનંજય પાંચછ વરસ પરદેશમાં જ રહ્યો. આ બાજુ મોટી બહેન બી.એ. પાસ થઈ, અને માબાપના દબાણને વશ થઈ એક યુવાન સાથે તે પરણી પણ ખરી. પણ એ ગૃહસ્થાશ્રમ કેવળ યાંત્રિક બન્યો.

પરદેશથી પાછા ફર્યા પછી ધનંજયે એક પૈસાદાર કુટુંબની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કન્યા સાથે લગ્ન કર્યાં. અને લોકોએ જોયું કે બંનેના ગૃહસંસાર સુખપૂર્વક ચાલ્યા જાય છે. પણ એ માત્ર બહારનો દેખાવ હતો ! ધીરે ધીરે ધનંજયની દારૂની લત વિષે જાતજાતની અફવાઓ વહેતી થઈ. ધનંજયે પણ શરમ છોડીને પીવા માંડયું હતું એટલે બિચારા લોકોનો પણ શો વાંક ?

મોટી બહેન તેને એક વાર ખાનગીમાં મળ્યાં. એ મુલાકાતમાં એણે કબૂલ કર્યું કે અંતરની આગ બુઝાવવા ખાતર તેણે તે ઉપર દારૂ છાંટવા માંડયો હતો. મોટી બહેનના દિલની વ્યથા વધી પડી. ધનંજય પોતાના સહવાસમાં રહે તો જરૂર એના મદ્યપાન ઉપર અંકુશ રહે એવી એને આશા – નહિ મનથી ખાત્રી હતી. પણ એ માર્ગ લઈ શકાય તેવું નહોતું. મોટી બહેનનો પતિ અગર તો ધનંજયની પત્ની, બેમાંથી કોઈને પણ એ વાત રુચત જ નહિ !

રોગચિકિત્સાની જાહેરાતની સાથોસાથ ધનંજયની દારૂડિયા તરીકેની નામના–અપકીર્તિ પણ વધતી ચાલી. મોટી બહેનને કશો રસ્તો સૂઝતો નહોતો ! પોતાના દિલનો પરિતાપ સહેજ હળવો થાય એ ઇરાદે તેણે એક શાળામાં શિક્ષિકા તરીકે કામ કરવા માંડયું.

આ રીતે બીજાં બે વરસો પસાર થવા આવ્યાં. મોટી બહેનનો પતિ મૃત્યુ પામ્યો; માતપિતાએ તો તેને પહેલી જ ત્યજી દીધી હતી; પેટ સંતાન હોવાનું સુખ પણ તે મેળવી શકી નહોતી ! તેને મુખ્ય સવાલ એ થયો : આ રીતે કોના ખાતર જીવવું ? દુનિયામાં પોતાનું કહેવા જેવું તો કોઈ છે નહિ !

પણ જે ક્ષણે તેને આ એકાકીભાવની લાગણી થઈ આવતી તે જ પળે તેની કલ્પનાચક્ષુ સામે ધનંજયની મૂર્તિ ખડી થઈ જતી. ધનંજયને અંકુશમાં રાખવા ખાતર પણ પોતે જીવવું જરૂરી છે, એમ તેને લાગતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ ધનંજયની પત્નીનો સવાલ આડે આવતો હતો!

કર્મધર્મ સંયોગે એ સવાલનો નિકાલ પણ અકસ્માત મળી ગયો. અસાધારણ બુદ્ધિશાળી છતાં વ્યસનાધીન પતિને અંકુશમાં રાખવા માટેની જરૂરી સહૃદયતા અને કલ્પકતાનો પત્નીમાં અભાવ હતો. દવાખાનામાં અગર તો કલબમાં પણ ધનંજય પુષ્કળ દારૂ પીતો, તેમ જ છેલબટાઉ મિત્રોના સહવાસમાં રાત્રિના બબ્બે વાગતાં સુધી તે ઘર બહાર ભટકયા કરતો.

મોટી બહેને એ વેળા એના જીવનમાં પ્રવેશ કર્યો. ધીરે ધીરે ધનંજયમાં ફેરફાર થતો જણાયો. જોકે એણે દારૂ પીવાનું તદ્દન બંધ તો ન કર્યું, પરંતુ કલબમાં અગર તો મોટી બહેનને ત્યાં એમ બે જગાએ જ તેણે દારૂ લેવાનું ઠરાવ્યું. એ સિવાયનું ધનંજયનું વર્તન આદર્શ પ્રતિષ્ઠિત નાગરિક સરખું બની ગયું.

ધનંજયે રાત–બેરાત મોટી બહેનને ત્યાં આવવાનું શરૂ કર્યું. એની ચિંતા સેવનારી એક બહેનના જેટલો જ તેની સાથે પોતાને સંબંધ છે, એ હકીકત મોટી બહેન બરાબર જાણતી હતી. પણ માનવીના મન કરતાં એનું શરીર વધારે બળવાખોર હોય છે. નાનપણથી મોટી બહેન પ્રત્યે પત્નીભાવથી જોતાં શીખેલા તેમ જ દારૂ પીવાને કારણે બેહોશ બનેલા ધનંજયના દિલમાં મોટી બહેન પ્રત્યેનું આકર્ષણ અતિ વધી પડ્યું. ધનંજય પ્રત્યેનો પ્રેમ, રોજ બબ્બે કલાક સુધી મળતો એકાંત, અને તે સાથે અતૃપ્ત રહેલું તારુણ્ય, એ બધાને પરિણામે મોટી બહેનનું દિલ પણ ધનંજય તરફ મીઠું આકર્ષણ અનુભવી રહ્યું. સમાજે સ્વીકારેલા નીતિનિયમોનાં બંધનો સ્વીકારીને ધનંજય વિના જીવન વિતાવવું અને એમ કરવા જતાં ધનંજયને નશાની ઊંડી ખીણમાં ધકેલાતો જોવો, અગર તો એ નિયમબંધનો ફગાવી દઈને પોતાની પ્રીતિ સફળ બનાવવી અને પોતાના પ્રાણપ્રિય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વલ્લભ ધનંજયનો અધઃપાત થતો અટકાવી દેવો, એ મહાપ્રશ્ન મોટી બહેન સામે ખડો થયો. તેણે બીજો માર્ગ લીધો.

એનું પરિણામ?

સમાજનું મન જેટલા પ્રમાણમાં સંકુચિત હોય છે તેટલા જ પ્રમાણમાં એની વેરબુદ્ધિનો વિસ્તાર વિશાળ હોય છે. લોકોની નજરે મોટી બહેન પાપી–વ્યભિચારી ગણાઈ. જે કન્યાશાળામાં તે શિક્ષિકા તરીકે કામ કરતી હતી તેના સંચાલકોએ આવી શિક્ષિકાના ઉદાહરણથી શાળાની કન્યાઓનું શીલ બગડે એ બહાને તેને રજા આપી. મોટી બહેન દુનિયાથી અલિપ્ત બની ગઈ! પણ ધનંજય તેનો હતો; એ ભાવનાને કારણે એને પરિસ્થિતિ વિષે વિષાદ થયો નહિ.

બનાવની રાત્રે ધનંજયે બેફામ બની મોટી બહેનને થપ્પડ લગાવી તેનું કારણ પણ એવું જ જોરદાર હતું. સાંજે ધનંજય અને તેની પત્ની વચ્ચે ભયંકર ઝઘડો થયો હતો! એ ભૂલી જવા સારુ ધનંજય પુષ્કળ દારૂ પીને જ મોટી બહેનને ત્યાં આવ્યો હતો. મોટી બહેને વધારે પીવાની ના પાડી એથી તે વધારે ભાનભૂલો બન્યો. જૂનાં બધાં સ્મરણો તાજાં કરવામાં આવ્યાં. ધનંજયે કહ્યું: 'ભણતી હતી ત્યારે જ જો તું મારી સાથે નાસી નીકળી હોત તો હું કદી પણ દારૂ પીવાની લતે જ ચડત નહિ!' મોટી બહેને તેને સામો જવાબ આપ્યો, એટલે ભાઈનો પિત્તો ફાટ્યો અને ધડ દઈને એણે મોટી બહેનને થપ્પડ ચોડી દીધી!

પોતાની વાત પૂરી કરતે કરતે મોટી બહેને મને કહ્યું: 'જેના પર પ્રેમ નથી હોતો એવા પુરુષના ચુંબન કરતાં પ્રિય માનવીની લપડાક પણ સ્ત્રીને વધારે પ્યારી લાગે છે!'

મોટી બહેને પોતાની કથની પૂરી કરી એટલે મેં તેને ચરણે મસ્તક નમાવી તેની માફી માગવા માંડી; પણ તેણે મને પોતાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પગે પડતો વચ્ચેથી જ એકદમ અટકાવી હૈયા સરસો ચાંપ્યો.

એની એ વત્સલતા ક્ષણજીવી નહોતી. મને ઈંગ્લાંડ મોકલી ઉચ્ચ વૈદકીય અભ્યાસ કરવાની એ મોટી બહેને જો અનુકૂળતા કરી આપી ન હોત તો આજે ડૉ. અનિરુદ્ધ તરીકે ખ્યાતિ પામેલો આ માનવી કોઈ ઑફિસમાં બેઠોબેઠો કાગળિયાં ખરડતો તમે ખુરશીમાં જોવા પામત! અનેક ગરીબ માનવીઓ મને દુવા આપે છે; પણ એ દુવા પામવાનો સાચો હક્ક મારો નહિ, એ મોટી બહેનનો છે.

ડૉ. અનિરુદ્ધ બોલતા અટકી ગયા. સંગીતની કોઈ સુંદર ચીજના શ્રવણ પછી શ્રોતાઓમાંથી કોઈની એક અક્ષર પણ ઉચ્ચારવાની ઇચ્છા થતી નથી, તેવી જ દશા અમારા સહુની થઈ હતી!

× × ×

ડૉક્ટરે જોગળેકરના પુત્ર અને પુત્રવધૂને એક જબરી મિજબાની આપી. અર્થાત્ અમે સઘળા તેમાં હાજર હતા જ.

દીવાનખાનામાં ફરતાં ફરતાં એ પુત્રવધૂને એક ફોટોગ્રાફ બતાવતાં ડૉક્ટરે કહ્યું: 'દીકરી! આમને વંદન કર. જો એ સ્ત્રી ન હોત તો તારું અહીં લગ્ન જ થાત નહિ!'

એ ફોટોગ્રાફ ડૉક્ટરે માનેલી મોટી બહેનનો છે તે અમે તુરત સમજી ગયા. નવ પરિણીત વધૂવરોએ એને વંદન કર્યું; તે સાથે રંગરાવે પણ એને આદરભાવ સાથે નમન કર્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાપનો કર્તા કોણ?

"આ રહ્યું મેરેજ; આ રાજા અને આ રાણી!"

ભાઉસાહેબે રજૂ કરેલાં પાનાં જોતાં જ મારાથી હસી પડાયું. એ જોડી જરૂર હતી પણ લક્ષ્મીનારાયણની નહોતી! લક્ષ્મીમહેશ્વરની જોડી જેવી એની વિચિત્રતા હતી – ચોકડીનો રાજા અને લાલ બદામની રાણીનું મેરેજ ભાઉસાહેબે રજૂ કર્યું હતું! હસતાં હસતાં મેં કહ્યું: 'ખબરદાર, ભાઉસાહેબ! તમે આ આંતરજાતીય લગ્ન કરી રહ્યા છો, હો! ભોપટકર ભાલો લઈને તમારી સામે કૂદી પડશે અને આહિતાગ્નિ તો તમને પોતાના અગ્નિકુંડમાં જ હોમી દેશે!'

હાથ માંહેનાં સઘળાં પાનાં નીચે ફેંકી દઈને ભાઉસાહેબ ઊભા થઈ ગયા, અને લાંબા હાથ કરી આળસ મરડીને તેમણે બાજુની આરામખુરશીનો આશરો લીધો. ખુરશીમાં બેસતે બેસતે તેમણે કહ્યું: 'અરે, એવા સો આહિતાગ્નિ ભલે ને ચાલ્યા આવે! હું ક્યાં કોઈની પરવા કરું એવો છું!'

પડખે બીજી ખુરશી લઈ બારી તરફ ખેસવતાં મેં કહ્યું: 'મ્યુનિસિપાલિટીના બંબાઓ ખીસામાં રાખીને ફરતા લાગો છો!'

'મારે મ્યુનિસિપાલિટીના બંબા શા માટે રાખવા જોઈએ? આ ડૉક્ટરનો બંબો ક્યાં દૂર છે?' એમ કહેતાં તેમણે ખંધાઈથી મારી સામે જોઈ હાસ્ય કર્યું. મારા જાડા દેહની જો બીજા કોઈએ આવી હાંસી કરી હોત તો તેની સાથે હું કાયમી અબોલા લેત. પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાઉસાહેબની વાત જુદી હતી. ભાઉસાહેબની સાથે હું છેલ્લાં પાંચેક વરસથી જ પરિચયમાં આવ્યો હતો. પણ નાળિયેરીની એક જાત એવી છે કે એ જલદી ફળવા માંડે છે. ભાઉસાહેબની બાબતમાં પણ એવું જ હતું. એમની સાથેના પરિચયનો પહેલો દિવસ હું હજુ ભૂલ્યો નથી. હું મારા દવાખાનાના ફાટકમાં ઊભો હતો અને સામેના જ પોતાના મકાનની ગેલરીમાં ભાઉસાહેબ ઊભા હતા. એકનું મોં ઉત્તરમાં તો બીજાનું દક્ષિણમાં એવી સ્થિતિ તે દિવસે હતી. પણ એથી જ અમે એકબીજાનું મોં સ્પષ્ટ રીતે જોઈ શક્યા! એમનાં એ વિશાળ નિર્મળ નેત્રોમાં હું તેમનું હૈયું વાંચી શક્યો. છેલ્લાં પાંચ વરસથી આખું ગામ નવાઈ પામી રહ્યું છે કે ડૉક્ટર અને લેખક બંને વચ્ચે આવી ગાઢ મૈત્રી જામી ક્યાંથી? બિલાડી ઉંદર સાથે રમે છે, પણ તે તેને મારી ખાવા માટે જ. ભાઉસાહેબનો સ્નેહ એ તરેહનો જરૂર નહોતો. એમને સંગીતનો ભારે શોખ હતો; તેમના લખેલાં પુસ્તકો કરતાં એમણે જે બાઈ રખાત તરીકે રાખી હતી તેનું નામ ગામમાં વધારે જાણીતું હતું. પરંતુ તેમની સાથેની મૈત્રી છતાં મારા વર્તનમાં રતિભારનો ફેરફાર નહોતો થયો એ હકીકત પણ દરેક જણ કબૂલ કરતો હતો.

ખુરશીમાં બેસતાં બેસતાં મેં બારી બહાર નજર ફેંકી. ઘડિયાળમાં પાંચ વાગ્યા હતા પણ બહારનું આકાશ જાણે સંધ્યાવેળા થઈ હોય એવો દેખાવ ધારણ કરી રહ્યું હતું. દુઃખી માનવીની આંખોમાંથી ટપટપ કરતાં આંસુઓ પડવા માંડે એમ વરસાદના છાંટા ટપકી પડતા હતા. પણ એ છાંટા વડે માટી પણ ભીંજાઈ નહોતી. છતાં નાળિયેરીનાં પાન પર પડતા એ છાંટાનો અવાજ એવડો મોટો લાગતો હતો કે કંઈ વાત નહિ! મને થયું: 'લોકો પણ અનેક વાર છેક સાદા બનાવને બહુ વિશાળ અને ભયંકર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વરૂપ આપે છે!'

પણ એ વિચાર મનમાંથી પસાર થતો હતો ત્યાં જ ત્રણ મહિના પૂર્વે દવાખાનામાં બની ગયેલો એક બનાવ મને યાદ આવ્યો. ટ્યૂમરનું ઓપરેશન કરાવવા એક ગામડિયો પોતાની સ્ત્રીને લઈને આવ્યો હતો. ઓપરેશન માટેની બધી તૈયારી કરી લીધી, પણ એ સ્ત્રીને તપાસી જોતાં તો એક નવો જ કિસ્સો નીકળ્યો: ભયંકર 'ટ્યૂમર'ને બદલે દવાખાનામાં એ બાઈએ એક સુંદર બાળકને જન્મ આપ્યો હતો! પણ ત્યારથી ગામ આખું એ એક જ વાતની ચર્ચા કર્યા કરતું હતું!

એ બનાવ બન્યો તે દહાડે ભાઉસાહેબ ગામમાં નહોતા. તેઓ આવ્યા પછી મેં તેમને આખો બનાવ કહી સંભળાવ્યો, અને છેવટે ઉમેર્યું: 'વાર્તા લખવા માટે તમને આ એક મજેનો વિષય હાથ લાગ્યો ગણાય.'

તેઓ થોડા વખત સુધી આંખો મીચી શાંત રહ્યા.

મેં મશ્કરીમાં સવાલ કર્યો: 'કેમ, વાર્તા ગોઠવાઈ ગઈ?'

તેમણે કહ્યું: 'વેવિશાળની વાત હોત તો આટલી વારમાં જાણે ચોકઠું ગોઠવી દેવાત. પણ આ તો...'

'એ બાઈએ પાપ કર્યું ગણાય કે નહિ?'

'લોકો-સમાજ તો એ બાઈને પાપી જ ગણશે. પણ આ પાપનું મૂળ...'

'નદીનું મૂળ શોધવું જેમ મુશ્કેલ છે, તેવું જ પાપનું પણ હોય છે.'

'એ મુશ્કેલ હોય તો શોધવા ન જઈએ. પણ નદીને આપણે દેવી ગણીને પૂજીએ છીએ, જ્યારે પાપીને તો કેવળ...'

એટલામાં કોઈનાં પગલાં સંભળાયાં અને અમારી વાતચીત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાં જ અટકી પડી.

ત્રણ મહિના પહેલાં બની ગયેલું એ દૃશ્ય, ચિત્રપટની પેઠે મારી નજર સામેથી જાણે પસાર થઈ રહ્યું હતું. એટલામાં તો ભાઉસાહેબ એકદમ બોલી ઊઠ્યા: 'ડૉક્ટર? હવા કેવી ભારે બની ગઈ છે, નહિ?'

'તમારા હૈયા જેવી જ કહો ને? આજે રમતમાં તમારું ચિત્ત જરા ય ચોંટતું નહોતું. કોઈ નવી વાર્તા સ્ફુરી રહી છે શું?'

'વાર્તા નવી નથી, જૂની જ છે!'

વાત જૂની હોવાનું સાંભળતાં મારી ઉત્કંઠા વધુ જાગૃત થઈ. હમણાં હમણાં ભાઉસાહેબે કોઈ પણ જાતના પડદા વિના પોતાના જીવનના સારા-માઠા અનેક અનુભવો લખવાનું શરૂ કર્યું હતું. તેમણે કહ્યું: 'ડૉક્ટર? ગંદા રોગવાળો દરદી પોતાની બધી હકીકત તમને ખુલ્લા દિલથી જણાવે છે ખરો?'

મેં માથું હલાવી નકાર દર્શાવ્યો.

'મને લાગે છે, આત્મચરિત્ર લખનારનું પણ એવું જ હોય છે. માણસ ફોટો પડાવવા બેસે છે ત્યારે તે બરાબર બનીઠનીને જ બેસે છે! આ દાંભિક વૃત્તિએ જ સમાજનું સત્યાનાશ વાળ્યું છે. ધર્મ, સંસ્કૃતિ, સુધારો, નીતિ, પ્રગતિ – કેવાં મોટાં ને આંજી દે તેવાં નામો છે? દરેક પોતાને સો ટચનું સોનું માને છે. પણ કસોટી પર જરાક જો ઘસો તો તરત જ ખાતરી થાય કે બધે માત્ર ઉપરનો ગિલેટ જ છે!'

એમના ઉદ્ગારો જેવા જ ભાઉસાહેબના જીવનપ્રસંગો પણ વિચિત્ર હતા. આજે કોઈ નવી વાનગી ચાખવાની મળશે એવી આશામાં મેં કહ્યું: 'તમારી વાર્તા વાંચવા તો દો? અત્યારે આવી હવામાં ફરવા જવાનું બને એવું લાગતું નથી.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાઉસાહેબ આરામખુરશી પરથી ઊઠ્યા. ટાંકણીથી ચોડી રાખેલાં થોડાં પાનાં તેમણે ટેબલ પરથી આણી મારા હાથમાં ધરી દીધાં. મેં આતુર બની વાર્તાનું મથાળું વાંચ્યું: "**પાપનું મૂળ**".

મેં ભાઉસાહેબને સવાલ કર્યો: 'પેલી ટ્યૂમરવાળી વાર્તા છે?'

'મારા પોતાના જ જીવતરનો એક પ્રસંગ છે. મને કદી ટ્યૂમર થયેલ નથી, તેમ ટ્યૂમરનું બાળકમાં રૂપાંતર પણ થયું નથી!'

વાર્તાનાં પાનાં આંખ સામે ધરી મેં વાંચવા માંડ્યું—

"આજે શ્રાવણ મહિનાની અમાસ છે. એ બનાવને આજે બરોબર એક વરસ થઈ ગયું..."

નીચે દવાખાનામાંથી નોકરનો ઉતાવળો અવાજ સંભળાયો: 'સાહેબ, સાહેબ! ઉપર સાહેબ બેઠા છે?'

મેં ખુરશીમાં પડ્યાં પડ્યાં જ પૂછ્યું: 'શું છે, રામા?'

'સાહેબ! દવાખાનામાં એક બાઈને લાવવામાં આવી છે. શરીર આખું લોહીથી લદબદી રહ્યું છે, સાહેબ!'

ટાંકણીવાળાં વાર્તાનાં બધાં પાનાં હાથમાં રાખીને જ હું દવાખાના તરફ દોડ્યો.

એ બાઈના ઘાને ટેભા મારતી વેળા મારા મગજમાં વિચારોનું તોફાન ચાલી રહ્યું હતું. ત્રણચાર મહિના પહેલાં દવાખાનામાં બની ગયેલું પેલું દૃશ્ય ફરી પાછું ચિત્રપટ પેઠે મારી નજર સામેથી પસાર થવા માંડ્યું—

* * *

બાઈનો પતિ ગામડિયો હતો છતાં એ મુંબઈમાં રહી આવ્યો હશે એમ એનો પહેરવેશ કહી રહ્યો હતો. એકાદબે ડૉક્ટરોને એણે પૂછેલું અને એમણે બાઈને ટ્યૂમર થયાનું કહેલું. ઓપરેશન કરાવવાના પૈસા પાસે હતા નહિ, એટલે એ પોતાની પત્નીને સર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કારી દવાખાનામાં લઈ આવ્યો હતો.

આંસુભરી આંખે એણે મને પૂછ્યું: 'દાગતર સા'બ! આ રોગ માટે પેટ ચીરવું પડે ખરું?' તેને હિંમત આપતાં મેં કહ્યું: 'ભલા માણસ! દરજી કાતર લઈને કાપડ કેમ વેતરે છે? પણ એમાંથી જ પછી મજ્જેદાર કોટ બનાવી દે છે કે નહિ?'

મારી વાત સાંભળી તે સહેજ હસ્યો. પણ તુરત જરા થડકતા અવાજે પૂછ્યું: 'પણ હેં સા'બ! જીવતી તો રે'શે ના? આ પેટ સાટે ત્રણ વરસ મુંબઈમાં આથડ્યો. ને ઘેર પાછો આવ્યો તો અહીં ધણિયાણી મરવાની અણી ઉપર છે!'

એકાદમે ડૉક્ટરોએ બાઈને ટ્યૂમર હોવાનું નિદાન કરેલું એટલે મેં વધારે ઊંડી તપાસ ન કરી. ઓપરેશન માટે હું તૈયાર થતો હતો તે વેળા મારા પગ પકડી એણે આજીજીભર્યા સ્વરે કહ્યું: 'દાગ્તર સા'બ! ભલા થઈ મારી હીરાને જીવતદાન આપજો. તમારા ઉપકાર ભવોભવ નહિ ભૂલું! મારા ચામડાના જોડા કરી તમને ન પહેરાવું તો ભેરવદાદાની આણ!'

શરવિદ્ધ કોઈ ઘાયલ પક્ષીની વ્યાકુળતા એના કંઠમાં ભરી હતી. એનું સાંત્વન કરી હું ઓપરેશન રૂમમાં દાખલ થયો પણ ટેબલ પર સુવાડેલ સ્ત્રીના દેહનું નિરીક્ષણ કરતાં જ—

મેં આશ્ચર્ય સાથે આઘાત અનુભવ્યો!

બાઈના પેટમાં ટ્યૂમરનું નામનિશાન નહોતું! અંદર હલનચલન થતું સ્પષ્ટ જાણી શકાતું હતું. બાઈને કશું પૂછવાનો એ વખત નહોતો. પતિ ત્રણ વરસ મુંબઈમાં ભલે રહ્યો હોય પણ અવારનવાર વતનમાં આવી જતો હશે એમ સહેજે મેં માની લીધું. દવાખાનાના નોકરોને બાઈની પ્રસૂતિ માટેની ગોઠવણ કરવાની સૂચના આપી હું બરાબર આવ્યો. તેના પતિને મેં પૂછ્યું: 'તમારે કાંઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાળક છે?'

ખિન્નતાપૂર્વક માથું ધુણાવીને તેણે ના ભણી.

સાંભળીને એને હર્ષ થશે એમ માની મેં કહેવા માંડયું: 'ત્યારે ભાઈ! આ તો પ્રભુની મહેર ઊતરી છે એમ માન! આંધળો એક આંખ માગે ને ભગવાન બંને રતન સાચાં કરી દે એના જેવું થયું છે. તારી સ્ત્રી જીવતી રહે એમ તારી માગણી હતી, ખરું? તો હવે થોડી વાર ઊભો રહે; સ્ત્રીની સાથે એક બાળક પણ લેતો જા!'

કોઈ દરિદ્રીને અચાનક ધન સાંપડે તો એ જેવી નવાઈ પામે એટલી જ નવાઈ તેને મારી આ વાતથી લાગશે એમ મેં ધાર્યું હતું. પણ તેના મોં પર આનંદને બદલે કોઈ ક્રૂર વિચારો—ક્રૂર વિકારોના ભાવ ઊમટતા મેં જોયા. દાંત કચકચાવી એણે કહ્યું: 'શી વાત કરો છો, દાગ્તર સા'બ?'

મારે બધી વાત કહી દીધે જ છૂટકો હતો. મેં કહ્યું: 'ભલા ભાઈ! તારી સ્ત્રીને ટયૂમર કે એવો રોગ છે જ નહિ. એને તો પૂરા દહાડા જાય છે.'

પણ એ સાંભળતાં જ એના મોં પર એવી તો ભયંકર ક્રૂરતા પથરાઈ રહી કે સામે જો તેની સ્ત્રી હાજર હોત તો એ એનું ખૂન કરી નાખતાં પાછું વાળી જોત નહિ! ગુસ્સામાં જ તેણે કહ્યું: 'ત્રણ વરસથી ઘરનું આંગણું દીઠું હોય તો સમ ખાઉં, સા'બ! જાનમમાં જાય એ બાઈડી ને એનું.....!'

તેને શી રીતે ધીરો પાડવો તે મારે મન મોટો પ્રશ્ન થઈ પડયો. એની સ્ત્રીના છૂટાછેડા કરાવી હું બહાર આવું ત્યાર પહેલાં તો તે દવાખાનું છોડી પસાર થઈ ગયો હતો! ફરી એણે મને મોં બતાવ્યું નહિ. દસ દિવસને અંતે પેલી બાઈ પણ બાળકને લઈને પોતાને ગામ જતી રહી. મને એના પ્રત્યે ખૂબ દયા આવતી હતી; મેં એને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થોડીક મદદ પણ આપી. પણ એથી વધારે મારાથી કશું બની શકે તેમ નહોતું. વ્યક્તિગત દયાને ઝાકળનાં બિંદુઓ સાથે સરખાવી શકાય. એની શોભા સુંદર લાગે, પણ એનાથી અનાજ ન પાકે! એ માટે તો વર્ષાધારા જ જોઈએ.

વર્ષાધારા–સમાજ આખાની દયા અને સહાનુભૂતિ! ખરી વાત છે કે અનેક વ્યક્તિઓ–માણસોનો સમૂહ મળીને સમાજ બને છે; પણ એ માણસોના બનેલા સમાજમાં જુઓ તો ખુદ માણસાઈનો જ અભાવ હોય છે! એ બાઈ સંબંધે ભાઉસાહેબ સાથે વાત કરતી વેળા 'એ બાઈએ પાપ કર્યું ગણાય કે નહિ?' એ સવાલ મેં જ કરેલો. એને પાપી સમજનારી દૃષ્ટિ મારી નહિ પરંતુ સમાજની હતી! જ્યાં સુધી એ બાઈ દવાખાનામાં હતી ત્યાં સુધી એનો વિચાર આવતાં હું મનમાં મનમાં કહેતો: ઘણી ત્રણ વરસથી મુંબઈમાં જ વસે છે. આ જુવાનજોધ એકલી બાઈને શરીરસુખનો મોડ થઈ આવે તો એમાં નવાઈ શાની?

ગોહ! પાપ!

પણ એ પાપને માટે કોણ જવાબદાર? એ જવાબદારી બાઈને માથે ઢોળી દેવાય ખરી? પતિની સાથે મુંબઈમાં રહેવાની બાઈ ક્યાં ના પાડતી હતી? પણ જ્યાં પતિને પોતાને જ પોતાનું પેટ ભરવાના વાંધા હતા ત્યાં એ બિચારો પણ શું કરે? ને આ બાઈનો પણ શો વાંક? આનો જવાબ કયું ધર્મશાસ્ત્ર આપી શકે તેમ છે?

મને મારા જીવનનો ભૂતકાળ સાંભર્યો. મારી પત્નીને તેને પિયેરથી તેડું આવ્યું હતું. પરણ્યાં અમને એક વરસ થઈ ગયું હતું પણ ચાંદની રાત્રે ગમે તેટલો સમય પસાર થઈ જાય છતાં મોડું થયું છે એમ ક્યાં લાગે છે? અમારું એ એક વરસ આ જ રીતે પસાર થયું હતું. એમ લાગતું કે જાણે હજુ ગઈ કાલે જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમે પરણ્યાં છીએ. પત્નીને પિયેર જવું ન પડે એ સારુ આખરે મેં એક કપટ-નાટક ભજવવાનું ઠરાવ્યું! અને નવાઈની વાત એ છે કે એ નાટકમાં મારી પત્નીએ પણ સાથ આપ્યો, એથી જ એ નાટક સફળતાથી પાર પડ્યું! મેં એકાએક ખૂબ માંદા હોવાનો ઢોંગ આદર્યો. ઘરમાં બધાંને ભારે ચિંતા થઈ પડી. અને એવા માંદા પતિને છોડીને પછી પત્નીથી પિયેર તો જવાય જ શી રીતે?

પેલી બાઈ પણ જ્યાં સુધી મારા દવાખાનામાં મારી નજર સામે હતી ત્યાં સુધી મને એના પરત્વે સહાનુભૂતિના આવા વિચારો આવ્યા કરતા હતા. પણ દયાનું પણ સ્મશાનવૈરાગ્યના જેવું જ છે. એ બાઈ દવાખાનું છોડી ચાલી ગઈ અને દિવસો પસાર થતાં એનું સ્મરણ પણ જેમ ઝાંખું થવા માંડ્યું, તેમ તેમ એ બાઈ અંગેની સહાનુભૂતિને સ્થાને તિરસ્કારે મારા મનમાં ય પ્રવેશ કરવા માંડ્યો. પૈસાના લોભ ખાતર પાપની ખાડમાં ભૂસકો મારનાર વ્યક્તિ માટે દયા શી દાખવવી? ગડકરીનું એક વાક્ય મને વારે વારે સાંભરી આવતું: 'લોભ પાપનો પરમેશ્વર છે.'

* * *

એ બાઈના જખમને છેલ્લો ટેમો લેતો હતો ત્યારે મારા મનમાં ઉપલું છેલ્લું વાક્ય ઘોળાતું હતું. બાઈ હજુ બેભાન દશામાં જ હતી. એકાએક એણે આંખો ખોલી. એ કાંઈક કહેવા માગે છે એવું જણાતાં હું તેની નજીક ગયો. એના હોઠમાંથી 'ભેરવદાદા!' એટલા જ શબ્દો બહાર પડતા હું સાંભળી શક્યો. પગે લાગવા માટે એણે હાથ ઊંચકવા પ્રયત્ન કર્યો પણ નિષ્ફળ ગયો!

એના શરીર પરના જખમો પર મેં નજર ફેરવી. ધંધાદારી ડોક્ટર છતાં મેં પણ શરીરે કંપારી અનુભવી! પહેલી વાર એ બાઈ દવાખાને આવી ત્યારે જાણે સીજે પાંખડીએ ઝેઘડેલાં કમળ સરખાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એનાં નેત્રો હતાં; પણ અત્યારે સૂકાઈ ગયેલી કમળકળી કરતાં પણ એ આંખો સાવ નિસ્તેજ દેખાતી હતી. પોપૈયાની છાલ છરીથી ઝડપભેર ઉતારી લે તેમ પતિએ એના આખા શરીર પર ધારિયાના ઘા કર્યા હતા. એ જ સ્ત્રીને એણે કેવા પ્રેમથી અનેક વાર હાથ પકડી પાસે ખેંચી હશે, એના પર કેવાં મીઠાં ચુંબનો લીધાં હશે, પ્રેમભર્યો હેતાળ હાથ તેના વાંસા પર કેટલી વાર ફેરવ્યો હશે! ટ્યૂમરનું ઓપરેશન કરાવવાને ઇરાદે તે એને લઈને દવાખાને આવ્યો ત્યારે એની આંખે આંસુ સૂકાતાં નહોતાં! અને આજે? આજે એણે છોલી કાઢેલી એ જ પત્નીના દેહમાંથી લોહીની ધારાઓ અટકતી નથી! માણસમાં દેવ કરતાં રાક્ષસનું લોહી વધારે વહે છે, એના પાપનું તો આ પ્રાયશ્ચિત્ત ન હોય? પણ દુનિયામાં પાપ કોણ નથી કરતું? નદીઓ તો બધી જ ઊંચા પર્વત પરથી અધોગતિ પામતી નીચે જ વહી આવે. માત્ર કોઈ નદી જ્યારે બહુ ઊંચી ભેખડ પરથી નીચે ઊંડાણમાં એકદમ ધસી પડે ત્યારે જ તેના ઘોઘનો અવાજ ચોગરદમ ફરી વળે, ને આખા વનમાં સંભળાય! પેલી સ્ત્રીના હોઠ હલ્યા હોય એવો મને ભાસ થયો. નીચા નમી મેં તેના મોં પાસે કાન અડકાડ્યો. બહુ ક્ષીણ સ્વરે તે બોલી: 'મારું બાળક...'

ઓ ભગવાન! એને વળી બાળક સાંભરી આવ્યું! અત્યારે તે મૃત્યુને દ્વાર ઊભી હતી; સહેજ પણ માનસિક આઘાત લાગતાં જ તે બીજી બાજુ પટકાઈ પડત.

મેં ખોટું ખોટું જણાવ્યું: 'બાઈ! ચિંતા ન કરીશ; તારું બાળક કુશળ છે, હો!'

ખરું જોતાં એ બાળક લોહીલોહાણ બનેલા એક પોટલામાં બંધાઈને ફોજદારની ઑફિસમાં સદાને માટે પોઢયું હતું! પણ એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાત પેલી બાઈને શી રીતે જણાવવી?

એ બાઈના જીવવા વિષે મારા મનમાં બહુ થોડી આશા હતી. મરણ પહેલાં તેની કોઈ કેફિયત–હકીકત લખી લેવી હોય તો તુરત આવી પહોંચો એવો સંદેશો મેં ફોજદાર સાહેબને પાઠવ્યો, અને થોડી વાર આરામ લેવાને ઇરાદે હું મારી ઓરડીમાં ગયો. પણ બહાર વરંડામાં આવ્યો તો આકાશ આખું કાળા મેઘાડંબરથી છવાઈ ગયું હતું. સાંજની વેળા સંધ્યાના રંગો અને કાળાં વાદળાંથી છવાયેલા એ આકાશનો દેખાવ કોઈ જખમી આદમી શો લાગતો હતો. એ જખમો સંધાઈ ગયા હોવાનું હવે રાત્રિને જણાતું હતું. સવાર પડતાં વળી એ જ આકાશ પાછું જાણે હસી ઊઠતું હોય એમ પણ દેખાશે! પણ અંદર સૂતેલી પેલી બાઈ—

એટલામાં એક તીડ કર્કશ અવાજ કરતું મારા કાન પાસેથી પસાર થઈ ગયું. વરંડામાંથી એક કબૂતર પણ ફફડાટ કરતું ઊડી ગયું. શૂન્ય નજરે હું સામે પથરાયલા અંધકાર તરફ જોઈ રહ્યો. અમાસનું ઘોર અંધારું—

આજે અમાસ છે? મને એકદમ પેલાં ભાઉસાહેબની વાર્તાનાં પાનાં સાંભરી આવ્યાં. મારી ઓરડીમાં ટેબલ ઉપર એ એમ ને એમ મૂકીને જ હું બહાર આવ્યો હતો.

* * *

પાનાં હાથમાં લઈ મેં વાંચવા માંડ્યું—

પાપનું મૂળ

આજે શ્રાવણ મહિનાની અમાસ છે. એ બનાવને આજે બરોબર એક વરસ થઈ ગયું છે. પણ એ રાતનું દૃશ્ય હજુ આજે પણ મારી નજર સામેથી ખસતું નથી. દુનિયાની નજરે તો હું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનીતિને માર્ગે ચડી જ ચૂક્યો છું. પરણ્યા વિના જ ઘરમાં એક બાઈને રાખી બેસનારા મારા જેવા આદમીને શ્રીમદ્ શંકરાચાર્ય 'ધર્મમાર્તંડ'ની પદવી તો ન જ આપે, એ દેખીતું છે. ને મારી એવી ઇચ્છા પણ નથી. પરંતુ દુનિયા જેમને દૂધથી ધોયેલા સમજે છે, એવાઓમાં પણ અડદના દાણા સાંપડે તો ખરા જ! એ દૃષ્ટિએ તો હું—

મારા જન્મ પહેલાં જ મારા પિતાશ્રીને પત નીકળ્યું હતું. હું કૉલેજમાં ભણતો હતો ત્યારે કેટલાક ડૉક્ટરોએ મને કહેલું કે મને પણ જતે દહાડે એ રોગ ફૂટી નીકળવાનો સંભવ ખરો! એ જ વેળા મેં મનમાં નિશ્ચય કરી વાળ્યો કે પરણીને આ રોગનો વેલો વધારવો હિતાવહ ન ગણાય. ત્યારે મેં માનેલું કે પરણ્યા વિના પણ હું પવિત્ર રહી શકીશ.

પણ નાનપણથી જ માતાએ લાડ ખૂબ લડાવેલાં; વિદ્યાર્થી અવસ્થામાં નાટકો-સિનેમા જોવા સિવાય બીજો કશો ધંધો કરેલો નહિ; અને પંદરમે વરસે પહોંચ્યો ત્યાં તો મેં પ્રેમકથાઓ લખવા માંડેલી! એ પરિસ્થિતિમાં ઓરડીમાં સ્વામી રામદાસ અને વિવેકાનંદના કેવળ ફોટાઓ ટિંગાડવાથી માણસ મનોનિગ્રહ શી રીતે સાધી શકે? સ્વપ્નમાં મને ભીંતે ચોડેલા ભીષ્મપિતામહ કે રામદાસનાં કદી જ દર્શન થતાં નહિ! નાટક-સિનેમાની લલનાઓના લશ્કરમાં એ બિચારાઓનો ભાવ કોણ પૂછવાનું હતું?

છતાં એક વાત દીવા જેવી સ્પષ્ટ છે. મેં બાઈને રાખી છે ખરી, પણ તે પછીનો એની સાથેનો સઘળો વહેવાર પરિણીત ધર્મપત્ની જેવો જ રાખ્યો છે. કાંઈ નહિ તો ગયા શ્રાવણ મહિનાની અમાસ સુધી તો મારું વર્તન એવું જ શુદ્ધ રાખતો આવ્યો છું. ગયે વરસે મેં એક નવલકથા લખવાનું ધારેલું. એ માટે કોઈ શાંતિ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભર્યું સ્થાન મેળવવાની આશાએ જેઠ મહિનામાં પાંચ-છ માઇલ દૂર આવેલા એક ગામડામાં એક સ્નેહીને ત્યાં જઈને રહ્યો. ઓશરીની એક બાજુએ એક સ્વતંત્ર ઓરડો મારા માટે અલાયદો રાખવામાં આવ્યો હતો. શ્રાવણ મહિનાની અમાસને દહાડે વાળુ કર્યા પછી હું લખવા બેઠો. નવલકથાનું છેલ્લું પ્રકરણ આજે લખવાનું હતું. બહાર ઘોર અંધકાર પથરાયો હતો છતાં મારી નવલકથામાં આવતું નાયકનાયિકાનું યુગલ પૂનમની રાત્રે ચાંદનીમાં વિહાર કરવા નીકળી પડયું હતું. તમરાંનો તીણો અવાજ, અહીંતહીં ઊડતાં તીડોનો વચ્ચે વચ્ચે સંભળાતો કર્કશ કચકચાટ, પવનનો ઘુઘવાટ અને ઝાડનાં પાંદડાઓનો આછો સળવળાટ: એમાંનું કશું મને તે વેળા સંભળાતું નહોતું. માત્ર નવલકથામાં નાયકે નાયિકાનું છેવટે જે આછું શું ચુંબન લીધું એનો નાજુક પ્રતિધ્વનિ જ કેવળ મારા કાનમાં લાંબા વખત સુધી ઘૂમતો રહ્યો હતો.

કોઈ પ્રણયકથાની તુલના દારૂ સાથે કરવા માંડું તો લોકો મારી મશ્કરી કરવા લાગશે. પણ લલિતલેખકને પોતાના લેખનનો કેફ ઘણી વાર ચડે છે એ તો નિર્વિવાદ છે. દુમન ગળાફાંસો ખાય છે એ પ્રવેશ પૂરો લખી રહ્યા પછી કવિ ગડકરીને સખત તાવ ચડયાની સાંભળેલી દંતકથા સાવ ખોટી હશે એમ તો નથી જ લાગતું. નવલકથાની છેલ્લી લીટીઓ પૂરી કરી દીવો બુઝાવી મેં નિદ્રાદેવીની આરાધના માંડી. પણ ઊંઘ અને સ્ફૂર્તિ બંને સગી બહેનો જેવી છે: ન ઇચ્છીએ તે વેળા જરૂર આપણને ઘેરી વળે—

મેં કપડાં પહેર્યાં. વરસાદ આવે તો પલળવું ન પડે એટલા માટે ખભે ઓવર-કોટ નાખ્યો, હાથમાં બેટરી લીધી ને સીધો દરિયાકિનારે ઊપડયો. રસ્તામાં ભૈરવનાથનું મંદિર આવતું હતું. ભૈરવનાથ એટલે તો ભૂતપિશાચનો સ્વામી! એમાં આજે વળી અમાસની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાત એટલે મહેરબાન ફરવા નીકળ્યા જ હોય! રસ્તામાં ક્યાંઈ ભેટી જાય તો 'ગુડ મિડનાઈટ મિ. ભૈરવ મહાશય!' કહી એમનો સત્કાર પણ કરવાનો વિનોદભર્યો વિચાર મારા મનમાંથી પસાર થઈ ગયો. પણ એ વિચાર એકાદ ક્ષણ માટે જ આવ્યો હશે. તુરત મારા દિલમાં નાચી રહેલા પ્રણયના વિચારોએ ઉછાળો માર્યો. મનમાં થઈ આવ્યું, અત્યારે કોઈ હૈયાના સાથીદારને ગળે હાથ નાખતાં ઊંચે આકાશમાં આંખો પટપટાવી રહેલા તારલિયાઓને સંભળાવવું: 'તમે ભલે એકબીજાને ગળે વળગી પડ્યા હો એવું દેખાતું હોય, તોપણ તમારી વચ્ચે હજારો માઈલનું અંતર છે; ત્યારે જોઈ લ્યો અમારી જોડલી!' ઘેરા અંધકારભર્યા આકાશને સંભળાવવું: 'તારા મનમાં અરુણોદયના દૃશ્યનું ભારે અભિમાન છે ને? ચાલ, બતાવ તારો અરુણ અત્યારે ક્યાં છે? નહિતર જોઈ લે આ મારો અરુણ!' અગર નીચા નમીને નિશિગંધના છોડને સુણાવી દેવું: 'તારા મનમાં તો એમ જ હશે કે રાત્રે કેવળ તારા પર જ ફૂલો ખીલે છે; પણ ગાંડા ભાઈ! જરા આ બાજુ અમારા સામું નજર તો નાખ?'

આસપાસ વહેતી અનેક વાયુલહરીઓ પેઠે આવી અનેક કલ્પના-લહરીઓ મારા મગજને સ્પર્શી ગઈ.

સહેજ આગળ વધ્યો તો રસ્તાની બાજુએ જ કોઈ ઊભું હોય એમ લાગ્યું. ઝટ કરતી મેં બૅટરીની ચાંપ દાબી એના સ્વચ્છ અજવાળામાં જે બે સુંદર નેત્રો મેં જોયાં તે હજુ મારી નજર સામેથી ખસતાં નથી. પેલી બાઈ ગભરાઈને બી ન જાય એટલા ખાતર મેં તુરત બૅટરી બંધ કરી દીધી. બાઈએ મને પૂછ્યું: 'તમને ભૈરવદાદાએ મોકલ્યા છે?'

એ વાક્યનો અર્થ હું સમજી ન શક્યો. ઘડીભર મને લાગ્યું કે કોઈ ગાંડી બાઈ હશે. પણ એ આંખોનું સ્મરણ થતાં જ —

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેં કહ્યું: 'હા.'

અમાસને દહાડે રસ્તાની બાજુએ એ સ્ત્રી ઊભી હતી. ત્યાંથી ભૈરવનાથનું મંદિર દૂર નહોતું. દેવદાસી (વેશ્યા) વિના બીજી કઈ સ્ત્રી ત્યાં હોવાનો સંભવ હોય? ઘડી પહેલાં મારા મનમાં ઘોળાતા વિલાસી વિચારોએ ઉચ્છૃંખળતા ધારણ કરી. મેં હા પાડ્યા છતાં એ બાઈ આગળ કશું બોલતી નહોતી એટલે મારા વિકારો વધારે ઉત્તેજિત થયા. ખીસામાં હાથ નાખી મેં પૈસાનું પાકીટ કાઢ્યું.

પાકીટમાં ખણખણતા રૂપિયાનો અવાજ સાંભળી તે બોલી ઊઠી: 'મારે દસ રૂપિયા જોઈએ છે.' પણ એ શબ્દો ઉચ્ચારતી વેળા એના અવાજમાં ખૂબ ધ્રુજારી ભરી જણાતી હતી.

મેં હાથ લંબાવી એનો હાથ પકડવા પ્રયત્ન કર્યો. પણ તુરત આંચકો મારી તેણે એ છોડાવી દીધો. પણ મેં તો મારી જાત પરનો કાબૂ ગુમાવ્યો હતો. આટલી ઉન્માદાવસ્થા મેં જીવનમાં કદી પણ અનુભવી નહોતી. અન્યથા શાંત જણાતા સાગરમાં વર્ષાઋતુમાં જ ભયંકર તોફાન અને વાવાઝોડાં ઊઠે છે. આ લીટીઓ લખું છું ત્યારે મને થાય છે કે મેં એ બાઈને રૂપિયા શા માટે જોઈએ છે તે પૂછ્યું હોત તો સારું થાત. પણ તે વેળા હું મારી શુદ્ધબુદ્ધ ખોઈ બેઠો હતો!

હાથ તરછોડાયો એટલે નિરાશ બની મેં આગળ ચાલવા માંડ્યું. પાંચ જ મિનિટમાં મારી પાછળ કોઈ ચાલ્યું આવતું હોય એવાં મેં પગલાં સાંભળ્યાં. હું ઊભો રહી ગયો. કોઈ નજીક આવતું દેખીને મેં વળી બૅટરીનો પ્રકાશ ફેંક્યો. એ જ આકર્ષક આંખો! મૂંગા રહી વળી મેં આગળ ચાલવા માંડ્યું; પેલી બાઈ પાછળ પાછળ આવ્યા જ કરતી હતી. હું મારી રોજની મનગમતી રેતીની ટેકરી પર જઈ બેઠો, ત્યાં તો પેલી સ્ત્રી પણ ત્યાં આવી પહોંચી. મારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાત પરનો કાબૂ હું ખોઈ બેઠો. ઝટ કરતો ઊભો થઈ હું તેની નજીક જઈ પહોંચ્યો. બીજી પળે આસપાસ પથરાયેલી અમાસની કાળી છાયામાં મારા મનથી પૂર્ણિમાનું અજવાળું પથરાયું.

પાછા ફરતી વેળા કુતૂહલનો માર્યો હું એ બાઈને ઘેર ગયો. એ ઘર નહિ—ભાંગલું તૂટલું ઝૂપડું જ હતું! અંદર બીજું કોઈ ન હતું. બૅટરીના અજવાળામાં પળ વારમાં મેં અંદરની બધી ચીજો પર નજર ફેરવી લીધી. ઠોબરાં, ડબલાં અને ગાભા સિવાય બીજું હોય પણ શું? જિંદગીમાં ફરી એ નેત્રોનાં દર્શન સાંપડવાં દુર્લભ છે એમ માની મેં એ બાઈના મોં તરફ નજર ફેરવી. પણ— એ આંખોએ ચોધાર આંસુઓ વહી રહ્યાં હતાં! ઘડી પહેલાં હૈયાએ અનુભવેલી પૂનેમ પાછી ઘેરી અમાસમાં પલટાઈ ગઈ. એની આંખે વહેતી એ કેવળ આંસુની ધારાઓ નહોતી—ચૂર્ણવિચૂર્ણ થયેલ એના આત્મામાંથી જાણે રક્તધારાઓ જ વહી રહી હતી!

એ અમાસને દિવસે મેં પૂર્ણિમાનો અનુભવ લીધો હતો!

એ અનુભવમાં પાપ સમાયું હશે. પણ એ પાપને અંગે સમાજ તરફથી મને લેશ પણ હરકત પહોંચવાની નથી. પણ એ બાઈને હાથે પાપનું આચરણ થયું એમ માનીએ તો એ પાપનો કર્તા કોણ? એ પાપનું મૂળ શામાં રહેલું છે?

ત્રણ મહિના પહેલાં અહીંના દવાખાનામાં પેલો ટ્યૂમરવાળો બાઈનો વિચિત્ર કિસ્સો બની ગયો. તે બનાવ પછી ડૉક્ટર સાથે મારે એ અંગે વાતચીત પણ થઈ. ખરેખર, પાપનું મૂળ માનવીમાં તો નથી જ!

એ બાઈ દસ રૂપિયાને લોભે મારી પાછળ ખેંચાઈ આવી હતી. એના પાપની જવાબદારી એની ગરીબાઈ પર જ નાખવી ન જોઈએ શું? એણે પહેલે સપાટે તો મારા હાથનો તિરસ્કાર જ કર્યો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતો. અને પછીથી પણ એની આંખો ચોધાર આંસુ વર્ષાવતી હતી. પછી શંકાને સ્થાન જ ક્યાં રહે છે? જો એ ક્ષણે મારી પાસે દસ રૂપિયા ન હોત તો? તો એ પાપી મોજ માણવાના વિચારમાં હું આગળ વધી શક્યો ન હોત—અગર એ વિચાર આવ્યા કરત તોપણ એનો અમલ થઈ શકત નહિ. 'તમને ભેરવદાદાએ જ મોકલ્યા છે?' એ એનો સવાલ મારા મનથી હજી અણઊકલ્યો જ રહ્યો છે. એના દિલમાં દેવોને અંગે અવશ્ય કોઈ વિચિત્ર માન્યતા વસતી હોવી જોઈએ. એની આંખો પાણીદાર—આકર્ષક હતી, પણ એના વિચારો? અગર વિચારો સાથે આંખોને શો સંબંધ છે?

એક તરફ ગરીબાઈનો ખડક, બીજી બાજુ ધનિકોના મોજ-શોખનો ખડક, સામે અજ્ઞાનનો ખડક અને પાછળ ધાર્મિક રૂઢિઓની ઘેલછાનો ખડક! ઉપરાંત કુદરત, પરિસ્થિતિ, વંશપરંપરાના સંસ્કારો જેવા વિકરાળ ખડકો તો ચોપાસ છુપાયેલા પડ્યા જ છે! આ અનેક ખડકોની વચ્ચેથી સામાન્ય માણસે પોતાની જીવનનૌકા શી રીતે હંકારવી એ મહા વિકટ પ્રશ્ન છે! એમાંના કોઈ ખડક સાથે એ હોડી અફળાઈ પડતાં જ સમાજ 'પાપ, પાપ!' કહી પોકારી ઊઠે છે; પણ ખડક સાથે અફળાવાથી ગાબડું પડેલી એ હોડીમાંનું પાણી ઉલેચવામાં સહાય કરવા કોઈ જ દોડી જતું નથી. દુનિયામાં અકારણ પાપ આચરનારી વ્યક્તિઓ જવલ્લે જ નીકળે છે. એ સઘળાં પાપોનો સરજનહાર તો આપણો સમાજ છે. પ્રકૃતિને પગ તળે છૂંદીને નીતિને માથે ચડાવી નાચનારો, જીવતા માનવીઓને ભૂખે ટળવળતાં રાખીને ભગવાનને ભોજનના થાળ ધરાવનારો, અને એકાદ રાજામહારાજાને શણગારેલા મહેલમાં મહાલવાનું મળે તે ખાતર હજારો ગ્રામવાસીઓને તૂટીફૂટી ઝૂંપડીઓમાં સબડાવનારો પણ આપણો એ જ સમાજ છે!

* * *

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હું વાંચતાં અટકી ગયો. બહાર વરસાદ પડવો શરૂ થઈ ગયો હતો. વાંચતાં ડોક દુખવા આવી હતી એટલે કાગળ પરથી નજર ઉઠાવી લઈ મેં બહાર જોયું. આકાશમાંથી પડતી વીજળી મારી નજીકમાંથી પસાર થઈ હોત તોપણ હું એટલો બધો નવાઈ ન પામત!

પોલીસને હાથ ન આવેલો પેલી બાઈનો ધણી બહાર દવાખાનાના વરંડામાં જ ઊભો હતો! એની હાજરીથી પહેલાં તો હું પણ ગભરાઈ ઊઠ્યો. પણ બારીના કાચની આરપારથી દેખાતો એનો ચહેરો સ્પષ્ટ જોઈ શકાતો નહોતો તેથી હો, અગર તો ભાઉસાહેબની વાર્તા વાંચ્યા પછી મનમાં પેદા થયેલી ગ્લાનિને કારણે હો, મને એનો ચહેરો ખૂબ ઉદાસ અને ખિન્નતાભર્યો દેખાયો. મેં તેને હાથની નિશાની કરીને અંદર આવવા જણાવ્યું. વરસાદથી આખે શરીરે તે તરબોળ થઈ ગયો હતો. મેં તેને કોરાં કપડાં પહેરવાનું સૂચવતાં જ તેણે જવાબ આપ્યો: 'શું સાહેબ! ફાંસીએ લટકવા તૈયાર થયેલો આદમી એમ શરદીથી ગભરાશે?' એટલું કહી તે હસી પડ્યો. એ હાસ્ય પણ ભયાનક લાગતું હતું—ઘાટા અંધકારમાં ચેતવેલી જાણે અગ્નિજ્વાલા!

તુરત એણે પોતાની વાત કહેવા માંડી—

પાંચ વરસ પહેલાં હીરાને એ પરણ્યો હતો. પરણ્યા પછી ને વરસે તો શી મોજે માણેલી—

ઊંચી નાળિયેરી પર ચડી પોતે નાળિયેર પાડતો હોય ત્યારે નીચે પડેલાં નાળિયેર એકઠાં કરતાં કરતાં ઊંચે જોઈ રહેલી હીરામાં અભિમાનની છટા ચમકી રહેતી. હાથી પર અંબાડીમાં ચડી બેઠો હોય તેમ પોતે નાળિયેરીની ટોચે બેસી જ રહેતો. પોતાને એ રીતે નોધારો બેઠેલો જોઈ હીરાની આંખે આંસુ આવી જતાં!—

હીરાએ બચાવેલા પૈસામાંથી હીરા પતિને ગમતી માછલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લઈ આવતી તો પોતે પોતાની બચતમાંથી હીરાને માટે એને મન-ગમતાં ફૂલો લઈ આવતો!—

આનંદના એ દિવસો આંખના પલકારા પેઠે પસાર થઈ ગયા.

ઘરમાં બીજું તો કોઈ નહોતું એટલે બાદશાહ અને બેગમની પેઠે મોજથી રહેવાની સગવડ તો હતી; પણ બાદશાહના બાપે વ્યસનને પરિણામે માથે દેવું કરી રાખ્યું હતું અને કેવળ ગામમાં રહી મજૂરી કર્યે બાદશાહથી એ દેવું પૂરું થાય એવું હતું જ નહિ! બાદશાહે કોઈ નોકરીની શોધમાં મુંબઈમાં પગ દીધો. પણ નોકરી ન મળે ત્યાં સુધી બેગમસાહેબને ત્યાં લાવે શી રીતે? મુંબઈમાં પોતે એકલો જ રહ્યો. એમ કરતાં કરતાં ત્રણ વરસ વીતી ગયાં, પણ કોઈ કાયમી કામ મળી શક્યું નહિ. થોડા દહાડા મિલમાં ગયો; સવારથી સાંજ સુધી મિલમાં બફાઈને રાત્રે એ ઘેર આવતો ત્યારે થાકીને લોથ થઈ જતો. તે વેળા જો હીરા ત્યાં હોત તો માત્ર તેના સ્પર્શથી પણ એને ઘણો આનંદ થાત. આખરે શારીરિક થાક અને માનસિક દુઃખ ભૂલી જવા સારુ એણે દારૂ પીવા માંડ્યો. આગળ જતાં નોકરી તો ચાલી ગઈ, પણ દારૂની કુટેવ કાયમની રહી ગઈ! મજૂરી કરતાં કોઈ વખતે જે કાંઈ બેપાંચ રૂપિયા બચતા તે પણ શરતમાં લગાવવાની એણે શરૂઆત કરી. બિચારાને આશા હતી કે 'શરતમાં એકદમ ઘણા રૂપિયા મળી જશે, પછી પોતે હીરા માટે સારાં સારા કપડાં ખરીદીને વતનમાં તેને મળવા જશે—'

પણ એ સઘળાં મનોરાજ્યો ગરીબ આદમીનાં હતાં—સદા નિષ્ફળ રહેવા જ સર્જાયાં હતાં! માથે દેવું વધતું ચાલ્યું. મુંબઈમાં રહ્યાં રહ્યાં હવે તેણે હીરા પાસેથી જ પૈસા મંગાવવા માંડ્યા. એક વરસ પહેલાં તેણે હીરાને લખેલું—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'કાગળ મળતાં જ દસ રૂપિયા મોકલી દેજે. નહિ તો તારા ધણીનું મોં તું જોવા પામીશ નહિ.' મુંબઈમાં લેણદારો પાસેથી છટકી જવા માટે તે પોતાને વતન કોંકણમાં નાસી જવા ધારતો હતો, પણ નાસી છૂટવા જેટલા પૈસા પણ ખીસામાં હતા નહિ!

હીરાએ દસ રૂપિયા તો મોકલી આપ્યા, પણ એ રૂપિયા એણે શરતમાં જ ખરચી નાખ્યા. વળી એનું વતન આવવાનું પાછું ઠેલાયું. એમ કરતાં આખરે ત્રણ મહિના પછેલાં તે ઘેર પાછો ફર્યો. મુંબઈમાં રહી નોકરી કરતાં શીખ્યો હોવાથી ગામડામાં છૂટક મજૂરી કરવા જતાં હવે તે શરમાવા લાગ્યો. બીજી બાજુ હીરાથી તો કશું થઈ શકે તેવું રહ્યું નહોતું: તે તો સાવ નખાઈ ગયા જેવી થઈ ગઈ હતી. ગામના ડૉક્ટરે સાદી તપાસ કરી નિદાન કર્યું: 'બાઈને ટ્યૂમર થયેલ છે. પેટ ચીરીને બગાડને બહાર કાઢ્યા વિના બીજો ઉપાય નથી.' પત્નીને લઈ બિચારો તાલુકાને ગામ આવ્યો. એના મનમાં સ્ત્રી વિષે કોઈ જાતનો વહેમ જ હતો નહિ. હીરાને પણ ભૈરવનાથ પર ભારે આસ્થા હતી; દરેક અમાસે એના નામે એક નાળિયેર પણ તે વધેર્યા કરતી!

દવાખાનાવાળા બનાવ પછી તે ગુસ્સાભર્યો પોતાને ગામડે પાછો ગયો. દિવસ આખો બીડીઓ વાળવી અને સાંજ પડયે ભરપૂર દારૂ ઢીંચવો એ એનો રોજનો ક્રમ થઈ ગયો. બાળકને લઈ હીરા પણ દવાખાનેથી પોતાને ગામડે પાછી ફરી. લોકો જે કાંઈ વાતો કરતા તે સઘળું તે નીચું જોઈ સાંભળી લેતી. પણ આ ભાઈ તો દારૂ ઢીંચે, એટલે લોકો એને ચીડવતા: 'કેમ બાદશાહ! ઘેર બેગમ-સાહેબની તબિયત તો મજામાં છે ને? ને શાહજાદાસાહેબ શું કરે છે? ને એ શાહજાદાના વાલીદનું નામ કહેશો કે? ભાઈ, એ તો એમ છે કે ફળ ઊંચી જાતનાં જોઈતાં હોય તો આંબો ય કલમી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ જોઈએ ના!'

આવી તો અનેક વાતો ચાલતી.

આજે બપોરના પણ આવું જ બન્યું. ચિડાઈ ઊઠતાં દારૂના નશામાં એને કશું ભાન ન રહ્યું અને હીરા તથા બાળક ઉપર એણે ધારિયાના છૂટે હાથે ઘા કર્યા! પાછળથી નશાનું ઘેન ઊતરી જતાં એ રડી ઊઠ્યો હતો. હીરાનું મોં છેલ્લી વારનું જોઈ લેવું અને પછી પોલીસને સ્વાધીન થઈ જવું એ વિચારે અત્યારે તે દવાખાને આવ્યો હતો.

મન મોકળું મૂકી તે રડી ઊઠ્યો. એ ખૂની હતો. પણ એ પાપને માટેની સઘળી જવાબદારી શું એની જ હતી? ઘડી પહેલાં ભાઉસાહેબે લખેલી આત્મચરિત્રવાળી પેલી વાર્તા મને સાંભરી આવી. દારૂના નશામાં એણે ખૂન કર્યું હતું. પણ દારૂની લતે શું એ અમસ્થો જ ચડ્યો હતો? ગરીબાઈ, અજ્ઞાન, સુખનો અભાવ! પાપનાં મૂળ કેટલાં ઊંડે અને લાંબે સુધી પથરાયેલાં હોય છે!

કશીક વાતચીત કરવાને ઇરાદે મેં તેને સવાલ કર્યો: 'અલ્યા, તારા ભૈરવનાથ ખરેખર જાગતી જોત છે?'

'હા સાહેબ!'

'તો તારી સ્ત્રીને એના પાપનો બદલો એ જ ન આપત? તેં પોતે શા માટે...'

'સાહેબ! એટલું ભાન જો હોત તો તો — સાહેબ! અમારા ભૈરવનાથ રોજ રાત્રે આખા ગામમાં ચક્કર માર્યા જ કરે છે. ગમે તેવું ઝોડ ભલે ને હોય? બસ છ જ મહિનામાં નિકાલ થઈ જાય. એમાં ય અમાસની મધરાતે જો એને કોઈ મળે તો—તો એ માણસ તો ન્યાલ જ થઈ જાય. માગ્યું બધું જ એને મળી જાય!'

'આજે પણ અમાસ જ છે તો!' મેં મશ્કરીભર્યા સ્વરે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહ્યું. પણ એનું ધ્યાન એ બાજુ ગયું જ નહોતું. એણે ચલાવે રાખ્યું: 'આજે જો હું ગામમાં સંતાઈ રહ્યો હોત ના, તો મધરાતે...'

'તેં ભૈરવનાથ પાસે શું માગ્યું હોત?'

'મારી હીરાને હું પાછી માગત!' અતિશય વ્યાકુળતાભર્યા સ્વરે તે બોલ્યો.

હું તેને હીરા પાસે લઈ ગયો. હીરાની નાડી અત્યારે તો પહેલાં કરતાં પણ ધીમી પડી ગઈ હતી. એની જિંદગીનું ભારખાનું મૃત્યુદેવના યાર્ડમાં દાખલ થયાનાં સ્પષ્ટ ચિહ્નો જણાતાં હતાં. મેં નિરાશ બની તેના પતિ તરફ જોયું. બેહોશ બની ગયેલા બાળક જેવું એનું મોં જણાતું હતું. એના તરફ જોતાં અતિ ક્ષીણ અવાજે બાઈએ બોલવા માંડ્યું: 'તમારો...કાગળ...દસ...રૂપિયા...અમાસ ...ભૈરવનાથ...ના...ના! મેં જ...ભૂલ કરી...ભગવાન...મને માફ કરે...'

આકાશમાં મેઘગર્જના થઈ.

ગભરાઈ ઊઠી મેં આસપાસ જોયું. બારણામાં ભાઉસાહેબ ઊભા હતા! આટલે મોડે સુધી હું દવાખાનામાં શા રાટે રોકાયો છું તે જાણવા માટે જ ઘણુંખરું તે આવ્યા હશે.

ફરી કડાકા સાથે વીજળીનો ચમકારો થયો. એ વીજળી નહોતી–કોઈ રાક્ષસી નજર જ હતી! બારીમાંથી એણે ફેંકેલું અજવાળું સીધું હીરા અને ભાઉસાહેબના મોં ઉપર પડ્યું.

બંને સાથે જ કરુણ સ્વરે ચીસ પાડી ઊઠ્યાં: 'ઓ ભગવાન!'

અને એ જ પળે ત્યાં જાણે ભગવાનનો અવતાર પણ થયો–ફોજદાર રૂપે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરસ્વતી

આજ સુધી કોઈ કવિએ હજુ વાવાઝોડું અને વાતોનાં ગપ્પાંની તુલના કરવાની હિંમત તો દાખવી જ નથી; પણ મને નવાઈ તો એ લાગે છે કે કોઈ વિનોદી લેખકે પણ એમના સામ્યનું કચાંયે વર્ણન આપ્યું નથી. ખરી વાત એમ છે કે વાવાઝોડાની પેઠે જ ગપ્પાં કયે સ્થળે જઈ પહોંચશે એનું કશું ઠેકાણું કહેવાતું નથી! અમારી કલબનો જ દાખલો લઈએ. દિવાળીના દિવસોમાં કલબના સઘળા સભ્યોએ એક જમણ કરવાનું ઠરાવ્યું. જમણ વખતે પકવાન્નમાં શું બનાવવું એ વિષે એટલો જોરદાર વાદવિવાદ અને ચર્ચા જામ્યાં કે કોઈ પણ મ્યુનિસિપલ ચૂંટણીમાં પણ એટલી ખેંચાખેંચી ભાગ્યે જ થઈ હશે. આખરે શીખંડપૂરી માટે વધારે મતો મળ્યા. જમણની વાની નક્કી થયા પછી દિવસની પસંદગીનો સવાલ ઊભો થયો. દિવાળીનો દિવસ લક્ષ્મીપૂજનનો હોવાથી વેપારીઓને અનુકૂળ નહોતો; અને એસતે વર્ષે ઘેર ન જમે તો ઘરમાં પગ મૂકવાની હામ રહેશે કે નહિ એવી તકરાર કેટલાક પતિ-રાજાએ* કરી; અને ભાઈબીજ તો ખાસ બહેનો માટે જ હોય! ઘણા ભાઈઓને પોતાની બહેનને ત્યાં તે દિવસે જમવા ગયા વિના ચાલે જ નહિ.

---

* ભાઈબીજને દિવસે જમણવેળા જેમ બહેન ભાઈનાં ઓવારણાં લે તેમ કાર્તિક પડવાને દિવસે પત્ની પતિનાં ઓવારણાં લે એવો કેટલાંક મહારાષ્ટ્ર કુટુંબોમાં રિવાજ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને એમ વાતમાંથી વાત ચાલતાં ભાઈબીજ અંગે જ ચર્ચા ચાલી. એકે એવો સવાલ કર્યો કે ભાઈ અને બહેન વચ્ચે આટલો બધો પ્રેમભાવ છે છતાં બહેનો વચ્ચે એવો પ્રેમ કેમ નહિ બતાવાયેલ હોય? અમારામાં અનેક વિદ્વાનોએ એ સવાલનો જવાબ આપવા મહેનત કરવા માંડી. એકે ફ્રોઈડ વિષેનાં ગપ્પાં હાંકતાં દર્શાવ્યું કે ભાઈ અને બહેન વચ્ચે જ વધારે આકર્ષણ હોઈ શકે. બીજાએ એવું સાબિત કરી બતાવ્યું કે સમાજમાં પુરુષ કમાનાર અંગ હોવાથી એણે પોતાનો ભાવ વ્યક્ત કરવા માટે બહેનને ભાઈબીજને દિવસે ભેટ આપવાની રીત શોધી કાઢી છે. ત્રીજા ભાઈ જરા જૂનવાણી વિચારસરણી ધરાવતા હતા; તેમણે બસો પુરુષો સાથે રહી શકશે પણ બે સ્ત્રીઓને કદી સાથે ભડશે નહિ એવી લોકોક્તિનો આધાર લઈને બહેન કદી બહેન પર હેત રાખી જ ન શકે, એવો સિદ્ધાંત રજૂ કર્યો. ત્રણેની ચર્ચા હું મજેથી સાંભળી રહ્યો હતો. એ વાદ-વિવાદમાં જમણનો દિવસ નક્કી કરવાની વાત તો સહુ ભૂલી જ ગયા એથી મને હસવું પણ આવ્યું. એ ચર્ચા પૂરી થતાં અમે સહુ કલબમાંથી છૂટા પડ્યા ને હું એકલો મારા નિત્યક્રમ મુજબ ફરવા ઊપડ્યો. પણ પાણીમાં દાબી રાખેલું બૂચ જેમ હાથ ઊઠાવી લેતાં જ ઊછળીને ઉપર આવી જાય, તેમ હું એકલો પડતાં મારા મનમાં એકનો એક વિચાર વારે વારે ઘોળાવા લાગ્યો. સામાન્ય દુન્યવી વહેવારમાં જુઓ કે સાહિત્યની કૃતિઓમાં તપાસો, ભાઈએ બહેન પ્રત્યે દાખવેલ હેતનાં દૃષ્ટાંતો આપણને અનેક સાંપડી આવે છે. પણ બહેને બહેન તરફ દાખવેલા હેતનું દૃષ્ટાંત—

મેં વાંચેલી નવલકથાઓ, વાર્તાઓ, નાટકો, નવલિકાઓ—એક પછી એક બધાંનાં વસ્તુઓ મારા સ્મૃતિપટ પરથી ફિલ્મ પેઠે ઝપાટા-ભેર પસાર થઈ ગયાં. મહેતાબ (ચંદ્રજ્યોત) બળતી હોય ત્યારે તેનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેજ બહુ જોરદાર હોય છે, પણ તે સળગી રહેતાં જ એની શોભા જેમ લોપ થઈ જાય છે, એ રીતે મને એ મારી મનગમતી વાર્તાઓનાં વસ્તુઓ વિષે લાગ્યું. એ બધામાં કલ્પનાચાતુરી હતી, ભાવની મધુરતા હતી, બીજું ઘણું હતું; પણ જે સવાલનો જવાબ મારું મન અત્યારે શોધી રહ્યું હતું તેનો ઉત્તર મને એમાં ક્યાં યે સાંપડ્યો નહિ. ભાઈએ બહેનને આપેલી વીરપસલીના જાતજાતના નમૂનાઓ સાંપડે છે; પણ બહેને બહેનને કોઈ વાર વીરપસલી—સગિનીભેટ (?) કદી આપી હશે ખરી?

હું મારે રોજને ગમતે સ્થળે જઈને બેઠો. ત્યાં બેઠાં બેઠાં પણ હું એ એક જ સવાલનો જવાબ શોધી રહ્યો હતો. ધીરે ધીરે અંધકાર વધતો ચાલ્યો. મારી નજર ઊંચે આકાશ તરફ ખેંચાઈ. બીજની આછી ચંદ્રરેખા ત્યાં ધીમી ધીમી ચમકતી હતી. મને એકદમ એક વિચાર સૂઝી આવ્યો: બે બહેનોનું હેત પણ આવું કાં ન હોય?

ક્યાં આ આછીશી ચંદ્રરેખા અને ક્યાં આ ધરિત્રી? બંને વચ્ચે કેટલા માઈલોનું અંતર છે! છતાં એટલે દૂરથી પણ એ નાનીશી ચંદ્રરેખા પોતાને મળતો પ્રકાશ અંધકારથી ઘેરાઈ જતી ધરિત્રીને પહોંચાડવાનો પ્રયત્ન કરી રહી છે!

એ વિચારે મારા હૃદયને જરા નિરાંત તો વળી; પણ એ શાંતિ ઘડીભરની જ હતી. ઊંઘની દવા પાવાથી જેમ દરદીને ઘેન ચડે છે ને દુઃખ ભૂલી જાય છે, તેવી જ અસર આવી જાતના વિચારોની હોય છે. એ કલ્પનાનું ઘેન ઊતરી જતાં જ પાછું—

ઘેર પાછો ફર્યો ત્યાં સુધી મારા મગજમાં એ જ વિચારો ચાલી રહ્યા હતા. મારાં જાણીતાં ઘણાં કુટુંબો હું સંભારી ગયો; એમાંનાં ઘણાં કુટુંબોમાં બે બહેનો વચ્ચેનાં નાનપણનાં અસાધારણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સખીપણાં પણ જાણેલાં. પણ એ મોટી થયા પછી ? પરણ્યા પછી દરેક પુત્રી પોતપોતાના ગૃહસંસારમાં જ તલ્લીન બની જાય છે; એટલી બધી કે પોતાની બહેનને તે છેક વીસરી જાય છે! મહાસાગરમાં મળી જતી સરિતા પોતાના ઉદ્ભવસ્થાન પર્વતને અને એની પ્રકૃતિ-શોભાને વીસરી જાય તેમાં શી નવાઈ?

પણ ઘરનાં પગથિયાં ચડતાં ચડતાં મને થયું, અરે ભગવાન! મેં આ માટેનાં ઉદાહરણો બહાર શોધવાનો નાહક સઘળો પ્રયત્ન કર્યો! ખુદ મારી માતાનું જીવન જ આ સવાલનો સાફ સાફ ઉત્તર આપી રહેલ છે, પછી બીજે—

મારી માતાનો સ્વભાવ કેટલો સ્નેહભર્યો છે તેનો પુરાવો હું તો શું પણ ગામ આખું આપી શકે તેમ છે. પિતાજી આવા દુર્વાસા જેવા ક્રોધી ને ચીડિયા હોવા છતાં જ્યારે એ પોતાનાં જૂનાં સંભારણાંની વાતો કહે છે ત્યારે બાનું હૈયું કેવું સ્નેહાળ છે તેની પૂરેપૂરી ખાતરી થાય છે. પક્ષઘાતને લીધે પિતાજી બેત્રણ વરસ પથારીએ રહ્યા પછી આખરે મૃત્યુવશ થયા. એ ત્રણ વરસો દર-મિયાન એમનો સ્વભાવ કેટલો બધો ચીડિયો બની ગયો હતો? પણ એ ત્રણે વરસોમાં ત્રણસો ને પાંસઠે દિવસો દરમિયાન એક પણ દિવસ સહેજ પણ અણગમો આણ્યા વિના, જરા ય ચિડાયા વિના, ખરેખરા મનોભાવે એમની સેવાચાકરી બાએ જ ઉઠાવી હતી.

અને મારા પ્રત્યેનું એનું વહાલ! મને ટાઇફૉઇડ થયેલો ત્યારે બા અનન્ય ભાવે ભગવાનની પ્રાર્થના કરી માગતાં : 'હે દયાસાગર! મારી આખી આવરદા લઈ લે; તને ગમે તો મારી આવરદાના અકેક વરસને બદલે અકેક મહિનો ગણીને પણ એટલી આવરદા મારા બાળકને દે, તો તારો જ પાડ!' અને હું ધારું છું કે એની એ ખરા દિલની માગણીથી જ મને તેડવા આવેલા જમદૂતો પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બારણેથી પાછા વળી ગયેલા!

કોઈ આડોશીપાડોશી ગમે ત્યારે ગમે તે માગવા આવ્યું હોય તોપણ બાએ એને ના પાડી નથી! ઘેર એને બદલે બાર મહેમાન ભલે આવ્યા હોય, બાનું મોં ચડ્યું મેં કદી દેખ્યું નથી! પણ એ મારી બાએ સુધામાશીને કોઈ કહેતાં કોઈ દિવસ અમારે આંગણે નોતર્યાં નથી! સમાજસેવિકા તરીકે માશીના ફોટાઓ અનેક વાર છાપાંઓમાં છપાતા. પણ માશી જીવતાં હતાં ત્યાં સુધીમાં તેનો એક પણ ફોટોગ્રાફ બાએ કદી ઘરમાં ચોડ્યો નહોતો. પોતાને સુધા નામની એક બહેન છે અને એ બહેન જીવતી છે, એ વાત પણ જાણે તે ભૂલી ગઈ છે એમ તેની વાતો પરથી તમને લાગી જાય. આનું કારણ શું?

સુધામાશી નાનપણમાં જ વિધવા થયેલાં—બાલવિધવા હતાં. મારી બાથી ઉંમરમાં એ નાનાં હતાં. પિયરમાં સગામાં બા અને માશી બે જ જણી હતી. અને છતાં મારી સાંભરણમાં મેં સુધા-માશીને કદી અમારે ઘેર આવ્યાં દીઠાં નહોતાં! ને નાનો હતો ત્યારે તો હું અનેક મનોરથોના મહેલો ઘડતો કે મોટો થાઉં, કમાતો થાઉં એટલે સુધામાશીને ખાસ આપણે ત્યાં જ લાવીને રાખવાં છે! પણ માનવીના મનોરથો ગમે તેવા ગગનગામી હોય તોપણ કાળ ભગ-વાનની એક ફૂંક લાગતાં જ એ સઘળા પડીને પાધર થઈ જાય છે! હું કોલેજનો અભ્યાસ પૂરો કરું તે પહેલાં જ સુધામાશીએ સ્વર્ગની વાટ લીધી હતી. ને પછી તો ધીરે ધીરે હું સુધામાશીની વાત પણ ભૂલી ગયો. બા તો કદી સુધામાશીનું નામ પણ સંભારતાં નહિ!

હું જમવા બેઠો પણ મારું ધ્યાન જમવામાં ચોંટતું નહોતું. બાએ હસીને પૂછ્યું: 'કેમ ભાઈ! આજે મન ક્યાં ભમે છે?'

'માળવે રખડવા નીકળી પડ્યું છે!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'કેમ, અમસ્થું જ કાંઈ?'

'ના ના, એક ચીજની શોધ કરે છે.'

હું વધારે બોલ્યો નહિ. મને છાનો રહેલો દેખી બાએ ફરી સહેજ આછું હસીને સવાલ કર્યો: 'કેમ, માળવામાં કોઈ કન્યા વધારે ગમી ગઈ છે?'

'ના રે.'

'આવા નારે નો અર્થ શો થાય, ખબર છે?'

'તું જ સમજાવ ને ત્યારે?'

'આવા સવાલોને! નારે જવાબ મળે ત્યારે સમજવું કે એનો અર્થ 'હા' થાય છે!'

'વાહ વાહ! તને પણ ઠીક લગાવી દેતાં આવડે છે હોં કે?'

અમે બંને ખૂબ હસી પડયાં. હસવાનું ઓસરી ગયા પછી સાંજથી મારા મગજને હેરાન કરી રહેલ સવાલની વાત મેં બાને કહી, ને છેવટે પૂછ્યું: 'બા! મને તો લાગે છે કે બહેનો બહેનોમાં એકબીજી પ્રત્યે હેત ઘણું ઓછું હોતું હશે.'

'તમે લેખકો પણ જ્યારે મંડી પડો છો ના...'

'દુનિયાને સત્ય વાત સંભળાવી દેવાની જવાબદારી અમારા લેખકો પર જ છે, એ તું જાણે છે?'

'પણ જે સત્ય તમે દુનિયાને સંભળાવવા નીકળી પડો છો, તે વિષે તમારી પૂરી ખાતરી થઈ હોય છે?'

'અવશ્ય!'

'શું, રાખ અવશ્ય! કહે જોઈએ, આ સિદ્ધાંત તેં ક્યાંથી શોધી કાઢ્યો?'

'ક્યાંથી કહું?' મેં હસતાં હસતાં જણાવ્યું, 'ખુદ તારી પાસેથી જ!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બા મારી સામે મોં ફાડીને જોઈ જ રહી! કોઈ ભયંકર સ્વપ્નું આવ્યું હોય ત્યારે જાગી જતાં માણસ જે ગભરાયેલી મુખ-મુદ્રા અને ચકળવકળ નજરે જોવા લાગે, એવા જ ભાવો એના મોં અને આંખો પર તરી રહ્યા હતા, પણ મોં વાટે એક અક્ષર સરખો પણ તે બોલી નહિ.

હવે મારાથી પાછી પાની થઈ શકે તેવું નહોતું.

મેં પૂછ્યું: 'બા! તું અને સુધામાશી આમ તો સગી બહેનો, ખરું ના?'

'જરૂર!'

'જો તમને બંને બહેનોને એકબીજા પર ખરેખરું હેત હોત તો માશી વારંવાર આપણે ત્યાં આવ્યા વિના રહેત નહિ. કાંઈ નહિ તો છેલ્લી માંદગી વેળા તો જરૂર મોટી બહેનના ખોળામાં માથું મૂકી પ્રાણ છોડવાની ઇચ્છા માશીના દિલમાં થયા વિના રહેત નહિ!'

મારામાં સમાયેલો લેખકનો આત્મા આગળ કોણ જાણે કેટલું ય ભરડ્યા કરત. પણ મારું ધ્યાન બાના મોં તરફ ગયું—

એ આંખોએ શ્રાવણ ભાદરવો વરસી રહ્યા હતા!

અખંડ આંસુની ધારાને અટકાવવા બા મોં ફેરવી ગઈ! મેં દિલમાં સખત આઘાત અનુભવ્યો. મને થયું કે અજાણતાં પણ મેં બાને હૈયે વજ્રપ્રહાર કર્યો છે! મેં જોયું કે લેખકને અવનવા સિદ્ધાંતોની ટંકશાળ ખોલવાનો જે શોખ થઈ આવે છે, એ શોખનો હું પણ શિકાર બન્યો હતો! દુનિયાને કશાંક નવાં સત્યો સંભળા-વવાની ધગશમાં—

બાએ પાલવ વડે આંસુ લૂછી લીધાં, અને ત્યાંથી ઊભી થઈ તે રસોડામાં ચાલી ગઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હું પણ હાથ ધોઈ ભારે હૈયે ને ધીરે પગલે મારી ઓરડીએ પહોંચ્યો.

ટેબલ પર લટકાવેલા સુંદર ચિત્ર ઉપર મારી નજર પડી. ગંગા-યમુનાના સુંદર સંગમનું એ દૃશ્ય હતું. પરંતુ ચિત્રનું નામ ચિત્રકારે 'ત્રિવેણીસંગમ' રાખ્યું હતું. અત્યારે એ નામ વાંચી વળી મને હસવું આવ્યું.

એટલામાં બા અંદર દાખલ થયાં. તેના હાથમાં એક નાનકડી ચંદનની પેટી હતી. બાનાં ઘરેણાંની પેટીમાં મેં એ ચંદનની પેટી અગાઉ અનેક વાર જોઈ હતી, પણ તેમાં શું છે તે વિષે મેં કદી પણ બાને પૂછ્યું નહોતું. જ્યારે જ્યારે એ પેટી મારી નજરે ચડતી ત્યારે ત્યારે હું મનમાં મનમાં વિચાર કરી લેતો, વહુને પોતા તરફથી ચડાવવા માટે કોઈ કિંમતી દાગીનો બાએ એમાં સંઘરી રાખ્યો હશે, અને મારાં લગ્ન પછી વહુને એ પહેરાવીને મને આશ્ચર્યચકિત બનાવી દેવાની એની ધારણા હશે. આ વિચારથી એ પેટીમાં શું છે તે બાને પૂછી લઈને એના ભાવિ આનંદનો વિનાશ કરવાની જરૂર મેં કદી જોઈ નહોતી!

આ કારણે એ પેટી લઈને બા અત્યારે મારી ઓરડીમાં શા માટે આવે એનો કોઈ ખુલાસો મારી કલ્પનામાં સૂઝતો નહોતો.

એક વિચાર એવો પણ આવી ગયો – કદાચ એ પેટીમાં સુધા-માશીના કોઈ દાગીના રાખ્યા હશે, માશીએ બાને તે સાચવવા આપ્યા હશે, અને ઘડી પહેલાં બહેનો બહેનોમાં પરસ્પર હેત ભાગ્યે જ હોય છે એવું જે વિધાન હું કરી ગયેલો તેને જૂઠું ઠરાવવા માટે બા અત્યારે એ પેટી લઈને આવ્યાં હશે—

પણ તુરત મનમાં જ જવાબ ઊઠ્યો, બાપુજીની આર્થિક સ્થિતિ તો કાયમ સુધી સારી રહી હતી, એટલે માશીને પોતાનાં ઘરેણાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાને આપવાની તો જરૂર ઊભી જ શા માટે થાય? સિવાય સુધા-માશી તો બાલવિધવા હતાં; એના દાગીના બાએ શા માટે રાખી લીધા? માશી કાંઈ નહિ તો તે દાગીના ગરીબોને દાનમાં ન આપી શકત?

એ પેટી ઉપર જ તેની કૂંચી મૂકી બાએ મારી સામે નજર કરી. એ મૂક દૃષ્ટિમાં હાસ્ય અને કારુણ્ય બંનેનું મિશ્રણ હતું.

એક અક્ષર પણ બોલ્યા વિના પેટી મૂકીને બા ધીરે ધીરે ચાલ્યાં ગયાં.

મારી સામે જ ચંદનની પેટી પડી હતી, તેની કૂંચી પણ તેના ઉપર જ હતી —

મેં કૂંચી હાથમાં પણ લીધી; પરંતુ પેટી ખોલવાની હિંમત હું કરી ન શકયો.

અલીબાબા અને ચાળીશ ચોરની વાર્તા નાનપણમાં મને બહુ ગમતી. એ વાર્તામાં 'તલ ઉઘાડ' એટલા શબ્દો બોલતાં જ ગુફાનું બારણું ખૂલી જતું હતું. ગુફા ઉઘાડતાં જ અલીબાબાની જે વિચિત્ર મનોદશા થઈ હશે તેવી જ દશા અત્યારે મારી પણ થવા આવી.

પ્રત્યક્ષ સત્ય જેટલું કટુ – કઠોર હોય છે તે કરતાં પણ શંકાશીલ અવસ્થા વધારે દાહક હોય છે. આથી આખરે મૂંઝાયેલ મનોદશામાં પણ જેમતેમ કરી મેં એ નાની શી ચંદનની પેટી ઉઘાડી. પણ જ્યાં ઉપલું ઢાંકણું ખોલું છું ત્યાં —

સૌથી ઉપર એક યુવતીનો નાનકડો ફોટો દેખાયો. એને કપાળે કંકુનો ચાંદલો નહોતો દેખાતો. પણ એ ચહેરો એટલો તો આકર્ષક હતો કે—

એ ફોટો હું એક સૌંદર્યપિપાસુની દૃષ્ટિથી નીરખી રહ્યો હતો, ત્યાં તો એકાએક મને ભાન આવ્યું ને શરીર આખું થથરી ઊઠ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ ફોટો સુધામાશી જુવાન હતાં તે વેળાનો રખે હોય! સમાજ-સેવિકા તરીકે જાહેરમાં આવ્યા પછીના માશીના બધા ફોટા પ્રૌઢાવસ્થાના હતા. પણ આ ફોટો તો...એમાં દેખાતી યુવતીની ઉંમર સત્તર અઢાર વર્ષની બહુ તો હશે. પરંતુ એની આંખો, એનું મોં, એ આખો ચહેરો હૂબહૂ સુધામાશીને મળતો આવતો હતો.

બા પાસે સુધામાશીનો આ ફોટો હોવા છતાં તેણે મને તે કદી દાખવ્યો નહોતો. શા માટે? એક જોતાં એ બંને બહેનો પણ કદી એકબીજીને મળવા જતી નહોતી. આ જુદાઈની પાછળ શું માશીના જીવનનું કોઈ અગમ્ય રહસ્ય છુપાયું હશે?

હું અધીરો બન્યો. તુરત એ ફોટો બાજુ પર રાખી મેં પેટીમાં બીજું શું શું છે તે જોવા માંડ્યું. અંદરથી બે પત્રો મળ્યા. ઉપરનું કવર જ મેં ઝડપથી ઉપાડી અંદરનો પત્ર બહાર કાઢ્યો.

એ કાગળ માંહેના અક્ષરો જોતાં જ મને જાણે વીજળીનો આંચકો લાગ્યો.

અક્ષરો બાપુજીના હતા!

ચંદનની પેટીમાં બાએ ખાનગી રીતે માશીનો ફોટો સંતાડી રાખ્યો હતો; એ ફોટા તળે બાપુજીનો કાગળ હતો. અને એ કાગળની શરૂઆત પણ કેવી વિચિત્ર તરહેની હતી: 'પ્રિય સુધા!'

સખત તાપથી તમ્મર આવે એવો હું સૂનમૂન બની ગયો. એ કાગળ હાથમાં જ પકડી રાખી હું પાંચદસ મિનિટ સ્તબ્ધ બની બેઠો. આપણે બેઠા હોઈએ તે ઓરડામાં જ એક દરમાં કોઈ ફણીધર ભરાયો છે એવું જણાતાં મનની જે દશા થાય તેવો અનુભવ મેં એ થોડી મિનિટોમાં મેળવી લીધો.

આખરે હિંમત આણી હું એ કાગળ પર ઝડપભેર નજર ફેરવી ગયો. લોકવાયકામાં કાંઈક તો મૂળ હોય જ એનો તુરત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુરાવો મળ્યો.

એ પ્રેમપત્ર હતો—બાપુજીએ સુધામાશીને લખેલો એ પ્રેમપત્ર હતો. તેમાં બાપુજીએ બા વિષે એવા તિરસ્કારભર્યા ઉદ્ગારો કાઢયા હતા કે—

કોઈ ભક્ત અતિશય શ્રદ્ધાપૂર્વક મંદિરમાં જઈ મૂર્તિની પૂજા કરે, તેનું ધ્યાન ધરે, પણ ક્ષણવારે આંખો ખોલતાં જ એ મૂર્તિ દેવની નહિ પણ કોઈ દાનવની નીકળી આવે એવી મારા મનની દશા થઈ. આવા નરરાક્ષસ સાથે જિંદગીભર જીવન ખેંચવા કરતાં બા એને છોડીને ચાલી કેમ ન ગયાં એની જ—

બાપુજીના એ પ્રેમપત્રને ગુસ્સાથી ફેંકી દઈ મેં એ પેટી માંહેનો બીજો કાગળ લીધો. કાગળ માંહેના અક્ષરો સુંદર મોતીના દાણા જેવા હતા. પણ એ અક્ષરો મેં પૂર્વે કદી જોયા નહોતા. કાગળને છેડે સહી વાંચવા મેં નજર દોડાવી. નીચે લખ્યું હતું: "તારી બહેન સુધા"

બહેન શબ્દની નીચે જાડી લીટી દોરી હતી. તે જોતાં જ મને પરીક્ષામાં વ્યાકરણના સવાલો પુછાતા તે યાદ આવ્યું. મને થયું, જે બહેનને પોતે બહેન હોવા વિષે ખાસ ભાર દઈને લખી જણાવવું પડે છે, એ બહેને બા પ્રત્યે કેવો ભાવ દાખવ્યો હશે એ જાણવા કાંઈ જોશીને પૂછવા ન જ જવું પડે! એણે બાપુજી સાથે લીધેલી છૂટ બા સહી શકયાં નહિ હોય, એટલે બાએ એને ઘરમાંથી રજા આપી હશે, અને પછીથી પશ્ચાત્તાપનું નાટક ભજવવા માટે માશીએ આવો પત્ર લખ્યો હશે!

બા પણ કેવી ભોળી છે! માશીનો એ કાગળ એણે હૈયાના હારની પેઠે સાચવી રાખ્યો છે!

પણ ત્યાં તો મને મારો મૂળ સવાલ સાંભરી આવ્યો. બહે-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નનું હેત બહેન પ્રત્યે ઓછું હોય છે એ મારા કથનને જૂઠું પાડવા માટે તો બા આ ચંદનની પેટી લઈને મને આપવા આવી હતી. એટલે મારે—

મેં ઉતાવળે સુધામાશીનો એ પત્ર વાંચવા માંડ્યો.

"મુરબ્બી મોટી બહેનની સેવામાં,

સુધાના સાષ્ટાંગ દંડવત પ્રણામ.

"મોટી બહેન! બહાર અત્યારે મધરાતનો ઘોર અંધકાર છવાયો છે. મારા દિલમાં પણ એવું જ ગાઢ અંધારું પથરાયેલું છે. બહાર છવાયેલા અંધકારને અજવાળવા માટે આકાશમાં લાખો તારાઓ ચળકી રહેલા છે, પરંતુ મારા દિલમાં પથરાયલા ગાઢ તિમિરને ઓછું કરનારો એક પણ તારો કાલ રાત્રિ સુધી ત્યાં ચળકતો નહોતો. પણ આજે–અત્યારે ત્યાં એક નાનીશી ચંદ્રરેખા—

"મોટી બહેન! આજે ભાઈબીજ છે, ખરું?

"આટલું વાંચતાં વાંચતાં તો તને એમ થઈ જશે કે સુધા કાંઈ ગાંડી તો નથી થઈ? મોટી બહેન! બધું તને કહી નાખું–મનની ઊંડામાં ઊંડી વાત પણ તને જણાવી દઈ હૈયું ખાલી કરું એમ થઈ આવે છે. પણ—

"પકવાન્નનો થાળ જમતા હોઈએ અને કોળિયામાં નાનીશી માખી ગઈ હોય તો તુરત જ બધું ઓકી નાખવું પડે છે; પરંતુ માનવીના દિલમાં જે પાપો પ્રવેશે છે તે અંદર અંદર ખટકયા કરતાં હોય તોપણ કોઈ રીતે બહાર દર્શાવી શકાતાં નથી!

"તારા પતિદેવ મને ચાહે છે અને મને પણ તેમના પ્રત્યે પ્રેમભાવ છે. મેં તેમના ભાવને જરા ય ઉત્તેજન નથી આપ્યું એમ તો મારાથી શી રીતે કહેવાય?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"એ તોફાની બાળકો પરસ્પર હિંમત આપતાં આગળ વધી ઘોર અરણ્યમાં દાખલ થાય તેવી અમારી દશા થઈ છે. હું કહું છું, એ દશા અમારી જ થઈ છે એમ નહિ; ઘણાંની બાબતમાં આમ જ બનતું હશે!

"જેને આપણે પાપી ગણીએ છીએ તે પણ આખર તો માનવી જ હોય છે. મોટી બહેન! તું એમ ન માની લેતી કે હું બધું મારા બચાવ ખાતર લખું છું. હવા વિના દીવો બળતો નથી એ તો તું જાણે જ છે. બીજાની હિંમત-સહાય વિના પાપની જ્વાલા પણ કદી પ્રગટતી નથી.

"મોટી બહેન! મને આપણી બાનું તો મોં પણ યાદ આવતું નથી. મારી સાચી બા તો તું જ છે. મારાથી તું આઠનવ વર્ષે જ મોટી છે, પણ હજુ ય મને થઈ આવે છે કે તારા પડખામાં ઘૂસીને ખૂબ ખૂબ રડી લઉં, તું મને છાતીએ ચાંપી મારે માથે તારો પ્રેમાળ હાથ ફેરવ્યા કરે અને મારું મોં પાસે લઈ ઊંચું કરી તે પરનાં આંસુ લૂછી નાખે, અને નાનપણમાં હું કાંઈ હઠ કરતી ત્યારે તો 'ગાંડી કહીની!'ના ઉદ્‌ગાર કાઢી મને જેમ મનાવતી ને રીઝવતા એવા લાડભર્યા બોલ આજે પણ તું મને સંભળાવે!

"પણ—

"તને મારા પ્રત્યે તિરસ્કાર છૂટ્યો હશે. મારું મોં પણ ન જોવાય તો સારું એમ તને થઈ ગયું હશે! મારે દુર્ભાગ્યે પરણ્યા પછીને પહેલે જ મહિને હું પતિવિહોણી થઈ, પણ તેં મને હિંમત આપી. ભણીને પછી તને ગમે તો પુનર્વિવાહ કરજે અગર ગમે તો સમાજસેવા કરજે, એમ પણ તેં જ કહેલું. મારી વૈધવ્ય દશાના ખ્યાલથી મને કોઈ રીતે ઓછું ન આવે એ માટે તેં પૂરેપૂરી સંભાળ પણ લીધી. પણ—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મોટી બહેન! છેલ્લાં બે વરસથી તું સતત માંદી જ રહ્યા કરે છે તે માંદી પડી ન હોત, તારો સ્વભાવ ચીડિયો થઈ ગયો છે તે ન થયો હોત, તો—

"નાનપણમાં શેતરંજની રમત જોવાનું મને બહુ ગમતું. તેમાં રાજાને કિસ્ત આપીને બાંધી લેવાનું આવે છે. કિસ્મત પણ માણસને આ જ રીતે કિસ્ત આપીને એને ચોતરફથી રૂંધવા માગે છે.

"જ્યારે જુઓ ત્યારે તું તો માંદગીની ચિંતામાં જ રોકાયેલી; પણ એ જ કારણે અમારો સાળી-બનેવીનો પરિચય વધતો ચાલ્યો. એ અરસામાં આપણા શહેરમાં ગંધર્વ નાટકમંડળી આવી. તારાથી જાગરણ સહન થાય તેવું ન હોવાથી નાટક જોવા આવવાની તેં ના પાડી; ને અમે બે જ જણાં નાટક જોવા ગયાં. તે દહાડો 'માનાપમાન'નો ખેલ હતો. તેમાંનો, નાયિકા વનમાલા નાયક ધૈર્યધરના જોડા લૂછે છે તે પ્રસંગ—એ પ્રસંગ જોતાં જ મારે હૈયે જાણે દીવા પ્રગટ્યા; અને તુરત જ આવો રોમાંચકારી અનુભવ મારે તો જીવનમાં હવે કદી સાંપડવાનો જ નથી એનું ભાન થતાં દિલ બેચેન બની ગયું!

"નાટક જોઈને અમે પાછાં ફરતાં હતાં ત્યારે રસ્તામાં એમણે સહજ મારો હાથ ઝાલ્યો. મેં એ હાથ એમ ને એમ રહેવા દીધો.

"મોટી બહેન! માફ કરજે; મારા પર ગુસ્સો ન કરતી, રોષે પણ ના ભરાતી. પરંતુ માનવીને શરીરના ગુલામ બની જતાં જરા ય વાર લાગતી નથી. સુખોપભોગનું એ ખેંચાણ—એ ખેંચાણથી ઢસરડાતાં આખરે પાપની ખાઈમાં પડવું પડે છે એ હું જાણતી નહોતી એમ તું ન માનજે.

"પણ—

"છેલ્લા છ મહિના દરમિયાન અમારા રહસ્યપ્રસંગો વધતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થાલ્યા. તેમણે ખાસ મારો એક ફોટો પડાવીને પોતાના ટેબલ ઉપર સામે જ બરોબર ગોઠવ્યો. તે ત્યાંથી તેં ઉઠાવી લીધો. મને તેમણે કહ્યું : 'ટેબલ ઉપર રાખેલો તારો ફોટો એ ભલે ફેંકી દે; પરંતુ મારા હૃદયમાં કોતરાઈ ગયેલી તારી મૂર્તિ કાંઈ તેનાથી—'

"મોટી બહેન! મને માફ કરજે, પણ તેમના એવા એવા બોલ સાંભળતી ત્યારે મને પારાવાર હર્ષ થતો. હમણાં સુધી—છેવટ આજની સંધ્યા વેળા સુધી હું એથી પુલકિત બનતી.

"સાંજના હું તેમની સાથે ફરવા ગઈ. તેમણે મારી પાસે લગ્ન કરવાનું વચન માગ્યું. મેં તેની હા પાડી. સગી બહેનની શોકય થવાનું મેં કબૂલ કર્યું! હું જાણતી હતી કે હું તારા સુખ ઉપર છીણી મૂકી કરી રહી છું છતાં—

"એક જૂની વાર્તા છે. એક વાર ભારે જબરો દુકાળ પડેલો. કેટલા ય દિવસો સુધી વિશ્વામિત્ર ઋષિને મોંમાં નાખવા એક અનાજનો દાણો સરખો ય મળ્યો નહોતો. આખરે છાનામાના તે એક ચમારની ઝૂંપડીમાં પેઠા. ત્યાં તેમને એક મરેલા કૂતરાનો પગ હાથ લાગ્યો; એ લઈને જ વિશ્વામિત્રે ચાટવા માંડયો—

"પ્રેમના પ્રદેશમાં પણ મારી એ જ દશા થઈ.

"રાત્રિના ઓળા પથરાયા પછી અમે ઘર તરફ પાછાં ફર્યાં. આકાશમાં બીજની ચંદ્રરેખાની શોભા અવર્ણ્ય હતી. જાણે મોતી મઢ્યું ઘાસનું પાન ન હોય! ચંદ્રબીજનાં દર્શન થતાં જ મને ભાઈબીજ યાદ આવી. રસ્તે આવતાં ઘેર ઘેર ભાઈબીજની ઉજવણી માટે બહેનો દોડાદોડી કરી રહી હતી. એક સુંદર ચિત્ર મારી કલ્પનાચક્ષુ સામે નાચી ઊઠ્યું. સુંદર રંગોળી પૂરી છે; હાથમાં રૂપાની તાસકમાં રૂપાના નિરાંજનમાં દીવો ઝગે છે; બહેન ભાઈને ઓવાળે છે!— આપણે પણ ભાઈ હોત તો કેવી મજા આવત, એ વિચાર મારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનને સતત વ્યગ્ર બનાવી રહ્યો.

"રસ્તે બાળકો ફૂલઝર સળગાવતા હતા. તેમાંથી ચમકી ઊડતાં ફૂલો પેઠે જ મારા મનમાં પણ કલ્પનાઓ ચમકી ઊઠતી હતી.

"એકદમ મને વિચાર થઈ આવ્યો: હું મોટી બહેનની બહેન જન્મી છું તેને બદલે ભાઈ જન્મી હોત તો? તો આજે હું મોટી બહેનને ત્યાં જઈ તેની પાસે મારાં ઓવારણાં લેવડાવત અને તેને વીરપસલી આપત. 'મારી મોટી બહેનને હું શાની વીરપસલી આપત તો તેને તે વધુ ગમત?

"મોટી બહેન મને વીનવત: 'વીરા! મારે બીજું તો કાંઈ નથી જોઈ તું. પણ એક ડાકણ મારા પતિને વળગી છે...એની પાસેથી એ મને પાછા મળે એવું તું કરી દે! ફક્ત એ એક જ વીરપસલી હું માગું છું!'

"હું ચમકી ઊઠી: ડાકણ વળગી છે? મોટી બહેનની એ ડાકણ તો હું પોતે જ છું! ત્યારે મોટી બહેને માગેલી ભીખ—વીરપસલીની ભેટ મારે તેને આપવી ન જોઈએ?

"મોટી બહેન! તને કહ્યા વિના, તારી રજા લીધા વિના, હું ચાલી નીકળું છું. તે માટે તું મારા પર ગુસ્સે ન થજે. હું ગમે તેટલી દૂર જાઉં છતાં આખરે તો તારી બહેન જ છું. તું સુખી થાય એટલા ખાતર—

"તારે ઘેર હવે ફરી નહિ આવું. શેવાળનો લીલો રંગ કેવો મોહક હોય છે? છતાં તેમાં એટલું તો લપસણું હોય છે કે—

"મોહનું પણ એવું જ છે!

"અને મારું સુખ? જે ફૂલો હાર બની ભગવાનને કંઠે આરોપવામાં આવે તે સદ્ભાગી કહેવાય, તો જે ફૂલો ભગવાનને માત્ર છૂટાં ચડાવવામાં આવે તે શું કમભાગી ગણાય?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ઘણું ઘણું લખવાનું મન થાય છે, પણ એ મોહ છોડવો જ જોઈએ.

તારી બહેન સુધા."

પત્ર વાંચી લઈ મેં ટેબલ પર જરા ઊંચે નજર ફેંકી. સામે જ પેલું ત્રિવેણીસંગમનું ચિત્ર લટકતું હતું. મને એ નામ હવે પૂરેપૂરું સાર્થ જણાયું. દુનિયાની સઘળી ઉચ્ચ અને ઉદાત્ત બાબતો સરસ્વતી પેઠે જ ગુપ્ત રીતે વસે છે, એ સત્ય દર્શન મારા ખોળામાં પડેલી ચંદનની પેટી મને કરાવી રહી હતી!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખીણ અને શિખર

આંબોલીના ઘાટમાંથી વાંકાંચૂંકાં ચક્કર લેતી ઝપટભેર એક મોટર નીચે ઊતરતી હતી. એક બાજુ નાખી નજર ન પહોંચે એવા ઊંચા ડુંગરા ને બીજી બાજુ નીચે જોતાં ચક્કર આવે એવી ઊંડી ખીણ હતી. ડુંગરની કમરે વીંટળાઈ વળેલા રસ્તે દોડી જતી મોટરમાં પતિપત્ની સાથે પ્રવાસ કરી રહ્યાં હતાં. તેઓ કોઈ ઊંડા વિચારમાં હોય એમ દેખાતું હતું! એક પછી એક માઈલના પથ્થરો પસાર થયે જતા હતા, છતાં બોલતાં જેનું મોં થાકે જ નહિ એવાં વૈજયંતીબાઈ અત્યારે એક અક્ષર પણ બોલતાં નહોતાં! તેમ પત્ની એકાદ મિનિટ પણ શાંત થઈ જતાં એણે રિસાઈને અબોલા લીધા હશે કે શું એમ ધારીને મનાવવા દોડતા પ્રભાકરપંત અત્યારે પત્નીને આટલા લાંબા મૌનનું કારણ પણ પૂછતા નહોતા. સૃષ્ટિ-સૌંદર્યમાં પણ કોઈ અજબ સંગીત ભર્યું હોય છે. એ સંગીતના શ્રવણથી તો તેઓ રખે દેહભાન વીસરી ગયાં હોય!

ઘાટનો છેડો આવી લાગતાં જ પ્રભાકરપંત તંદ્રામાંથી જાણે કે જાગી ઊઠ્યા. તેમણે પત્નીને સવાલ કર્યો: 'હવે વેંગુર્લા કેટલું દૂર હશે?'

'લગભગ પચીશ માઇલ તો હશે જ!'

'તું ક્યારની છાની થઈને બેઠી છે એટલે મેં તો એમ ધાર્યું કે વેંગુર્લા સાવ નજીક આવી ગયું હશે! આટલો બધો વિચાર શાનો કરતી હતી?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પતિના પ્રશ્નના ઉત્તરરૂપે વૈજયંતીબાઈએ માત્ર સ્મિત કર્યું.

પ્રભાકરપંતે કહ્યું: 'હું કહું?'

'બીજાનું મન એટલે કાંઈ તમારી શેરબજાર નથી, સમજ્યા? ત્યાંની ઊથલપાથલ જુદી અને માનવીના મનમાં થતી ઊથલપાથલ જુદી!'

'એ ગમે તેમ હોય. પણ તારા મનમાં અત્યારે શાના વિચાર ચાલે છે એ હું કહી દઉં તો મને શું ઈનામ આપે?'

'મારા જેવી સામાન્ય નર્સ વળી ઈનામ ક્યાંથી આપી શકે? બહુ થાય તો એકાદ કડવા ઓસડનો ડોઝ—'

'નર્સ પાસે પણ મીઠા ડોઝ હોય છે, હો!'

મોટર ચલાવતા ડ્રાઈવરના ડાબા ગાલ ઉપર હાસ્યની આછી લહેર ચમકી ગયાનું વૈજયંતીબાઈ સ્પષ્ટ રીતે જોઈ શક્યાં. તેમણે પતિ તરફ જરા બનાવટી ગુસ્સાભરી નજર ફેંકી અને વાત બદલવા પ્રયત્ન કર્યો: 'ઓ મા! એક ચીજ તો હું સાવ ભૂલી જ ગઈ!'

'કઈ? શું કોઈ હીરાની પીન રહી ગઈ છે કે સેંટની કોઈ બાટલી રહી ગઈ છે?'

'એ તો બધું બૅગમાં બરાબર લીધું છે. પણ—'

'પણ શું રહી ગયું?'

'એક તાળું લાવવું ભૂલી ગઈ!'

'તાળાની વળી શી જરૂર પડી? કેમ, કાંઈ મારે મોંએ તો વાસવું નથી ના?'

વૈજયંતીબાઈએ હસતાં હસતાં પ્રભાકરપંત પ્રત્યે સહેજ ખંધાઈભરી દૃષ્ટિ ફેંકી.

પ્રભાકરપંતે ગંભીરતાનો દેખાવ આણી ચલાવ્યું: 'એક તાળું રહી ગયું તો છો રહી ગયું. હજી બીજું તાળું આપણી સાથે જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે ના?'

પ્રભાકરપંત આમ કહીને શું સૂચવવા માગે છે તે વૈજયંતીબાઈના ધ્યાનમાં તુરત આવ્યું નહિ. તેમણે ભોળાભાવે સવાલ કર્યો: 'બીજું કયું તાળું?'

પ્રભાકરપંતે ધીરે રહી પત્નીના હોઠ તરફ અંગુનિર્દેશ કરી તુરત બહાર જોતા હોવાનો ઢોંગ આદર્યો.

વૈજયંતીબાઈને મનમાં થયું, એમણે પોતાના હોઠ તરફ અંગુલિનિર્દેશ કર્યો ત્યારે ડ્રાઇવરની નજર પાછલી સીટ તરફ નહોતી એટલું વળી સદ્‌ભાગ્ય! નહિ તો મુંબઈ પાછા પહોંચ્યા પછી એણે ઘરમાં રસોયણથી માંડીને બંગલાના માળી સુધી સહુને એ ખબર પહોંચાડી દીધા હોત! અને પછી—

પ્રભાકરપંતને આવી મશ્કરીઓ કરવાની તો ટેવ જ હતી. ને ઘડીભર વૈજયંતીબાઈ એથી ગુસ્સે થતાં, તોપણ પાછળથી એ સંભારીને ઊલટાનો એમને આનંદ થતો. વાતની ઘડ એવી રીતે બેસાડતાં કે દરિયામાં નહાવા પડીએ ને આંખ નાકમાં પાણી જાય ત્યારે માણસ ગૂંગળાઈ જાય છે, પણ બરાબર નાહતાં આવડે, દરિયાનાં ચડતાં મોજાં પર સવાર થતાં આવડે એટલે જાણે હીંદોળે હીંચકવા બેઠાં હોઈએ એવી મોજ આવે છે! મશ્કરીની બાબતમાં પણ આવું જ છે. એમ છે કે બાળપણ ભારે કષ્ટમય દશામાં પસાર કર્યું છે એટલે પ્રભાકરપંતની ગમ્મતનો આનંદ તુરત માણી નથી શકતી; પણ એમાં એમનો શો વાંક? તેઓ ફેલો દાખલો આપે છે એ ક્યાં ખોટો છે? બફારો થવા માંડે એટલે માણસ પંખાથી જ નહિ પણ જે મળે તે – હાથરૂમાલ, છાપું – જે હાથ આવે તે ચીજ લઈ વા ખાવા મંડી પડે છે! શેરબજારની રોજની ઊથલપાથલ ને ધમાલમાં માથું બહેર મારી ગયા જેવું થઈ જાય ત્યારે એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘેર આવે; ને પછી આવી કંઈક ગમ્મત ઉડાવે ત્યારે જ એ બધી માથાકૂટનો થાક ઊતરી જાય! એટલું કરવાનો–એટલું માગવાનો એમનો ય હક્ક તો ખરો જ ના?

હજુ પણ પ્રભાકરપંત આસપાસનું સૃષ્ટિસૌંદર્ય નીરખવાનું ઢોંગ કરી મોટર બહાર જોયા કરતા હતા. ધીમેથી તેમનો ખભો હલાવી વૈજયંતીબાઈએ કહ્યું: 'ઘડી પહેલાં તમે મારા મનની વાત કહી દેવાનું કહેતા હતા તે પાછા ભૂલી ગયા, હેં?'

મોં ફેરવી લઈ વૈજયંતીબાઈ તરફ જોતાં પ્રભાકરપંતે કહ્યું: 'ત્યારે હું એ ખોટું કહેતો હતો એમ તારું માનવું છે?'

'તો બોલો, ઘાટ ઊતરતી વેળા હું ઘડી પહેલાં સાવ મૂંગી કેમ હતી?'

'તું તૈયારી કરતી હતી!'

'તૈયારી વળી શાની?'

'કેમ? તારા ભાષણની! ખાલી કોઈને મળવા જવું હોય તો-પણ સ્ત્રીઓ જાણે પરદેશની મુસાફરીએ જવું હોય એટલી તૈયારી કરવા માંડે છે! ખરી વાત તો એ છે કે વેંગુર્લાનો અનાથબાલિકાશ્રમ બહુ મોટી સંસ્થા નથી, એટલે તેના વાર્ષિક મેળાવડામાં એવા કયા મોટા મહેમાનો અથવા લોકસમુદાય હાજર રહેવાનો હતો? પણ સ્ત્રીઓની વાત જ જુદી. ઘેર બેચાર મહેમાન આવવાના હોય કે પચીશ ત્રીશ આવવાના હોય, સ્ત્રીઓ તો બધામાં સરખી જ દોડાદોડી કરવાની! હું કહું છું, તારા જેવી ભણેલીગણેલી ને મુંબઈ જેવા શહેરમાં દસ વરસ રહી નર્સનો ધંધો ચલાવતી સ્ત્રીને વેંગુર્લાના વ્યાખ્યાન માટે આવડી લાંબી તૈયારી કરવાની અગર તેમાં ગભરાઈ જવાની શી જરૂર છે? તું જાણે છે કે જો તું એ સંસ્થાની જૂની વિદ્યાર્થિની ન હોત તો તારે આજે એમાં ભાષણ કરવાનો વખત પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન આવત! પણ — હું તો હજી કહું છું કે ભાષણ કરવા જેટલું સહેલું કામ બીજું એકે ય નથી! દુનિયાની બજારમાં બીજાને આપવાનો ઉપદેશ ખૂબ સસ્તો મળે છે.'

વૈજયંતીબાઈને પોતાનું આ નાનકડું ભાષણ સંભળાવીને પ્રભાકરપંત ખૂબખૂબાં હસી પડયા. પરંતુ તેમની સરસાઈ કરવી હોય તેમ વૈજયંતીબાઈએ કહ્યું: "ઘડી પહેલાં હું ભાષણનો વિચાર કરતી હતી એ વાત જ મુદ્દે ખોટી છે.'

'એમ છે? ત્યારે શું દાયણ બાઈસાહેબ ઘાટનું સૃષ્ટિસૌંદર્ય નીરખીને કાવ્ય રચવામાં મશગૂલ બન્યાં હતાં?'

'એમ જ! પણ સાથે એ પણ ખરું કે એ કાવ્ય કલ્પનાનું નહિ પણ અનુભવનું છે!'

પ્રભાકરપંતે ભવાં સહેજ ઊંચે ચડાવી વૈજયંતીબાઈ તરફ જોયું. મૂંગાં રહ્યા છતાં પ્રશ્ન કરવાની પ્રભાકરપંતની એ નિત્યની ટેવ હતી.

વૈજયંતીબાઈએ કહ્યું: 'પેલી ખીણ અને પેલાં પર્વતશિખરો જોઈ મારા મનમાં એક વિચાર સતત ઘોળાયા કરતો હતો —'

'શો વિચાર ઘોળાયા કરતો હતો?'

'કે આજથી વીશ વરસ પહેલાં દાદાએ વેંગુર્લામાં અનાથ-બાલિકાશ્રમવાળી સંસ્થા સ્થાપી ન હોત તો હું આજે અત્યારે આમ મોટરમાં બેસીને પ્રમુખ થવા માટે અહીંથી જતી ન હોત, પણ મારા ગામડાના એ ખંડિયેર મકાનમાં રહ્યાં રહ્યાં કોઈનાં ઢોરવાસણ ઊટ-કીને પેટ ભરતી હોત! દુર્ભાગ્યે મને ખીણમાં ધકેલી હતી, પણ દાદાએ પોતાના હાથનો ટેકો દઈને મને ખીણમાંથી ખેંચી કાઢી આ ઊંચે શિખરે ચડાવી. જો મારા જીવનમાં એ વેળા મને દાદાની સહાય મળી ન હોત —'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલું કહેતાં તેનું હૈયું ભરાઈ આવ્યું, અને આંખો સજળ બની. ડૂબતા માણસને ટેકો દઈ એને કાંઠે પહોંચાડનાર માણસની નજરમાં જે કૃતજ્ઞતાનાં પૂર વહેતાં જણાય, એની ભાવભીની આંખો અત્યારે વૈજયંતીબાઈની દેખાતી હતી.

પત્નીની આ લાગણીવશતાએ પ્રભાકરપંતની કલ્પનાચક્ષુ સામે પત્નીનો આખો પૂર્વઇતિહાસ રજૂ કરી દીધો. કોંકણના એક ગામડામાં રહેતી એક બાલવિધવા સાસરિયાના અસહ્ય જુલમથી કંટાળીને ઘર છોડી ચાલી નીકળી — કાં તો ભીખ માગી ખાવી અગર છેવટે આપઘાત કરી આ દેહથી છૂટા થવું, એ વિના ત્રીજો રસ્તો એ વેળા સૂઝતો નહોતો. એમ કરતાં એ વેંગુર્લામાં જઈ ચડી. વેંગુર્લામાં દાદાએ કર્વેને પોતાના ગુરુસ્થાને સ્થાપીને એક અનાથબાલિકાશ્રમની સ્થાપના તાજેતરમાં કરી હતી. આ બાલવિધવાને એ આશ્રમે આશ્રય આપ્યો, એને શિષ્યવૃત્તિ અપાવી અને નર્સનો ધંધો પણ શીખવ્યો. પ્રભાકરપંત એક મોટરના અકસ્માતમાં સપડાયા, અને નર્સિંગ હોમમાં આ નર્સને હાથે જ સારવાર પામ્યા. બંને જુવાન હતાં; અને આંબાનો મોર મિષ્ટ આમ્રફળમાં પરિણમે તેમ બંનેના પરિચયમાંથી પ્રેમ ઉદ્ભવ્યો —

દરમિયાન લાગણીનાં પૂર ઓસરી ગયાં હતાં. આંખો લૂછી નાખી વૈજયંતીબાઈએ વાત આગળ ચાલુ કરી એટલે ડૉક્ટરની કલ્પનાચક્ષુ સામેનું દૃશ્ય ત્યાં જ અદૃશ્ય થયું — અટકી પડ્યું.

વૈજયંતીબાઈ કહેતાં હતાં. 'દાદાને નજરે જોવાની તમારી ઘણા વખતથી ઇચ્છા છે, નહિ?'

હસીને પ્રભાકરપંતે જવાબ વાળ્યો: 'છાપામાં તેમનો ફોટો જો ક્યાંઈક જોઈ શક્યો હોત તો એ ઇચ્છા એટલી બધી તીવ્ર ન બનત! પણ કોઈ પણ સ્થળે પોતાનો ફોટો તો છપાવવો જ નહિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવી એમની દૃઢ પ્રતિજ્ઞા સાંભળીને —'

'મોટા માણસો જરા વિચિત્ર જ હોય છે!' સામેથી એવું જ હસીને વૈજયંતીબાઈએ જવાબ વાળ્યો.

* * *

પોતાની પત્નીના ઉદ્‌ગારોનો ઉત્તરાર્ધ અક્ષરશઃ સત્ય છે એની ખાતરી પ્રભાકરપંતને તુરત જ થઈ ચૂકી. સૉટર વેંગુર્લાના પાદરમાં જેવી આશ્રમને દરવાજે જઈને ઊભી રહી કે તુરત જ એક ઠીંગણી વ્યક્તિએ દર્શન દીધાં. એણે ઢીંચણ માંડ ઢંકાય એવું ફાળિયું જ કડે વીંટયું હતું; દાઢી ઠીકઠીક વધી હતી, અને અંદર ધોળા વાળના મિશ્રણને કારણે એની વિચિત્રતામાં ઉમેરો થયો હતો; મોંમાંથી આગલા બે દાંત પડી ગયા હતા, એટલે હસતી વેળા ઉઘાડું રહેતું એ મોં હાસ્યને વિકટ બનાવતું હતું.

છેક નીચા નમીને વૈજયંતીબાઈએ દાદાને વંદન કર્યું. પ્રભાકરપંતને પણ ભાવભર્યાં નમસ્કાર કર્યા વિના છૂટકો ન રહ્યો. પણ એ નમસ્કાર કરતે કરતે તેમને એક બાબતની તો પૂરી ખાતરી થઈ ચૂકી. દાદાએ પોતાનો ફોટો ક્યાં યે કદી ન છપાય એવો જે આગ્રહ રાખેલો તેનું કારણ પ્રભાકરપંતે જોયું કે તેમનો એ છપાયેલ ફોટો જોયા પછી આશ્રમને કોડીનું પણ દાન કરવાની કોઈને ભાગ્યે જ ઇચ્છા થાય, એ હતું!

પ્રભાકરપંતે મુંબઈની બહાર કદી પગ પણ દીધો નહોતો. તેમને તો દાદાની મૂર્તિ જેટલું જ આશ્રમજીવન પણ કલાહીન લાગ્યું. ઓછામાં પૂરું નાસ્તા વખતે પત્રાવળીની સળી જ પ્રભાકરપંતના દાંતમાં ઘૂસી ગઈ એટલે તો એ અણગમામાં ઉમેરો થયો.

આશ્રમનાં સઘળાં મકાનો કેવળ માટીનાં જ હતાં. એટલું જ નહિ, પરંતુ મકાનોની ભીંતોએ જ્યાં ત્યાં ઊખડી ગયેલા લીંપણને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લીધે કોટ ન પહેરેલ ગરીબ માણસનું ફાટલું પહેરણ જેમ તેની ચીંથરેહાલ દશા તુરત દેખાડી આપે, તેમ એ દીવાલો આશ્રમની આર્થિક સ્થિતિનું મૌન છતાં વિસ્તૃત બયાન આપતી હતી.

પ્રભાકરપંતને તો થયું કે અહીં ક્યાં આવી ચડ્યા! પર્વતનું શિખર જોવા જતાં આ તો ઊલટાના ખીણમાં ઊતરી પડ્યા. દાદામાં આકર્ષણ જેવું કશું જ નથી! આ આદમીને મુંબઈમાં લઈ ગયા હોઈએ તો—

તેમણે સહેજે વૈજયંતી તરફ આંખો ફેરવી. દાદા સાથે વાતો કરવામાં તે મશગૂલ બની હતી! ફરતાં ફરતાં દાદા આશ્રમની હરેક નાની મોટી ચીજ તેને બતાવે જતા હતા, અને નવું રમકડું મેળવતાં આનંદથી નાચી ઊઠતા બાળક પેઠે વૈજયંતીબાઈ બધું હર્ષભેર જોતાં હતાં; એમનો ઉલ્લાસ ક્યાં ય સમાતો નહોતો.

ગૌશાળા પાસે આવી પહોંચતાં જ ત્યાં બાંધેલી કપાળે ધોળી ટીલડીવાળી એક કાળી ગાય તરફ આંગળી ચીંધી દાદાએ કહ્યું: 'વૈજયંતી! તું આ ગાવડીને તો ભૂલી નહિ જ ગઈ હો!'

ખડખડાટ હાસ્ય કરતાં વૈજયંતીબાઈએ પતિને કહ્યું: 'તમારે તો આ ગાયને પૂજવી જોઈએ!'

પ્રભાકરપંતે લાગણીહીન સ્વરે સવાલ કર્યો: 'ઓહો! અહીં આશ્રમમાં ગાયોને પણ પાળવામાં આવે છે શું?'

પ્રભાકરપંતના શબ્દોમાં રહેલ ટીકામર્મ પ્રત્યે વૈજયંતીબાઈનું ધ્યાન જ નહોતું. આશ્રમજીવનનાં પોતાનાં કેટલાં ય મીઠાં સંસ્મરણોના હીંડોળે તે હીંચી રહ્યાં હતાં. તેમણે હસતાં હસતાં જવાબ આપ્યો: 'મેં આશ્રમ છોડ્યો ત્યારે આ મારકણી કાળુડીને દાદાએ તાજેતરમાં જ આણેલી. એક દિવસ તો એ મારી પાછળ એવી દોડી કે મારે ભાગતાં ભોં ભારે થઈ પડેલી! તે દહાડો આ કાળુડીએ મારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાણ ન લીધા તો હું તમને મળી; નહિ તો.....'

વૈજયંતીના હાસ્યમાં દાદાએ સાથ પુરાવ્યો, પરંતુ પ્રભાકરપંત અબોલ જ રહ્યા.

થોડે દૂર દસવીસ નાળિયેરીનાં ઝાડ હતાં. વૈજયંતીબાઈ એ તરફ ખૂબ મમતાભર્યું તાકી રહ્યાં. પછી દાદા તરફ ફરીને કહે: 'આ બધી નાળિયેરી આટલીક નાની હતી ત્યારે મેં એ બધીને પાણી પાયાં છે–એટલે આજે તો હવે હક્કથી એ બધીએ મને પોતાનાં મધુર જળનું પાન કરાવવું જોઈશે!'

પ્રભાકરપંત મનમાં વિચારી રહ્યા હતા: માનવીનું કૂગાના રબ્બર જેવું છે. સાધારણ રીતે તે સંકોચાઈ લોચો વળેલું હોય; પરંતુ અંદર જરા પવનનો સંચાર થાય એટલે એની બધી કડચલીઓ ક્યાંઈ જતી રહે છે.–જાણે નરસી મેતાની વેલડીનું વિમાન બન્યું હોય એવો એકાએક મોટો ફેરફાર તેમાં થઈ જાય છે! આજે વૈજયંતીની એ જ માનસિક દશા લાગે છે. એ અત્યારે હવે શું કરશે તે કહેવાય નહિ!

અને સભા વેળા પ્રભાકરપંતનો આ ભય પૂરેપૂરો સાચો પડ્યો. મુંબઈથી નીકળતી વેળા બંનેએ ઠરાવેલું કે આશ્રમને રૂપિયા એક સોનું દાન કરવું. પણ સભામાં ઊભાં થઈ ભાષણ કરતી વેળા વૈજયંતીબાઈને ભાન ન રહ્યું; તાળીઓના ગડગડાટમાં તેમણે એક સોને બદલે પાંચ સો રૂપિયા આપવાનું જાહેર કરી દીધું!

* * *

આખા દિવસની દોડાદોડીને પરિણામે થાકી જઈને–અગર કહો કે આખો દિવસ આનંદથી ખેલ્યા કૂદ્યા પછી સાંજ પડતાં જ જેમ બાળકની આંખો ઘેરાય તેમ, રાત્રે પોતાની ઓરડીમાં ડગલું દેતાં જ વૈજયંતીબાઈએ પથારીમાં લંબાવ્યું અને આંખો મીચી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રભાકરપંતે પૂછ્યું : 'આટલી વારમાં ઊંઘ આવી?'

જવાબમાં વૈજયંતીબાઈએ એક લાંબું બગાસું ખાધું.

પ્રભાકરપંતે કહ્યું : 'મને તો ભાઈ કેમે કરી ઊંઘ નથી આવતી! સૂવા માટે ખાટલો ય નથી મળ્યો! ને આંખો ઉઘાડીને ભીંતો સામે નજર નાખો તો બસ તડિયાં જ તડિયાં દેખાય છે!'

વૈજયંતીએ ધીરેથી કહ્યું : 'જરા ધીમેથી બોલો; બાજુમાં જ દાદાની ઓરડી છે.'

'ભલે રહી!' પહેલા કરતાં જરા અવાજ વધારીને પ્રભાકરપંતે જવાબ આપ્યો. 'તારા દાદા કાંઈ હિટલર કે મુસોલિની નથી!'

વૈજયંતી હવે સૂઈ રહી શકે તેમ નહોતું. પથારીમાં બેઠાં થઈ પ્રભાકરપંત તરફ સહેજ બનાવટી રોષ દાખવતાં તેણે કહ્યું : 'દાદા વિષે તમને આટલો બધો અનાદર કાં થયો છે તે હું જાણું છું. તેમણે આજે તમારે ત્યાં ચોરી કરી છે એટલે, નહિ?'

દાદાની ઓરડી બાજુની દીવાલ તરફ જોતાં જોતાં હવે પ્રભાકરપંતે જ કહ્યું : 'જરા ધીરેથી બોલ! બાજુની ઓરડીમાં જ જો દાદાને કાને આ સંભળાયું ના —'

'ભલે સાંભળતા! દાદા કાંઈ હિટલર અગર મુસોલિની નથી!'

પ્રભાકરપંત હસવું ખાળી ન શક્યા. હસતાં હસતાં જ તેમણે જવાબ આપ્યો : 'દાદાએ આજે મારા ચાર સો રૂપિયાની વધારે તફડંચી કરી એ તો ખરું જ છે. પણ એમાં હું એમની કશી કુશળતા નથી દેખતો. તું જો ફૂટી ન હોત—ગાંડાની જેમ સભામાં પટ કરતા પાંચ સો રૂપિયાનું નામ તો તેં પાડયું ના?'

'સો રૂપિયાની રકમ મને બહુ થોડી લાગી, એટલે સભામાં એની જાહેરાત કરતાં મને શરમ આવી. ને હું કહું છું, પાંચ સો રૂપિયા ગયા તો તમારા નામ ઉપરથી! ચોમાસામાં ડુંગર પરથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાણી આખરે તો ખીણમાં જ વહી જાય છે ના? લાગણીના આવેશમાં મારાથી પાંચ સોનું નામ પડાઈ ગયું. આપણે ક્યાં વારેવારે અહીં આવવા એઠાં છીએ? એટલે ...'

બફારો થતો હોવાથી કશું ઓઢ્યા વિના જ વૈજયંતીએ પડ્યાં પડ્યાં આંખો મીચી લીધી; દીવો ધીમો કરીને પ્રભાકરપંત પણ પોતાની પથારીમાં જઈને સૂતા. ચોમાસામાં તડકારહિત ભેજભરી હવાથી જેમ માનવીનું મન ઉત્સાહહીન બની જાય તેવી માનસિક અવસ્થા સંસ્થાની કંગાલિયતભરી દશા જોઈને પ્રભાકરપંતે અનુભવી હતી. નિદ્રાના કોમળ હાથનો સ્પર્શ અનુભવતાં અનુભવતાં તે વિચારતા હતા: 'ખીણ અને શિખરમાં આટલો તફાવત તો હોય જ!'

લગભગ સાડા અગિયારને આશરે વૈજયંતી એકાએક ગભરાઈને જાગી. ઊંઘવાની શરૂઆત થઈ ત્યારથી તેને સ્વપ્નાં આવ્યા કરતાં હતાં. તેનું આંતર મન એ સ્વપ્ન દ્વારા તેના ભૂત જીવનનો ચિત્રપટ જાણે જોઈ રહ્યું હતું. તે જાગી ગઈ તે વખતે પણ તેને એક આવું જ સ્વપ્નું આવ્યું હતું. સ્વપ્નામાં પોતે અને એક પોતાની એનપણી ભૂતથી ડરી જઈને ઊંઘમાં જ એકબીજીને વળગી પડી હતી. ગામ બહાર એક અવાવરુ જગ્યા મફત મળવાથી દાદાએ ત્યાં આશ્રમ બાંધ્યો હતો. એ સ્થાન ભૂતના વાસા તરીકે ખૂબ જાણીતું હતું. આ બધાં જૂનાં સ્મરણો સ્વપ્નામાં મનમાં ઘોળાતાં હતાં, એ દરમિયાન કશો અવાજ થતો લાગ્યો. બી જઈને તેણે આંખો ઉઘાડી. જરા દૂર પ્રભાકરપંત શાંતિથી ઊંઘતા દેખાતા હતા; બહાર પણ શાંતિ હતી.

શરીર પર કશું ઓઢી લેવાને ઇરાદે તે પથારીમાં બેઠી થઈ.

એટલામાં—

ઓઢવાની શાલ સુધી પહોંચેલો તેનો હાથ ત્યાં જ થંભી ગયો!

ઓરડી બહાર કોઈનાં પગલાંનો અવાજ સંભળાતો હતો!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દસબાર વરસ પહેલાં સાંભળેલી ભૂતની બધી વાતો એક ક્ષણમાં તેના મનમાં તાજી થઈ!

કાન દઈ તેણે સાંભળવા પ્રયત્ન કર્યો. પગલાં સતત ગતિએ ચાલ્યા કરતાં હતાં: ઘડીભર તે ઓરડીની જમણી બાજુએ જતાં જણાતાં હતાં, તો ઘડીભર તે વળી પાછાં ડાબી બાજુએ જતાં હોય એમ લાગતું હતું.

તે વિચાર કરવા લાગી: આટલી મોડી રાત્રે અત્યારે કોણ આમ ફરતું હશે? આજના ઉત્સવની દોડાદોડીથી લોકો તો બધા થાકીને લોથ થઈ ગયા છે. ગઈ કાલે રાતના પણ તૈયારી કરવામાં કોઈ ઊંઘ્યું નહોતું એમ પેલાં શિક્ષિકાબહેન હજુ સાંજે જ કહેતાં હતાં! ત્યારે?—

બહાર થતાં પગલાંનો અવાજ વધારે સ્પષ્ટ અને જોરદાર થતો લાગ્યો. વૈજયંતી ભયથી ગભરાઈ ઊઠી.

પ્રભાકરપંતની પથારી પાસે જઈ ધીરેથી તેમને ઢંઢોળતાં તેણે કહ્યું: 'સાંભળ્યું?'

રોજ સવારના વૈજયંતીબાઈ પ્રભાકરપંતને જગાડવા જતાં ત્યારે તે એમ જ કહેતાં: 'સાંભળ્યું? સાત વાગી ગયા છે!'

આથી આટલી વારમાં સાત શી રીતે વાગ્યા એવા આશ્ચર્ય-ભાવ સાથે તેમણે આંખો ખોલી. પણ વૈજયંતીબાઈના ગભરાયેલ ચહેરા તરફ નજર મંડાતાં જ તે ઝડપ દઈને બેઠા થઈ ગયા.

પ્રેમભર્યા સ્વરે તેમણે પૂછ્યું: 'કેમ, શું છે?'

કશું બોલ્યા વિના વૈજયંતીએ દરવાજા તરફ આંગળી ચીંધી.

પ્રભાકરપંતે કાન દઈ સાંભળવા માંડ્યું—બહાર કોઈનાં પગલાં સંભળાતાં હતાં!

તેમના મનમાં એવો વિચાર આવ્યો કે કોઈ ચોરબોર આવ્યો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હશે. આવા ગરીબ આશ્રમમાં આજે શહેરમાંથી બે પૈસાદાર મહેમાન આવ્યાં છે તેથી તેમને હાથ મારવાનો વિચાર પણ થઈ આવ્યો હોય! પણ તુરત તેમને પોતાની શંકા વિષે જ હસવું આવ્યું. જે માણસ ચોરી કરવાને ઇરાદે ઓરડીએ આવ્યો હોય તે પોતાનાં પગલાં પણ ન સંભળાય એવી ખબરદારી રાખે કે ઊલટાનો વારેવારે આંટા મારીને પગલાંનો ખખડાટ કરે?

માટે એવું કાંઈ નથી, એવા વિચારે સાથે પ્રભાકરપંત ઓરડીના દરવાજા તરફ આગળ વધ્યા. બીતાં બીતાં વૈજયંતી પણ પાછળ આવી. પ્રભાકરપંતે જ્યાં બારણાની સાંકળ ઉઘાડી કમાડ ઉઘાડ્યાં તે જ વેળા પેલી આંટા મારતી વ્યક્તિ બારણા પાસે આવી પહોંચી. પતિપત્નીનાં મોંએથી એકીસાથે આશ્ચર્યના ઉદ્‌ગાર નીકળી પડ્યા: 'કોણ, દાદા?'

દાદા ચાલતા અટકી ગયા. બંને તરફ જોઈ હસીને તેમણે કહ્યું: 'મારા ફરવાથી તમારી ઊંઘમાં ખલેલ પડી, ખરું? માફ કરજો! પણ મને રોજ આમ ફરવાની ટેવ પડી છે એટલે—'

નવાઈ પામી વૈજયંતીએ સવાલ કર્યો: 'એટલે? રોજ રાત્રે આ વખતે તમે આમ આંટા જ માર્યા કરો છો?'

'બીજું શું કરું?'

'પણ આખો દિવસ આટલું કામ કર્યા પછી—'

'ગમે તેટલું કામ કરું તોપણ રાત્રે મને વહેલી ઊંઘ જ નથી આવતી! રાતના એકાદ બે વાગવાનો વખત થાય, મળસ્કાનો ઠંડો પવન જરા વાવો શરૂ થાય, ત્યારે જ આંખો સહેજ મિચાય છે!'

પ્રભાકરપંતે તુરત સૂચવ્યું: 'તો પછી આવતી કાલે તમે અમારી સાથે જ મોટરમાં મુંબઈ ચાલો. ત્યાં કોઈ સારા ડૉક્ટરને આપની તબિયત બતાવીશું.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાદાએ હસીને જણાવ્યું : 'પ્રભાકરપંત! આ રોગ શરીરનો નથી, મનનો છે!'

પ્રથમ પત્નીના મૃત્યુ પછી ફરી પરણવું જ નથી એવા નિશ્ચય સાથે દાદાએ આ આશ્રમ સ્થાપ્યો હતો, એ ઇતિહાસ પ્રભાકરપંતે પોતાની પત્ની પાસેથી જ જાણી લીધો હતો. આથી જ્યારે દાદાએ ઊંઘ ન આવવાનું કારણ માનસિક છે એમ જણાવ્યું ત્યારે પ્રભાકરપંતને ભારે નવાઈ લાગી. દાદાને કયો માનસિક રોગ છે તે જાણી લેવાનું તેમને કુતૂહલ પેદા થયું. તેમણે કહ્યું : 'રોગ શારીરિક હો યા માનસિક; પણ તે કાંઈ અમસ્થો જ ન થાય. એનું કશું કારણ તો હોવું જોઈએ ના?'

દાદા માત્ર હસ્યા; તેમણે કશો જવાબ ન આપ્યો.

દાદા સ્વેચ્છાથી કશું કહેવા માગતા નથી એમ જણાતાં જ પ્રભાકરપંતે પૂછ્યું: 'તમારા રોગનું કારણ શું?'

'કારણ?' એટલા જ શબ્દો સાથે દાદાએ પ્રભાકરપંત તરફ ભેદક નજર ફેંકી. એમની દૃષ્ટિમાં આટલી બધી તીવ્રતા ભરી હશે એની પ્રભાકરપંતને અત્યાર સુધી કલ્પના પણ આવેલી નહિ!

દાદાએ ધીરેથી કહેવા માંડ્યું: 'મારું ન લગાડશો, પણ મારા રોગનું કારણ તમારા જેવા ગૃહસ્થો જ છે!'

આ ભંગડ આદમી પોતે કરેલ પાંચ સો રૂપિયાના દાનનો બદલો તુરત કઈ રીતે આપે છે, એવો વિચિત્ર વિચાર પ્રભાકરપંતને એક વાર મનમાં તો થઈ આવ્યો. પણ—

દાદાનો અવાજ વધારે સ્પષ્ટ થતો જતો હતો. તેમણે જણાવ્યું : 'આ સંસ્થા મેં આજથી વીશ વરસ પહેલાં સ્થાપી હતી. લોહીનું પાણી કરીને એને સારી દશાએ પહોંચાડી. મારા પોતાના બાળક પ્રત્યે જેટલું વહાલ હોય તે કરતાં પણ વધારે વહાલ મને આ સંસ્થા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રત્યે છે. પણ — પણ હવે મારા હાથપગ થાકયા છે; સંસ્થાનો વિસ્તાર વધતો જાય છે, પણ તેને મળતી જાહેર મદદ ઘટતી જાય છે.' તેમણે વૈજયંતી તરફ જોતાં જોતાં કહ્યું: 'જે દશામાં આ આશ્રમમાં આ વૈજયંતી આવેલી, તે જ અવસ્થાવાળી છોકરીઓને આજે આશ્રમમાંથી મારે પાછી વાળવી પડે છે. પૈસાની તંગી તો છે જ, તે સાથે કામ કરનારાં માણસોની ખેંચ એથી ય વધારે છે! સંસ્થામાંથી નીકળેલી ઘણી છોકરીઓ આજે સુખી જિંદગી ગાળે છે. કોઈને સારી નોકરી મળી છે, કોઈને સારું સુખી ઘર સાંપડયું છે; પણ એમાંની કોઈ આ સંસ્થા તરફ નજર સરખી નાખતી નથી. આશ્રમે તેમને ઊંડી ખીણમાંથી ઉચ્ચ શિખરે પહોંચવાનો રસ્તો દાખવ્યો. પણ એ શા સારુ? તો ખીણમાં પડેલી બીજી અનાથ બહેનોને તેમણે ઊંચે ચડવાની અનુકૂળતા કરી આપવી, તેમને રસ્તો બતાવવો તે ખાતર! પણ...પણ સદ્‌ભાગ્યે જે લોકો ઉચ્ચ શિખરે પહોંચે છે તેઓ ફરી પાછા એ ખીણમાં ઊતરતા નથી — તે તરફ પાછું વાળી જોવાની તસ્દી પણ લેતા નથી!'

દાદાના એ બોલ સાંભળતાં વૈજયંતી મોં ફેરવી ગઈ હતી. તે તરફ નજર જતાં જ દાદાએ તેને કહ્યું: 'બહેન! તને માઠું લગાડવા ખાતર હું આ બોલ્યો છું એમ રખે માનતી! જા, અત્યારે તો તું નિરાંતે સૂઈ જા.'

પતિપત્ની પાછાં ઓરડીમાં ગયાં. પરંતુ મોડે સુધી તેમને ઊંઘ ન જ આવી. તેમના કાનમાં દાદાના શબ્દો વારે વારે ઘૂમ્યા કરતા હતા: સદ્‌ભાગ્યે જે લોકો ઉચ્ચ શિખરે પહોંચે છે તેઓ ફરી પાછા એ ખીણમાં ઊતરતા નથી — તે તરફ પાછું વાળી જોવાની તસ્દી પણ લેતા નથી!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનામી

દરેક રવિવારે સાંજના દવાખાનું બંધ રાખવાનું અમે ડૉક્ટરોએ મળી નક્કી કર્યું તેથી દરદીઓને લાભ થયો કે કેમ તે તો ભગવાન જાણે; પણ હું, મારા દવાખાનાની નર્સ, કમ્પાઉન્ડર વગેરે લોકો તો ખૂબ રાજી થયાં હતાં એ તો ચોક્કસ! દરદીઓના માંદલા ચહેરા, દવાઓની ઉગ્ર વાસ, થર્મોમિટરમાં હમેશાં તાવનો ચડતો પારો, સ્ટેથેસ્કોપમાં સંભળાતા એના એ જ તરેહના થડકારા, ડ્રેસિંગ રૂમ (પાટા બાંધવાની ઓરડી) માંથી સંભળાતો કણસવાનો અવાજ, – અઠવાડિયાના સાડા છ દિવસો સુધી સતત આવા જ વાતાવરણમાં રહેનાર માણસને અરધો દિવસ મિત્રો સાથે વાતોના તડાકા મારવાનો, અગર પાને રમવાનો, અગર શાંતિથી આરામખુરશીમાં પડયાં પડયાં સિગરેટ ફૂંકવાનો મળે એથી કેટલો હર્ષ થતો હશે એની કદાચ કલ્પના પણ બીજાઓથી થઈ નહિ શકે! હું તો હમેશાં માનું જ છું કે માણસને કમાવાનો ધંધો – પછી એ ધંધો ગમે તેવો પવિત્ર ગણાતો હોય તોપણ એ એક તરેહનું કેદખાનું જ લાગે છે! એવાં કેદખાનામાંથી ભલે થોડી ક્ષણ પૂરતી પણ મુક્તિ – નિરાંત મળતી હોય તો તે લેવાનું મન કોને ન થાય?

પણ આ અરધા દિવસની રજા પાડવાની સામે દરેક ડૉક્ટરના ઘરમાં એકેક વ્યક્તિ તો હતી જ! એ વ્યક્તિ તે ડૉક્ટરની પોતાની પત્ની! રવિવારે સાંજના ડૉક્ટરોએ રજા પાડી ઘેર બેસી રહેવાનું ઠરાવ્યું ત્યારથી દરેક ડૉક્ટરના ઘરે રવિવારે સાંજના કલ્પનું સ્વરૂપ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લેવા માંડ્યું. સાધારણ રીતે એથી ચારના વચગાળાના સમયમાં વધારાના રોજ બેચાર ચાના કપ જોઈતા હોય, પણ રવિવારે સાંજના તો—

બીજાના ઘરની વાત શા સારુ કાઢવી? હું મારા ઘરની જ વાત કહું. અમારા ઠરાવ પછી રવિવારે સાંજના બેત્રણ વાર મળીને કાંઈ નહિ તો પચાસ સાઠ કપ ચાનાં આંધણ મારે ત્યાં ચાલુ થયાં. મારી પત્ની તો મને વારેવારે સંભળાવતી: 'રવિવારે સાંજના આપણે ઘેર રકાબી ખ્યાલાનો ખખડાટ એટલો બધો થાય છે કે રસ્તે જતો આવતો માણસ એમ જ માની બેસે કે ડૉક્ટરની પ્રેક્ટીસ બરોબર નહિ ચાલતી હોય, એટલે હવે હૉટેલ પણ ખોલી લાગે છે!'

એની આ ટીકાની પાછળ સ્ત્રીની વહેવારદક્ષતા જ સમાયલી છે એ હું બરાબર જોઈ શકતો. આથી એની એ ટીકા હું હમેશાં હસવામાં ઉડાવી દેતો. પણ દુશ્મન અહિંસાના સિદ્ધાંતનું અવલંબન કરે તેથી હિટલર જેવી વ્યક્તિઓ કાંઈ શાંતિ થોડી જ રાખવાની છે? રવિવારે સાંજે આવનારી વ્યક્તિઓની જાણે હાથમાં યાદી તૈયાર હોય એમ મારી પત્ની વારાફરતી અકેક નામ લઈને મને સંભળાવતી: 'આ તમારો ભાઈબંધ ક્યારથી થયો? એને તમારી સાથે શાની ભાઈબંધી છે કહું? એ કપ ચા પીવા પૂરતી! આપણી શેરીમાં જ એ રહે છે એટલે એની સાથે ઓળખાણ; નહિ તો...'

પત્નીની વાક્ધારાનાં બાણ છૂટે પછી કાંઈ રોક્યાં રોકાય છે?

રવિવારે આવી ચડનારા મિત્રોની યાદી વાંચતાં વાંચતાં એ દામુઅણ્ણાનું નામ લેતી; એ નામ આવતાં જ મારે મારું મૌનવ્રત છોડવું પડતું. દામુઅણ્ણા ગરીબ હતા. પરચુરણ ચોપડીઓ વેચનારની દુકાને કારકુનીમાં મહિને પંદર વીશ રૂપિયા એને મળતા હતા, અમારી જ શેરીમાં એક જૂના પુરાણા ઘરમાં ભાડે રહેતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતા, એની એકની એક દીકરી પણ મેલીઘેલી ચૂંદડી ઓઢી નિશાળે ભણવા જતી, વધી ગયેલી એની દાઢીમાં ધોળા અને કાળા વાળનું મિશ્રણ જરા વિચિત્ર દેખાવ દાખવતું, એ બધું હતું. પણ રવિવારે સાંજે વગર ભૂલ્યે તે અમારી કલબમાં હાજર થઈ જતા—પણ તે મફતની ચા પીવા માટે, અગર તો ગંજીપે રમવા માટે અગર ડૉકટર સાથેની પોતાની ઓળખાણ દાખવવા માટે નહિ! રવિવારે બધાં છાપાં વાંચી જવા ખાતર જ તે અમારી કલબમાં હાજર થતા. ઇલસ્ટ્રેટેડ વીકલી, ચિત્રા, નવયુગ, ધનુર્ધારી વગેરે બધાં અઠવાડિકોનો થોકડો કરી પોતાના ખોળામાં રાખી મેડી પર બાજુએ એક ખૂણામાં બેસી તેઓ તે વાંચવામાં તલ્લીન બની જતા. એમનું એ દૃશ્ય જોઈને મને મંદિરમાં એક સંન્યાસી પોથી વાંચતા બેસી રહેતા તે યાદ આવતું. ગંજીપો—બિઝીક રમનારી ટોળીમાં 'મેરેજ' (લગ્ન)નો ઉત્સવ ઉજવાતો, તો 'લગ્ન અટકયાં'ની બૂમ મારી કોઈ રુક્મીનો પાઠ પણ ભજવતો. સિગરેટના ધુમાડાના ગોટા તો જાણે ચોમાસામાં ખંડાળાના ઘાટમાંથી પસાર થતા હોઈએ એવું દૃશ્ય ઊભું કરતા; પણ આમાંની એકે ય બાબત દામુઅણ્ણાને ધ્યાનભંગ કરી શકતી નહિ. બહુ તાણ કરવામાં આવે તો વળી ચા પીતા; પણ તે ય દિવસમાં ફક્ત એક જ વખત!

આથી જ્યારે મારી પત્ની રવિવારે મારે ત્યાં એકઠી મળતી ભૂતાવળમાં દામુઅણ્ણાનું નામ ઉમેરતી ત્યારે હું કહેતો: 'એ ભૂત નથી, પણ ભગવાનનું માણસ છે!' મારું એ કથન સાંભળી તે હસી ઊઠતી. તુરત હું તેને દામુઅણ્ણા વિષે ગામગપાટા દ્વારા મળેલી એના પૂર્વચરિત્રની વાત કહેતો. એ મૅટ્રિક પાસ થયા ત્યારે કહેવાય છે કે એને સારી એવી સરકારી નોકરી મળે તેમ હતી! પણ કાંઈક સમાજસેવા કરવાની વૃત્તિથી તે કોંકણમાં પોતાના વતનને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગામડે ગયા. ત્યાં ત્રણચાર ધોરણની અંગ્રેજી નિશાળ એમણે સાત-આઠ વરસ સુધી ચલાવી. નિશાળ બંધ કરવી પડી ત્યારે એક નાનું શું છાપખાનું કાઢેલું. છાપખાનામાં સ્વદેશી કાગળ અને સ્વદેશી શાહી જ વાપરવાના એમના મક્કમ નિરધારને કારણે ધંધા તરીકે એ છાપખાનાએ તેમને બરકત ન આપી. આખરે છાપખાનું વેચી નાખી પેટ ખાતર એક બુકસેલરની દુકાનમાં એમણે કારકુની કરવાનું સ્વીકાર્યું.

દામુઅણ્ણા ભગવાનનું માણસ છે એમ સાબિત કરવા હું મારી પત્નીને આ લાંબી હકીકત કહી સંભળાવતો એટલે તુરત તે મારી વાતને ટૂંકી વાળી દેતી : 'ભલે તમે એને ભગવાનનું માણસ કહો; બાકી દુનિયા તો એમને વેદિયા ઢોર તરીકે જ ઓળખવાની !'

* * *

એનું એ મંતવ્ય કોઈ કોઈ વખત મને પણ સાચું છે એમ લાગતું. કાલની જ વાત લઈએ. અમારા રવિવાર મંડળે ચોતરફથી દામુઅણ્ણા પર હલ્લો શરૂ કર્યો, અને દામુઅણ્ણાએ પણ એનો બરાબર સામનો કરવા માંડ્યો ત્યારે મને મારી પત્નીનું વાક્ય સાંભરી આવ્યું, ને મેં પણ મનમાં ધાર્યું કે 'દામુઅણ્ણા ખરેખર વેદિયા જ છે !'

હકીકત આમ બની હતી.

સુવાવડના ભારે મુશ્કેલીભર્યા એક કેસમાં બાઈના છૂટાછેડા કરાવી હું ઘેર પાછો ફર્યો ત્યારે બપોરના ત્રણ થયા હતા. શરીર આખું કળતું હતું; મન પણ ગ્લાનિભર્યું હતું. એટલે થોડું ઘણું જમ્યો ન જમ્યો ને હું મેડી પર ચડ્યો. રોજની મંડળી રમવા માટે મારી રાહ જોઈ બેઠી હતી. મેં તેમને કહી દીધું : 'આજે તો સાવ થાકી ગયો છું. આરામખુરશીમાં જ પડવાની ઇચ્છા છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને એટલું કહી બારી પાસે પડેલી આરામખુરશીમાં હું ઢળી પડ્યો. બારીમાંથી બહારનું આકાશ જોઈ શકાતું હતું: જાણે સાવ ચેતનવિહીન! પ્રસૂતિવેદના સહન કરતી પેલી બપોરવાળી સ્ત્રીના ચહેરા સાથે એને સરખાવવાનું મને મન થઈ આવ્યું. એના એ સીસકારા—બહાર આકાશમાં વાદળાંઓ ગડગડાટ કરી રહ્યાં હતાં! પેલી સ્ત્રી રહી રહીને ધ્રૂજી ઊઠતી હતી—બહાર શરીરે ચટકા ભરે એવો પવન ફુંકાઈ રહ્યો હતો.

ઊભા થઈને મેં બારી બહાર ઝીણી નજરે જોયું. ક્યાંયે વીજળીનો ચમકારો સરખો દેખાતો નહોતો! સોગિયાની પેઠે કાળો ઘુંઘટ ઓઢીને આકાશ જાણે શાંત ચેતનહીન બની બેઠું હતું.

મેં પાછળ નજર ફેરવી.

રમવાની મારી જરા ય મરજી નહોતી; અમારી મંડળી પણ બહારના આકાશની પેઠે ઉદાસીન બની જાણે બેઠી હતી.

મારી નજર પાછી વળેલી દેખતાં જ સહુ બોલી ઊઠ્યા: 'ડૉક્ટર સાહેબ! એમ નહિ ચાલે. અમારે એક જ ભેરુ તૂટે છે, ને તમારે બેસવું જ પડશે!'

દૂર ખૂણામાં એક માસિકનો આવેલો તાજો અંક વાંચવામાં દામુઅણ્ણા મશગૂલ હતા. મેં કશો જવાબ ન આપતાં માત્ર અંગુલિ-નિર્દેશ કર્યો.

તુરત જ બધા દામુઅણ્ણાને ઘેરી વળ્યા.

પરંતુ પાણીપતના યુદ્ધમાં એકલે હાથે રણમેદાનમાં ઝૂઝનારા સદાશિવરાવ ભાઉની પેઠે દામુઅણ્ણાએ શાંતિથી પોતાનું વાચનકાર્ય ચલાવે રાખ્યું.

દામુઅણ્ણાને કોઈ રીતે રમવા બેસારી શકાય એમ નથી એવું જણાતાં એકે તેમને પૂછ્યું: 'દામુઅણ્ણા! શું વાંચો છો?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમને બદલે બીજાએ જ કહ્યું: 'કોઈ પ્રેમકથા હશે. એણે પેલીના કોમળ હાથ પોતાના હાથમાં પકડ્યા અને જુવાનીથી ફાટ-ફાટ થતા.....'

'થૂ...!' એક અવાજ સંભળાયો. પાછળ તુરત ખડખડાટ હાસ્યના પડઘા ઊઠ્યા.

'થૂ...!' ફરી અવાજ થયો.

પણ એ અવાજ પેલી પ્રેમકથાના નિષેધ રૂપે નહોતો! પાન ખાનારી મંડળી પૈકી એક જણ બારીમાંથી બહાર પિચકારી ઉડાડી થૂંકતો હતો.

હાસ્યનું જોર નરમ પડતાં ફરી સહુએ દામુઅણ્ણા ઉપર હલ્લો કર્યો.

'આટલાં બધાં રસનાં ફૂંડાં ભરાય એવું તે શું વાંચો છો, દામુઅણ્ણા? જરા અમને પણ કહો તો ખરા?'

અંકનાં પાનાંઓ પરથી બહાર મોં કાઢ્યા વિના જ દામુ-અણ્ણાએ જવાબ આપ્યો: 'ન ભુલાય એવી વ્યક્તિ!'

મર્કટને મદિરા પાયા જેવું થયું. દામુઅણ્ણાના જીવનમાં ન ભુલાય એવી વ્યક્તિ કોણ હશે, એ જ વાતચીતનો વિષય બની ગયો. એક જણે કહ્યું: 'ભાઈએ કોંકણમાં નિશાળ કાઢી હતી તે તો જાણો છો ના? એમાં ભણતું કોઈ શેડાભર્યું બાળક જ કદાચ ભાઈની ન ભુલાય એવી વ્યક્તિ હશે!'

બીજાએ વાંધો લીધો: 'શેડાળું બાળક એ શબ્દપ્રયોગ સામે અમારે વાંધો છે. એથી ગોટાળો થાય છે! એ બાળક છોકરો હતો કે છોકરી હતી એ બાબતનો દામુઅણ્ણાએ ખુલાસો કરવો જોઈશે!'

ત્રીજાએ પોચકું મૂક્યું: 'અરે ભાઈ! સાહેબે છાપખાનું કાઢ્યું હતું ના? એ માંહેનો કોઈ કમ્પોઝીટર પણ એમની ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભુલાય એવી વ્યક્તિ કેમ ન હોય?'

ચોથાએ વળી ઉમેર્યું: 'નહિ રે! જે નાટકમંડળીની જાહેર ખબરો એઓ છાપતા હતા, તે માંહેની કોઈ નટી હશે, નટી!'

પાંચમાએ બળતામાં ઘી હોમ્યું: 'અને નહિ તો અત્યારે એમની દુકાને ચોપડીઓ ખરીદવા આવનારી કોઈ કૉલેજકન્યા પણ હોય! દામુઅણ્ણા! તમારા જીવતરની આ ન ભુલાય એવી વ્યક્તિ વિષે જણ્યા વિના નહિ ચાલે!'

માસિકના અંકનાં પાનાં સંકેલી લેતાં બધા તરફ નજર કરી દામુઅણ્ણાએ કહ્યું: 'તમારી માગણી હું કબૂલ રાખું છું!'

ગુસ્સાને એક રીતે કળણ સાથે સરખાવી શકાય. એમાં સપડાયેલ માનવી બહાર નીકળવા મહેનત કરે તેમ તેમ તેમાં વધારે ને વધારે ઊંડો ઊતરતો જાય.

'તમારી એ ન ભુલાય એવી વ્યક્તિ કોણ છે?' ચારપાંચ જણાએ એકી સાથે દામુઅણ્ણાને ફરી સવાલ કર્યો.

'એક સ્ત્રી!' તેમણે શાંતિથી કહ્યું.

દામુઅણ્ણાની હવે બરાબર ગમ્મત ઉડાવી શકાશે એવી જાતનો સંતોષ દર્શાવતું હાસ્ય સહુના ચહેરા પર ચમકી રહ્યું.

આ ભોળો માણસ – આ વેદિયો બ્રાહ્મણ પોતાના જીવનપથમાં ઘડીભર આવી ચડેલી કોઈ પરસ્ત્રી વિષે સરળ દિલથી વાત કરશે અને આ ગામના ઉતાર જેવા મશ્કરા લોકો એનો ગમે તેવો અર્થ ઠોકી બેસારશે એવો મને ભય પેઠો. આંખને ઇશારે મેં દામુઅણ્ણાને છાના રહેવાની સૂચના પણ કરી! પરંતુ પ્રેમ અને યુદ્ધ બંનેમાં માનવી ખરેખર આંધળો જ બને છે. 'તારી જેવાના જીવતરમાં વળી એવી અદ્ભુત વ્યક્તિ કોણ ચમકી જવાની હતી?' એવો ઉપહાસયુક્ત પ્રશ્ન કરી સહુએ એને ચીડવ્યા હતા! એ ચિડાયેલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોદશામાં આ ભોળો માણસ કોઈ ન કહેવા જેવી ખાનગી વાત રખે જાહેર કરી દે, એવી શંકાથી હું મનમાં વ્યાકુળતા અનુભવી રહ્યો.

એટલામાં કોઈએ વળી દામુઅણ્ણાને સવાલ કર્યો: 'તમારી આ સત્ય કથાનો નાયક કોણ?'

'હું.'

'અને નાયિકા?'

'એક વેશ્યા.'

એ ઉત્તરથી બધા સ્તબ્ધ થઈ ગયા! ચકિત બની સહુ દામુઅણ્ણાની વાત સાંભળવા લાગ્યા.

"હું મૅટ્રિક પાસ થયો ત્યારે મારા કાકાની ભલામણથી સરકારી ખાતામાં કારકુનની એક સારી જગ્યા મને મળતી હતી, પણ મેં એ જગ્યા સ્વીકારી નહોતી, એ વાત તો તમારામાંના ઘણાએ સાંભળી જ હશે. પૂનામાં હું ભણતો હતો ત્યારે મેં ટિળકનાં દર્શન કરેલાં. તે વેળા તેઓ છેક વૃદ્ધ થઈ ગયા હતા. તેમનાં ભાષણો મેં સાંભળ્યાં. એ ભાષણોમાંથી હું એક પાઠ શીખ્યો કે દરેક જણે દેશની ખાતર કશુંક તો કરવું જ જોઈએ.

"મારા જેવો માત્ર મૅટ્રિક પાસ થયેલ જુવાન દેશની બીજી તો શી સેવા કરી શકવાનો હતો? પણ ગણપતિ દેવની પૂજામાં જેમ ગુલાબ અને કેવડો વપરાય છે, તેમ દૂર્વા-ધરો જેવા ખડનાં ત્રિદળો પણ એમને ચડાવવામાં આવે છે."

ઘણા વાચનને પરિણામે માણસ લેખક બની શકતો હશે એવો વિચાર દામુઅણ્ણાના એ શબ્દો સાંભળી મારા મનમાંથી પસાર થઈ ગયો.

"કોંકણના એક ગામડામાં મારું બાપદાદાવારીનું એક ઘર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતું. છેલ્લી અમારી બે પેઢીઓથી ત્યાં કોઈ રહેવા ગયેલું નહોતું. મને વિચાર આવ્યો કે બાપદાદાની જન્મભૂમિમાં જઈને એકાદ ત્રણચાર ધોરણની અંગ્રેજી નિશાળ કાઢી હોય તો ત્યાંના ગરીબ લોકોને કેળવણીનો લાભ મળે, અને સાથે સાથે ભલા, આપણા બાપદાદાને ઘેર રોજ દીવો પણ થાય! ને ગામડામાં માણસને એવું વધારે શું જોઈતું હોય? ઘરના રોટલા અને ઓઢવા પહેરવા કપડાં મળી રહે તો ભયોભયો થઈ રહે!"

સાંભળનારું મંડળ જરા ઊંચાનીચું થયા કરતું હતું. દામુ-અણણાની વાતમાં વેશ્યા ક્યારે પ્રવેશ કરે છે એ જ જાણી લેવાની તેમની ઇંતજારી હશે! પણ શ્રોતાઓ ઊંચાનીચા થતા હોય તેની પરવા દામુઅણણા ક્યાં રાખે એવા હતા!

"પણ ભાઈઓ! ગામડામાં નિશાળ ચલાવવી એ કામ સંન્યાસીને ફરી પરણાવવા જેવું જ અઘરું છે. શરૂઆતમાં ઉત્સાહમાં તો જે જે કામ કરવાં પડે તે બધાં હું હોંશથી કરતો. જાતે માથે ઉપાડી બાંકડા ફેરવતો, નિશાળમાં ગાર જાતે કરતો, વાળતો, અને સાથે રાખેલા માસ્તરો નારાજ ન થાય એટલા ખાતર મહિનો બે મહિના પગાર પણ ન લેતો—"

'તો પછી તમારી શાળા ભાંગી કેમ પડી?'

"ભાઈ! ગામડાની ખટપટો અને ગૂંચો તમે શહેરી લોકો સમજી ન શકો. ત્યાંના એક ગરાસદારની છોકરીને મેં મફત ભણાવવાની ના પાડી ને ત્યાંના પૈસાદાર શેઠને મારી નિશાળના પ્રમુખ બનાવ્યા નહિ; હુતાશનિમાં ઘેરૈયા થઈને ન ફરવા અને ભૂંડું ન બોલવા ગામના છોકરાઓને સમજાવ્યા; ગામનો એક દાદો મેળામાં જુગારનાં પાટિયાં માંડી માલેતુજાર બનતો એની માહિતી પોલીસને આપી. આ બધા સજ્જનોએ મારી નિશાળ ભાંગવામાં પોતપોતાથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બનતું કર્યું!"

શ્રોતાઓ પૈકી એક અધીરાભાઈ બોલી ઊઠ્યા: 'એવી વાત ક્યાં માંડો છો? એ બધી લાંબી પડ છોડો. તમારી વાતો અરધે પહોંચવા આવી પણ હજુ વાર્તાની નાયિકા તો ક્યાંઈ દેખાતી પણ નથી; હવે એની વાત કરો ને?'

દામુઅણ્ણા સહેજ હસ્યા, અને વાત આગળ ચલાવી—

"સાત વરસને અંતે નિશાળ સાવ ભાંગી પડવાની અણી પર આવી પહોંચી હતી. એ જ અરસામાં મારા લગ્નનું નક્કી થયું. પાસે તો ફૂટી બદામ પણ નહોતી! કાંઈ ન કરો તો ય કન્યાને કાંઈક લૂગડાં ને બે નાનામોટા દાગીના તો ચડાવવા જ જોઈએ; ઉપરાંત સગાંવહાલાંનું જવા આવવાનું અને જમવાજૂઠવાનું ખરચ—કમમાં કમ પાંચ સો રૂપિયાની મારે જરૂર હતી! નાઇલાજ સાહુકારને શોધ્યો. એણે વ્યાજનો દર તો ટકા ઉપરાંત માગ્યો! પણ લગ્ન કરવાં જ હતાં. ઘરની જમીનનો એકાદ ટુકડો વેચીને પણ રકમ તુરત ભરપાઈ કરી શકાશે એવી ગણતરી કરી મેં એણે માં માગ્યું વ્યાજ આપવાનું કબૂલ કર્યું. લગ્ન આડા ચાર દિવસ બાકી હતા. આગલે દિવસે મેં શાહુકાર પાસેથી રોકડ રકમ લેવા જવાનું નક્કી કરી બધું ગોઠવી રાખ્યું."

ક્ષણ વાર દામુઅણ્ણા મૂંગા રહ્યા. વર્ષો પહેલાંનું એ ભુંસાઈ જવા આવેલું ચિત્ર ફરી પાછું તેમની કલ્પનાચક્ષુ સામે ખડું થયું હશે.

સહેજ હસીને તેમણે આગળ ચલાવ્યું—

"પણ એ સાહુકારે ખરે વખતે દગો દીધો, ને પૈસા આપવાની મને ના સંભળાવી. હું ભારે મુશ્કેલીમાં સપડાયો. છેલ્લાં સાતઆઠ વરસથી મેં આ ગામડા બહાર ડગલું ય દીધું નહોતું. એટલે એકા-એક આટલી રકમ ક્યાંથી અને કોની પાસેથી આણવી એ મારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટે મોટો સવાલ થઈ પડ્યો ! બા તો મોટે ભાગે મામાને ત્યાં જ રહેતાં; ને મામા પણ ગરીબ હતા. તેઓ પૈસાની મદદ કરી શકે તેમ નહોતું. સાહુકાર સાથેની વાતચીત પછી બાને તો મેં લખી નાખ્યું હતું કે પૈસા તૈયાર છે. તેણે દાગીના ઘડાવવા નાખ્યા હશે, નાનાં મોટાં લૂગડાં–કપડાં પણ ખરીદ્યાં હશે, અને હું આમ છેલ્લી ઘડીએ ખાલી હાથે જાઉં તો તો.....એક વાર તો ત્યારે આપઘાત કરવાનું પણ મન થઈ આવેલું ! એ વખત સંભારું છું ત્યારે હજુ ય હસવું આવે છે.

"આખરે ઘણો ઘણો વિચાર કરીને મેં ભાવિ શ્વશુરને એક તાર કરવાનો મનસૂબો કરી કાગળ પર લખ્યું : 'ટાઇફોઇડમાં સપડાયો છું. લગ્ન હમણાં મુલતવી રાખો.'

"હવે જો તાર કરવા હું જાતે પોસ્ટઓફિસે જાઉં તો માસ્તર જરૂર પૂછે : ટાઇફોઇડમાં પટકાયેલ આદમી પગે ચાલીને તાર કરવા આવે ? વાત શી કરો છો ?

"શું કરવું ને કેમ કરવું એના હું વિચારમાં પડ્યો. એટલામાં ત્રીજા ધોરણમાં ભણતો બાલકૃષ્ણ શિરોડકર નામનો વિદ્યાર્થી ત્યાંથી શાક લેવા નીકળ્યો. એ એક દેવદાસીનો (ગામની વેશ્યા) છોકરો હતો. એનો મોટો ભાઈ મારી નિશાળનો પહેલવહેલો વિદ્યાર્થી હતો ! મૅટ્રિક પાસ થઈને અત્યારે તે મુંબઈમાં ક્યાંઈક નોકરી કરતો હતો.

"બાલકૃષ્ણને બોલાવીને મેં તેને પૈસો તાર અને પૈસા આપ્યાં. બાલકૃષ્ણ નજરવેગળો થતાં જ પાછું બારણું વાસી હું પથારીમાં લાંબો થયો.

"પણ બેત્રણ મિનિટમાં જ કોઈએ બારણે 'ટફટફ' એવો અવાજ કર્યો. બારણું ઉઘાડીને જોઉં તો શ્વાસભેર દોડતો આવેલો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાલકૃષ્ણ સામે ઊભો હતો!

"કેમ પાછો આવ્યો?' મેં તેને પૂછ્યું.

"પણ કશો જવાબ આપ્યા વિના એણે ધીરેથી મારે શરીરે હાથ લગાડી જોયો અને હર્ષમાં બોલી ઊઠ્યો: 'શરીર તો જરા ય ઊનું નથી જણાતું?'

"હું વાત પામી ગયો. ત્રીજી ચોપડી ભણતા બાલકૃષ્ણની જિજ્ઞાસાએ જોર કર્યું હતું. એણે એ લખેલો તાર જેમતેમ કરી વાંચ્યો. માસ્તર ટાઇફોઇડથી માંદા હોવાનું વાંચતાં જ હિંમત હારી જઈ એ દોડતો દોડતો તુરત પાછો આવેલો.

"બાલકૃષ્ણને સમજાવ્યા વિના ચાલે તેમ નહોતું. નાઈલાજ બની મેં લખેલા તારની પાછળ છુપાયેલ રહસ્યની વાત તેને જણાવી. એને રવાના કરી ફરી બારણું વાસી મેં પથારીમાં લંબાવ્યું.

"એ વેળા મારા મનમાં કેટલો ગાઢ અંધકાર વ્યાપ્યો હતો એની કલ્પના પણ તમે કોઈ કરી નહિ શકો! આ કુગ્રામમાં નિશાળ કાઢીને જીવનનાં સાતઆઠ વરસ મેં વ્યર્થ ગુમાવ્યાં એવું મનમાં થઈ આવ્યું. ત્યાગ, પરોપકાર, સેવા, વગેરે શબ્દોનો શબ્દકોષમાં ઘણો લાંબો અર્થ હશે પણ દુનિયાદારીમાં એ શબ્દો સાવ નિરર્થક છે એ વિષે મારી ખાતરી થઈ ચૂકી! જે ગામમાં મેં સાતઆઠ વરસ સુધી નિસ્વાર્થવૃત્તિથી શાળા ચલાવી હતી, એ ગામનું એક પણ માણસ ખરે વખતે મને મદદ કરવા દોડી ન આવે—મારો સાદ સાંભળીને દોડી આવનાર એક પણ આદમી ન નીકળે—

"એટલામાં ફરી બારણે ટકટકાટ સંભળાયો. એ વેળા હું એ આવનાર વ્યક્તિ પર એવો તો ચિડાયો! પણ વળી વિચાર થયો કે કદાચ બાલકૃષ્ણ જ તારની પહોંચ લઈને આવ્યો હશે. મનને ધીરું પાડી હું બારણું ખોલવા ઊભો થયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"બારણે બાલકૃષ્ણ તો હતો જ; પણ તેની પાછળ એક સ્ત્રી પણ હતી! એ બાઈના વાળ ઓળવાની ફેશન, એના હોઠ, એની આંખો – મેં વેશ્યાને જીવનમાં કદી પણ આટલી નજદીકથી જોઈ નહોતી. તેથી—

"મારી બા આવ્યાં છે.' બાલકૃષ્ણે કહ્યું.

"ખરે બપોરે એક વેશ્યા મારે બારણે આવી ઊભી હતી! મેં બીતાં બીતાં રસ્તા પર નજર ફેરવી લીધી. કોઈ બહાર દેખાયું નહિ. મેં ઉતાવળે ઉતાવળે કહ્યું: 'અંદર આવી જાવ!'

"એ સ્ત્રીને ઘરમાં આણીને મેં બેસવાને કહ્યું, પણ બાઈ તો એક બાજુએ ઊભી જ રહી. ધીરે રહી બાલકૃષ્ણના હાથમાં એક નાનીશી પોટલી આપી એણે પુત્રને આજ્ઞા કરી: 'માસ્તર સાહેબને આપ.'

"કોંકણની સ્ત્રીઓને ફૂલોનો તો ભારે શોખ! આજે હું પરણવા માટે જવાનો હતો તેથી આ બાઈ અબોલીની વેણીઓ તૈયાર કરીને આપવા આવી હશે એવી કલ્પના મેં એ પોટલી દેખીને કરી. ને એ જ વિચાર સાથે મેં બાલકૃષ્ણે આપેલી પોટલીની ગાંઠ છોડી. પણ.....

"એ પોટલીમાં અબોલીની વેણીઓ નહિ, પરંતુ સોનાના દાગીના હતા!

"હું સ્તબ્ધ બની ગયો. મેં પૂછ્યું: 'આ શું?'

"પેલીએ ધીરેથી જવાબ આપ્યો: 'મે'તીજી માટેનાં એ ઘરેણાં લાવી છું.'

"ઘરેણાં પાછાં સોંપવા હું ઊભો થયો, પણ કયા શબ્દોથી ના પાડવી તે મને જલદી સૂઝયું નહિ. ઘરેણાં બાને પાછાં આપવા મેં બાલકૃષ્ણને માત્ર નિશાનીથી સૂચના કરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તુરત એ બાઈએ કહ્યું: 'પાંચસો કરતાં વધારે કિંમતનાં એ નથી. મારી પાસે આથી વધારે હવે નથી, નહિતર—'

"પણ...પણ..."

"પરંતુ એણે મને વધારે બોલવાની તક આપી નહિ. એણે વચ્ચે જ ચલાવ્યું: 'અહીં આવીને તમે નિશાળ બોલી એટલે તો મારા બંને છોકરા ભણતા થયા ને સારે રસ્તે ચડ્યા. તમે જો નિશાળ ન કાઢી હોત તો...! મોટો દીકરો આજે મહિને દહાડે એંશી રૂપિયા કમાય છે, એ કોઈ નાટકિયામાં રખડતો કરત; ને આ નાનો ય રખડ્યા કરત; કાં કાજુનાં છોડાં ફોલવા જાત અને નહિ તો બીડીનાં ઠૂંઠાં ફૂંકતો ગામ આખામાં ભટક્યા કરત! મારા છોકરાનાં તમે ધૂળમાંથી રતન બનાવ્યાં...' ગળે ડૂમો ભરાઈ આવવાથી તે વધારે બોલી ન શકી!

"મારી આંખો પણ અશ્રુથી છલકાઈ ઊઠી હતી. પેલી સ્ત્રી એ દેખી ન જાય એટલા ખાતર મેં મોં બાજુ પર ફેરવી લીધું. આંખે આવેલાં આંસુઓ લૂછી ફરી પેલી બાઈ સામે જોવા જાઉં ત્યાં તો એ ચાલી ગઈ હતી!"

વાત પૂરી કરી દામુઅણ્ણા અટકી ગયા. પરંતુ એમની નજર કોઈ અદ્‌ભુત રમ્ય દૃશ્ય નિહાળી રહી છે એવો સહુને જ ભાસ થયો. દામુઅણ્ણાની નજર સામે બાલકૃષ્ણની બાની મૂર્તિ જ ખડી થઈ હશે!

કુતૂહલ સાથે મેં પૂછ્યું: 'દામુઅણ્ણા! એ બાઈનું નામ શું હતું, કહેશો?'

હસીને તેમણે કહ્યું: 'બાઈનું નામ? બાઈનું નામ તો હું પણ જાણતો નથી!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પતિત

જેને પોતાનું જીવનચરિત્ર લખવાની હોંશ હોય તેણે કાંઈ નહિ તો છેવટ બેચાર અઠવાડિયાંની પણ રેલ્વે ટ્રેનની મુસાફરીનો અનુભવ લેવો જ જોઈએ! એમ કરે તો ગત જીવનનાં એકેએક સ્મરણો નજર સામે સ્પષ્ટ તરી આવે—

મનમાં આ વિચાર પસાર થયો ને મને હસવું આવ્યું. પણ ગ્વાલીઅરથી નીકળીને ચોવીશ કલાક સુધી ત્રીજા વર્ગના ડબ્બાના એક ખૂણામાં કોઈ વાર આંખો મીચીને હોલ્ડોલના વીંટાને ટેકો દઈને તો કોઈ વાર ડબ્બામાં દેખાતા અજાણ્યા ચહેરાઓ સામે સ્વપ્નામાં હોઈએ તેમ તાકી રહીને જેણે વીતાવ્યા હોય, તેને આવો વિચાર આવે એ અતિ સ્વાભાવિક છે! મિલના પટ્ટા પેઠે રેલ્વેનાં પૈડાંનો ચાલી રહેલો અવિરત કર્કશ ખખડાટ, દરેક સ્ટેશને સંભળાતો જાતજાતનો કોલાહલ અને વિચિત્ર ઘોંઘાટ, ડબ્બામાં પેસેન્જરો વચ્ચે ચાલી રહેલી અર્થહીન વાતચીતો, અને એક જગ્યાએ સતત બેસી રહીને કળવા માંડેલું બિચારું શરીર—આ બધાંની મન પર કેવી વિચિત્ર અસર થાય એની કલ્પના જ કરવી બસ છે! એ વેળા ખરેખર આપણને ખાત્રી થઈ જાય છે કે આસપાસ ચાલી રહેલો આટલો જબરો વ્યવહાર છતાં આપણે તેની સાથે જાણે કશી જ નિસબત નથી! ક્લોરોફોર્મ સુંઘાડ્યા પછી બેભાન થતા પહેલાં રોગી જે જાતની માનસિક અવસ્થામાં જઈ પહોંચે છે, તેનો પૂરેપૂરો અનુભવ કંટાળી ગયેલા પ્રવાસીને એ વેળા આવી શકે છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સખત ગરમીમાં ફૂલ ક્રેગ ચીમળાઈને ગળી પડે તે તરેહની જાણે ચેતનશૂન્ય અવસ્થાને માનવી પામે છે, અને તેથી જ તો ભૂત કાળનાં મધુરાં સ્મરણોરૂપી અમૃતજલ સીંચીને એને ફરી તાજું અને સતેજ કરવાનો પ્રયત્ન કરવો પડે છે.

બીજાનો દાખલો જવા દઈએ, પણ હું મારી જ વાત કહું. ગ્વાલીઅરથી નીકળ્યા પછી હું પણ લાંબો સમય પસાર થયા પછી ઠોકાં ખાતો ખાતો એ જ તરેહનો પ્રયત્ન કરી રહ્યો હતો. દસ વરસ પહેલાં બેલગાંવમાં મારા પિતાશ્રી હૃદય બંધ પડવાથી એકાએક મૃત્યુવશ થયા. પરિણામે અમારા કુટુંબને ગ્વાલીઅરમાં કાકાના છત્રતળે આશ્રય લેવો પડ્યો. એ દસ વરસ દરમિયાન મેં એકે ય વખત મુંબઈની દિશા તરફ ઢૂંકીને ય જોયું નહોતું એમ કહી શકાય. આગ્રા યુનિવર્સિટીનો ગ્રેજ્યુએટ થયા પછી મને ગ્વાલીઅરમાં જ એક નિશાળમાં શિક્ષકની જગ્યા મળી ગઈ. અર્થાત્ માત્ર મોજ કરવા ખાતર ગયા વિના મુંબઈ તરફ જવાનું મારે કશું કારણ ન રહ્યું. પણ મુસાફરીની મોજ માસ્તરો કયે દિવસે માણી શકે છે? અને મારા કાકાશ્રીએ મારી નાની બહેનનાં લગ્ન તુરતમાં ઉકેલવાની ઉતાવળ ન કરાવી હોત તો મારી કુંડલીમાં મુંબઈની મુસાફરીનો યોગ લખાયો હોત તોપણ એ યોગ કુંડલીમાં જ રહી જાત! પરંતુ.....

પરંતુ બાએ એમ નક્કી કર્યું હતું કે નાની બહેનને માટે સૌથી પહેલાં બેલગામમાં મધુકર કરીને જે મારો વર્ગસાથી હતો તેની જ તપાસ કરવી. મારી અને મધુકરની વચ્ચે પત્રવહેવાર તો ચાલ્યા જ કરતો હતો. બી.એ. પાસ થયા પછી એણે મુંબઈમાં એક સિનેમા કંપનીની નોકરી સ્વીકારી હતી. ત્યાં એ શું કામ કરતો હતો તેની મને કશી જ માહિતી નહોતી; પરંતુ એટલું ખરું કે એક યા બીજા કારણે તેનો ફોટોગ્રાફ છાપાઓમાં અવારનવાર દેખાયા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરતો. અને જ્યારે જ્યારે હું એનો ફોટો છાપાંમાં જોતો ત્યારે ઈર્ષ્યાની આછી ભાવના મારા દિલને સ્પર્શી ગયા વિના રહેતી નહિ. અમારા જેવા નિશાળના માસ્તરોનો ફોટો બહુ તો વરસમાં એકાદ વખત–નિશાળનું વાર્ષિક સંમેલન કે મેળાવડો હોય ત્યારે માંડ પડે. અને એ ફોટો પડે છતાં એને કોઈ છાપાંઓમાં થોડું જ સ્થાન આપવાનું છે? એટલે છાપાંઓમાં જ્યારે હું મધુકરનો ફોટો જોતો ત્યારે મારું મન બોલી ઊઠતું : 'આ બેટો મધુડો ભારે નસીબદાર છે, એની તો ના ન જ પડાય!'

અંગ્રેજી પાંચમી સુધી અમને બંનેને સરખા માર્ક જ મળ્યા કરતા હતા. પણ આજની બજારમાં એની કિંમત–ક્યાં એની એ દ્રાક્ષ અને ક્યાં મારાં કરમદાં? આજ નહિ તો કાલે, સિનેમા કંપનીમાં એને સારો એવો પૈસો મળવાનો જ; એના છટાદાર ફોટાઓ છાપાંઓમાં છપાવાના; અને એની કુંડલી જો બળવાન હોય તો કોઈ સુંદર સિનેમાનટીની સાથે ભાઈસાહેબ પરણે પણ ખરા! ને એવું બને પછી તો પૂછવું જ શું રહ્યું? ભાઈસાહેબના બસો અને બૈરીના બે હજાર મળી મહિને દહાડે બાવીસ સો તો અચૂક મળવાના જ! દસ વરસ પહેલાંનો એ ગરીબ મધુકર, આવતી કાલે માત્ર સ્વપ્નસૃષ્ટિની જ બિના બની જવાની!

મુંબઈ નજીક આવતું જતું હતું તેમ તેમ મારા મનમાં એક વિચાર વધુ દૃઢ થતો જતો હતો: મધુકરની કુંડલીમાં લખેલો સિનેમાનટી સાથેનાં લગ્નનો યોગ બાદ કરતાં બાકી બધું સાચું પડે તો આપણે તો રાજી જ છીએ! અત્યારે આપણું કામ બહેનનાં લગ્નની વાત નક્કી કરવાનું છે. અને મધુકરને ગુપ્ત રીતે નવા હાથ ન ફૂટ્યા હોય–એનાં ખાનગીમાં લગ્ન થયાં ન હોય, તો આટલું કામ તો વાતવાતમાં સફળ થઈ જ જવાનું! ને ખરું જોઈએ તો મધુકરનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લગ્ન કોઈ સિનેમાનટી સાથે ગોઠવાય એ કેવળ સિનેમાની વાર્તામાં જ શક્ય બને તેવું છે. મધુકરને નથી કોઈ જમીનજાગીર, નથી કોઈ વાડીવજીફો, કે કશું નથી. કેવળ પોતાની બુદ્ધિને જોરે મુશ્કેલીઓનો સામનો કરતે કરતે એ બી.એ. થયો છે. એવા ભિખારી રામ ઉપર કઈ સિનેમાનટી મોહી પડે? અપ્સરાઓ કદી મૃત્યુલોકના માનવીઓને મોહી પડી જાણી છે?

મારી નજર સામે મધુકરનું વિદ્યાર્થી અવસ્થાનું દૃશ્ય ખડું થયું. મહિનાઓ સુધી થીગડાં દીધેલાં ધોતિયાંથી ચલાવીને એણે ગાંધીજીની દાંડીકૂચની છબી ખરીદવા માટે પોતાની બા પાસેથી પૈસા મેળવ્યા હતા. રોજ એ છબીને મધુકર તાજાં ફૂલોની માળા ચડાવતો; અને એ માટે નિયમિત રીતે રોજ મળસ્કે વહેલો ઊઠી ગામને પાદર આવેલ પારિજાતકના ઝાડે સૌથી પહેલો પહોંચી જતો. ગાંધીજીના ફોટા તરફ ભાવભરી દૃષ્ટિ રાખી તે એટલું જ હમેશાં ઇચ્છતો: 'જીવનમાં કેવળ એક જ તક મળે તોપણ હું મારી જાતને ખૂબ ભાગ્યશાળી ગણીશ!'

'કઈ?' હું તેને પૂછતો.

મધુકર જવાબ આવતો: 'મહાત્માજીના ચરણકમળમાં આ મસ્તક ધરવાની—પ્રત્યક્ષ પગે લાગવાની!'

મધુકરના આગ્રહ છતાં તેની બા પોતાનો એક પણ ફોટો પડાવી દેવા હમેશાં તેને ના જ પાડ્યા કરતી. મધુકર કહેતો: 'કાલ સવારે નોકરીએ વળગું ના, પછી તો હું કેમેરા જ ખરીદવાનો છું; ને તારા કેટલાય ફોટાઓ પાડીને આખું ઘર એનાથી મઢી દેવાનો છું! તું પૂજા કરવા બેઠી હો તે વેળાનો, નાનો ભાઈ હક લઈ બેસે ત્યારે તેને સમજાવતી હો તે વેળાનો.....'

'ને હું દળણું દળતી હોઉં કે છાણ વડે આંગણું લીંપતી હોઉં તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘેળાતો પણ...' મધુની બા વચ્ચે કહેતાં.

'હા, જરૂર! તારા એ ફોટાઓ પણ હું પાડવાનો જ છું. લીંપી રહ્યા પછી તું તેના પર જે સુંદર રાંગોળી પૂરે છે—આપણા આંગણાની રાંગોળી જોઉં છું ત્યારે એની પાસે તો કોઈ રેશમી ગાલીચો પણ મને તુચ્છ લાગે છે!' અને એટલું કહી તે કવિતાનું ચરણ બોલવા મંડી પડતો—

* "સ્વામી તિન્હી જગાંચા આઈ વિના ભિકારી!"

ટ્રેન બોરીબંદરને સ્ટેશને ઊભી રહી તે વેળા મારી નજરે મધુકરનું એ દૃશ્ય જ ચિતરાઈ રહ્યું હતું.

મેં ધાર્યું કે મધુકરે હવે તો મુંબઈમાં જ પોતાનું ઘર માંડ્યું હશે, ને તેની બા પણ હવે અહીં જ મળશે. મારા પિતાજી ગુજરી ગયા તે દિવસે એની બાએ કેટલા ભાવથી—પ્રેમથી મને પોતાની છાતીએ ચાંપ્યો હતો! આંખે વહેતાં ચોધાર આંસુઓ વડે હું તેનો પાલવ ભીંજવી રહ્યો હતો, અને મધુકરની બા પોતાનાં આંસુઓથી મને નવરાવી રહ્યાં હતાં! પૈસાથી ગરીબ ગણાતાં માણસો પણ લાગણીમાં કેટલાં સમૃદ્ધ હોઈ શકે છે તેનો ખ્યાલ મને તે વખતે આવેલો. આવી બાઈ સાસુ બનીને મારી બેનને હથેળીના ફૂલની જેમ સાચવશે એવી ખાતરી હોવાથી જ મારી બાએ મધુકરને પોતાની દીકરી આપવાનું નક્કી કર્યું હતું.

ડબ્બાની બારીમાંથી હું પ્લેટફોર્મની ગિરદી તરફ જોતો હતો, અને મધુકરની સાથે વાતચીતની શરૂઆત કેવી રીતે કરવી તેના ઘોડા મનમાં ઘડ્યા કરતો હતો. 'કેમ છો, જમાઈરાજ?' એમ પૂછવું વધારે સારું કે 'ભાઈસાહેબ! તમે તમારી એક મનગમતી ચીજ ગ્વાલીઅરમાં અમારે ઘેર ભૂલી આવ્યા છો; હવે તે પાછી તમારે

* ત્રિલોકનો નાથ પણ માતા વિના તો અનાથ—ભિખારી જેવો જ છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાં લઈ જવા ગ્વાલીઅર ક્યારે આવો છો?' એવો સવાલ કર્યો હોય તો વધારે સારું, એવો મનમાં વિચાર કરતો હતો.

પણ કેવી રીતે શરૂઆત કરી હોય તો વધારે સારું લાગે એનો નિર્ણય કરવાની તક મને મળી જ નહિ. પ્લેટફૉર્મના એક છેડાથી બીજા છેડા સુધી હું ફરી વળ્યો પણ ક્યાંઈ મધુકરનો પત્તો લાગ્યો નહિ.

તરસ્યો માણસ ઠંડા પાણીની આશાએ માટલી પાસે જાય અને માટલી સાવ ખાલીખમ નીકળે, એવી મારી દશા થઈ!

મેં સ્ટેશને આવવા માટે મધુકરને ઉપરાઉપરી ત્રણ પત્રોમાં લખી જણાવ્યું હતું. પણ—

મને થયું કે મધુકર હવે મોટો માણસ થઈ ગયો છે! એક સામાન્ય પંતૂજી-અંગ્રેજી નિશાળના શિક્ષકનું સ્વાગત કરવા સ્ટેશન સુધી આવવાની તસ્દી તે શા માટે ઉઠાવે?

તુરત મન વિચાર બદલી કહેતું હતું, મધુકર જેવો લાગણી-પ્રધાન જૂનો મિત્ર પોતાના દિલોજાન દોસ્ત સાથે આમ વર્તે? અશક્ય! ગાંધીજી પ્રત્યેનો એનો ભક્તિભાવ, માતા પ્રત્યેનો એનો નિસ્સીમ પ્રેમ, કહો કે ભક્તિ — ભાવનાશીલ માણસ જીવનપ્રવાહમાં તર્યો જાય ખરો, પણ તે પ્રવાહપતિત તો ન જ બને!

પણ, કદાચ ને એને તાવ આવ્યો હોય તો? હજુ ચાર દહાડા પહેલાં જ સાંભળ્યું હતું કે ગઈ સાલથી મુંબઈમાં પાછો મલેરિયા ફાટી નીકળ્યો છે. અગર કંપનીએ કોઈ ખાસ કામ અંગે તેને બહાર-ગામ ક્યાંઈ મોકલ્યો હોય તો? સિનેમાવાળાઓનું ભલું પૂછવું! રાજા, સ્ત્રી અને નાનું બાળક એ ત્રણેનું મનમોજીપણું સિનેમા સૃષ્ટિમાં એક સામટું આવી મળે છે!

મારી પાસે મધુકરનું સરનામું તો હતું જ. વિક્ટોરિયા કરીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હું સીધો તેને બંગલે પહોંચ્યો.

બહારની ઘંટડી વાગતાં જ એક ઘાટી હાજર થયો: 'આપને કોનું કામ છે?'

'મધુકરભાઈનું.'

'સાહેબ તો બહાર ગયા છે.'

'પણ સાહેબનાં બા તો હશે—'

'ના જી! સાહેબનાં બા તો ગુજરી ગયાં—'

હું સ્તબ્ધ બન્યો. રખે ઘર તો નથી ભૂલ્યો એવો પણ વિચાર થઈ આવ્યો, પણ દરવાજે મારેલું પિત્તળનું મધુકરના નામનું પાટિયું મને ખાત્રીબંધ કહી રહ્યું હતું કે મધુકર અહીં જ રહે છે! મેં વિચાર કર્યો કે બનવા જોગ છે કે એનાં બા એકાએક માંદગીમાં સપડાઈને—

મને ઊભો રહેલો દેખતાં જ ઘાટીએ કહ્યું: 'સાહેબ હમણાં જ આવવા જોઈએ.' તેના જવાબથી જરા શાંતિ પામી મેં ઘાટીને સામાન અંદર લઈ લેવાનું જણાવ્યું ને હું બેસવાના ખંડમાં દાખલ થયો. સામે જ દૂરથી મોટી ભવ્ય દેખાતી છબીને ગુલાબનાં તાજાં ફૂલોનો હાર પહેરાવ્યો હતો. ઉત્સુક બની એ છબી કોની છે તે જોવા હું આગળ વધ્યો— એ છબી ગાંધીજીની નહિ, ગ્રેટા ગાર્બોની હતી!

ગ્રેટા ગાર્બો વિષે હું ઊંચો મત ધરાવતો નથી એવું મારા કહેવાનો આશય છે જ નહિ. 'ક્વીન ક્રિસ્ટીના'માં એણે કરેલું કામ મને ખૂબ ગમ્યું હતું. એ ચિત્રપટ જોતાં જોતાં મારી આંખમાં આંસુ પણ આવી ગયેલાં.

પરંતુ એ એક જ ફોટાને તાજાં ગુલાબોનો હાર પહેરાવેલો જોઈને મને ભારે નવાઈ તો લાગી જ! પછી તો ભીંતે ચોડેલાં નાનાં મોટાં બધાં ચિત્રો અને ફોટાઓ હું નીરખી વળ્યો. એમાંનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેટલાંએક પરદેશી ચિત્રો ખરેખર સુંદર હતાં. એક ચિત્રમાં એક સપાટ મેદાનમાં એક ખૂબ ઊંચું ઝાડ સાવ એકાકી ઊભેલું ચીતર્યું હતું. પણ એ સુંદર ચિત્રે તો મારું ધ્યાન એ સ્થળે ગાંધીજીની દાંડી-કૂચના ફોટાના અભાવ તરફ ખાસ ખેંચ્યું. એક બીજા ચિત્રમાં એક કૂકડી જીવ પર આવી જઈને પોતાનાં બચ્ચાં માટે લડવા તત્પર થઈ છે તેવું દૃશ્ય હતું. એ ચિત્રકારની કલાનાં હું મનમાં ખૂબ ખૂબ વખાણ કરતો હતો તે વેળા મારું અંદરનું મન પણ સાથે કહી રહ્યું હતું — જોરજોરથી કહી રહ્યું હતું: મધુકરની માતાનો એક પણ ફોટો કેમ નજરે પણ નથી ચડતો?

હું મૂંઝાઈ પડ્યો. અંગ્રેજી નિશાળમાં ગાંધીજીના ફોટાની પૂજા કરનારા મધુકરે આજે કટ્ટર દેશભક્ત બનવું જોઈએ એમ તો હું નથી જ માનતો! પણ એક છોકરીના જુદીજુદી પોઝના પાંચ છ ફોટાઓ ઓરડામાં જ્યાં ત્યાં ચોડેલા હતા..... એ છોકરી મોટે ભાગે સિનેમાની નટી જ હશે.....પાંચ છ જોડ બૂટની જોડીઓ અને ઇસ્ત્રી કરેલાં કપડાંનો મોટો એક ઢગલો..... ટેબલ પર પથરાઈ પડેલાં 'ફૉલિંગ ઇન લવ અગેઇન' જેવાં નામવાળાં પુસ્તકો ..... ઍશ પોટ (સિગરેટની રાખ નાખવાની ડાબલી) માં જામેલો રાખનો ઢગલો ..... આ બધું દૃશ્ય જોતાં, એ રાખ જોતાં મારી એટલી તો ખાતરી થઈ ચૂકી કે એ રાખ સિગરેટની નથી પણ દસ વરસ પહેલાંના મધુકરના દિલમાં જે ભાવનાઓ ભરી હતી એની જ એ રાખ હતી! મને ચોક્કસ લાગ્યું કે અંગ્રેજી નિશાળમાં ભણતો એ આદર્શવાદી મધુકર આજે કચાંઈક સંતાઈ ગયો છે, અલોપ બની બેઠો છે, અને એનું સ્થાન મોજશોખને ચાળે ચડેલા અને પોતાની જ ધૂનમાં મસ્ત બની ફરતા કોઈ નવા મધુકરે લીધું છે! જે મધુકરને હું મિત્ર ગણતો હતો તે જૂનો મધુકર હતો, આજનો નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવા વિચારો કરવા બદલ—એ વિચારોને મગજમાં આવવા દીધા બદલ મને મારી જાત ઉપર ખૂબ ક્રોધ ચડ્યો. મધુકર સ્ટેશને લેવા ન આવ્યો તેથી મને ગુસ્સો આવે એ સ્વાભાવિક હતું. પણ એટલી જ હકીકત પરથી મધુકર હવે છેક બદલાઈ ગયો છે એવા અનુમાન પર દોડી જવામાં હું મનની સંકુચિત વૃત્તિ નહોતો દાખવતો શું? હરેક માનવીનો જીવનપ્રવાહ જાતજાતના વળાંક લેતો આગળ વધે છે. એટલે સિનેમાનો પેશો સ્વીકાર્યા પછી મધુકરના જીવનપટ પર ફેશનેબલ કપડાં અને બૂટજોડા, સિગરેટ અને સિનેમાનટીના ફોટાઓનો શોખ, વગેરે જો પ્રમુખપણે દેખાય તો એમાં શી નવાઈ?

હું આવા વિચારો કરતો હતો એટલામાં ટેબલ તળેની કચરાપેટીમાંથી એ ત્રણ કાગળના ટુકડા ઊડતા ઊડતા મારા તરફ આવ્યા. જરા કુતૂહલ સાથે તે ઉપાડી હાથમાં લઈ જોઉં છું તો પહેલા જ કટકા પર લખ્યું હતું: "પ્રિય સુને....." મેં સામેની ભીંતે ટાંગેલા પેલી છોકરીના જુદા જુદા ફોટાઓ પર નજર ફેરવી લીધી. એ જ છોકરીનું નામ સુનેત્રા હોવું જોઈએ. બીજા ટુકડા પરના અક્ષરો બોલતા હતા: "હું તારા ખાતર શું શું....." ત્રીજા જરા લાંબા લીરા જેવા ટુકડા પર વંચાતું હતું: "તું પતિત નથી; પતિતોને પાવન કરનારી તું દેવી....."

તુરત કચરાની ટોપલીમાંથી એ કાગળના સઘળા ટુકડા એકઠા કરી મેળવીને મધુકરનો એ પ્રેમપત્ર વાંચી લેવાની મારી ઇચ્છા તીવ્ર બની. મૂઠી ભરી ટુકડા મેં ટોપલીમાંથી ઉપાડ્યા ય ખરા; પણ—

પણ ત્યાં તો બારણા બહાર કોઈ વાતો કરતું હોય એમ લાગ્યું. ઓલનારી વ્યક્તિઓ પાસે પાસે આવતી હતી. એક અવાજ તો મધુકરનો જ હતો! દસ વરસ દરમિયાન તેના અવાજમાં લગીરે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફેરફાર થયો ન હતો. મને વિચાર થઈ આવ્યો : ઘડી પહેલાં એના વિષે મનમાં આણેલી શંકા કેટલી નિર્દયતાભરી હતી? જેના અવાજમાં પણ કશો ફેરફાર નથી થયો, એ માનવીનો સ્વભાવ બદલાઈ જાય એમ તો બને જ શી રીતે?

મધુકર ઓરડામાં દાખલ થયો : પણ તે એકલો નહોતો! તેની સાથે એક યુવતી પણ હતી. એને જોતાં જ મારી ખાતરી થઈ ચૂકી કે એ જ યુવતી સુનેત્રા હશે. એના સૌંદર્યનુ વધારે વર્ણન શા સારુ લખવું? એને જોતાં જ મારી ખાતરી થઈ ચૂકી કે નાની બહેન માટે આપણે બીજો મૂરતિયો શોધવો પડશે!

મારી સાથે હાથ મિલાવી સ્ટેશન પર પોતે મને લેવા સામે આવી ન શકેલો તે માટે અંગ્રેજીમાં માફી માગી એણે 'સુનેત્રાદેવી' સાથે મારી ઓળખાણ કરાવી; અને છેવટે મારા સામે તાકી રહી કહેવા લાગ્યો : 'શાબાશ છે! બરાબર ટાણાસર જ આવી પહોંચ્યો છે!'

ભાઈસાહેબ તુરત જ લગ્ન નોંધાવવા માટે રજીસ્ટ્રારની ઓફિસમાં જવાના છે, અનાયાસે એક સાક્ષી મળી જાય છે, એવો એના અભિનંદનનો મેં અર્થ કર્યો! પણ તેણે તુરત ખુલાસો કર્યો : 'આવતી કાલે તાજમહાલમાં હું એક પાર્ટી આપવાનો છું!'

મેં ધાર્યું, ઘણું કરીને ભાઈસાહેબની ઇચ્છા સુનેત્રાનો જન્મદિવસ ઊજવવાની લાગે છે! હજી ચાર દહાડા પૂર્વે જ કાકા ટીકા કરતા હતા કે 'આજના યુગમાં માબાપનાં શ્રાદ્ધ ને બદલે યુવતીઓના જન્મદિવસે જમણ અપાય છે! જમાનો ભલે બદલાય, પણ માણસને જમ્યાજઠ્યા વિના તો નથી જ ચાલતું!'

પણ પાર્ટી જન્મદિવસ નિમિત્તેની નહોતી.

સુનેત્રા ગઈ કાલે એક એવા સંકટમાંથી સહીસલામત બચી હતી કે મધુકર ખુશીથી એના માનમાં પાર્ટી આપે જ. એ પ્રસંગનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મધુકર વર્ણન કરતો હતો ત્યારે પણ સુનેત્રાના મોં પર ભયના જે આવિર્ભાવો દેખાતા હતા તે પરથી એ પ્રસંગનું ચિત્ર હું તાદશ કરી શકતો હતો. હવે પછીના એક ચિત્રમાં (ફિલ્મમાં) સુનેત્રાએ સ્ટીમર પરથી દરિયામાં ભુસ્કો મારી તરતાં તરતાં સામે કાંઠે પહોંચવાનું દૃશ્ય બતાવવાનું હતું. બેશક એનું બાળપણ ગોમાંતક (એટલે દરિયાની વચ્ચે જ કહો તો ય ચાલે એવા) પ્રદેશમાં વીત્યું હતું, છતાં તેને તરતાં આવડતું નહોતું. તરવાનું શીખવા માંડયાં પંદરેક દિવસ થયા હતા, અને હવે તરતાં આવડી ગયું છે એમ માનીને ગઈ કાલે સુનેત્રા જુહુ પર તરવા ગઈ હતી. ઓટનો વખત હતો, તેમાં તે ખેંચાઈ અને કાંઠેથી દૂર ને દૂર —

આખરે એક માછીમારે તેને બચાવી. મધુકર પણ દરિયામાં તરવા જ પડયો હતો; પરંતુ એ સુનેત્રાને બચાવવા આગળ જવાની હિંમત કરી શકયો નહોતો !

આખી રાત ઊંઘમાં પણ એ ભયંકર દૃશ્યની કલ્પનાથી સુનેત્રા વારેવારે ઝબકી ઊઠતી હતી, અને ભયથી તેની બાને વળગી પડતી હતી. હિંમત આપનાર કોઈ પાસે જોઈએ, એ કારણે રાતના બાર વાગતાં સુધી તો મધુકર પણ તેને ત્યાં જ રોકાયો હતો; એટલું જ નહિ પરંતુ મળસ્કે વહેલો ઊઠીને ફરી તેને ઘેર તબિયતના ખબર કાઢવા આંટો જઈ આવ્યો હતો. આ બધી દોડાદોડીમાં આજે ગ્વાલીઅરથી તેનો લંગોટિયો દોસ્ત આવવાનો છે એ વાત એને ક્યાંથી યાદ આવે ?

અમે સાથે બેસી ચા લીધી. પણ તે પૂરી થતા પહેલાં જ મધુકરે મને જરા બાજુએ ખેંચી ધીરેથી કહ્યું : 'જો, એક વાત ભૂલતો નહિ. મારી બા જીવે છે, ને એ બેલગામમાં રહે છે, એ હકીકત ભૂલમાં પણ તારે સુનેત્રાની હાજરીમાં ઉચ્ચારવી નહિ !'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'એટલે?' નવાઈ પામી મેં સવાલ કર્યો.

'આ સવાલનો જવાબ સુનેત્રા તારી ભાભી થાય પછી મળશે.'

મને નવાઈ લાગી. મધુકરનું જીવન મારે મન કોઈ નવલકથાના પાત્ર સમું રહસ્યમય બન્યું. આ માણસ આ છોકરી પાસે પોતાની જીવતી બાને મરેલી છે એમ શા માટે દેખાડતો હશે? મારી અક્કલ કામ કરતી નહોતી. છાનાં બેસીને મેં મધુકર અને સુનેત્રા વચ્ચે ચાલતી વાતચીત સાંભળ્યા કરી. અમુક ચિત્રમાં ટેમ્પો નથી, અમુક ડાયરેક્ટર સેટ ઉપર આવે છે ત્યારે જાણે શરીરમાં ભૂત ભરાયા જેવું કરે છે, અમુક માણસે કોઈ 'ઘેટા'ને હલાલ કરીને નવી કંપની કાઢવાનું ગોઠવ્યું છે, વગેરે જાતની વાતોમાં બંને તલ્લીન બની ગયાં. પણ કોઈ ચુસ્ત સનાતની હિંદુ ભૂલથી રવિવારે કોઈ ચર્ચમાં પેસી જતાં તેની જે દશા થાય તેવી મારી દશા તેમનો એ વાર્તાલાપ સાંભળતાં થતી હતી.

આથી ફરી વાર ચા આવી ત્યારે મેં મધુકરને કહ્યું: 'મારો વિચાર તો આજ સાંજની જ ગાડીમાં હવે બેલગામ તરફ ચાલ્યા જવાનો થાય છે.'

પણ બેલગામનું નામ કાને અથડાતાં સુનેત્રાએ ભારે ઉત્સુક બની મારા તરફ જોયું. મારું વાક્ય પૂરું થતાં જ તેણે કહ્યું: 'બરાબર છે; મેં પણ સાંભળ્યું છે કે બેલગામ ખરેખર જોવા લાયક સ્થળ છે! નાનપણમાં મારી બા બેલગામમાં જ રહેતી હતી. તેની પાસેથી મેં બેલગામનું વર્ણન એટલી બધી વાર સાંભળ્યું છે કે મેં મધુકરને ઘણી યે વાર કહ્યું હશે ચાલો એક વાર બેલગામ જઈ આવીએ, પણ કોણ જાણે શું છે તે એમને મુંબઈનો મોહ છૂટતો જ નથી!'

'બેલગામ જેવું રદ્દી શહેર દુનિયામાં બીજું એકે ય નહિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય!' મધુકરે કહ્યું.

'પણ મારી બા કદી જૂઠું બોલે જ નહિ. ચાલો, કહો તે શરત કરીએ! આમની સાથે જ આપણે બંને જણાં બેલગામ જઈએ. જો મને બેલગામ ગમે—એ સારું છે એમ મને લાગે તો મુસાફરીનો બધો ખર્ચ તમારે આપવો; અને જો ગામ રદ્દી છે એવો મારો મત થાય તો બધો ખર્ચ હું આપું. બોલો, કરો કબૂલ!'

એ શરત સુનેત્રા હાલ મોકૂફ રાખે તે માટે મધુકરે પુષ્કળ પ્રયત્ન કરી જોયો. પરંતુ મધુકરની ખાત્રી થઈ ચૂકી કે કલિયુગની સ્ત્રી સિનેમાતારિકા બને તોપણ ત્રેતાયુગ માંહેની સ્ત્રીનો સ્વભાવ—સીતા દ્રૌપદીનું મનમોજીપણું અગર કહો કે હઠ—તો એટલા જ ઉગ્ર રૂપમાં આજે પણ એનામાં વસે છે. શિવધનુષ્યભંગ, મત્સ્યવેધ અને બેલગામ સુંદર છે કે રદ્દી એ નક્કી કરવા માટે ત્યાં જાતે જોવા જવું, એ ત્રણે પ્રસંગો સરખે જ અંશે મૂર્ખાઈનું પ્રદર્શન કરનારા છે એમ મધુકરના મોં પરનો ભાવ જાણે કહી રહ્યો હતો.

પરંતુ મોં પરનો ભાવ અને મોં માંહેની જીભ વચ્ચે ઉત્તર દક્ષિણ ધ્રુવના જેટલું અંતર ઘણી વાર પડી જાય છે—પાડવું પડે છે! મધુકરને સુનેત્રાની દરખાસ્તનો મોં વાટે સ્વીકાર કરવો જ પડ્યો.

સુનેત્રાની માતાની પરવાનગી પણ તુરત મળી ગઈ. ગઈ કાલે બની ગયેલા અકસ્માતને પરિણામે એત્રણ દિવસ સુનેત્રાને કંપનીમાં પણ હાજર થવાની આવશ્યકતા નહોતી. આથી આજના જ મેલમાં રવાના થઈ આવતી કાલના મેલમાં પાછા ફરવું એવો પ્રોગ્રામ મધુકરે ગોઠવી કાઢ્યો. પરંતુ થોડી વારે જરા એકાન્ત મળતાં સહેજ ગુસ્સાના તોરમાં જ તેણે મને સુણાવ્યું: 'જો, અમે આવતી કાલે રાત્રે બેલગામથી મેલમાં પાછાં ફરી જઈએ પછી ખુશીથી તું બાને મળવા જજે; ત્યાં સુધી તારે બીજું ત્રીજું કશું જ કરવું નહિ,

पुस्तकालय
गुरुकुल कांगड़ी
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને બાને અંગે ભૂલથી પણ એક અક્ષર સરખો ય ઉચ્ચારવો નહિ! શું સમજ્યો? અમને એકલાં મૂકીને પણ તારે બેલગામમાં ક્યાં ય છૂટા પડીને જવાનું નથી!'

* * *

સુનેત્રા અને મધુકરની સાથે ટેક્સીમાં બેસીને બેલગામમાં ફરતાં ફરતાં દસ વરસ પૂર્વેના હરેક સ્થાનનાં સ્મરણો મને તાજાં થતાં હતાં. કિલ્લો, રેસકોર્સ, ઠળકવાડી– બધું ઝપાટાભેર અમે ફરી વળ્યાં. પ્રત્યેક જગ્યાએ સુનેત્રા લુચ્ચું હસીને કહેતી હતી: 'બેલગામ આટલું શોભાવાળું હશે એનો તો મને ખ્યાલ પણ નહિ, હો!' એના એ શબ્દો સાંભળી હું હસું હસું થઈ જતો, પરંતુ તુરત એ દરેક સ્થળે હું અને મધુકર સાથે ફરેલા તે વેળાનાં અનેક સંસ્મરણો સ્મૃતિ-પટ પર ઉભરાઈ આવતાં અને મારું હસવું ત્યાંથી જ અટકી પડતું. દસ વરસ પહેલાં હરકોઈ નાની સરખી બાબતમાં પણ મધુકરનો પોતાની માતા પ્રત્યેનો ભક્તિભાવ ઉભરાઈ જતો! અને આજે? મુંબઈથી બેલગામમાં આવ્યા છતાં એ જ મધુકર પોતાની માતાને કેવળ મળવા જવા પણ ખુશી નહોતો!

મધુકરમાં આટલો બધો ફેરફાર શા કારણે થયો હશે? મેં ઘણો વિચાર કરી જોયો, પરંતુ માંદગીને બિછાને પડેલી સ્ત્રીના ગૂંચવાઈ ગયેલા બાવાજીની જટા જેવા વાળ ઓળવામાં જેમ નાકે દમ આવી જાય, તેવી દશા મારા ગૂંચવાયેલા મનની થઈ પડી.

બેલગામમાં જે હોટેલમાં અમે ઊતર્યાં હતાં ત્યાં જ ગઈ કાલ વિચારેલી પાર્ટી આપવી એમ નક્કી થયું. પણ હોટેલમાં ફળો કદાચ તૈયાર ન હોય તો? આખરે સુનેત્રાના આગ્રહને વશ બની શાક-માર્કેટમાં સહુએ સાથે જઈને હાફૂસ, દ્રાક્ષ વગેરે ખરીદી લાવવાનું અમે ઠરાવ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાકમારકીટમાં આવી મધુકરે ખરીદી કરવા માંડી. હું અને સુનેત્રા જરા દૂર ઊભાં રહી મારકીટમાં જતાં આવતાં માણસો તરફ કુતૂહલથી જોતાં હતાં. અમારાથી સહેજ દૂર પીકમાંથી જરા વાંકી વળી ગયેલી અને મેલુંઘેલું વસ્ત્ર પહેરેલી એક બાઈ શાક ખરીદતી હતી. કાછિયણ સાથે એ બાઈને જે વાદ થતો હતો તે સાંભળતાં જ સુનેત્રા ખડખડ હસી પડી. કહે: 'કોથમરીનાં ચાર તરણાં માટે પેલી ડોસી કેટલી લમણાઝીક કરે છે!'

મેં ઝટ દઈ સંભળાવી દીધું: 'એના દુઃખનો તમને સ્વપ્ને ય ખ્યાલ નહિ આવે!'

સુનેત્રા મારા તરફ સહેજ રોષભરી નજરે જ જોઈ રહી. મેં વાત ન લંબાવવા ખાતર મધુકર તરફ જોયું. એણે ખરીદીનું કામ પૂરું કર્યું હોવાથી તે પણ પાછળ નજર ફેંકતો હતો. પણ પગ તળે સાપનો ભાસ થતાં જ માણસ જેમ કાવરોબાવરો બની જાય તેમ મધુકરનો ચહેરો એકાએક ફેરવાઈ ગયો! શું હશે તે હું સમજી ન શક્યો. એ જોતો હતો તે તરફ મેં પણ નજર નાખી, ત્યાં તો—

શાક ખરીદનારી પેલી ઘરડી બાઈ અમારા તરફ જ તાકી રહી હોય એમ મને દેખાયું. મેં તેને તુરત ઓળખી કાઢી. વૃદ્ધ ઉંમર થવા સાથે મોં પર ગમે તેટલી કરચલીઓ પડી જાય–બાળક જેમ આડા અવળા લીંટા દોરે તેમ કાળ ભગવાનને માનવીના સુંદર ચહેરા પર આવી કરચલીઓ પાડવાની પણ મોજ થઈ આવે છે!– છતાં એ ચહેરાની અસલ વિશિષ્ટતા બદલાતી નથી. એ બાઈ બીજી કોઈ નહિ પણ મધુકરની માતા જ હતી!

ધીરે ધીરે તે અમારા તરફ આગળ વધી. મારાથી હવે મૂંગા રહી શકાય તેમ નહોતું. મેં તેમને સાદ પાડ્યો; તેમણે પણ મને ઓળખી કાઢ્યો. તુરત ફૂટવાળાની દુકાન તરફ નજર ફેંકતાં તેણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂછ્યું: 'ભાઈ! હજી ઘડી પહેલાં જ ત્યાં મધુકર ઊભો હતો, ખરું?'

ઘણી વાર અસત્ય ભાષણથી અન્યને સુખી કરી શકાય છે! દરદીને સાચેસાચી વાત જો ડૉકટર હમેશાં કહી દે—

કોઈ હોશિયાર–કુશળ નાટકિયા પેઠે તદ્દન એક્ટિંગ કરી મેં જવાબ આપ્યો: 'મધુનું પૂછો છો? ના, બા! મધુ તો કાલે જ કલકત્તા ગયો છે! એને કંપનીનું ત્યાં કાંઈ અચાનક કામ નીકળ્યું એટલે જવું પડ્યું છે.'

'હશે ભાઈ! ઘડપણને લીધે હમણાં જરા માઠું ભાળું છું, એટલે ઘણી વાર આવી ભૂલ થઈ જાય છે.' હસીને માજીએ કહ્યું. તે હસતાં હતાં, પરંતુ અમારી બંનેની આંખો સજળ બની હતી.

રણમેદાનમાંથી નાસી છૂટતા સિપાઈની પેઠે મધુકર એકાએક અદૃશ્ય થઈ ગયો હતો. એણે ખરીદેલાં ફળો આખરે અમે ઉપડાવીને ટેક્સીમાં મુકાવ્યાં, તેની બાને પણ અંદર લીધાં, અને એના અતિશય આગ્રહને લીધે અમે તેને ઘેર જ ગયાં!

એને ઘર કહી શકાય કે કેમ એ સવાલ હતો! બે અઢી અંધારી ઓરડીઓ જ માત્ર ત્યાં હતી! એ સ્થળ માનવી કરતાં વંદા, ગરોળી અને ઉંદરને જ વધારે માફક આવે એવું હતું!

માજીએ અમારે માટે ચૂલે ચાનું આંધણ ચડાવ્યું અને પછી અમારી સાથે વાતોએ વળગ્યાં. પહેલાં તો એમણે ગ્વાલીઅરના "અમારા કુટુંબનાં" સહુના ખબર પૂછ્યા, અને પછી હું તેને ઘેર ન ઊતર્યો એ માટે મને ખૂબ ઠપકો આપ્યો. લાગણીભર્યા સ્વરે કહે: 'ભાઈ! તને અહીં જુદાઈ લાગી, ખરું?'

એમણે પોતાની તેજહીન પણ પ્રેમાર્દ્ર દૃષ્ટિ મારા પ્રત્યે ફેરવી ત્યારે મારું હૈયું પણ ભરાઈ આવ્યું. મેં કહ્યું: 'બા! તમારાથી હું ક્યાં જુદાઈ માનું છું?' એ સાંભળતાં જ પડખે આવી એણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારા વાંસામાં પોતાનો નિર્બળ પણ મમતાભર્યો હાથ ફેરવ્યો. મારા પિતા ગુજરી ગયા ત્યારે જે હેતથી તેમણે મને પડખામાં લઈ મમતાભર્યા હાથે મારો વાંસો પંપાળ્યો હતો, તેજ એ સ્પર્શ હતો! એ થરથર ધ્રૂજતા હાથના સ્પર્શમાંથી આજે પણ એટલો જ પ્રેમ-પ્રવાહ વહી રહ્યો હતો. મારા વાંસા પર હાથ ફેરવતાં ફેરવતાં એ વૃદ્ધાનું હૈયું પણ શોકાર્દ્ર બન્યું. મેં ધાર્યું, મારા જેવડા જ મધુકરને અત્યારે પોતે પંપાળી શકતી નથી એના સ્મરણથી એ માતાનું ચિત્ત જરૂર વ્યાકુળ થયું હશે!

પોતાને થતી હૃદયવેદના અમે કળી જઈએ નહિ તે સારુ તેણે હસીને કહ્યું: 'આ ઘરમાં તારે મન જુદાઈ ભલે ન હોય, પણ બેટા! આ ઘરમાં રહેવું હવે તને ન ગમે તે હું સમજું છું! એ તો મારી જેવી ઘરડીનાં મૂઢી હાડકાં જ એમાં પડ્યાં રહે! અને ભાઈ, હવે મારે ઘરડીને કેટલું જીવવું છે? કાલ સવારે આ દેહને ચિતા પર ચડવું પડશે—પછી એ ચિતા ચંદનની હોય કે બાવળના કાંટાની હોય, એ દેહને તો બધું સરખું જ છે ના?'

એના એ વિચિત્ર બોલ અમને બાણ જેવા લાગ્યા. પણ એને સમજાવી શકીએ એવી અમારી દશા જ નહોતી! વૃદ્ધાએ આગળ ચલાવ્યું: 'જો, ભાઈ! મધુ કૉલેજમાં ભણતો હતો ત્યારથી જ એને સિનેમાવાળા સાથે ઓળખાણ થયેલી. મને થયું કે આજના જમાનામાં હવે વકીલાત અગર માસ્તરપણામાં ક્યાં કાંઈ દમ રહ્યો છે? એને જો સિનેમાનું ગમતું હોય તો મેં કહ્યું, ભલે એ ત્યાં જાય! પણ બાપુ! આ સિનેમાનો ધંધો બહુ ખરાબ છે, હો! વરસ આખામાં કોઈ વાર એને રજા ય ન પડે; ને મુંબઈમાં રે'વું એટલે ખર્ચનું તો તું જાણે જ છે ના? સો રૂપિયામાંથી મહિને માંડ પંદર બચે! ને એ બધા તો બિચારો મને મોકલી આપે છે! મારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ પંદર રૂપિયા પંદરસો જેટલા છે! છાપામાં એનો ફોટો છપાય એટલે બાબુ એ લાવીને મને બતાવે છે, ને.....'

ભોંયે ટેકો દઈ મહામહેનતે ઊભાં થઈ એમણે સામેના ગોખલામાંથી ચાર કાગળના ટુકડા આણી અમારી સામે ધર્યા. મધુકરના છપાયેલા ફોટાઓના છાપામાંથી કાપી લીધેલા એ ટુકડા હતા!

'હેં બા! બાબુ કેમ ક્યાંઈ દેખાતો નથી?' વાતનો વિષય બદલાવવાને ઇરાદે મેં સવાલ કર્યો.

હસીને માજીએ જવાબ આપ્યો: 'બાબુ તો ભાઈ, હમણાં એને મોસાળ ગયો છે. આ વરસે જ મેટ્રિકની પરીક્ષા એણે આપી છે. હવે બાબુ પાસ થઈ જાય, અને મારા મધુના એમાંથી ચાર હાથ થાય એટલે મારે નિરાંત! પછી તો ભગવાન મને બોલાવી લે ના, તો હું બહુ રાજી!'

માજીએ હજી પણ વાત લંબાવી હોત, પરંતુ ચૂલા પર ઊકળતા આંધણે તેમને રસોડામાં બોલાવી લીધાં.

ચા પીતાં પીતાં મેં તેમને સુનેત્રા પણ સિનેમામાં કામ કરે છે એમ જ્યારે કહ્યું ત્યારે તેમણે હસતાં હસતાં સુનેત્રાને જણાવ્યું: 'હવે તો સ્ત્રીઓ વિમાનો પણ હાંકે છે તો પછી સિનેમાની તો નવાઈ જ ક્યાં રહી?'

માજીને પગે લાગી અમે બહાર નીકળ્યાં અને ટેક્સીમાં જઈ બેઠાં. સહેજે મારું ધ્યાન સુનેત્રાના મોં તરફ ખેંચાયું. એના કપોલ ઉપર અશ્રુની ધારાઓ વહી જતી હતી, પરંતુ આંખોમાં ક્રોધનો અગ્નિ જાણે ભભૂકતો હતો. વરસાદ વરસતો હોય અને વીજળીના સબાકા થતા હોય છતાં એ વીજળી ક્યાં અને ક્યારે પડશે તે નક્કી ન કહી શકાય એટલે અકથ્ય ભય પણ પેદા થતો હોય, એવો ભાવ મને એના તરફ જોતાં મનમાં પેદા થયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોટેલમાં અમે આવી પહોંચતાં જ મેનેજરે સુનેત્રાના નામનું એક કવર તેના હાથમાં મૂક્યું. કવર ફોડી તેણે તે વાંચીને સીધું મારા પર ફેંક્યું. અંદરનું લખાણ સાવ ટૂંકું હતું—

"વહાલી સુનેત્રા !

"હવે હું તને મુંબઈમાં જ મળીશ. મારે બા છે, અને તે જીવે છે, એ હકીકત તારાથી છુપાવી રાખવાનું કારણ–એનું કારણ એક જ હતું : મારો તારા પ્રત્યેનો ઉત્કટ પ્રેમ ! જૂનવાણી વિચારોવાળી મારી માતા તને કદાચ ગમશે નહિ, તેમ હું તારા જેવી પતિત કુટુંબની કન્યા સાથે લગ્નગ્રંથિથી જોડાઉં એ તેને રુચશે નહિ, એમ ધારીને જ મેં આ હકીકત તારાથી છાની રાખી હતી. પ્રેમમાં બધા દોષોની માફી મળે છે, ખરું ?

તારો

મધુકર."

એ ચિઠ્ઠીનો જવાબ સુનેત્રાએ તુરત લખી કાઢી મને વંચાવ્યો. સુનેત્રાએ લખ્યું હતું—

"મધુકર !

"બેલગામ કેટલું રળિયાણું છે એ મેં આજે તેની શાક માર-કેટમાં જોયું. ત્યાં મને તમારાં માતુશ્રીનાં દર્શન થયાં. કહેવાય છે કે માતા જેવી દૈવીશક્તિ દુનિયામાં બીજી કોઈ નથી. એ અનુભવ ફરી વાર મેળવવા આજે હું ભાગ્યશાળી બની !

"જે માણસ આવી વહાલસોઈ માતાને ભૂલી જઈ શકે છે, તે કાલે ઊઠી પોતાની પત્નીને ભૂલી નહિ જાય એની શી ખાતરી ? એક રૂપયૌવના સુંદરી નારાજ થશે એ ભયે તમે તમારાં જીવતાં જાગતાં માતાને સ્વર્ગે પાડવી દીધાં હતાં ! કાલે સવારે મારા કરતાં અધિક-તર સુંદર કોઈ બીજી રૂપવતીનો ભેટો થાય, તો તમે મને પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ જ રીતે મૃત્યુને દ્વાર પાડવી દેવાના ના? તે કરતાં હું પહેલાંથી મૃત્યુ પામું તો શું ખોટું? સુનેત્રા મરી ગઈ છે એમ તમે આજથી જ માની લેજો.

"તમને તમારાં માતા જરા જૂનવાણી રિવાજવાળાં લાગ્યાં; મને એ ગમશે નહિ એમ તમે માની લીધું. પણ ખરી વાત કહું? એક જ ઘડીના પરિચયમાં તેમણે મને પોતાની કરી લીધી છે! તેમણે શાળાની કોઈ પણ પરીક્ષા આપી ન હોય તોપણ જીવનની અત્યંત અઘરામાં અઘરી પરીક્ષામાં તેઓ પહેલે નંબરે આવ્યાં છે. એ પરીક્ષાના વિષયો છે અંતરની ભાવના, ત્યાગ, માણસાઈ, સામાના દિલની પરખ અને પોતાના અંતઃકરણની વિશાળતા!

"તમે એ પરીક્ષામાં નાપાસ થયા છો! હું પતિત કુળમાં જન્મી છું એમ ગણી તમે મારા પ્રત્યે દયા દાખવતા હતા. પણ ખરું પૂછો તો મારા કુળની અપવિત્રતા કરતાં તમારા દિલની અધમતા જ હરકોઈ માનવીને ઘૃણા ઉપજાવે તેવી છે. જીવનપ્રવાહ જે તરફ દસડી જાય તે તરફ માત્ર ખેંચાઈ જનાર તમે એક સામાન્ય માનવી છો – અરે માનવી શું, મગતરાં જ છો!

"માનવી માનવી પર પ્રેમ કરી શકે: મગતરાં પર નહિ!

સુનેત્રા."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્ત્રી અને પુરુષ

માયાએ આંખો ખોલવાની ઘણી મહેનત કરી, પણ જાણે પોપચાં કોઈએ ચોંટાડી દીધાં હોય એમ તેને લાગ્યું. પાંપણોના દરવાજા એનું આંતરમન જોરજોરથી ખખડાવી રહ્યું હતું, પણ મોડી રાત્રે આવેલા કોઈ અણધાર્યા મહેમાન જેવી એની દશા થઈ હતી. મહેમાન આવવાનો કોઈ જાતનો મનમાં વહેમ ન હોવાથી આખું ઘર નિરાંતે ઘોરતું હોય; આથી મહેમાન બારણું ગમે તેટલું જોરથી ઢબઢબાવે તોપણ ઘરમાં ઝટ દીવો પ્રગટતો નથી કે કોઈ ઊભું થયાનો પગરવ પણ સંભળાતો નથી.

માયાના આંતરમને ફરીને જોરશોરથી બૂમો પાડી. આખરે તેની આંખો અરધીક ઊઘડી. એ અધખોલેલી આંખો પરથી હાથ ફેરવતાં ફેરવતાં તેને મનમાં સ્ફૂર્યું : માનવીની આંખો જાદુઈ ફૂલો સાથે સરખાવી શકાય. રાત પડતાં તુરત બિડાઈ જઈ એ કળીઓ રૂપે બની જાય, અને સવાર પડતાં જ પાછી એ જ કળીઓ ફરી ખીલવા માંડે.

પણ બીજી પળે તે પોતાના આ વિચાર પર હસી પડી. ઊંઘમાં પણ માણસનો સ્વભાવ છુપાઈ નથી રહેતો એવી એક કલ્પના તેના મગજમાંથી પસાર થઈ ગઈ. પણ એ કલ્પનાનો સ્પર્શ થતાં જ સ્મૃતિનો દોર સરસર કરતો છૂટવા માંડ્યો, અને મનની પતંગે ઝડપભેર ભૂતકાળમાં ઉડ્યન આદર્યું ! 'ઊંઘમાં પણ માનવીનો સ્વભાવ છુપાઈ નથી રહેતો !' એ વાક્ય તો તાત્યાનું હતું –

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમને એ બહુ ગમતું! લોકો તાત્યાને ભલે વામનરાવ જોશી કહીને બોલાવે; માયાને મન તો તે તાત્યા જ હતા. પોતાની કાવ્યો રચવાની ધૂન જોઈ તાત્યા અનેક વાર કહેતા: 'પણ, માયાબેન! જીવનમાં એક વાત કદી ભૂલી ન જતાં. પંચવટીમાંથી રામચંદ્ર પાછળ ચાલી નીકળતી વેળા લક્ષ્મણે સીતાજી આગળ એક લીટો તાણી તેમને કહ્યું હતું કે આ લીટાની બહાર ડગલું ન દેશો. એ યાદ છે? કાવ્યને પણ જીવનપટમાં એવી જ મર્યાદા દોરી દેવી જોઈએ. નહિ તો કાવ્ય એટલે જ દુઃખ! – ચાહે તો તેને ઉચ્ચ કોટિનું દુઃખ ગણીએ. અને છોકરાઓ કરતાં ખાસ કરીને છોકરીઓએ આ બાબતમાં વધારે સાવચેત રહેવાની જરૂર હોય છે! વિશ્વયુદ્ધોમાં જેમ મોટા દેશોના દોર પર નાના દેશોને નાચવું પડે છે, તેવી જ દશા પરણ્યા પછી સ્ત્રીઓની થાય છે. ખુદ તમારા નામ પર પણ તમારી સત્તા નહિ રહે! જુઓ, તમારું નામ માયાબેન છે; એ ઘણું સુંદર છે; બધાંને એ ગમી જાય તેવું જ છે. વેદાંતીઓ બ્રહ્મની આસપાસ લટકાં કરનારી માયા તરીકે તમને આવકારશે; દુનિયાનો વહેવારી માણસ તિજોરીમાં રાખેલી માયા તરીકે તમને હૈયે ચાંપશે; અને વહેવારમાં મીંડું ગણાતા મારા જેવા સાહિત્યરસિકો માનવીના હૃદયમાં વસતી માયા તરીકે એ નામ સ્ત્રીઓ માટે ઘણું જ સાથ છે એમ કહેશે. આ બધાં લોકો તમારા વતી વકીલાતનામું લઈ લડવા ઊભા થાય તોપણ તમારા પતિરાજને તમારા નામમાં ફેરફાર * કરવાનો તુક્કો નહિ આવે એની શી ખાતરી? રશિયામાં ક્રાંતિ થતાં જ જેમ ત્યાંનાં મોટાં શહેરોનાં નામો પટોપટ ફેરવાઈ ગયાં તેમ જ આપણા મહારાષ્ટ્રમાં લગ્ન થતાં જ કન્યાઓનાં નામો બદલાઈ જાય છે! વખત પર હુકુમાંથી મીનાક્ષી બની જાય તો કોઈ વાર સરોજિનીનું નામ

*પરણ્યા પછી મહારાષ્ટ્રમાં કન્યાનું નામ બદલી નાખવાનો રિવાજ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભવાની પણ પડી જાય! આમ હોઈ આજની માયા આવતી કાલે છાયા નહિ બને એમ થોડું જ કહી શકાય છે?'

હવે માયાની આંખો બરાબર ઊઘડી ગઈ હતી.

અર્ધ નિદ્રિત દશામાં પોતે જૂનાં સંસ્મરણોમાં કેટલી તલ્લીન થઈ ગઈ હતી તે વિષે તેને પોતાને પણ નવાઈ લાગી. તેને વિચાર આવ્યો: ભાવિ આશા અને ભૂતકાળનાં સંસ્મરણોમાં જ માનવીનું મન વધારે રંગાઈ જાય છે એ વાત ખોટી નથી. નહિતર આજ લગ્નદિનની ઉજવણી તરીકે સદાનંદે નવી કરાવેલી મોતીની બંગડીઓમાં મહાલવા કરતાં સાતઆઠ વરસ પહેલાં તાત્યાએ ઉડાવેલી મશ્કરીની વાત અત્યારે કાં સાંભરી આવે? આજે તો તાત્યા આ દુનિયા પર હયાત પણ નથી!

તુરત તેને સાંભરી આવ્યું કે પોતાને કોઈ વિચિત્ર સ્વપ્નું આવેલું, તેમાંથી જાગી જવાનો તે સખત પ્રયત્ન કરતી હતી. તેણે સ્વપ્નું સંભારવા માંડયું, પણ તેને યાદ આવતું નહોતું! બહાર પૂનેમનો ચંદ્ર સોળે કળાએ ખીલ્યો હતો: એનાં કિરણો આછો સરખો પગલાંનો અવાજ થવા દીધા વિના બારી વાટે અંદર પ્રવેશી રહ્યાં હતાં. એ તરફ નજર જતાં તેને થયું: 'સ્વપ્નો પણ ચાંદની જેવાં જ ભારે મોહક હોય છે! અને જેમ ચાંદનીને હાથ વડે પકડી શકાતી નથી તેમ જ સ્વપ્નાં પણ—'

મચ્છરદાનીની અંદર ચંદ્રકિરણોનો આછો પ્રકાશ આવતો હતો. માયાએ પોતાના બંને હાથ ઊંચકયા. એ મંદ પ્રકાશમાં મોતીની બંગડીઓ કેવી મોહક દીસતી હતી! એ તરફ જોતાં જોતાં તેને ઘડી પહેલાં આવેલું પેલું સ્વપ્નું યાદ આવી ગયું. આકાશમાંથી એક તારિકા ખરતી હતી. આકાશે અડેલા એક વિશાલ પારિજાતકને કોઈ નાજુક હાથે હલાવી રહ્યું હતું. પારિજાતકનું અકેક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફૂલ ડાળીએથી હસી હસીને ખરી પડતું હતું. વૃક્ષતળેનાં ફૂલો ઝડપથી એકઠાં કરતાં કરતાં સદાનંદ કહેતો હતો : 'થોડાં વધારે—મારે હજુ થોડાંક જ વધારે ફૂલો જોઈએ છે! અમને પરણ્યાં પાંચ વરસ થયાં છે પણ માયાને ગમતી મોતીની બંગડીઓ હું હજુ તેને અપાવી શક્યો નથી. આજે મારો લગ્નદિન છે. મોતીની બંગડીઓને અભાવે આ હાસ્યભર્યાં ફૂલોના બે ગજરા બનાવી હું એને હાથે બાંધવાનો છું!'

ગજરા માટે જોઈતાં ફૂલો સદાનંદે ઘડી વારમાં એકઠાં કરી લીધાં. પણ હવે સદાનંદને એ વૃક્ષને ખંખેરીને ફૂલોના ઢગલેઢગલા એકઠા કરવાનો મોહ થઈ આવ્યો. આકાશ માંહેની તારિકાઓ પટોપટ નીચે ખરી પડવા લાગી. કોઈ ભવ્ય રંગમંદિરના દીવાઓ એકદમ ઓલવાઈ જાય, તેમ ઘડીભરમાં આકાશ સાવ તેજવિહોણું બની ગયું. પણ સદાનંદ તો એ વૃક્ષને વધારે અને વધારે જોરથી હચમચાવી રહ્યો હતો. જાણે કોઈ તરેહના નશાથી તે ઘેલો બન્યો લાગતો હતો! પારિજાતક હમણાં જાણે ઊખડી પડશે એવું થઈ ગયું. એની પર બેઠેલાં સઘળાં પક્ષીઓ ભયથી થથરી જઈ કકળી ઊઠ્યાં ને દૂર દૂર ઊડી જવા લાગ્યાં. એમનું એ કરુણક્રંદન—એમની પાંખોનો એ કર્ણકટુ ફફડાટ—

એ જોરદાર ફફડાટથી જ ગભરાઈને પોતે સ્વપ્નમાં જાગી જવાની મહેનત કરેલી, એ માયાને હવે યાદ આવ્યું. બાજુમાં બીજા પલંગમાં સૂતેલા સદાનંદ તરફ તેણે નજર ફેરવી. તે ભરનિદ્રામાં પડ્યો હતો; વચ્ચે વચ્ચે તેના ઘોરવાનો અવાજ સંભળાતો હતો. પરણ્યા પછી પહેલી વાર માયાએ જ્યારે એને નસકોરાં ઢસડતો સાંભળેલો ત્યારે તેને પાંજરામાં પૂરેલા કોઈ હિંસ્ર પશુની યાદ આવેલી! એ વિચિત્ર સ્મૃતિ થઈ આવતાં જ તે ખડખડ હસી પડી. પડખું ફેરવી મચ્છરદાનીમાંથી અસ્પષ્ટ દેખાતા સદાનંદ તરફ તેણે સ્નેહભરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નજર ઠેરવી. સંધ્યાકાળે સૂર્યાસ્ત પછી પશ્ચિમ દિશામાં ક્ષિતિજ પર એક પછી એક મોહક રંગો બદલાતા જાય—એકબીજામાં ભળી જાય, તેમ ગયાં પાંચ વરસનાં અનેક સુખદ મધુર સ્મરણો તેના સ્મૃતિ-પટ પરથી પસાર થવા લાગ્યાં.

સદાનંદ તેને જોવા—પસંદ કરવા આવ્યો હતો તે રાત્રિનું સ્મરણ થયું. તે દિવસે સદાનંદની ટ્રેન ખૂબ મોડી થયેલી. પિતાજીએ તો એમ જ ધારી લીધું કે હવે સદાનંદ આવશે જ નહિ. અને તેમણે નિરાશાભર્યા ઉદ્‌ગારો પણ કાઢેલા: 'હે રામ! ગાંધીજીની ચળવળમાં જોડાયેલા ગરીબ પિતાની પુત્રી સાથે લગ્નથી જોડાવા નિશાળનો એક શિક્ષક પણ શુ તૈયાર નથી!'

પિતાના ઉદ્‌ગારો સાંભળી પોતે ખૂબ દુઃખી થયેલી. છતાં મોં પર હાસ્યનો દેખાવ ધારણ કરી પોતે જઈને પિતાજી પાસે બેસી ગઈ. પોતાના ચહેરા પર પ્રેમથી કરચલીવાળો હાથ ફેરવતાં ફેરવતાં પિતાજીએ ગદ્‌ગદ્ અવાજે કહેલું: 'માયાબેન! વિના કારણે તું પુત્રીનો અવતાર પામી. જો પુત્ર તરીકે જન્મી હોત તો આ તરેહનું અપમાન—આ વિડંબના—જીવનનો આવો જુગાર—'

હસીને પોતે પિતાજીને કહેલું: 'બાપુજી! પુત્ર અને પુત્રીમાં માત્ર એક દીર્ઘઈનો જ તફાવત છે એટલું હું ભણી છું. મીઠાની લડતના દિવસોમાં માથામાં લાઠીનો ફટકો પડ્યા છતાં હાથમાંથી મીઠું ન છોડનાર બહાદુર પિતાની હું પુત્રી છું. *'હે ભગવાન! હવે મારાં લગ્ન ક્યારે થશે તે તો એક તું જ જાણે છે!' એમ કહી રોકકળ કરી મૂકતી 'શારદા' મને ન માનો! તેમ પરણી ગયા

* વૃદ્ધવિવાહની હાંસી કરવા અર્થે લખાયેલું નાટક. એમાં નાયિકા શારદાને ઉંમરલાયક થવા છતાં ગરીબ પિતાની પુત્રી હોવાથી દાયજાને અભાવે ૮૦ વરસના વૃદ્ધ ડોસાને પરણાવવાના પ્રસંગનું પ્રહસન છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી કમનસીબે સુધાકર જેવો પતિ મળી ગયો તો ×સિંધુની પેઠે 'આ ચરણ છોડીને હું શી રીતે જતી રહું?' એવાં રોદણાં પણ રોવા નહિ બેસું! હું તો નવા જમાનાની જાગ્રત સ્ત્રી છું; જૂના જમાનાની નિર્જીવ ઢીંગલી નથી!'

બાપુજીની નિરાશા દૂર કરવા ખાતર જ પોતે આ સઘળું નાટકિયા પાંડિત્ય તે વેળા દાખવેલું. કૉલેજના ચર્ચાસંઘોમાં ભાષણોની હરીફાઈમાં ઊતરવાથી શો ફાયદો થાય એની ખાત્રી પોતાને એ પછી થયેલી. જીવનમાં પોતે કદી નહિ આપ્યો હોય એવો સંતોષ પિતાજીને આ ભાષણે આપ્યો.

તે દહાડો રાત્રે મોડેથી સદાનંદ આવી પહોંચ્યો. પોતાને એ ગમી ગયો; પોતે પણ તેને ગમી ગઈ. એ જ રાત્રે સુરત પણ લેવાયું. પણ તે પછી પોતાના દિલમાં વિચારોનું વાદળ જામેલું: સદાનંદને કોઈ વિચિત્ર તરેહનું વ્યસન હશે તો? ઘડી પહેલાં બાપુજીના ઓળામાં એસી સિંધુનો દાખલો આપેલો તે યાદ આવતાં શરીરમાંથી એક આછી ફુજરી પણ પસાર થઈ. માસ્તરોને મોટે ભાગે કશાં વ્યસનો નથી હોતાં એમ પોતે પોતાના મનને સમજાવેલું. પણ સદાનંદ બી.એ. પાસ થઈ નિશાળમાં નોકરી કરતાં કરતાં એલએલ.બી. નું વાંચતો હતો; ખૂબ વાંચવાનું હોઈ તેને રાતના મોડે સુધી જાગવું પડતું હશે —કદાચ સિગરેટ પિવાની તેને આદત પડી હશે! આજના જુવાનોમાં બીર (દારૂ) પિવાની ટેવ પણ ખૂબ વધતી જતી હોવાનું પોતે સાંભળ્યું જ હતું!

બાપુજીના સંસ્કાર અને તાલીમ પોતાને મળેલ હોવાથી ધૂમ્રપાન પ્રત્યે પોતાને ખૂબ સૂગ હતી; વ્યસનો વિષે, દુર્ગુણો વિષે, મોહ

×'એક ચ પ્યાલા' નામનું ગડકરીનું દારૂથી થતી દુર્દશા દર્શાવતું કરુણરસપ્રધાન નાટક; એમાં સિંધુ નાયિકા અને સુધાકર નાયક છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિષે, પાપ વિષે, પોતાને અતિશય ચીડ હતી. ઘેર બાપુજીનો આદર્શ અને શાળામાં તાત્યાની કેળવણી—જો કે તાત્યા તો ઉપરાઉપરી સિગરેટ પીધા જ કરતા! પરંતુ શરીરશુદ્ધિની—પાવિત્ર્યની કેળવણી જેમ પિતાજીએ આપી તેમ આત્માની કેળવણી, આત્માના પાવિત્ર્યના ઉમદા પાઠ પોતે તાત્યા પાસે મેળવેલા!

આ સઘળા સંસ્કારોને પરિણામે સદાનંદને સિગરેટ પીવાની ટેવ હશે તો ભવિષ્યમાં પોતાની શી દશા થશે એ ચિંતાથી લગ્ન થતાં સુધી પોતે હમેશાં બેચેની અનુભવતી. પણ પહેલે જ દહાડે પોતાની એ ચિંતા દૂર થઈ ગઈ! બાથરૂમમાં સદાનંદને માટે નહાવાની તૈયારી કરવા પોતે ગયેલી. પાછળ તુરત ટૉવેલ સાથે સદાનંદ દાખલ થયો, અને પોતે વાંકી વળી બાલદીમાં ગરમ પાણીમાં ઠંડું પાણી રેડી રહી હતી તે વેળા ઝટ કરતા એણે ચુંબન લીધેલું!

રોમેરોમમાં રાતરાણીનાં ફૂલો વિકસાવી દેતા પ્રીતિના એ પહેલવહેલા ઉન્માદક સ્પર્શે પોતે ઘડીભર દેહભાન ભૂલી ગઈ. પણ અમૃતમાં ડૂબકી મારી બહાર આવ્યાની એ ધન્ય પળે પણ સદાનંદ સિગરેટ પિતો નથી એની ખાત્રી થતાં જ મનમાં જે આનંદ અને અભિમાનની ઊર્મિ નાચી ઊઠી હતી, તે સુખ તો કાંઈ જુદી જ તરેહનું હતું.

સૂતેલી માયા હવે પોતાના પલંગમાં બેઠી થઈ ગઈ. બાજુના પલંગમાં સૂતેલા સદાનંદ તરફ જોતાં આખી દુનિયામાં પોતાના જેટલી ભાગ્યવાન પત્ની બીજી ભાગ્યે જ હશે એમ તેને થઈ આવ્યું. મનમાં મનમાં તે બોલી રહી: પ્રીતિમાં કેવું અજબ જાદુ છે! પાંચ વરસ પહેલાં પોતે પરસ્પર કોઈનું મોં પણ જોયું નહોતું. તે વેળા ટ્રેનમાં ડબ્બામાં કચાંઈક બંને જણાં મળી ગયાં હોત તો સામસામે એકાદ દૃષ્ટિપાત કરી બંને બારી બહાર જોવા મંડી પડત! પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આજે? આજે દિવસે પોતે નિશાળમાં અને સદાનંદ ઑફિસમાં જતાં સાત કલાકનો જે વિયોગ થાય છે તે પણ બંનેને જાણે સાત વરસનો વિયોગ લાગે છે! એકાદ દિવસ જ પોતે બહાર જાય તો-પણ સદાનંદને—

એક વિચિત્ર કલ્પના એકાએક માયાના મગજમાં ચમકી ગઈ. સદાનંદને એલએલ.બી. નું વાંચવાનો પૂરતો અવકાશ મળે તે માટે પોતે નિશાળમાં નોકરી કરવાનું સ્વીકાર્યું; અને એ નોકરીમાં અડચણ ન આવે તેટલા ખાતર બાળકો જરા મોડાં થાય તો સારું એવો બંનેએ નિશ્ચય કર્યો. સદાનંદને પણ નસીબે હરેક પગલે યારી આપી. છેલ્લાં ત્રણ વર્ષમાં જુદાંજુદાં ખાતાંઓમાં કામ કરતાં સદાનંદે જે હોશિયારી બતાવી તેને લીધે રેશનિંગ ખાતામાં કાપડવિભાગમાં ભારે જવાબદારીવાળો હોદ્દો તેને ગયે મહિને જ મળ્યો. આજ સુધી તેની ખાતર મનમાં દબાવી રાખેલી પોતાની બાળકોની હોંશ પૂરી કરવામાં હવે કશો વ્યત્યય નથી રહ્યો. પણ—પણ—એ પહેલી જ પ્રસૂતિવેળા પોતે મૃત્યુ પામે તો—

પોતાના મૃત્યુના વિચાર કરતાં પણ પોતાની પાછળ સદાનંદની જે ગાંડા જેવી અવસ્થા બની જશે એ કલ્પના જ માયાને વધારે મૂંઝવી રહી. તેનું મન કહેતું હતું: બહાર પુરુષો સિંહ જેવા હોય તોપણ ઘરમાં તો તે બીકણ સસલી જ બની જાય છે. ડગલે ને પગલે તેમની સંભાળ લેવી પડે છે, તેમને સાચવી લેવા જોઈએ છે, તેમને હિંમત આપવી જોઈએ છે, માયાળુ હાથે પંપાળવા પડે છે. કોઈ કોઈ વાર તો તેઓ છેક બાળક જેવા બની જાય છે. એલએલ. બી.ની પરીક્ષાના દિવસોમાં સદાનંદ પહેલો પેપર બરાબર લખી શક્યો નહિ. તે દહાડે પોતાને ખોળે માથું મૂકીને એણે જે મૂક અશ્રુવિમોચન કરેલું તે પ્રસંગ—ઘણી વાર સુધી પોતે તેને માથે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાથ ફેરવી પંપાળ્યા કર્યું; આખરે તે એ જ સ્થિતિમાં ઊંઘી ગયો. એ ગાઢ નિદ્રા પછી બીજે દહાડે તેણે બીજા પેપરની એવી તૈયારી કરી લીધી કે—

પણ તે દહાડે પોતે ન હોત તો?

તાત્યા પોતાની કવિદૃષ્ટિની હમેશાં મજાક ઉડાવતા! પરંતુ ગૃહસંસાર અમૃતના પ્યાલા સમો છે, એની ખાતરી પોતાને એ કાવ્યદૃષ્ટિએ જ કરાવી હતી! એકજીવ બની ગયેલાં પતિપત્નીના જીવનમાં ખરેખર કેવું મહાન કાવ્ય ભર્યું છે! એનાંની છેક સામાન્ય પળો પણ અમર બની રહે છે. પ્રીતિના સંગમ પાસે દુઃખનાં અશ્રુઓ પણ પવિત્ર બની હર્ષાશ્રુસમાં લાગે છે. સંસારસાથીના સાવ સાદા સ્પર્શમાં પણ કેટલી સંજીવની સમાયલી છે! સંસારનાં ખળાંઝાંખરાં અને ખાડાટેકરામાંથી પ્રવાસ કરતાં પ્રણયી દંપતીને જાણે દૂધસમી ધોળી વાદળીઓના લાંબા પટ પર વેરાયલી તારિકારૂપી પુષ્પરાશિઓ પર પોતે ડગલાં ભરતાં હોય એમ લાગે છે. દુઃખ એ માનવી જીવનને લાગેલો શાપ હોય તોપણ પ્રીતિ એ એને મળેલો ઉશાપ (વરદાન) છે એમાં શંકા નથી. પ્રીતિની એ ચાંદનીમાં હરેક પદાર્થ મોહક દેખાય છે, સાવ સાદા શબ્દો પણ કાવ્યમય બની જાય છે.

માયાને સદાનંદના એક વેળાના ગમ્મતભર્યા બોલ સાંભરી આવ્યા.

દરેક શનિવારે એ માથે નહાતી. તે દિવસે કોઈ સુવાસિક ફૂલ સૂંઘીએ તેમ તેનું માથું સૂંઘીને સદાનંદ કહેતો: 'તારા વાળમાં આ ચીકાખાઈની વાસ આવે છે તે મને બહુ જ ગમે છે. નાનપણમાં મેં બાલગંધર્વનાં બધાં નાટકો જોયાં છે પણ તે પિટ કલાસમાં બેસીને. પહેલી હારની ખુરશીમાં બેસનારા લોકો એણે લગાડેલ અત્તરના મઘમઘાટની વાતો હોંશભેર કરતા પણ મને એ સુવાસનો ખ્યાલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જરાય નથી. પરંતુ આ તારી ચીકાઇની વાસને લીધે જે ઘેન ચડે છે એવી મોહક–માદક સુંગધ તો એમાં પણ નહિ જ હોય!"

માયા સદાનંદને હમેશાં 'તમે' કહી સંબોધતી! પણ કોઈ વખત એને એવી તો લહેર ચડતી કે બસ તારે મને 'તું' જ કહેવું જોઈએ એવી હઠ એ પકડી બેસતો! માયાને તો પોતે એકલી હોય ત્યારે પણ સદાનંદને તુંકારે બોલાવતાં મહાસંકટ આવી પડ્યાનું લાગતું. પછી તો સદાનંદ પોતાનું આખરી હથિયાર અજમાવતો– અબોલા લેવાનું! એ હથિયાર પાસે માયા લાચાર બની જતી, અને પછી શરમાતાં શરમાતાં અને અધરોષ્ઠ દબાવતાં જેમ તેમ કરી 'તું' કારે બોલાવી ને એટલી બધી શરમાઈ જતી કે ઘાઘરીપોલકું પહેરીને ફરતી એકાદ કન્યાની પેઠે એકદમ સદાનંદની છાતીમાં એ પોતાનું મોં સંતાડી દેતી!

આવાં તો કઈક સુખદ સ્મરણો હતાં. પણ એ બધાં સ્મરણોમાં સૌથી પ્રમુખપણે તરી ઊઠતા સ્મરણનો અનુભવ–અસંખ્ય તારા-મંડળમાં જેમ શુક્ર ચળકી રહે તેવું એ સંસ્મરણ—

માયા એકાએક બિમાર પડી હતી. કેમે કરી તાવ હઠતો નહોતો. ડૉક્ટર તેને તપાસવા આવતા ત્યારે સદાનંદ હાંફળોફાંફળો બની જતો. તાવ શરૂ થયાં અઠવાડિયું થયું હતું. બહારના ઓરડામાં સદાનંદ ડૉક્ટર સાથે વાતચીત કરતો હતો; કાન માંડીને માયા સાંભળતી હતી. તેને કાને ડૉક્ટરના શબ્દો અથડાયા: 'ભલા ભાઈ! આમ ગાંડા જેવા શું થઈ જાઓ છો? આ તાવ સુદતિયો તો છે; પણ એમાં બીવા જેવું કશું નથી. એમ આંસુ ન પાડો!' સદાનંદે જવાબ આપેલો: 'ડૉક્ટર! ચાહે તેમ કરો, પણ માયાને જિવાડો. એના વિના મારાથી—' તે વધારે બોલી ન શક્યો. પણ એને જે કહેવું હતું તે ભાવ એના એક ડૂસકાએ કહી આપ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અત્યારે એ સ્મરણ તાજું થઈ આવતાં માયાનું હૈયું ભરાઈ આવ્યું. તેને મનમાં થયું: 'દુનિયામાં માણસનાં આંસુઓ સંગ્રહી રાખી શકાતાં હોત તો કેવું સારું? સઘળાં દુઃખો અને પાપો એ આંસુઓના જળથી ધોઈ કાઢી શકાત!'

ચિત્તમાં પ્રસન્નતા સહ તેણે બારી તરફ જોયું. બહાર ચાંદનીના જાણે ફુવારા ઊડી રહ્યા હતા! બારી વાટે અંદર વરસી રહેલા એના તેજતુષાર ભારે આહ્લાદકારી જણાતા હતા. હવે માયાની આંખમાંથી ઊંઘ સાવ ચાલી ગઈ હતી. અત્યારે સદાનંદને જગાડી હાથમાં હાથ મિલાવી ચાંદનીમાં ઘણે દૂર દૂર લાંબો વખત સુધી ફરવા નીકળી પડવાની હોંશ તેના દિલમાં બલવત્તર બનતી ચાલી

ધીરેથી પોતાનો પલંગ છોડી તે સદાનંદની નજીક તેના પલંગમાં જઈને બેઠી. તેના કપોલ સાથે પોતાનો કપોલ અડકાડયા છતાં તે જાગતો નથી એમ જણાતાં તેણે કાનમાં કુર્‌ર્‌ર્‌ સરખો અવાજ કર્યો. રોષભરી આંખો ખોલી સદાનંદે તેના ભણી જોયું. બગાસું ખાઈ પડખું ફેરવતાં તે બોલ્યો: 'ઊંઘમાં ખલેલ પહોંચાડવી એ લગ્નમાં વિઘ્ન નાખ્યા જેવું જ મહાપાપ છે, હો!'

હસીને માયાએ સવાલ કર્યો: 'એમાં વધારે મોટું પાપ કયું?'

'લગ્નમાં વિઘ્ન આણવું—લગ્ન ફોક કરવાં તે.'

માયાએ તેના બન્ને હાથ પોતાના હાથમાં પકડી જોરથી દાબતાં કહ્યું: 'ત્યારે એ પાપ તમારે હાથે ન થાય માટે તો આ મોડી રાત્રે તમને જગાડયા છે!'

'એટલે?'

'હમણાં જ એક લગ્ન ફોક થવાની તૈયારીમાં છે.'

'તારી ઢીંગલીનાં?'

'ના ના; આપણાં પોતાનાં જ!' આંખનો એક ગંભીર કટાક્ષ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફેંકતાં માયાએ જવાબ આપ્યો.

માયાના એ કટાક્ષભર્યાં ગંભીર વદનને ઘડીભર સદાનંદ નિહાળી રહ્યો. એટલામાં માયાના હાથમાંહેની મોતીની બંગડીઓ તરફ તેનું ધ્યાન ખેંચાયું. તુરત તેણે હસીને કહ્યું : 'અશક્ય !'

'શા પરથી ?'

'આજે જ તારે હાથે મેં આ નવી બેડીઓ ચડાવી છે ને ?'

'પણ કેદી બેડીઓ તોડીને નાસી જઈ ન શકે ?'

'જરૂર; લોખંડની બેડીઓ માણસ ઝપાટાભેર તોડીને ફેંકી દઈ શકે છે, પણ સોનાની અને હીરામોતીની બેડીઓ — કદાચ ને કોઈ પુરુષથી એ બની શકે પણ સ્ત્રીથી બનવું તો અશક્ય જ છે !' સદાનંદના ગંભીરતા ધારણ કરેલ મોં તરફ જોવાનો વારો હવે માયાનો આવ્યો. તે વિચારમાં પડી : સદાનંદના દિલમાં અત્યારે કયો ભાવ હશે ? શું તે કેવળ મશ્કરી જ કરતો હશે કે સ્ત્રીને સદા તાબામાં રાખી તેના પર સ્વામિત્વનો હક્ક ભોગવવામાં આનંદ માનનારો જંગલી અસંસ્કારી પુરુષ અત્યારે તેનામાં જાગૃત થયો હશે ?

માયાને પોતે માત કરી દીધી છે એમ માની એના કાનની મુલાયમ બુટ્ટીઓને રમાડતો સદાનંદ બોલ્યો : 'આ બંડખોર કેદી નાસી ન જાય તે માટે હું હજુ પણ વધારે બંદોબસ્ત કરવા ધારું છું ! આ કેદીના કાનમાં હું હીરાનાં લવિંગિયાં પહેરાવવાનો છું, અને ગળામાં—

પોતે ઉડાવેલી મજાકનો દાવ હવે પોતા પર ઊલટાતો દેખી માયા બોલી : 'આ તમારી નવી બંગડીઓએ આજે મારી ઊંઘ હરી લીધી છે. કહ્યું, બહાર કેવી દૂધ જેવી ચાંદની રેલી રહી છે ! એ ચાંદનીમાં લટાર મારી આવવાનો વિચાર તો થયો પણ છેક એકલાં કેમ કરી જવાય ? તો—'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ને હું તારી સાથે બહાર લટાર મારવા ન આવું તો? પતિ ઘોરે છે તેથી પોતાની નિદ્રાનો ભંગ થાય છે એ બહાના તળે અમેરિકામાં સ્ત્રીઓ છૂટાછેડાની માગણી કરે છે; તું પણ એવું કાંઈ કરવાની છે શું?'

પોતે શરૂઆતમાં કરેલી મશ્કરીનો મર્મ સદાનંદે પારખી કાઢયો એ જણાઈ આવતાં માયા એની હોંશિયારી પર ખુશીખુશી થઈ ગઈ! લાડથી તેને ઊભા થવાની વિનવણી કરતાં માયાએ કહ્યું: 'ચાલો ને ત્યારે?'

પણ સદાનંદે તો ઊલટાની મોં પર ચાદર ખેંચી લેતાં કહ્યું: 'આવી ઠંડીમાં ચાલતાં ચાલતાં ફરવા જવું છે? નહિ બને!'

'પણ ત્યારે મારા જેવી ગરીબ શિક્ષિકા મોટર ક્યાંથી લાવે?'

'ગરીબ શિક્ષિકા ન લાવી શકે તો પોતાના માલદાર પતિ પાસેથી માગી લે!'

'તો આ માગી!'

'તો દીધી ત્યારે!'

'ત્યારે હવે ફરવા ચાલો ને?'

'ના, અત્યારે નહિ; આવતે વરસે!'

માયાએ તેને જોરથી ઢંઢોળતાં કહ્યું: 'હવે મશ્કરી જવા દેવી છે? ચાલો ને ભઈ! કાલે પાછું નિશાળે જતાં મોડું થશે!'

'આવતી કાલથી નિશાળ બંધ છે!'

'એટલે?

માયાને માથે ધીમેધીમે લાડભર્યો હાથ ફેરવતાં સદાનંદે કહ્યું: 'મારા આ ફૂલને મેં આજ સુધી કાંટાળી વાડમાં ફેંકી દીધું હતું. પણ આજથી—'

માયાનું માથું પોતાના વક્ષસ્થળ પર રાખી સદાનંદે તેને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પંપાળવા માંડ્યું. એ સ્પર્શમાંથી જાણે અમૃતની ધારાઓ વરસી રહી હોય એવો માયાને ભાસ થયો. સહેજ મોં ઊંચકી તેણે સદાનંદ ભણી જોયું, ને દૃષ્ટોદૃષ્ટ મળી. માયા હસી રહી, હરખાઈ રહી; તેણે રોમાંચ અનુભવ્યો. અત્યારે સદાનંદની દૃષ્ટિમાં કેવળ લાલસાનો અગ્નિ નહોતો; એમાં પ્રેમનાં પુષ્પો ભર્યાં હતાં. પાંચ વરસ સુધી બંનેનાં એકત્ર થયેલાં આંસુઓ અને હાસ્યલહરીઓએ એ પુષ્પો વિકસાવ્યાં હતાં. માંજરાપણાને લીધે સદાય કઠોર દેખાતી સદાનંદની આંખોમાં અત્યારે પ્રેમનાં ઝરણાં ઉભરાઈ રહ્યાં હતાં. ઉનાળાના ખરા બપોરનો ઘોમ તડકો શરદ્ પુનેમની ચાંદનીમાં ફેરવાઈ ગયો હતો !

સદાનંદના પડખામાં પોતાનું મોં સંતાડતાં માયાએ બહાર પથરાયેલી ચાંદની તરફ તુચ્છકારભરી નજર ફેંકી. તેના રોમેરોમમાં સ્વૈર પથરાયેલી એ બ્રહ્માનંદની લહરીઓ એની દૃષ્ટિમાંથી કૂદી પડવા જાણે પડાપડી કરવા લાગી. બહાર હસી રહેલી ચાંદનીને જાણે એ તુચ્છતાપૂર્વક કહી રહી હતી: 'તું તો ચોર છે ! તારી શોભા તો ઉજીની આણેલી છે. પતિના બાહુપાશમાં આંખો મીચી દબાઈ રહેલી પ્રણયિનીના મોં વાટે વહી રહેલો ઉન્માદ તેં કેટલાં ય યુગોથી ચોરી ચોરીને સંગ્રહી રાખ્યો છે !'

સદાનંદના વક્ષસ્થળ પણ માથું મૂકી માયા આંખો મીચી ગઈ. માત્ર સદાનંદના બોલ જ તેને કાને અથડાતા હતા. કોઈ વિશાળ વૃક્ષ છેક નિરવ–સાવ નિસ્તબ્ધ બની જાય, તેનું એકે ય પાંદડું હલતું ન હોય એવે ટાણે અચાનક તેની ખૂબ ઊંચેની ડાળીએ કોઈ પક્ષીનું બચ્ચું કિલકિલાટ કરી ઊઠે—

સદાનંદનો અકેકો મીઠો શબ્દ કાને પડતાં માયા કાંઈક એ જ તરેહનો અનુભવ લઈ રહી હતી. સદાનંદ ઝીણું ઝીણું ગણગણતો હતો: 'માયા! મારી ખાતર આજ સુધી તેં ખૂબ ખૂબ મહેનત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લીધી છે. પાંચ વરસ પહેલાં આપણે એક ખડકાળ ડુંગરની તળેટીએ ઊભાં હતાં; આજે આપણે એના શિખર નજીક આવી પહોંચ્યાં છીએ. એ શિખર ઉપર હું એક મજેનું મંદિર ચણાવવા માગું છું; અને એ મંદિરમાં તને હું કોઈ રાજાની રાણી પેઠે-કોઈ દેવી તરીકે સ્થાપવા માગું છું! મારું આ કોમલ પુષ્પ આજ સુધી ધૂળભર્યા રસ્તાને કાંઠે સખ્ત તાપમાં પડ્યું પડ્યું કરમાતું હતું. હવે હું એને નકશીવાળી સોનાની ફૂલદાનીમાં એવી રીતે ગોઠવીશ કે ત્યાં રહ્યું એ સદાય હસ્યા કરે-ખીલ્યા કરે!'

સદાનંદના આ વહાલભર્યા શબ્દો અને સંસારસુખનાં સ્વપ્નો સાંભળતાં સાંભળતાં પોતાને ઊંઘ ક્યારે આવી તે માયાને જણાયું પણ નહિ. તેણે આંખો ખોલીને જોયું ત્યારે બારીમાંથી સૂર્યકિરણો અંદર અજવાળું પાથરતાં હતાં. કોઈ દિવસ મોડું થઈ જતું તો સૂર્યનાં એ બાલકિરણોથી જાણે પોતે દાઝી ઊઠી હોય એમ માયા ગભરાઈને હાંફળીફાંફળી ઊભી થઈ જતી; પણ આજે તે આળોટતી જ પડી રહી. હવે આજથી તેને નિશાળમાં ભણાવવા જવાનું હતું નહિ; હવે તે શિક્ષિકા રહી નહોતી. આજે તે એક સરકારી બડા અમલદારની લાડીલી પત્ની બની હતી! પાંચ વરસ સુધી અનેક ચિંતાઓનો ભાર માથે વેંઢારેલો તે આજે જાણે માયાએ ફેંકી દીધો હતો!

તેણે ફરી વાર બહાર પથરાઈ રહેલા સૂર્યપ્રકાશ તરફ જોયું. રાત્રિની ચાંદની જેટલો જ જાણે એ પ્રકાશ પણ શીતલ અને આહ્લાદકારી છે એમ માયાને લાગ્યું.

* * *

માયાનું જીવન હવે પલટાઈ ગયું. રેતીના રણમાંથી દોડી જતી રેલ્વેનો મુસાફર ગાડી બદલે અને અચાનક સૃષ્ટિસૌંદર્યથી શોભી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊઠેલા કોઈ લીલાકુંજ પ્રદેશમાં પ્રવાસ કરવા માંડે એવી એની દશા બની. ઘડીઘડી તેને લાગી જતું કે છેલ્લાં પાંચ વરસનું પોતાનું જીવન એક કેદખાના સરીખું હતું. વિદ્યાર્થિનીઓની સુધારવાની નોટોના થોકડા–ઉત્તરપત્રોનાં બંડલો–કંટાળો આપતા રોજ ભણાવવાના એના એ પાઠો–ઇન્સ્પેક્શન–કોઈ કરતાં કોઈ દિવસ એક ઘડીની ય ફુરસદ ન હોય! આ નવા જીવનમાં પણ ગડબડ, દોડાદોડી, ઉતાવળ બધું હતું ખરું; પણ એમાં ઉપભોગનો અવસર હતો: એમાં આનંદ હતો, ઉત્સાહ હતો, ઉન્માદ હતો, અભિમાન આણે તેવું એમાં ઘણું હતું. અત્યારની દોડાદોડ બિલાડીને દેખીને દરમાં પેસી જતા ઉંદરની નહોતી; અત્યારની ઉતાવળ વીજળીની સાથે જાણે હરીફાઈ કરવા ઇચ્છતા શરતના ઘોડાની હતી! આજે શું, તો કે શહેરમાં નવી ફિલ્મ ચડી છે અને થિયેટરના માલિકે સદાનંદને ખાસ આમંત્રણ આપ્યું છે–તેમને માટે બૉક્સ રિઝર્વ રાખેલ છે ત્યાં જવાની ઉતાવળ છે! આજે શું, તો કે મુંબઈના એક જાણીતા વેપારીએ પ્રીતિભોજનનું આમંત્રણ આપ્યું છે ત્યાં જવાની ધમાલ છે! કાપડ રેશનિંગની ભારે જવાબદારીનું કામ હવે સદાનંદને માથે છે, ને એ નિમિત્તે શહેરના તેમ જ બહારગામના અનેક મોટા મોટા વેપારીઓ સાથે નવાનવા મૈત્રીસંબંધો ઊભા થાય છે. એમને ત્યાં જવું આવવું–મળવું હળવું–ચાપાણી—

આ નવી ધમાલ અને માણસોની સમણાસમણી માટે જૂના વખતનું નાનું ઘર કોઈ રીતે ફાવત જ નહિ. સદાનંદ હવે કોઈ સાધારણ વ્યક્તિ રહી નથી. નવા બંધાતા શહેરવિસ્તારમાં કાપડના એક ગુજરાતી વેપારીએ પોતાને માટે નવો સુંદર બંગલો બંધાવ્યો હતો; તેમાં પૂજાઅર્ચા અને ભજન વગેરે માટે રાધાકૃષ્ણનું મંદિર પણ હતું. વેપારીએ એ બંગલો સદાનંદને વાપરવા આપવાનું જણાવ્યું. આજની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોંઘવારી અને મકાનોની મુશ્કેલીના સમયમાં સદાનંદનો અરધા જેટલો પગાર તો એ બંગલાનું ભાડું ખાઈ જશે એવી માયાને ભીતિ પેઠી; પણ પેલા વેપારીએ બંગલાનું ભાડું લેવાની જ ના પાડી! સદાનંદે એને ચાપાણી માટે આમંત્રણ આપી ભાડાનો પ્રશ્ન ઉપસ્થિત કરતાં જ શેઠે હસતાં હસતાં જવાબ આપ્યો: 'અણણા સાહેબ! શી વાત કરો છો? તમે તો મારા નાના ભાઈ જેવા છો. ભાઈ પાસેથી કોઈ ભાડું માગતું હશે? અને છતાં આપને ભાડું આપવાની ઇચ્છા હોય તો ખુશીથી હું એ માથે ચડાવીશ! અમે તો વેપારી ભાયડા કહેવાઈએ; પૈસો મળતો હોય તો અમારાથી ના પડાય નહિ. પણ ભાઈબીજને દહાડે આપને ત્યાં જમવાનું ખાસ માગી લઈને આવીશ. અને ભાભીસાહેબને વિનતિ કરીશ કે એક પરદેશી ભાઈ તમારે ઘેર પરોણો આવ્યો છે; આજે ભાઈબીજ છે તો એનાં ઓવારણાં લીધા વિના નહિ ચાલે. અને પછી એ તબકમાં તમારું ભાડું કંઈક વધારીને પણ પાછું આપવું પડશે, એ ન ભૂલશો!'

એ વેપારીભાઈના બોલ સાંભળ્યા પછી માયા મનમાં મનમાં વિચારી રહી હતી: 'આ ગુજરાતી લોકો ભલે ઝાઝું ભણ્યાગણ્યા ન હોય, પણ બોલવાચાલવામાં ભારે હોશિયાર, એમાં ના નહિ! એમની જીભેથી તો એકલું મધ જ ઝરે! પર પ્રાંતમાં જઈને પણ ચારછ મહિનામાં તેઓ બરાબર જામી જાય છે, તે શું અમસ્થું જ હશે?'

નવો બંગલો મોટો અને સુંદર હતો. એને જુદીજુદી અનેક રીતે શણગારવામાં અને આસપાસ સુંદર બગીચો બનાવવાની ખટપટમાં દિવસ ક્યારે ઊગે છે અને ક્યારે આથમે છે તેનું પણ ભાન માયાને રહેતું નહોતું. આ નવા સુખવૈભવનો ઉપભોગ લેતાં લેતાં માયાના મનમાં વિચારો ઊઠતા: પોતે ખરેખર કોઈ સ્વપ્નમાં તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી? સૂવાના ઓરડામાં ગોઠવેલા પિતાજી અને વામનરાવ જોશીના સાદી ફ્રેમમાં મઢેલા જૂના ફોટાઓ આમાં હવે શોભતા નથી એવો ઝાંખો વિચાર પણ તેને કોઈ કોઈ વાર થઈ આવતો. ડ્રેસિંગ ટેબલના લંબગોળ અરીસા સામે ઊભી રહી પોતે વેણી ગૂંથતી હોય ત્યારે તેને પોતાનું બાળપણ સાંભરી આવતું. પિતાજીના રસોડા-સહિતના ત્રણ ઓરડીવાળા એ ઘરમાં નાનકડો એવો એક જ અરીસો હતો—તે પણ ઘણે ઠેકાણેથી પારો ઊડી ગયેલો! એ અંગે પોતે પિતાજી પાસે એકાદ બે વખત તકરાર પણ કરેલી, પણ તેમણે તો એક જ જવાબ સંભળાવેલો: 'માનવીનું સાચું સૌંદર્ય અરીસામાં નથી; એના આચારવિચાર અને રહેણીકરણીમાં જ એ પ્રતિબિંબિત થાય છે.'

શહેરના મોટા મોટા સમારંભો વેળા હવે તેને ખાસ આગ્રહભર્યાં નિમંત્રણો આવવા લાગ્યાં. અગાઉ જે સ્ત્રીઓ તરફ પોતે અદેખાઈ-ભર્યા ભાવે તુચ્છતાપૂર્વક જોતી તેમની જ ખુરશીઓની પડખો-પડખ હવે પોતાની ખુરશી માંડવામાં પોતાને સ્વર્ગતુલ્ય આનંદ થતો હતો. પોતે શિક્ષિકા હતી ત્યારે સદાનંદની જોડે ફરવા જવાનું હોય તોપણ માથે દાંતિયો ફેરવ્યો ન ફેરવ્યો ને પાંચ મિનિટમાં માયા તૈયાર થઈ જતી; પણ હવે તેની સાથે કોઈ મેળાવડામાં જવાનું હોય ત્યારે વાળની સજાવટમાં અને કપડાં બદલાવવામાં તેને બબે કલાકનો વખત પણ જાણે ઓછો ઓછો લાગવા માંડ્યો. આજે કયા રંગની અને કઈ કિનારવાળી જરીની સાડી પહેરવી, રંગની મિલાવટ અર્થે તેની સાથે કયું રેશમી બ્લાઉઝ પહેર્યું હોય તો શોભી ઊઠે, વાળ કઈ રીતે ઓળ્યા હોય તો સદાનંદને ગમે, આ બધો દેખાવ પૈસાદારની સ્ત્રીઓને ચકિત કરશે કે કેમ, એ બધી બાબતો અંગે લાંબી વિચારણા ચલાવવાનો તેનો હમેશનો જાણે કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક મોટો વ્યવસાય બની બેઠો. રસોયો, માળી, રેડિયો, સોફાસેટ, ડ્રેસિંગ ટેબલ—નજર પડે ત્યાં ચોપાસ રાતદિવસ તેને પતિના વૈભવનું જ દર્શન થયા કરતું. નવા નવા દાગીનાઓ, જ્યૉર્જેટની નવીનવી સાડીઓ, આજ એક તો કાલે બીજું: કોઈ રાજકુમારી પોતાની ઢીંગલીને તરેહ તરેહવાર શણગારે તેમ સદાનંદ તેને રોજરોજ શણગારતો હતો. કેવળ ત્રણ જ વરસમાં તે આવડા મોટા અધિકાર ઉપર પહોંચ્યો હતો. તે પછીના એક જ વરસના ટૂંકા ગાળામાં આ સઘળો વૈભવ તેણે જમાવ્યો હતો. અગાઉ માયાના દિલમાં સદાનંદ પ્રત્યે માત્ર પ્રેમ જ હતો; હવે એ પ્રેમની સાથે ભીતિયુક્ત આદરનો પણ ઉમેરો થયો હતો. હિમાલયની તળેટીમાં ઊભો રહેલ માનવી તેનાં ઊંચાં ઊંચાં ગિરિશિખરો દેખીને જેમ ડઘાઈ જાય, સમુદ્ર-કિનારે ઊભેલો આદમી પળે પળે આકાશે અડતાં એનાં પર્વતપ્રાય મોજાંના દૃશ્યથી જેમ સ્તબ્ધ બની જાય, તેવી માનસિક દશા માયાની થઈ પડી. તેને લાગ્યું કે સદાનંદનું બુદ્ધિસામર્થ્ય ખરેખર કોઈ અલૌકિક છે. અગાઉ સદાનંદ માયાના મિત્રને સ્થાને હતો; હવે તે તેનો દેવ બન્યો હતો! અગાઉ પેઠે હવે માયા સદાનંદની મસ્કરી કરવાની હિંમત કરી શકતી નહોતી; માયા હવે સદાનંદનાં પરાક્રમોની પૂજારણ બની હતી!

સપ્ત ઉનાળામાં સઘળી ધરતી બળીઝળી ઊઠી હોય, ક્યાંયે લીલા ઘાસનું એક તરણું ય નજરે ન પડે, જાણે ધગધગતી કડામાં નાખ્યા પ્રમાણે માણસો શેકાઈ શીજી રહ્યાં હોય, અને એકાએક માવઠું થાય, ઘોધમાર વરસાદ તૂટી પડે, ને આખો દેખાવ બદલાઈ જાય—જ્યાં ત્યાં વાળાનાં મોટાં ઝુંડનાં ઝુંડ જામી જાય, હવામાં આહ્લાદકારી શીતળતા વ્યાપી જાય, બરાબર એવી સ્થિતિ માયાના ગૃહજીવનની થઈ પડી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાનડીની સુગંધથી મહેકી ઊઠતા એ ફૂલબાગમાં ફરતાં માયાને સંતોષ થતો નહોતો. વચ્ચે જ કોઈ વાર એને કાંઈ ખૂંચતું હોય એમ મનમાં લાગી જતું. એ દંશ ક્ષણિક હોવા છતાં એની તીવ્રતા એ ભૂલી શકતી નહોતી. કોઈ વાર કાંટાની લાળ ખૂંચ્યા જેવું, તો કોઈ વાર ફાંસ લાગ્યા જેવું તો કોઈ વાર કાંટો ભોંકાયા જેવું એને લાગતું, અને એ વેળા એવા ક્ષણિક દુઃખથી પણ માયા બેચેન બની જતી!

પોતે જેનો ઉપભોગ કરી રહી છે એ ભવ્ય વૈભવમંદિર પાપના પાયા ઉપર તો ચણાયું નહિ હોય, એવી શંકા કોઈ કોઈ વાર તેના મનને ચાટી જતી. એ વેળા જાણે કોઈ કાળો મણિધર નાગ ડંખ મારી ફૂંફાડા મારતો ચાલ્યો ગયો હોય એવો એને ભ્રમ થઈ આવતો.

મનમાં ઊઠતી આવી શંકા-કુશંકાને તે બનતાં સુધી મનમાં ને મનમાં જ હૃદયના ઊંડાણમાં દાટી દેતી. પણ કોઈ કોઈ વાર તો આ શંકા તેના ચિત્તને એટલું તો વ્યગ્ર બનાવી દેતી કે ઘણી વાર સદાનંદના શર્ટનાં બટન સાથે ગેલ કરતાં કરતાં અજાણપણે હોય તેમ માયા મનની આ શંકા સદાનંદને જણાવવાની હિંમત કર્યા વિના રહી શકતી નહિ. સદાનંદ તેને કહેતો: 'પુરુષોએ ઘરના રસોડામાં અને સ્ત્રીઓએ દુનિયાના બહારના વહેવારમાં બહુ માથું ન મારવું જોઈએ!' અને એવા ઉડાઉ જવાબ આપીને માયાનું મોં બંધ કરી દેતો. પણ જ્યારે એ જોતો કે એટલા જવાબથી માયા સંતોષ પામે એમ નથી, ત્યારે તે કહેતો: 'માયા! તું સમજતી નથી. મારે ઠેકાણે જો કોઈ બીજો હોત તો તેને ઘેર આજે સોનાનાં નળિયાં થયાં હોત! આ બધા કાપડના વેપારીઓને ત્યાંથી આપણને અનેક તરેહની ભેટો મળે છે એ વાત તો સાચી છે. પણ માયા! આ તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બધો દુનિયાદારીનો વહેવાર છે! હું તેમનાં કામ વખતસર કાઢી આપું, એટલે સહેજે તેમને મારા વિષે દિલમાં ભાવ પેદા થાય જ! તું શિક્ષિકા હતી ત્યારે સંક્રાંતિના દિવસોમાં છોકરીઓ તને તિલગુળ લાવી આપતી ખરી કે નહિ? એ બધી તેં ચોરી કરી કહેવાય એમ હું કહું, તો —'

સદાનંદના આ દાખલા ઉપર માયા ખૂબ હસી પડતી. પણ તેના મનમાં પેદા થયેલ સંશય કોઈ રીતે દૂર થતો નહિ! એને ઘણી વાર એવું થઈ આવતું કે સદાનંદ પોતાને ગળે હાથ મૂકી જાહેર કરે કે આ પૈસો પાપનો નથી. ભૂખે મરતી ભિખારણ કોઈ ધનવાનને ત્યાં ચાલતી જમણવારની ધમાલ જે બુભૂક્ષિત અને કરુણા પેદા કરે તેવી નજરે જોઈ રહે, તેવી નજરે તે ઘણી વાર સદાનંદની સામે મૂંગી મૂંગી જોઈ રહેતી. પણ ત્યાં તો એને સદાનંદની માંજરી આંખોનો ભય લાગી જતો, ઝટ કરતી પોતે તેના પડખામાં માથું સંતાડી દેતી, અને એના ભાવથી અજાણ સદાનંદ એના માથે પ્રેમભર્યો હાથ ફેરવવા લાગી જતો. આવી વેળા બાળપણમાં પોતે એક વાર એક વંદાને વીંછી સમજી ભયથી પિતાજીને બાઝી પડી હતી તે પ્રસંગ માયાને સાંભરી આવતો; પિતાજીએ પણ પ્રેમથી પોતાને માથે તે વેળા આવો જ આશ્વાસનભર્યો હાથ ફેરવ્યો હતો તે તેને યાદ આવતું. તેને મનમાં થતું: 'બાપુજીના પવિત્ર હાથમાં જે સંજીવની ભરી હતી તે જ સદાનંદના હાથમાં પણ છે. એવા પવિત્ર હાથે કશું અણઘટતું કાર્ય થાય એ તરેહનો વિચાર પણ શા માટે ઉદ્ભવવો જોઈએ? ખરું તો પોતાનું મન જ કંગાળ અને બીકણ છે. ને તેથી તો પતિના પરાક્રમપ્રભાવમાં પણ પોતાને વહેમ આવ્યા કરે છે! શહેરમાં ચોતરફ આપણને હવા ભારે ભારે લાગશે; પણ જો બહારની નાનીશી ટેકરી પર જઈએ તો પવન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેવો ફરફરાટ કરતો વહી રહ્યો હોય છે? વૈભવનું પણ કંઈક અંશે એના જેવું જ છે. પરાક્રમથી ઉન્નત બનેલ વ્યક્તિ પાસે સંપત્તિ તો પગમાં આળોટતી આવે છે!' અને એ વિચારે એનાં બંને મન વચ્ચે જામેલો કલહ શાંત બની જતો. સદાનંદનાં ઉત્કટ ચુંબનોથી તેના હૈયામાં જાણે ચાંદની ખીલી ઊઠતી. એના ગાઢ બાહુપાશમાં પોતે જાણે ગંધર્વલોકનાં જાઈજુઈનાં ફૂલોની કોમળ શૈયા પર નિદ્રા લેતી હોય અને ઓશીકે શુક્રનો અખંડ દીપ જાણે સુમંદ જલી રહ્યો હોય એમ તેને લાગી જતું. એ આલિંગનમાં કેફ ચડાવનાર ઉન્માદ સિવાય બીજી કોઈ પણ લાગણીને – અનુભવને અવકાશ નહોતો. એ ઉન્મત્ત ક્ષણોમાં માયાને મન પાપ, પુણ્ય, દુનિયા, સમાજ – બધું માત્ર પોકળ શબ્દો જ હોય એમ લાગી જતું. અન્ય પળોએ દિલને ખૂંચનારાં નાનાં મોટાં શલ્યો એ ઉન્માદકારી સ્પર્શ થતાં જ કોમળ પુષ્પોમાં પલટાઈ જતાં.

પરંતુ આ સુખદ આનંદમાં પણ કોઈ કોઈ વાર તે એકાએક જાગી જતી – સદાનંદના વિચિત્ર ઘોરવાથી તે ઝબકી ઊઠતી. તે વેળા અનિચ્છાએ પણ પાંજરામાં પુરાયેલા કોઈ હિંસ્ર પશુના વિચારે તે બેચેન બની જતી. જાણે પોતે કોઈ ઘોર વિકટ જંગલમાં એકલી જ ચાલી નીકળી હતી; ચોતરફની ઘીચ ઝાડીના એકાદ અંતરાલ ભાગમાંથી નાનોશો તારલિયો ચમકી જાય તો સારું એમ તે વેળા તેને થઈ આવતું; તુરત એ ચાંદની એક નાનકડા બાળકમાં ફેરવાઈ જતી. ઓશીકે ટાંગેલા પિતાજી અને વામનરાવ જોશીના ફોટાઓ તરફ સહેજે તેની નજર જતી. તે તેમને કહેતી: 'બાપુજી! તાત્યા! તમારા આશીર્વાદથી મને સઘળું સુખ મળ્યું છે, પણ એક જ બાબતની ખામી લાગે છે. હમણાં હમણાં આ સુખમાં જાણે કશુંક ખૂટે છે એમ મને થયા કરે છે. એ ખોટ પુરાઈ જાય એવો તમે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મને આશીર્વાદ આપો.'

પોતાના વહાલા પિતા અને ગુરુની પાસે આશીર્વાદ માગતી હોય ત્યાં તો પાસેના જ રાધાકૃષ્ણના મંદિરમાં ગવાતાં ભજનોના સૂર એને કાને અથડાતા. કૉલેજના ચર્ચામંડળમાં માયાએ નાસ્તિક પક્ષની આગેવાની લઈ 'જગતમાં ઈશ્વર છે ખરો?' એ પ્રશ્ન સામે પ્રચંડ વિરોધ જમાવેલો, પણ અત્યારે પવનની લહરીઓ સાથે સહેજે ખેંચાઈ આવતી 'રાધેકૃષ્ણ! રાધેકૃષ્ણ!'ની ધૂનમાં તેને કોઈ નવી મીઠાશ લાગતી. ધૂનના એ શબ્દો કાને પડતાં જ જાણે પોતે સ્વપ્નસૃષ્ટિમાં વિહરવા લાગી જતી. શ્રીકૃષ્ણના સમયનું ગોકુળિયું એની નજર સામે રચાઈ જતું; નંદરાજાના આંગણામાં ભાંખડભેર દડવડતા બાલકૃષ્ણની મૂર્તિ તેની નજરે ખડી થતી; યશોદા માતાને ભૂલવીને માખણ ચોરી જતો કનૈયો જાણે પોતા સામે જોઈ હસી રહ્યો છે એમ તેને થઈ આવતું, અને ખારણિયા સાથે બાંધી રાખેલી નંદલાલની મૂર્તિ નજરે ચડતાં જ એના હૃદયમાં કોઈ મીઠી અકથ્ય ભાવનાઓ જાગી ઊઠતી. દોડીને જાણે એ નંદલાલને છોડાવીને પોતાના હૈયા સાથે ચાંપી લે એવો ભાવ તેને થઈ આવતો. ના, કેવળ હૈયે ચાંપવાથી દિલને તૃપ્તિ થવાનો સંભવ જ નહોતો. છાતીએથી ફૂટ્ટું ફૂટ્ટું થતી એ અમૃતસેરો કનૈયાને હૈયે કેવળ ચાંપી રાખ્યે શી રીતે અટકવાની હતી? પોતાની મધુર મુરલી વડે શરીરના રોમેરોમને મોહ પમાડનારું એ નવજીવનનું સંગીત—બાળકના મોંમાંથી બહાર ગાલે છલકાતી એ દૂધની સેરો—જીવનરસથી ખીલી ઊઠેલી એ ચાંદની—

સ્વપ્નસૃષ્ટિમાં મોહ પમાડનારી એ ચાંદની જાણે સત્યસૃષ્ટિમાં ખીલી હોય એવો સાક્ષાત્કાર એક દહાડો માયાને થયો.

પહેલે દહાડે તે ઉલ્કાઓથી બેજાર બની ગઈ. બંગલામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘાટી, માળી, રસોયો, બધા પુરુષો જ હતા. એકને એમ લાગ્યું કે બાઈસાહેબને વાઉખેળો થયો છે; બીજાએ શોધ કરી: 'અરે ભાઈ! ઉપરાઉપરી બે દિવસના નાટકોના ઉજાગરાનું આ પરિણામ છે!'

બીજે દિવસે પણ ઊલટીઓએ દેખા દીધા પણ પછી પોતાની આ માંદગીનું કારણ એકાએક માયાના ધ્યાનમાં આવતાં જ એને અસાધારણ આનંદ થયો. ઊબકા ઉપર ઊબકા થયા કરતા હતા; જાણે પેટનાં બધાં આંતરડાં હમણાં નીકળી પડશે એમ લાગતું, ને જીવને અસાધારણ અકળામણ થઈ આવતી. આંખે પાણી આવી જતાં. છતાં માયાનું દિલ હસી રહ્યું હતું. 'હવે હું માતા થવાની! હવે હું માતા થવાની!' એ મીઠા બોલ કોઈ ન સાંભળે એટલા મંદ સ્વરે જાણે તેનું મન તેના કાનમાં સંભળાવી રહ્યું હતું.

તે દહાડો પાણીનું ટીપું પણ માયાના પેટમાં રહેતું નહોતું. નિત્યના ક્રમ પ્રમાણે સદાનંદ ઑફિસે ગયો; તેનાથી ઘેર તો રહેવાય એમ જ નહોતું. માયા ઢગલો થઈને પોતાના પલંગમાં પડી હતી. તેની નજર ઓશીકે ટાંગેલા બાપુજીના અને તાત્યાના ફોટાઓ તરફ ગઈ. તેનું મન કહી રહ્યું: કૉલેજમાં તાત્યા ભાષણમાં જ્યારે સમજાવતા કે આદર્શ એટલે દુઃખ, કાવ્ય એટલે ત્યાગ, જીવન એટલે મંદિર, ત્યારે પ્રણયની નવી ફૂટતી પાંખોએ વિહાર કરતી પોતાના જેવી તરુણીઓ અંદર અંદર તાત્યાની મજાક ઉડાવતી. પણ એ શબ્દો ઊંડા અનુભવના હતા, એ બોલ આર્ત આત્માના હતા. શરીરની મનમોહક સતાર ઉપર 'ગીતગોવિંદ'નાં સૂરીલાં કાવ્યો બજાવવામાં યૌવનને ભારે મોજ આવે છે; એનો એ સ્વભાવધર્મ છે. એકતારા સાથે તુકારામના અભંગો ગાવાની મીઠાશ એને એ જે સમજાતી નથી. એ સમજવા—માણવા માટે માનવીએ મૃત્યુને દ્વારે પહોંચી પાછા વળવું આવશ્યક હોય છે, એક યા બીજી રીતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુનર્જન્મ પામ્યાનો અનુભવ તેણે લેવો જોઈએ છે! પુરુષ કરતાં સ્ત્રી આ દૃષ્ટિએ વધારે ભાગ્યશાળી છે. દિગ્વિજય કરનાર પરાક્રમી પુરુષને આ જન્મે ન સાંપડનારો પુનર્જન્મનો અનુભવ સ્ત્રીને માતૃ-પદ પ્રાપ્ત કરાવે છે. દુઃખમાંથી, કષ્ટમાંથી, ત્યાગમાંથી જ સાચું સુખ પેદા થાય છે એ જ્ઞાન સ્ત્રીને માતૃત્વ જ સંપડાવે છે.

હૃદયને પુલકિત કરનારા આ નવા સમાચાર રાત્રે સદાનંદને આપતી વેળા સારી ય દુનિયાની નવવધૂઓની લજ્જાનો ભાર જાણે માયાની જીભ પર આવી પડ્યો. ઘણી વાર સુધી તો સદાનંદ એ સાચું ન માની શક્યો. બીજે દિવસે સવારમાં ઉબકાઓથી બેજાર બનેલી માયાનું લાલચોળ મોં દેખતાં જ તે ગભરાઈ ઊઠ્યો. તેણે ઘાટીને ડૉક્ટરને ત્યાં દોડાવ્યો. માયા હાથની નિશાની વડે ના પાડી રહી હતી, પણ સદાનંદ તેનું કશું જ સાંભળવા તૈયાર નહોતો. આખરે ડૉક્ટરે આવીને માયાને તપાસી અને હસીને બીવાનું કશું કારણ નથી એમ જાહેર કર્યું ત્યારે જ સદાનંદના જીવને નિરાંત વળી.

અઠવાડિયું આમ ને આમ પસાર થઈ ગયું. ડૉક્ટરે ઘણી દવાઓ આપી, પણ રોજ સવારે થતી માયાની આ હેરાનગતિ કોઈ રીતે અટકતી નહોતી. સદાનંદ તો એની એ હાલત જોઈ મૂંઝાઈ જતો. આખરે તેની ચિંતા ઓછી કરવાને ઇરાદે માયાએ કહ્યું : 'પરણ્યા પછી હું કોંકણમાં માશીને ત્યાં એકે વાર ગઈ નથી. ગામડાની ડોશીઓ આ બાબતની ઘણી દેશી ઔષધિઓ જાણતી હોય છે. ત્યાં મને આરામ આવી જશે. મને માશીને ત્યાં જ હમણાં જવા દો!'

જેમતેમ કરી આખરે સદાનંદની અનુમતિ મેળવી માયા માશીને ત્યાં ગઈ. હવાફેરને કારણે હો, અગર અનુભવી માશીની દેશી દવાઓને લીધે હો, પણ થોડા જ દિવસોમાં માયાને આરામ ૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જણાવા લાગ્યો. તેનું જમવા ખાવાનું પ્રમાણ અગાઉની જેમ નિયમિતપણે પહોંચી ગયું. પગ છૂટો થાય એ માટે ગામડાની આસપાસ દૂર દૂર સુધી કેડીરસ્તે કે ગાડામાર્ગે ફરવા જવામાં માયાને ખૂબ મજા પડી. એ ભ્રમણો દરમિયાન અનેક ડુંગરાઓ, નાનાં મોટાં વૃક્ષો, જંગલી ફૂલો, ઢોરઢાંખર, નદીવોકળા, અને વારે-વારે કાને પડતા પક્ષીગણોના મધુર કલરવો સાથે એનું કવિહૃદય અજાણપણે તન્મયતા પામતું ગયું. ધીરે ધીરે ગામડા પરત્વે એના દિલમાં કો અદ્‌ભુત મમત્વ જાગ્રત થયું. એના કવિહૃદયમાં ધીરે ધીરે એક એવો વિચાર ડોકિયાં કરવા લાગ્યો કે શહેરી બંગલામાં પસાર કરેલાં છેલ્લાં દોઢએ વર્ષોનું જીવન જાણે વિકૃત અને કૃત્રિમતા-ભર્યું હતું. ધીરે ધીરે એ વિચારે એને વારેવારે સતાવવા માંડ્યું.

શરૂઆતમાં તો એણે આ વિચારોને મૂળમાંથી જ ઉખેડી કાઢવાનો પ્રયત્ન કર્યો. પણ ગામડામાં નજર આવતાં રોજ રોજનાં દૃશ્યોએ એના એ વિચારોને વધારે ને વધારે દૃઢમૂળ બનાવવા માંડ્યા. એ ભ્રમણમાં ખેતરમાં મજૂરી કરતી તેણે એક સગર્ભા સ્ત્રીને પણ જોઈ; એનું શરીર કહી રહ્યું હતું કે સહેજે એને આઠ મહિના પૂરા થયા હશે. પાંચછ વરસનાં ચીંથરેહાલ દશાવાળાં બાળકો-ને એણે પેટ ખાતર કાળી મજૂરી કરતાં નિહાળ્યાં. દવા માટે સાકરના બે ગાંગડા સારુ બારણે ઊભી ઊભી રગી રહેલી હરિજનબાઈની તેજ-હીન શૂન્ય દૃષ્ટિએ એનું હૈયું વલોવી નાખ્યું. ગામડાની ગરીબી, દુઃખ અને દીનતાનાં આવાં આંખે વળગે એવાં દૃશ્યો રોજરોજ જોતાં શરૂમાં તો એને ભારે અણગમો પેદા થયો; પણ ધીરે ધીરે એ અણગમો હૃદયવ્યથામાં પરિણમ્યો. આ ગરીબી, આ દીનતા અને આ દુઃખો માટે કોણ જવાબદાર છે એ સવાલે એને અસ્વસ્થ બનાવી. આ બધાને માટે શું એ અભાગી ગામડિયાઓ જવાબદાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતા? બળબળતા બપોરે પરસેવાના રેલા ચાલે ત્યાં સુધી મજૂરી કરી એ સહુ શરીરને નીચોવી રહ્યાં હતાં; ધોધમાર પડતા વરસાદમાં ઘૂંટણપૂર કીચડમાં વાંકા રહી ડાંગરનાં ખેતરોમાં એ સખ્ત મજૂરી કરતાં હતાં; શિયાળામાં કડકડતી ઠંડીમાં એકાદ ફાટેલ લઘરો વીંટીને પોતાના ગામમાં મજૂરી ન મળવાથી બીજે જે પૈસો એ પૈસા મજૂરી મળે તે કરવા તેઓ દોડમદોડ જઈ રહ્યાં હતાં. એમની એ અથાગ મજૂરીને કદી અંત નહોતો – એમાં કદી આરામ નહોતો. લોહીનું પાણી કરી તેઓ પરસેવો નિતારી રહ્યાં હતાં, છતાં પેટપૂર ખાવાનું પામવાના તેમને સાંસા હતા, લાજ ઢાંકવા પૂરતું વસ્ત્ર પણ શરીર પર પામતાં નહોતાં. કોઈ દમલેલ દરદી જેવી એમની જીવનયાત્રા હતીઃ કષ્ટભરી, વેદનાભરી, મૂંગી આહ ઉચ્ચરતી – જિંદગીની અકેક પળ વધારે મેળવવાના રોગી માનવીના એ અસહાય ધમપછાડા હતા!

એ દૃશ્ય જોતાં જ વામનરાવ જોષીએ લખેલી 'સુશીલાનો દેવ' વાળી નવલકથા માંહેના વડારીઓનું વર્ણન માયાને યાદ આવ્યું. એમની એ ચીંથરેહાલ રાવટીઓ, એમાંનું ભીષણ દારિદ્ર્ય, પીવાના ચોખ્ખા પાણીના અભાવે કોલેરાએ તેમનામાં મચાવેલો હાહાકાર —

એ સઘળાં દૃશ્ય સામે પોતે ગાળેલું દોઢ બે વરસનું બંગલાનું વૈભવભર્યું જીવન સરખાવતાં માયા ધ્રૂજી ઊઠી. પોતાના એ સુખોપભોગ તેને સ્મશાનમાં ભડ ભડ જલતી ચિતા પાસે બેસી હૃદયહીન બની નિરાંતે પકવાન્ન આરોગતા માનવીના સરખા અમંગળ લાગ્યા. સત્યાગ્રહની લડતમાં જેડાઈ ગરીબીમાં સપડાયેલ પિતાએ અનેક કષ્ટો સહીને પોતાને ભણાવી હતી, તે શું પોતે કોઈ વિશાળ બંગલામાં એકાદ શણગારેલી ઢીંગલીની જેમ બેસી રહી વૈભવ માણે એ માટે? હરગિજ નહિ. કોલેજમાં તાલાના સહવાસમાં પસાર કરેલાં એ ત્રણ વર્ષોનું સ્મરણ — એક તુલસીના રોપ ફરતા નાના નાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અસંખ્ય બીજા રોપાઓ ઊગી નીકળે અને આખા વાતાવરણને જેમ પવિત્ર બનાવી દે, તેવું તુલસીસમું તાત્યાનું જીવન હતું. એમની પાસે શિક્ષણ મેળવેલી પોતે એક વિદ્યાર્થિની હોઈ આમ—

એક અસાધારણ સાત્ત્વિક આત્મા સાથે પૂરાં ત્રણ વર્ષોના સહવાસ પછી પણ પોતે—

અને એ વિચાર મગજમાં આવતાં જ જાણે ધગધગાવેલા સળિયાના ડામ કોઈ પોતાને દેતું હોય એવું માયાને લાગી જતું. જાણે કોઈ ન્યાયમંદિરમાં આરોપીના પાંજરામાં પોતે ઊભી છે અને 'તું ગુનેગાર છે, તું ગુનેગાર છે!' એવો નિકાલ કઠોર અવાજથી કોઈ સંભળાવી રહ્યું હોય એવો એને ભ્રમ થતો.

ચિત્તને અસ્વસ્થ કરી મૂકતા આ વિચારોને સદાનંદના સહવાસનાં અનેક ઉન્માદપ્રેરક સંસ્મરણોમાં ભૂલી જવાનો માયા ખૂબ પ્રયત્ન કરતી. પહેલે જ દિવસે સ્નાનગૃહમાં અનુભવેલો એ અધરસ્પર્શ—રાત્રિનાં ગૂંગળાવી દેતાં એ પ્રદીર્ઘ ચુંબનો—રાતના બબે વાગતાં સુધી લંબાયેલાં એ દૃઢ આલિંગનોથી વધારે રોમાંચકારી બનેલી નાની નાની બાબતો અંગેની લાંબી લાંબી વાતો—પરસ્પર શ્વાસમાં ભળી જતા શ્વાસ—આંખે વહેતી ગંગાયમુનાની સરિતાઓ—એ પ્રણયકલહ—એ વેળાનાં મનોરાજ્યો—

પ્રીતિ સાચેસાચ બહુ-રૂપી છે. એટલું જ નહિ પરંતુ એનું હરેક રૂપ પણ કદી ન ભુલાય એવું હોય છે. ઉનાળાના અસહ્ય બફારામાં સહસા અનુભવાતી શીતળ લહરીશાં પ્રીતિનાં આ સંસ્મરણો માયાને આનંદદાયી લાગતાં. એના સ્મરણસુખમાં એ સઘળાં શલ્યો માયા ઘડીભર વીસરી જતી. પણ વળી થોડી વારે એના હૈયાનો ઉકળાટ વધી જતો. હીરેજડી પેટીમાંથી રત્નખચિત અલંકારો કાઢવાની આશાએ પેટી ઉઘાડતાં જ ફેણ માંડી અંદરથી નાગ ઊભો થાય,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમ સદાનંદનાં મધુર સ્મરણો સાથે હવે એ મર્મશલ્યોનો અનુભવ કરવા લાગી. બે ભાગીદારો સાથે મળી વેપાર માંડે અને નફો-નુકસાન સરખે ભાગે વહેંચી લે, એવી સરખામણીથી ગૃહજીવન એટલે તરેહ તરેહનાં શારિરીક સુખો પામવા માંડેલો એક જાતનો વેપાર છે એમ ગણીએ તો, એમાં બે મનોના મિલનને સ્થાન ક્યાં રહ્યું? અને એ મિલન કરતાં પણ વધારે મહત્ત્વનો માણસાઈનો વિકાસ, આત્માનો આવિર્ભાવ—

નાની શી સોય કે ટાંકણીની અણી પેઠે ક્વચિત ખૂંચતી આ વિવેકબુદ્ધિમાંથી એક દહાડો અકસ્માત અણીદાર ભાલાની તીક્ષ્ણ ધાર ચમકી ઊઠી.

રોજની પેઠે આજ પણ એક નવે રસ્તે માયા દૂર દૂર ફરવા નીકળી પડી હતી. વિશ્રાંતિ લેવાને ઇરાદે કેડીની બાજુના એક મોટા ખડબચડા પણ સપાટ શિલાખંડ ઉપર બેસવાનો એણે વિચાર કર્યો. પાસે જતાં જ એ શિલાખંડ ઉપર કોઈએ ફૂલ ચડાવ્યાં હોય એમ દેખાયું. જંગલમાં ભમતા ભરવાડને મન બધા જ પથરા દેવ બની જાય છે! એવા કોઈ ભરવાડના છોકરાએ આ રમત કરી હશે એમ માનીને એ ફૂલો ખંખેરી નાખી માયા એના પર બેસવા જતી હતી ત્યાં જરા દૂર ખેતરમાંથી કોઈની ગુસ્સાભરી બૂમ સંભળાઈ. તેણે પાછું વાળી જોયું. લંગોટી જેવું ફાળિયું પહેરેલો એક વૃદ્ધ ખેડુ બૂમો પાડતો પોતા તરફ જ દોડયો આવે છે એમ માયાએ જોયું. એને પોતાનું શું કામ હશે તે માયા સમજી ન શકી. હવે તે પાસે આવી લાગ્યો હતો, અને વારેવારે હાથ હલાવી હલાવી કશીક ના પાડયા કરતો હતો. કોઈ ગાંડો માણસ હશે એવી કલ્પના સાથે માયા પહેલાં તો જરા બીધી. તેણે ચોપાસ નજર ફેરવી; દૂર દૂર બેચાર ગાયો જ માત્ર ચરતી હતી. માનવીનું એટલામાં કોઈ નામ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિશાન નહોતું, કોઈ કરતાં કોઈ નહોતું! પેલો વૃદ્ધ ખેડુ દોડાદોડ હવે માયાની નજીક આવી પહોંચ્યો. તે જોઈ શકી કે વારેવારે હાથ હલાવીને તે પોતાને કશીક ના પાડી રહ્યો છે. દોડવાથી એ વૃદ્ધજનને હાંફ ચડી ગયેલી. હાંફનું જોર નરમ પડતાં જ એ ડોસાએ કહ્યું: 'બાઈ! એ પથરા પર ન બેસીશ!'

'કેમ?' માયાએ હસીને સવાલ કર્યો. એના મનમાં વિચાર થયો કે આ અબૂધ ગામડિયાને મન આ શિલા કોઈ દેવ હશે; કદાચ એ એના કુળદેવ કે સૂરધન પણ હોય! આવી મૂર્ખતાભરી અંધશ્રદ્ધા—

પેલા ડોસાને મૂંગો રહેલો જોઈ માયાને નવાઈ લાગી. ઉજ-ળિયાત વર્ગનું એનું અભિમાન પણ જાગ્રત થઈ આવ્યું. ખીસાનો નાનકડો રૂમાલ કાઢી એણે એ શિલાખંડ પરનાં ફૂલો વાળી નાખવા હાથ લંબાવ્યો, પણ એ ડોસાની આંખો તરફ માયાની નજર જતાં જ એ હાથ ત્યાં જ થંભી ગયો.

પેલા ડોસાએ જરા શાંતિ ધારણ કરતાં કહ્યું: 'બહેન! આ શિલા—આ શિલામાં મારા ભગવાન છે—મારા પંઢરીનાથ છે. આ ભગવાનની પૂજાને તું ફેંકી કાં દે?'

માયાના અવાજમાં પણ સહાનુભૂતિ જાગ્રત થઈ. તેણે પૂછ્યું: 'આ ફૂલો અહીં તમે ચડાવ્યાં છે?'

ડોસાએ માથા વડે જ હા કહી.

'અહીં તમે રોજ ફૂલો ચડાવો છો?'

'હા.'

'આ તમારા કોઈ જીવતાજાગતા દેવ લાગે છે!'

'હા.' પણ એ જવાબ આપતી વેળા ડોસાનો અવાજ રુંધાઈ ગયો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ત્યારે તો આ ભગવાન તમને સ્વપ્નામાં પણ દેખાતો હશે?'

'જરૂર!'

'સ્વપ્નામાં તમને એ શું કહી જાય છે?'

'કહે છે, બાપુજી! મારી પાછળ શોક ન કરશો. ને એમ કહી મારાં આંસુ લૂછી નાખે છે અને—'

ડોસાના આ જવાબથી માયા ચમકી ગઈ. તેણે ધીરે ધીરે પૂછ્યું: 'ત્યારે...અહીં...શું તમારો...દીકરો—?'

ડોસાએ માથા વડે જ હા કહી; રુદનના આવેગથી રુંધાયેલ ગળાને મહામહેનતે ખોંખારીને સાફ કરતાં એણે આખરે કહ્યું: 'હા દીકરી! બરાબર તારા જેવડો જ હતો. પણ ગાંધીબાપુએ ખેડુ અને મજૂરોના રાજ્ય માટે ચાર વરસ પહેલાં સરકાર સામે લડાઈ માંડેલી ના, એમાં એ ખપી ગયો. પોલીસોએ એને ગોળી મારેલી: બરાબર આ જ ઠેકાણે, આ શિલા છે ત્યાં જ!' ને એમ કહી વાંકા વળી ડોસાએ ત્યાં પડેલી ધૂળ હાથમાં લેતાં ઉમેર્યું: 'આ માટીમાં જ એનું લોહી રેડાયું હતું!'

પણ એટલું કહેતામાં તો એનું હૈયું હાથ ન રહ્યું; ડોસો નીચે બેસી પડ્યો, અને બંને હાથો વડે મોં ઢાંકી દઈ ચોધાર આંસુએ રડી ઊઠ્યો.

લગ્ન પહેલાં સદાનંદ જે રાત્રે પોતાને જોવા આવેલા તે રાત્રે પિતાનો ઉદ્વિગ્ન થઈ આવેલો ચહેરો માયાને સાંભરી આવ્યો. તુરત જ માયા એ ડોસા પાસે જ બેસી ગઈ, અને એના કાળામેશ જેવા મેલાઘેલા લાગતા વાંસામાં પોતાનો સહાનુભૂતિભર્યો હાથ ફેરવી પંપાળવા લાગી. તેણે ધીરેથી કહેવા માંડ્યું: 'દાદાજી, દાદાજી!'

ડોસાએ મોં પરથી હાથ ખેસવી લઈ માયા સામે નજર માંડી. લાગણીનો આવેગ એના હૈયા પરથી ધીરે ધીરે ઓછો થયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માયા પણ ઊભી થઈ ગઈ, અને જરા દૂર ઊંચે ચડી આસપાસ ઊગેલાં પાંચદશ જંગલી ફૂલો ચૂંટી લાવી એણે એ વાંકાચૂકા શિલાખંડ પર ચડાવ્યાં. એ જોતાં વૃદ્ધના કરચલીવાળા મોં પર પણ આનંદની રેખાઓ ઊમટી. અને એ શિલાખંડને—એ સમાધિસ્થાનને વંદના કરી માયાએ ત્યાંની ધૂળ ચપટીમાં લઈ પોતાને કપાળે કંકુના ચાંદલા પર અડકાડી, ત્યારે તો ડોસાની આંખે આવેલાં આંસુ ક્યાંઈ અદૃશ્ય થઈ ગયાં!

ઉત્સાહમાં આવી જઈ ઊભા થતાં થતાં તેણે માયાને કહ્યું: 'દીકરી! મારો વિકોળા ગુજરી નથી ગયો; તારી જેવી દીકરીઓના દિલમાં એ જાગતો બેઠો છે! અને હવે તો ગાંધી બાપા પણ જેલમાંથી છૂટ્યા છે. ખેડુઓને રાજ અપાવ્યા વિના એ કાંઈ થોડા જ રહેવાના છે? એ રાજ આવશે ત્યારે અહીં હું એક દેરી—'

એટલામાં એની નજર પોતાના ખેતરમાં પેઠેલાં બીજાં ઢોરો તરફ ખેંચાઈ, એટલે વાત અધૂરી મૂકીને જ ડોસો એ ઢોરોને હાંકી કાઢવા દોડી ગયો.

પણ તે રાત્રે માયાની આંખે ઊંઘ નહોતી. વારે વારે તેનો હાથ પોતાના કંકુના ચાંદલા તરફ વળતો હતો. ત્યાં અડાડેલી પેલી ધૂળ—એક અભણ છતાં શૂરા ગામડિયાએ હસતે મુખે આપેલા બલિદાનના લોહીથી રંગાયેલ એ ધૂળ—એ માટીનો સ્પર્શ એના હાથને થતાં જ મેળા અગર ફેતમાં ગોઠવાયલા ફાળકા પેઠે એના મગજમાં વિચારચક્રો વેગભેર ચાલુ થઈ જતાં. એ વૃદ્ધ ખેડૂતના પુત્રના લોહીથી પવિત્ર થયેલી એ ધૂળ—ચાર વરસ પહેલાં કોંકણના એક ગામડામાં વસતો એક ગરીબ અભણ ખેડૂતનો છોકરો આવું આત્મસમર્પણ કને—

ત્યારે પોતે? પોતે અને સદાનંદ કેવળ પોતાનો ઘરસંસાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શોભાવવામાં રચ્યાંપચ્યાં રહેતાં હતાં! આ વરસો દરમિયાન સદાનંદે એલએલ.બી. ની પરીક્ષા આપી અને સારી નોકરી પણ મેળવી. દુન્યવી દૃષ્ટિએ ઝપટભેર આગળ વધવા તેણે રાતદિવસ મહેનત કરી. એની મહેનત સફળ થાય એ માટે પોતે શિક્ષિકાનો ધંધો પણ કર્યો. પણ તો શું આ વૃદ્ધના પુત્રને પોતાના ઘરનો સવાલ નહોતો? એ જુવાન આત્માને શું પ્રેમની પ્યાસ લાગી જ નહિ હોય? કદાચ તે એની વિધવા પત્ની — એ જુવાન અભણ ગામડિયો હોવા છતાં એનું મન જીવતું હતું, જાગ્રત હતું. એની બહાદુરી, એનું પરાક્રમ સદાનંદ કરતાં ક્યાં ય — એણે હસતે મોંએ પોતાના પ્રાણ ન્યોચ્છાવર કર્યા, ત્યારે પોતે? પોતાનું મન નિર્બળ હતું, સુખલાલસામાં લપટાયેલું હતું! પિતાજીએ સત્યાગ્રહની લડતમાં સક્રિય ભાગ લીધો હતો; ગુરુ વામનરાવે પોતે ન લખેલા લેખો માટે ત્રણ વરસની સખ્ત મજૂરીની સજા ભોગવી હતી. પોતે શું કર્યું? પોતાના વહાલા સદાનંદે શું કર્યું? બેંતાળીશની લડત મંડાઈ; જાણે મહાસાગર ઊલટ્યો! એ પ્રક્ષુબ્ધ મહાસાગરના જલનું એક આચમન પણ પોતે લીધું નહોતું! પોતાનો એ પાંચ વરસનો ઘરસંસાર ઢીંગલાઢીંગલીની રમત જેવો જ નહોતો શું?

પોતાના મનને આ વિચિત્ર જડતા–બધિરતા ક્યાંથી આવી? કહેવાય છે કે મહારોગમાં ધીરે ધીરે શરીરની સંવેદનાશક્તિ નાશ પામતી જાય છે. જે માનવીઓના મનની સંવેદનાશક્તિનો લોપ થાય તે માનવીઓ પણ—?

માનવીનાં મન પણ મહારોગમાં સપડાય છે, અને શારીરિક મહારોગ કરતાં આ માનસિક મહારોગ વધારે ભયંકર હોય છે. ત્યારે આજ સુધી પોતાને આ વાત કાં નહિ સમજાઈ હોય? એ તરફ ધ્યાન જ કેમ નહિ દોરાયું હોય? તેમાં ય છેલ્લાં દોઢ બે વરસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દરમિયાન તો સદાનંદના અને પોતાના મનમાં આ રોગ ભારે ઊંડું ઘર કરી ગયો છે! જો આજથી જ એના ઉપાયો—એના તીવ્ર ઉપાયો નહિ લેવાય તો—

ધગધગતી રેતીમાં ઉઘાડે પગે ચાલીએ તેમ આખી રાત માયાનું મન આ તરેહના વિચારો પર ભટકી રહ્યું હતું. સવાર પડતાં જ માયાએ માશીને પોતાને ગામ પાછા ચાલ્યા જવાનો પોતાનો મનસૂબો જણાવ્યો. મોટરસ્ટેંડ આ ગામથી ત્રણ માઈલ દૂર છે; એટલે જો એકેક દિવસ વહેલાં ખબર આપ્યા હોય તો મોટરમાં આગલી જગ્યા પણ રાખી શકાય, વગેરે અનેક સબબ માશીએ રજૂ કરી. પણ માયાનો નિરધાર ફરે તેમ નહોતો. આથી 'આ ઉંમરે ઘરની આ તરેહની ખેંચ સ્ત્રીને મન થાય જ!' એમ ગણગણતાં માશીએ માયાની જવા માટેની તૈયારી કરી.

ગામથી ત્રણ માઈલ દૂર આવેલા સ્ટેંડ પાસે માયા રાહ જોતી બેઠી. આખરે ચિકાર ભરાઈ આવેલી મોટરમાં માયાને મહામુશ્કેલીએ પાછલા ભાગમાં જ બેસવાની જગ્યા મળી. પુરુષો સાથેની એ ધક્કામુક્કી અને ગંદા ગામડિયાનાં શરીરોની દુર્ગંધથી ત્રાસી જઈ માયાને એક વાર એવો વિચાર પણ થઈ આવ્યો કે ડ્રાઇવરને પોતાની ઓળખાણ આપવી; અને એક મોટા અધિકારીની પોતે પત્ની છે એ જાણતાં ડ્રાઇવર આગલી સરસ સીટ જરૂર આપશે જ. એ વિચાર સાથે જ પોતાને ડાબે પડખે ખોળામાં ધાવણું બાળક લઈને બેઠેલી એક ગામડિયણ બાઈ તરફ તેની નજર ગઈ. બાઈ સુવાવડમાંથી હજુ હમણાં જ ઊઠી હશે એ દેખાઈ આવતું હતું. એના ખોળામાંનું એ કુમળું બાળક પરસેવાથી રેબઝેબ થઈ રહ્યું હતું. એ દૃશ્ય જોતાં જ માયાના મનમાં ઊભો થયેલો જગ્યા બદલવાનો વિચાર તુરત અદૃશ્ય થઈ ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધીરે ધીરે તેનું ધ્યાન આગલી સીટ પર બેઠેલા માણસોની વાતચીત તરફ ખેંચાયું. 'સદાનંદ,' 'કાપડ,' 'લાખોની મિલકત' વગેરે શબ્દો તેને કાને અથડાવા લાગ્યા. વધારે સાવધાન બની તેણે વાતચીત સાંભળવાને માટે કાનને સરવા કર્યા. વાતો કરનારા ચારે જણા વેપારી જેવા દેખાતા હતા! એમની વાતચીતનો વિષય વેપારધંધા અંગે જ હતો. તેઓ પૂરી છૂટથી વાતચીત કરી રહ્યા હતા! એ વેપારી પૈકી એકનો અવાજ વધારે મોટો હતો. એનો શબ્દેશબ્દ માયા સ્પષ્ટ રીતે સાંભળી શકતી હતી. વાતચીત દરમિયાન જે વેપારીના બંગલામાં પોતે રહેતાં હતાં તે જ વેપારીનું નામ લેવાતું માયાએ સાંભળ્યું. તેને વેપારીઓની વાતચીતમાં હવે વધારે રસ પેદા થયો. એ વેપારીને સદાનંદ સાથે ગાઢ મૈત્રી છે; છેલ્લાં બે વરસ દરમિયાન કાળાબજારમાંથી એ વેપારી કાંઈ નહિ તો ચાર પાંચ લાખ રૂપિયા તો જરૂર કમાયો હશે; સદાનંદને એણે એમાંથી કાંઈ નહિ તો લાખ દોઢ લાખ તો આપ્યા જ હશે; વગેરે વિધાનો થતાં જ્યારે માયાને કાને અથડાયાં ત્યારે પોતે જાણે કોઈ મડાવંટોળમાં સપડાઈને ગૂંગળાઈ રહી છે એવી લાગણી તેને થઈ આવી. તુરત એને લાગ્યું કે પોતે જાણે મડા ભયંકર સ્વપ્નું જોઈ રહી છે. તેણે પોતાની આંખો ચોળી જોઈ. મોટર વેગભેર દોડી રહી હતી; પળે પળે એ યંત્રવાહન એને સદાનંદની નજીક ને નજીક લઈ જતું હતું.

તેને સદાનંદ સાંભર્યો; એની એ ક્રૂર માંજરી આંખો તેની નજરે તરી આવી; હિંસ્ર પશુના ઘુરકાટ સરખો એના ઘોરવાનો અવાજ એને યાદ આવ્યો. ત્યાં તો માયાનું બીજું મન એને કહેવા લાગ્યું: 'આ લોકો બધા લુચ્ચા છે. પોતાનાં કાળાં કામ તેઓ બીજાને માથે ઓઢાડી દેવા માગે છે; માનવીનો એ તો સહજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વભાવ છે. તારો સદાનંદ તો શુદ્ધ છે – નિષ્પાપ છે.'

પોતાની કૂખમાં રમી રહેલા બાલઆત્માનો પિતા આટલો લોભી, આવો ક્રૂર, આવો પાપી હોઈ શકે એ વાત કોઈ રીતે માયાને સાચી લાગતી નહોતી !

રસ્તામાં એક ઠેકાણે મોટર ખોટકાઈ પડી એટલે બે ત્રણ કલાક રોકાઈ જવું પડ્યું. આ અણધાર્યા રોકાણથી માયા જરા નારાજ બની. મોટર વખતસર ગઈ હોત તો સાંજના સાત વાગતામાં તે ઘેર પહોંચી જાત. હવે ઘેર પહોંચતાં ફાંફી નહિ તો રાતના દસ તો થશે જ એ વિચારે એ બેચેન પણ થઈ.

આખરે ગાડી દુરસ્ત થઈ અને રસ્તે પડી. પણ આગળ ભાગ્યે જ વીશ માઈલ એ ચાલી હશે, ત્યાં એક ગામડું આવ્યું. ધૂળના ગોટા ઉડાડતી અને ભૂં ભૂં ભૂંગળું વગાડતી મોટર દોડી જતી હતી. પણ ગામના પાદરમાં જ એક બાજુએ લોકોનું મોટું ટોળું જમા થયેલું દેખાયું. શું છે તે જાણવાના કુતૂહલને કારણે ડ્રાઇવરે મોટરને થોભાવી. લોકો કહેતા હતા કે પાસેના એક કૂવામાં પોતાના બાળકને લઈને એક બાઈ ડૂબી મરી હતી. અત્યારે શબો બહાર કાઢવામાં આવતાં હતાં. મોટરમાં બેઠાં બેઠાં જ માયાએ બાઈના આપઘાતની આખી કથની જાણી લીધી. એ બાઈ વિધવા હતી, નિરાધાર હતી. એનો પતિ એ ગામડાની પ્રાથમિક શાળાનો માસ્તર હતો, ને માથે ખૂબ દેવું મૂકીને ગુજરી ગયો હતો. પતિના મૃત્યુ પછી બાઈને બાળક અવતર્યું હતું. ચાર છ મહિના એણે જેમ તેમ કરી જીવતા રહેવાની મહેનત કરી જોઈ; પણ ઘરમાં જે કાંઈ ચીજ વસ્તુ હતી તે તો પતિની માંદગી દરમિયાન જ એક શાહુકારને ત્યાં પહોંચી ચૂકી હતી ! મહેનત મજૂરીથી સાંજ પડ્યે જે આનો બેઆના એ કમાતી તેમાંથી તો બાળકના દૂધનું પણ ખરચ નીકળતું નહોતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધીરે ધીરે આબરૂ ઢાંકવા પૂરતો ઘરમાં ફાટેલ સાડલો પણ ન રહ્યો! આખરે ત્રાસી, કંટાળી, મૂંઝાઈ, ચિડાઈને એણે બાળક સાથે જ કૂવામાં પડતું મૂકયું!

શબો કૂવા બહાર નીકળ્યાં.

માણસની કુતૂહલવૃત્તિ પણ ઘણી વાર ભારે વિકૃત હોય છે. એ નિર્જીવ શબો જોવા ખાતર મોટરના બધા ઉતારૂ ત્યાં પહોંચ્યા. પરસેવે રેબઝેબ થતા સવા મહિનાના બાળકને લઈને પેલી મજૂરણ પણ ઉતાવળે ઊતરી પડી. પહેલાં તો માયા પોતાની જગ્યાએ જ બેસી રહી; પણ આખરે તેનાથી પણ ન રહેવાયું! ગીરદીમાંથી રસ્તો કરતી તે સૌથી આગળ પહોંચી. કૂવાને કાંઠે જ એ જુવાન સ્ત્રીનો દેહ લાકડાના ઠૂંઠા જેમ નિશ્ચેષ્ટ પડ્યો હતો—બાળકને બંને હાથે એણે પોતાની છાતી સરસું પકડી રાખ્યું હતું: જાણે ધરાવતી ન હોય! ફાટેલ લીરા જેવો સાડલો એના મૃતદેહને અર્ધ ઉઘાડો બતાવી રહ્યો હતો; ચીમળાઈ ગયેલું એક સ્તન બાજુ પર લબડતું હતું. એ દૃશ્ય નજરે પડતાં જ માયાને ધ્રુજારી આવી ગઈ. મહા મહેનતે હૈયું કાબૂમાં રાખી તે પાછી મોટરમાં જઈને બેઠી.

ઉતારૂઓ આવીને ગોઠવાઈ ગયા અને મોટર પાછી પૂરવેગમાં ઊપડી: જાણે કોઈને કશું લાગતું વળગતું જ નહોતું! આગલા ખાનામાં બેઠેલા પેલા વેપારીઓની વાતોનો વિષય એ મૃત સ્ત્રી બની. હવે એમની ચર્ચા જોસભેર ચાલતી હતી. આ કિસ્સો આપઘાતનો નહિ પણ ખૂનનો હોઈને સદ્દાનંદ સરખા સ્વાર્થી અધિકારીઓ અને એના મળતિયા લોભી વેપારીઓને માથે જ આ ખૂનની જવાબદારી છે એમ એમનું કહેવું હતું.

માયાનું દિલ એમના એ કઠોર નિર્ણયનો પહેલાં તો સ્વીકાર કરવા જ ના પાડતું હતું. પણ ત્યાં તો એને ગઈ કાલવાળા પેલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વૃદ્ધ ખેડૂતના શબ્દો સાંભરી આવ્યા: 'તારા જેવા જુવાન છોકરા-છોકરીનાં દિલમાં મારો પંઢરીનાથ – વિઠોબા જાગતો બેઠો છે!'

દેશ ખાતર પ્રાણની કુરબાની કરનારા અભણ વિઠોબાની દૃષ્ટિએ માયાએ આ બાઈના આપઘાતની ઘટનાનો વિચાર કરવા માંડ્યો. એ નિષ્પાપ માતા અને અર્ભકની હત્યાની જવાબદારી ભલે આડકતરી રીતે પણ થોડી ઘણી પણ સદાનંદ ઉપર તો આવે જ છે એ વાત એને ગળે ઊતરી.

રાત પડી ચૂકી હતી; ચોમેર હવે અંધકાર વ્યાપી ગયો હતો. કોઈ નાગણની પેઠે મોટર સરસરાટ દોડી જતી હતી. વચ્ચે વચ્ચે રસ્તે સૂકાં પાંદડાંનો સળસળાટ થતો હતો. જાણે પેલી અભાગી બાઈનું ભૂત જ મોટરની પાછળ ચાલ્યું આવતું હોય એવો વિચાર માયાના દિલને ઘણી વાર સ્પર્શી ગયો.

મોટર સ્ટેંડથી ઘોડાગાડી કરી રાતના અગિયારને સુમારે માયા પોતાના બંગલા પાસે પહોંચી. પેલી બાજુ રાધાકૃષ્ણના મંદિરમાં કોઈ કીર્તન કરતું હતું. પોતાનો બંગલો પણ હજુ વીજળીની રોશનીથી ઝળહળતો જોઈ માયાને નવાઈ લાગી. ઘાટીએ ખોલેલા ફાટકે થઈ અંદર પેસતાં જ એના કાને વિલાસી ઉન્માદકારી સંગીતના સૂરો અથડાયા. બંગલાને મથાળે મુખ્ય હૉલમાં સંગીતનો જલસો જામ્યો હતો.

આખા દિવસની મોટરની મુસાફરીથી માયા થાકીને લોથ થઈ ગઈ હતી; વાળમાં ધૂળના ઢગ ભરાયા હતા; આખા દિવસના ઉપવાસને કારણે એનું મોં પણ ઊતરી ગયા જેવું થયું હતું.

પણ સદાનંદે આચરેલા પાપના જ્ઞાનથી એના દિલ પર ખૂબ ઊંડો આઘાત થયો હતો. હાથમોં પણ ધોયા વિના માયા સીધી દાદર ઉપર ચડી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બહારના મોટા દીવાનખાનામાં કોઈ ગાયિકા ગાતી હતી—

"અખિયાં મિલાકે, જિયા ભરમાકે,
ચલે નહિ જાના ઓ.....
ચલે નહિ જાના ઓ."

શ્રોતાઓમાં ચાલી રહેલી હાસ્યવિનોદની લહરીઓ કહી આપતી હતી કે સાંભળનારા બધા ખૂબ રંગમાં આવી ગયા હતા. એ બધા હાસ્ય-સમુચ્ચયમાંથી માયાએ સદાનંદના હસવાનો અવાજ ઓળખી કાઢયો. એ હાસ્ય કોઈ ક્રૂર રાક્ષસનું હાસ્ય હોય એમ એને થઈ આવ્યું!

એ બંગલો—એમાંની હરેકેકરેક કિંમતી ચીજ—દીવાન-ખાનામાં ચાલી રહેલું એ ઉન્માદકારી નાચગાન: એ સઘળું જાણે પાપના પુંજથી લદબદી રહ્યું છે, અહીં ભોગવેલા સુખોપભોગની પ્રત્યેક ક્ષણ અસંખ્ય નિરપરાધી આત્માઓના લોહીથી રંગાયેલી છે, એવા તરેહ તરેહના વિચારોએ માયાને બાવરી બનાવી મૂકી. એ દૂબળા લોકોનાં ચાલી રહેલાં ખૂનનો બદલો લેવાની અદમ્ય ઇચ્છા એના દિલમાં જોર કરવા લાગી. શાંતિ મેળવવાને ઈરાદે તે પોતાના શયનખંડમાં પહોંચી. સામે જ પિતાજી અને તાત્યાના ફોટાઓ નજરે પડતાં તે હાથ જોડી ઊભી રહી. ધ્રૂજતા અસ્પષ્ટ સ્વરે માયા તેમની પાસે જાણે યાચના કરવા લાગી: 'તાત્યા! મને રસ્તો બતાવો. કહો, હું શું કરું? બાપુજી! મારે શું કરવું જોઈએ તેનું માર્ગ-દર્શન આપો. એક બહાદુર બાપની હું બેટી છું: એક સજ્જન ગુરુની હું શિષ્યા છું. કહો—કહો—'

તેને વિચાર થઈ આવ્યો: તાત્યાએ પોતાની નવલકથામાં નવી સ્ત્રી નિર્માણ કરવાનો પ્રયત્ન કર્યો છે, પણ હજુ સાચેસાચી નવી સ્ત્રી જન્મી જ નથી. કેવળ પુરુષો સાથે હરીફાઈ કરવાથી નવી સ્ત્રી પેદા નહિ થાય; નવી સુખી દુનિયા તે સરજી નહિ શકે. પુરુષના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આત્માને વિકસાવવો, એની અંધ પરાક્રમપ્રિયતાને સાચી આંખો આપવી, એની સ્વસુખોપભોગ વૃત્તિને સામાજિક દૃષ્ટિ આપવી, એ નવી સ્ત્રીનું ખરું કર્તવ્ય છે. જ્યાં સુધી આ કર્તવ્ય સ્ત્રી બજાવી શકે નહિ ત્યાં સુધી ભલે તે ગમે તેટલું ભણે, ભાષણો આપે, શૃંગાર સજે અને અભિનયનૃત્યમાં રાચે, તેની કિંમત કોઈ શણગારેલી ઢીંગલી કરતાં કોડીની ય વધારે નહિ ગણાય!

માયાનો ગુસ્સો વધી પડયો. રોપભેર તે બહારના દીવાનખાનામાં જઈ પહોંચી. ક્રોધથી એનું શરીર ધ્રૂજી રહ્યું હતું. માયાનું એ મહામાયા સમું દર્શન થતાં જ પેલી ગાનારી બાઈ અચાનક અટકી ગઈ — થંભી ગઈ!

રંગમાં ભંગ પડતાં જ સદાનંદે વિવેક ગુમાવ્યો. 'માયા!' તેણે ગુસ્સામાં બૂમ પાડી. તેની સાથેના તેના જોડીદારો આંખો ફાડી જોઈ રહ્યા. એ સાથીદારોમાં બંગલાનો માલેક પેલો ગુજરાતી વેપારી હતો; સદાનંદને ત્યાં હમેશાં આવતો એક બ્રાહ્મણ કાપડનો વેપારી પણ હતો, અને ત્રીજો મુંબઈનો કોઈ શ્રીમંત મારવાડી પણ હતો!

જવાબમાં માયા ગરજી ઊઠી: 'બંધ કરો આ બધાં નાચગાન! ચાલ્યા જાઓ અહીંથી બધા; મારે કોઈનું કામ નથી! તમે બધા કેવા છો તે હું જાણું છું! બધા ખૂની અને પાકા બદમાશ છો! તમે માનવી નથી પણ પિશાચ છો! મરેલા મડદાને તાળવેથી પણ ઘી ચાટી જનારા તમે..... હાય, શું કહું?'

સદાનંદ ઉતાવળે ઊભો થઈ માયાની નજીક પહોંચ્યો. માયાનું મગજ ફરી ગયું હોય એમ એને લાગ્યું. અંદરના ઓરડામાં લઈ જવા તેણે માયાનો હાથ પકડયો. એ હાથને ગુસ્સાથી હડસેલી પાડતાં જ માયા બોલી ઊઠી: 'હઠી જાઓ; મને તમે અડશો ના!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગરીબ અનાથોને સતાવીને, નીચોવીને એમના લોહીના પૈસાથી તમે અહીં મોજ માણી રહ્યા છો! મનને લાગુ પડેલા મહારોગવાળા તમારા જેવાને ત્યાં તો પાણી પણ હરામ હોય!'

એમ કહેતાંની સાથે જ હાથમાંની મોતીની બંગડીઓ ખેંચી કાઢી માયાએ એનો સદાનંદ તરફ ઘા કર્યો. માયાના શરીરમાં જાણે કોઈ મહાશક્તિએ પ્રવેશ કર્યો લાગતો હતો. ધબધબ કરતી તે દાદરનાં પગથિયાં ઊતરી ગઈ. દોડતો સદાનંદ તેની પાછળ પહોંચ્યો –ફાટક પાસે તેણે એને પકડી પાડી. મનમાં જામેલા અસાધારણ ક્રોધને દબાવીને સદાનંદે શાંતિથી માયાને સમજાવવા માંડ્યું : 'માયા' માયા! આમ અરધી રાત્રે અંધારામાં ક્યાં ચાલી? જરા વિચાર તો કર? કાલે સવારે તને બાળક અવતરવાનું છે. જરા સમજી જા; સાવ આમ શું કરી રહી છે? ગાંડી કહીની! જેને તું પાપ પાપ કરી નિંદે છે, એ રસ્તે ગયા વિના દુનિયામાં કોઈને લક્ષ્મી સાંપડી છે? આજની દુનિયામાં પાપ ગમે તેવડું પ્રચંડ હોય તોપણ પૈસાની ગંગા વડે તેને ધોઈ નાખી શકાય છે. કાલે તારે પેટ અવતરનારા બાળકનો તું વિચાર કર! એ બાળકને શું તું ભિખારી રાખવા ઇચ્છે છે?'

માયા સઘળું સાંભળી રહી. એનો એક પગ દરવાજા બહાર હતો, બીજો પગ અંદર હતો. પેટ માંહેના અર્ભકના ભાવિની કલ્પનાએ એનું મન ઢચુપચુ થવા લાગ્યું. જ્યાં એ ઊભી હતી ત્યાં જ તે અટકી ગઈ; બહાર મૂકેલો પગ પાછો દરવાજામાં ખેંચી લેવાનો વિચાર તેના મનમાંથી પસાર થયો.

સદાનંદ વધારે નજીક આવ્યો. બંને હાથ મૂકી લાડભર્યા સ્વરે તેણે કહ્યું : 'માયા!'

એ ચિરપરિચિત સ્પર્શથી – લાખો વાર અનુભવેલા અને દરેક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વેળા નવીનતાભર્યાં જણાતા એ સ્પર્શથી માયાએ શરીરે રોમાંચ અનુભવ્યો. એ ક્ષણિક સ્પર્શમાં આજ સુધીનાં પાંચ વર્ષમાં પ્રીતિનાં સાકાર બનેલાં સોણલાં એની દૃષ્ટિ સામે તાજાં થયાં.

એણે પોતાના પતિ તરફ નજર વાળી. ઘડીભર એને થઈ આવ્યું કે સદાનંદને ગળે બાઝી પડી, એની છાતીમાં મોં સંતાડી દઈ હૈયાને ભીંસી રહેલો આ વિચિત્ર ભાર હળવો કરી નાખવો. પણ તુરત બપોરે કૂવા કાંઠે જોયેલી એ અર્ધનગ્ન સ્ત્રીના પ્રેતની બિહામણી દશા એને સાંભરી – એનો સૂકાઈ ગયેલો પયહીન શુષ્ક સ્તન—

એ બિહામણા પ્રેતને જ જાણે વાચા ફૂટી ! સદાનંદ તરફ હાથ લંબાવી જાણે એ કહેવા લાગ્યું : "આણે – આ કસાઈએ પોતાનું ઘર અભરે ભરાય એટલા ખાતર કાપડનાં કાળાં બજાર ચાલુ કરાવ્યાં ! મારી આબરૂ લેનારો એ જ નીચ પાપી છે ! એ દુષ્ટ ચંડાળે જ મને આપઘાતને રસ્તે ચડાવી છે ! કાળાં કરમ કરનાર એના સાથીદારોએ જ મારા કુમળા બાળકનો જીવ લીધો છે !"

માયા ઊભી હતી : કોઈ જડ પૂતળીની પેઠે દરવાજામાં જ એ જડાઈ ગઈ હતી !

સદાનંદે ધાર્યું કે પોતે સફળ થયો છે. સહેજ જરા વધારે મનાવું તો—

કોડભર્યા હૈયે એણે ધીરે રહી માયાની ચિબુકને સ્પર્શવાનો પ્રયત્ન કર્યો. માયા જરા પણ હલી કે ચલી નહિ; એણે હોઠ પણ ફફડાવ્યો નહિ.

દરમિયાન દીવાનખાનામાંથી વળી પાછા એ જ ઉન્માદકારી સંગીતના સૂર વહેતા થયા—

"અખિયાં મિલાકે, જિયા ભરમાકે,
ચલે નહિ જાના ઓ.....
ચલે નહિ જાના ઓ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજી બાજુ રાધાકૃષ્ણના મંદિરમાંથી કીર્તનકારના અભંગ પ્રલંબ સ્વરે ઉચ્ચારાતા સંભળાયા—

"અંતરીચા જ્ઞાનદીવા માલવું નકોરે!" *

માયાએ બંગલા તરફ નજર ફેંકી. વીજળીની ઝગઝગાટ કરતી રોશની – શૃંગારિક ગાયનના મોહક સૂર – વિલાસ અને વૈભવનું મિશ્ર મધુર હાસ્ય—

તેણે બહાર નજર દોડાવી. ઘોર અંધકાર – કાળી રાતનો નિબિડ અંધકાર સમસ્ત સૃષ્ટિને ઢાંકી રહ્યો હતો!

પણ એ અંધકારમાં માયાને એના બાપુજી દેખાતા હતા; એ અંધકારમાંથી તાત્યા મૃદુ હાસ્ય સાથે તેને આવકારી રહ્યા હતા; બપોરનું પેલું કુમળું બાળક જીવતું બની જાણે 'મા, મા!' શબ્દોથી તેને આહ્વાન કરી રહ્યું હતું; રાધાકૃષ્ણની જોડલી પરસ્પરના સૂરમાં સૂર મિલાવી જાણે ગાઈ રહી હતી:

"અંતરીચા જ્ઞાનદીવા માલવું નકોરે!"

અત્યાર સુધી દરવાજાની અંદર રાખેલો બીજો પગ માયાએ ઉતાવળથી ઊંચક્યો અને એક પણ વખત પાછું વાળી જોયા વિના એ વેગભેર બહારના નિબિડ અંધકારમાં અદૃષ્ય થઈ ગઈ!

મે ૧૯૪૯

---

* અંતરમાં પ્રગટેલો જ્ઞાનદીપ બુઝાવા ન દેજે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટર્કિશ ટુવાલ

રામભાઉએ હાથ ધોયા કે તુરત મેં તેની સામે ટુવાલ ધર્યો. ટુવાલ વડે હાથ લૂછતાં લૂછતાં સહેજ તે અટકી ગયો, ટુવાલને બરાબર નીરખી લીધો ને સહેજ મોં મરકાવ્યું. એના સ્મિતનો અર્થ હું સમજી ગયો. એ હાસ્ય મને મોટો ઠપકો આપી રહ્યું હતું: 'વાહ ભાઈ! હવે તો બાથરૂમમાં હાથમોં લૂછવા પણ કુમાશભર્યો ટર્કિશ ટુવાલ પહોંચી ગયો છે ને શું?'

અને રામભાઉને એમ કહેવાનો હક્ક પણ હતો. કૉલેજમાં ભણતો ત્યારે પ્રો. કરમરકરને ત્યાં તેમના રીડર (વાંચી સંભળાવનાર) તરીકે મેં બે વર્ષ સુધી કામ કરેલું. છતાં ડિલ લોડવા માટે હું જાડાં હાથવણાટનાં પંચિયાં જ વાપરતો, એ બિના ઘણું કરીને રામભાઉને સાંભરી આવી હશે! તે વેળા રામભાઉ તેમ જ બીજા ઘણા મિત્રો મને ટર્કિશ ટુવાલ ખરીદવા આગ્રહ કરતા, પરંતુ સહુને હું એક જ જવાબ આપતો: 'પંચિયાની મજા ટુવાલમાં નથી!'

વીશ વરસ પહેલાં ડિલ લૂછવાનું મારું પંચિયું બધા મિત્રો માટે—ખાસ કરીને રામભાઉ માટે મશ્કરી કરવાનું સાધન બની રહ્યું હતું. તે પછી સમય જતાં પ્રો. કરમરકર અકસ્માત મૃત્યુવશ થયા. મારું ભણતર અટકી પડ્યું. હું કોંકણમાં પાછો ગયો ને રામભાઉ પણ ડિગ્રી મળતાં જ ગ્વાલિયર ઊપડી ગયો. ત્યાર પછી લગભગ વીશ વર્ષે અમે આજે મળ્યા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટુવાલ મને પાછો આપતાં રામભાઉએ કહ્યું: 'હજી હાથ લૂછવા માટે તું પંચિયું જ વાપરતો હોઈશ એમ મેં ભોળા ભાવે માનેલું!'

મેં જવાબ આપ્યો: 'પરણ્યા પછી એક વાર પત્નીએ હોંશથી ટર્કિશ ટુવાલ આણ્યા. એ ટુવાલ વડે હાથ લૂછવાની ટેવ પડ્યા પછી પંચિયું હાથમાં લેતાં બહુ બરછટ લાગવા માંડ્યું! ત્યારથી—'

ખડખડાટ હસી પડી રામભાઉએ કહ્યું: 'ગડકરીએ એક જ સ્પર્શનું વર્ણન કર્યું છે, તે સોળેસોળ આના સાચું છે એમ જ માનવું રહ્યું!'

'ખરી વાત છે; એ સ્પર્શ ચાહે તો ટુવાલનો હો, મદિરાનો હો અગર તો સ્ત્રીનો હો!'

નવાઈ પામી રામભાઉએ મારા સામે જોયું. મારા એ ઉદ્ગારો પાછળ કોઈ રહસ્ય છુપાયું હોવાનો તેને વહેમ પડ્યાનું એ નજર કહેતી હતી!

* * *

જમીને તાસકમાંથી પાનનું બીડું ઉપાડી મોંમાં મૂકતી વેળા પણ રામભાઉ મારા તરફ હજુ એ જ જાતની વિચિત્ર નજરે જોઈ રહ્યો હતો.

એલચીનાં ફોતરાં કાઢી અંદરના દાણા જ મને મોંમાં મૂકતો જોઈ એણે કહ્યું: 'કેમ ભાઈ! પાન નથી ખાવું?'

'ના.'

'અને સોપારી?

માત્ર માથું હલાવીને જ મેં ના પાડી.

'કેમ, દાંતમાં ભરાઈ રહે છે?'

'ના રે!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રામભાઉએ ખીસામાંથી સિગરેટની ડબી કાઢી, ખૂણે જરા ટકોર કરી ઊંચે ઉછાળી તે ઝીલી લીધી ને પછી મારી સામે ધરી.

મેં કહ્યું: 'મને પીવાની ટેવ નથી.'

'ભારે ચોખલિયો બની ગયો દેખું! પણ ભાઈ, આ તારા ધંધાભાઈઓમાંથી ઘણાની કીર્તિ ઠેઠ અમારા ગ્વાલિયર સુધી પહોંચી ગઈ છે, હો!'

સિગરેટના ધૂમાડાના ગોટા કાઢતી વેળા દરેક વખતે રામભાઉ મારા તરફ ખંધું જોઈ રહ્યો હતો. એ દૃષ્ટિ કહેતી હતી--ભલા માણસ! વીશ વરસ પછી મળતા તારા આ બાળસ્નેહી સાથે આવી ચાગલાઈ? 'સો સો ચૂવા ખાકે બિલ્લી ચલી હજ કો.' ની પેઠે આ બધો દેખાવ શા સારુ કરે છે? કદાચ તું હૃદયથી જાદે નહિ ગયો હો, કદાચ તેં સભ્યતાનું અતિક્રમણ નહિ કર્યું હોય, પણ—

એની દૃષ્ટિની તીવ્રતા મારા માટે અસહ્ય બની. રામભાઉ જેવો બાળસ્નેહી મને દંભી માને એથી મને પણ આઘાત થયો. મેં વાત હસી કાઢવા કહ્યું: 'રામભાઉ! હું આટલો બધો ચોખલિયો કેમ થયો છું, જાણે છે?'

'હા!'

'ત્યારે કહે જોઉં!'

'કોઈ સનાતનધર્મ સભા તરફથી "મહારાષ્ટ્ર નીતિભૂષણ" નો ઇલકાબ મેળવવા!'

હું માત્ર હસ્યો.

'ઇલકાબ માટે નહિ? તો શાને માટે?'

'હું નિર્બળ છું માટે!'

રામભાઉ મારી સામે તાકી રહ્યો.

મેં જણાવ્યું: 'કોલેજમાં ગયા પછી હું એક જ વાક્ય શીખ્યો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છું: શરીરની ગુલામીમાં મનનું મૃત્યુ રહેલું છે!'

'એ વળી કઈ ચોપડીમાં લખ્યું હતું?'

'આવાં વાક્યો ભણવાની ચોપડીઓમાં નથી હોતાં. આ વાક્ય તો પ્રો. કરમરકરના જ એક પત્રમાંથી લીધેલું છે!'

'પત્રમાંથી?'

'તેમણે મને એક જ પત્ર–ખૂબ લાંબો પત્ર લખ્યો હતો!'

નવાઈ પામી રામભાઉ મારી તરફ ઉત્કંઠાતાથી જોઈ રહ્યો.

'તને યાદ છે હું તેમની પાસે "રીડર" તરીકે કામ કરતો હતો તે? તે વેળા તેઓ હિંદુ તત્ત્વજ્ઞાન ઉપર એક મોટો ગ્રંથ લખતા હતા. તને એ સાંભરતું તો હશે જ.'

'વાહ! એ કેમ ભૂલું? એ પુસ્તક પ્રગટ થયું હોત તો ઇંગ્લાંડ અને અમેરિકામાં પ્રો. કરમરકરના નામનો અને તે સાથે આપણી કોલેજના નામનો પણ ડંકો વાગી જાત એમ પ્રિન્સિપાલ સાહેબ ઘણી વાર કહેતા. પણ યમદેવ માણસને જાણે વીણી વીણીને ઉઠાવી જતો હોય લાગે છે!' રામભાઉના એ શબ્દોમાં–એ અવાજમાં પ્રો. કરમરકરના અકાળે થયેલા મૃત્યુ અંગેનું દુઃખ વ્યક્ત થતું હતું.

કરમરકરનો આખો ય ઇતિહાસ સંભારી મેં પણ સખેદ સ્મિત માત્ર કર્યું.

આખરે કુતૂહલથી દોરવાઈ રામભાઉએ જ પૂછ્યું: 'કરમરકર સાહેબે તને શો પત્ર લખ્યો હતો?'

'હું તો તેમને ઈશ્વર તુલ્ય ગણી પૂજતો એમ કહું તો ય ચાલે!'

'અમે સહુ પ્રો. કરમરકરના 'કલ્યાણ' તરીકે તારી કાંઈ ઓછી મજાક ઉડાવતા હતા?'

'એક દહાડો બપોરના તેમને કયાંઈક કામ અંગે બહાર જવું હતું એટલે તેમણે વાંચવા માટે મને રાત્રે બોલાવ્યો. રાત્રે તેમને ત્યાં સં ૧૭.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જતાં મને મોડું થયું. હું તેમને ત્યાં પહોંચ્યો ત્યારે રાતના દસ થયા હતા. તેમના ઓરડાનાં કમાડ અમસ્થાં વાસેલાં હતાં. મેં બારણું હડસેલી અંદર નજર કરી તો—'

'અંદર શું દેખાયું?' ઉત્સુક બની રામભાઉએ સવાલ કર્યો.

'કરમરકરસાહેબ બેભાન જેવા પડયા હતા; ટેબલ ઉપર બેત્રણ બાટલીઓ હતી—'

'એટલે કરમરકર સાહેબ દારૂ—'

'મને દેખીને તેઓ પણ મૂંઝાઈ ઊઠયા, પડતા આખડતા તુરત તેઓ મારી નજીક આવ્યા ને મારે પગે પડીને રડવા લાગ્યા. મને તો ઊલટાનું છોભીલા પડયા જેવું થઈ ગયું!'

વીસ વરસો પહેલાંનું એ દૃશ્ય મારી આંખ સાગે પ્રત્યક્ષ ખડું થયું. તે વેળા મારા દિલમાં તિરસ્કાર અને દયા બંને ભાવોનું વિચિત્ર મિશ્રણ થયું હતું; મને મારી એ માનસિક સ્થિતિ યાદ આવી. મેં રામભાઉને કહ્યું: 'તને હું પ્રો. કરમરકરનો એ પત્ર જ વાંચી સંભળાવું.'

* * *

"પ્રેમપૂર્વક આશીર્વાદ.

"મારા જેવા દારૂડિયાના આશીર્વાદની તારે મન કદાચ બહુ કિંમત પણ નહિ રહી હોય. પણ ગયા બે વર્ષથી તું મને એટલો તો મનોભાવે ચાહી રહ્યો છે, કે તારું કલ્યાણ થાય એવી ઇચ્છા સેવ્યા વિના મારાથી રહેવાતું નથી.

"ગઈ રાતના બનાવની તારા મન પર ભારે વિચિત્ર છાપ પડી હશે. આખી રાત કદાચ તને ઊંઘ પણ નહિ આવી હોય. જેની તેં દેવ તરીકે અત્યાર સુધી પૂજા કરી તે માણસ દારૂડિયો છે એ વિચારે જ તારા દિલને ભારે આઘાત પહોંચાડ્યો હશે. જુવાનીમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મન કેટલું વિભૂતિપૂજક હોય છે તેનો મને પૂરો ખ્યાલ છે. હું તારી ઉંમરનો હતો ત્યારે ન્યાયમૂર્તિ રાનડે દેવલોક થયા. મારા ટેબલ પર રાખેલા તેમના ફોટોગ્રાફનાં દર્શને મારામાં અનેક વાર સ્ફૂર્તિ આણી છે. પ્રાચીન સંસ્કૃત સાહિત્યના અભ્યાસમાં મારી બરોબરી કરી શકે એવા ચારપાંચ વિદ્વાનો ભાગ્યે જ હશે. એ અભ્યાસનાં મૂળ રાનડે વિષે મારા દિલમાં પેદા થયેલ ભક્તિભાવને લીધે જ ખૂબ ઊંડાં ગયેલાં.

"પણ કોઈ સુંદર આરસપહાણની મૂર્તિના ટુકડા જોઈને જોનાર કદી આનંદ પામતો નથી. મારા પ્રત્યે તારા હૃદયમાં વસેલા આદરભાવ ભક્તિભાવના આવા જ ટુકડા ટુકડા થઈ ગયા હશે! કાલે રાત્રે તને જોતાં જ મારી આંખો અશ્રુભીની બની. તેં એનો અર્થ કદાચ એમ કર્યો હશે કે તારી મારા તરફની ભાવના ટકી રહે એ સારુ મેં એ રડવાનો ઢોંગ કર્યો હશે. પણ એમાં એવો ઈરાદો જરા ય નહોતો. મારા જેવા નિર્બળ માનવીને કોઈની પાસેથી પ્રેમ–ભક્તિભાવ માગવાનો કશો અધિકાર નથી. તું મને માત્ર માફ કરે તોપણ મારા દિલને ઘણી શાંતિ થશે.

"છેલ્લાં કેટલાંક વરસોથી તને જ નહિ પણ આખી દુનિયાને હું છેતરી રહ્યો હતો. ઘરનો જૂનો ઘરડો નોકર અને મારી પત્ની સિવાય ત્રીજી કોઈ વ્યક્તિ જાણતી નથી કે હું—

"શરૂ શરૂમાં માનવી એવું માની લેવા લલચાય છે કે પોતાના વ્યસનની વાત છુપાવી રાખવાથી કશું નુકસાન નહિ થાય. પણ વ્યસની આદમીનો સાચો શત્રુ સમાજ નથી; તેનું શરીર જ તેના પર વેર લે છે.

"વ્યસનના કેફમાં મન મરી નથી જતું! કાંઈ નહિ તો મારું મન તો મરી નહોતું જ ગયું! ડગલે ને પગલે શરીર એ વ્યસ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નની ગુલામીમાં સપડાય ત્યારે મન એવો તરફડાટ કરે છે—દીવા પર ઝંપલાવનારું પતંગિયું જેમ બરાબર જ્યોતિ પર ન પડતાં સહેજ બાજુ પર પડે તો શેકાઈ જ જાય છે, બરાબર તેવી જ દશા વ્યસની આદમીના મનની થાય છે.

"શરીરની ગુલામી કેમ ઊભી થાય છે—વધતી જાય છે એ માણસ જાણી પણ શકતો નથી. હિંદુ તત્ત્વજ્ઞાન અંગે મોટો અભ્યાસ-ગ્રંથ લખીને આખી દુનિયામાં ડંકો વગાડવાની મહત્ત્વાકાંક્ષાથી હું પ્રયત્ન કરી રહ્યો હતો. એમાં રાતના બારે વાગતાં સુધી જાગવું પડયું—એમાંથી નિદ્રાનાશનો વ્યાધિ વળગ્યો—જાણે શરીરમાં કશો જીવ ન રહ્યો હોય એવી દશા થઈ આવી. દારૂને મેં પહેલો સ્પર્શ કર્યો તે આ ચેતનહીન બની જતા શરીરમાં સ્ફૂર્તિ પેદા કરવાને ઈરાદે જ હતો!

"પણ તત્ત્વજ્ઞાન અંગેના સેંકડો ગ્રંથો વાંચ્યા છતાં મને એક વાત પૂરી સમજાઈ નહોતી. એ વાત તે હું એક મનુષ્ય છું તે હકીકતની હતી. માનવીનું શરીર હરકોઈ મુખસંવેદનાનું સહેજે ગુલામ બની જાય છે, અને મનની વિરુદ્ધ બળવો ઉઠાવે છે. શરીર અને મનના આ ગજગ્રાહમાં આખરે ચોક્કસ શરીરનો જ વિજય થાય છે.

"પણ શરીરના આ ક્ષણિક સુખમાંથી જીવતર આખાનાં દુઃખો ઉદ્ભવે છે! સમાજનો ભય અને વિવેકબુદ્ધિનો ડંખ એ બે સાણસા વચ્ચે માનવીના મનના ચૂરેચૂરા ઊડી જાય છે. એ ટુકડાઓને પછી ગમે તેટલી સફાઈથી સાંધવાનો પ્રયત્ન કરીએ તોપણ એ સાંધેલી ઓઢડીમાં અખંડ વસ્ત્રનું સૌંદર્ય શી રીતે આવી શકે?

"માનવી પોતાની આસપાસની વ્યક્તિઓના પ્રેમ પર જીવે છે! પણ વ્યસની માણસ આવા સ્વાભાવિક પ્રેમને ખોઈ બેસે છે; અને એ ઊણપને જ વળી પાછો તે વ્યસનના નશાથી પૂરી કરવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મથે છે! ધીરે ધીરે તે શરીરનો ગુલામ બનતો જાય છે. શરીરની ગુલામીમાં મનનું મૃત્યુ રહેલું છે, એ તે જાણી શકે છે પરંતુ —"

પત્ર વાંચતા વાંચતા મારી નજર સામે પ્રો. કરમરકરની આંસુ ઢાળી રહેલી એ દયા યાચતી મૂર્તિ તરવરી રહી. એમનો વહાલસોયો સ્વભાવ – એમની વ્યસનાસક્તિ – તુરત મારી આંખો આંસુભીની બની.

ઘડી પહેલાં બાથરૂમમાંથી સાથે આણેલો પેલો ટુવાલ નજીક જ પડ્યો હતો. ટુવાલ હાથમાં લઈ મેં આંખો લૂછી.

એટલામાં મારી પત્ની ઓરડાને બારણે આવી મને પૂછવા લાગી: 'બાથરૂમનો પેલો ટુવાલ ક્યાં?'

એણે સાડીના પાલવથી પોતાના હાથ લૂછ્યા તો હતા જ; પણ મેં આપેલા ટુવાલ વડે એણે ફરી હાથ લૂછ્યા ત્યારે જ એના દિલને શાંતિ વળી.

મારી પેઠે રામભાઉના ખ્યાલમાં પણ એ હકીકત આવી જ હશે! મારી સામે જોઈ તે સહેજ હસ્યો.

મારી પત્નીના અંદર ચાલી જવા પછી પ્રો. કરમરકરના પત્ર તરફ નજર કરી તેણે પૂછ્યું: 'આખરે દારૂએ જ એમના પ્રાણ લીધા હશે, ખરું?'

'હા! તેમણે આત્મહત્યા કરેલી!'

'આત્મહત્યા?'

'શરીરની ગુલામીથી તેમનું મન ત્રાસી ઊઠ્યું હતું. રોજ થોડો થોડો વધારે દારૂ પીધા વિના એમને ચેન જ પડતું નહિ. એ નશાને પરિણામે જ એક દિવસ તેમણે પોતાની વિધવા સાળીની છેડતી કરી. બીજે દહાડે વહેલી સવારે બંને બહેનો ઘર છોડીને ચાલી ગઈ; તે જ દિવસે સાંજે પ્રો. કરમરકર પોતે પણ આ ફાની દુનિયા છોડીને ચાલી નીકળેલા!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાંગળાનું દુઃખ

કમ્પાર્ટમેન્ટની બારીમાંથી પાછું વાળી જોતા હસતા મોંવાળા ગંગાધર શાસ્ત્રીએ સહેજ માથું નમાવી વિનાયકરાવની રજા લીધી. ને ત્યાં તો ખૂણા પરનો વળાંક લેતી મોટર બસ ઘડીકમાં દેખાતી બંધ પણ થઈ ગઈ.

ઘણે દહાડે મળેલા બાળસ્નેહીથી વિખૂટા પડતી વેળા હૈયું જરા ભરાઈ આવશે એમ ઘેરથી નીકળતી વખતે વિનાયકરાવને લાગ્યું હતું. પણ પ્રત્યક્ષ અનુભવ તેમને જુદો જ થયો.

એટલું ખરું કે છૂટા પડતી વેળા વિનાયકરાવનું દિલ ભારે તો થયું હતું, પણ તેનું કારણ બાળસ્નેહીનો વિયોગ નહોતું. સાંભળે તો કોઈને હસવું આવે એવું એ કારણ હતું. તે છતાં એ વિચારે વિનાયકરાવનું મન અતિશય બેચેન બન્યું હતું એ તો નક્કી! ગાડી આખી ફાડેલાં લાકડાં ઉથલાવતાં ઉઝરડો ય ન થાય પણ છેક છેલ્લાં છોડિયાં ઉપાડતી વખતે એકાદ લાળ હાથમાં એવી પેસી જાય કે કશું સૂઝે જ નહિ, એવી દશા વિનાયકરાવની થઈ હતી. આવ્યા તે ઘડીથી મનોરમા માટે ગંગાવન–વાળ લઈ જવાની વારે વારે વાત ઉચ્ચારતા ગંગાધર શાસ્ત્રી આખરે બેચાર આનાના તફાવત સારુ અતિકડક વાળની વેણી ખરીદે ત્યારે નવાઈ કેમ ન થાય? વેપારીએ તેમને ખાસ ભાર દઈને એક સુંદર ગંગાવન–વાળની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વેણી બતાવી હતી; એ વાળ ખૂબ સફાઈદાર અને રેશમ જેવા સુંવાળા હતા. ગઈ કાલે થયેલ એના સ્પર્શના સ્મરણ માત્રથી પણ વિનાયકરાવને હાથે ગલગલિયાં થતાં હતાં. દુકાને એ વેણી પરથી હાથ ફેરવતાં ફેરવતાં જાણે જાઈજૂઈનાં ફૂલોનો ઢગલો હાથમાં લીધો હોય એમ વિનાયકરાવને થયું હતું. પણ ગંગાધર શાસ્ત્રીએ એ વાળ નાપસંદ કર્યા! એની કિંમત ચાર આના જ વધારે હતી; કદાચ ખેંચાખેંચી કરી હોત વેપારી એકાદ આનો હજુ ય ઓછો કરત! પણ એ વાળ હાથમાં લઈ હજુ તો તેના પર આંગળાં ફેરવ્યાં નથી ત્યાં જ વિચિત્ર ભાવ સાથે ગંગાધર શાસ્ત્રીએ એ પાછા વાળ્યા હતા!

ચાર આનાની બચત ખાતર ગંગાધરે આમ કર્યું હશે?

નહિ જ.

ફોઈબાનાં અસ્થિ–ફૂલને કૃષ્ણામાં પધરાવા માટે કોંકણમાંથી તે ખાસ નરસોબાની વાડીએ આવ્યો હતો, એ ગંગાધર કંજૂસ હોય એમ કેમ બને?

બાળસ્નેહી વિનાયક રસ્તામાં કોલ્હાપુરમાં રહે છે તેથી ખાસ સંભારીને આવતી વખતે એણે તાજા કાજુ અને પાપડીના દાણા આણ્યા હતા. કંજૂસ માનવી કદી આવું હોત દાખવે ખરો?

ગઈ કાલે મહાદ્વાર (કોલ્હાપુરની અંબાજી માતાના મંદિરનો મોટો દરવાજો) પાસેથી તેણે ગંગાવન સાથે પેંડા પણ ખરીદ્યા. શેર પેંડા લીધા પછી તેને ભાણેજરુ સાંભર્યાં એટલે એણે વળી બીજા શેર ખરીદ્યા! મૂંજી માણસમાં આવી ઉદારતા ક્યાંઈ દીઠી છે?

અને ઘડી પહેલાં ઘેરથી નીકળતી વેળા ઘણી ઘણી ના પાડ્યા છતાં એણે બાળના હાથમાં રૂપિયો આપ્યો! આવો માણસ માત્ર ચાર આનાનો બચાવ કરવા ખાતર સરસ વાળ ન ખરીદતાં જાણી જોઈને હલકા વાળ શા માટે ખરીદે? બાળના હાથમાં રૂપિયો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપતી વખતે તેણે હસતાં હસતાં કહેલું પણ ખરું : 'તું પોસ્ટ માસ્તર અને હું ભિક્ષા માગનારો ગોર, એવો ભેદ અહીં નહિ ચાલે. ગમે તેમ તો ય હું બાળનો કાકો કહેવાઉં !' આવો માયાળુ આદમી પોતાની જ પુત્રી મનોરમા ખાતર ચાર આના જેવી બાબતમાં કરકસર કરે ખરો ?

અશક્ય, તદ્દન અશક્ય !

તો પછી કાલે ગંગાધરે એ હલકી જાતના વાળ શા માટે ખરીદ્યા એ સવાલ તો ઊભો જ રહ્યો !

વિચારમાં ને વિચારમાં વિનાયકરાવ પોસ્ટ ઑફિસ સુધી પહોંચી ચૂક્યા હતા. તાજેતરમાં જ આવેલા ટપાલના થેલા રાહ જોઈ પડ્યા હતા. તેમને લાગ્યું : સામે પડેલાં આ પારસલોની અંદર દરેકમાં શું ભર્યું હશે એ જેમ બહારથી કહી શકાતું નથી, એમ જ માણસના મનની અંદર શું શું ચાલી રહ્યું હશે તે ખુદ એની સ્ત્રી–એનો જિગરનો મિત્ર–કોઈથી જાણી શકાતું નથી !

* * *

ધડ્–ધડ્–ધડ્–

ઉપરાઉપરી કાગળો પર ટપાલની છાપ પડ્યે જતી હતી. ક્રિકેટની રમતમાં ફટકા લગાવનાર ખેલાડી જેમ એક દડો આ બાજુ તો બીજો દડો બીજી બાજુ ફટકાર્યે જાય, તેમ સૉર્ટિંગ–વર્ગીકરણ કરનાર ટપાલી જુદા જુદા ઢગલાઓમાં કાગળો ફેંકયે જતો હતો.

છાપ મારનાર ટપાલીને એક કવર વધારે જાડું લાગવાથી તેણે હાથમાં લઈ જોયું અને ટિકિટના પ્રમાણમાં વજન વધારે જણાયાથી તેણે તે કવર વિનાયકરાવ તરફથી મોકલી આપ્યું. પણ એ કવર ઉપરના સરનામાના અક્ષરો જોતાં જ હાથમાં આવેલ કવરનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વજન કરવાની વાત વિનાયકરાવ છેક વીસરી જ ગયા.

અક્ષરો કહી આપતા હતા કે એ પત્ર કોઈ સ્ત્રીએ લખેલો છે.

આ જ અક્ષરોવાળું કવર આ જ સરનામે નિયમિત રીતે હરેક અઠવાડિયે આવ્યા કરે છે તે તેમને સાંભરી આવ્યું.

કવર ઉપરનું સરનામું વિનાયકરાવને માટે અજાણ્યાનું નહોતું. એ માણસ તેમની પત્નીનો ભાઈ (દૈવ જાણે કઈનો દીકરો કે મામાનો દીકરો!) થતો હતો. આદમી કુટુંબવત્સલ હતો; ઘેર બાળ-બચ્ચાં પણ હતાં. એવા માણસને દરેક અઠવાડિયે કઈ બાઈ કાયમ કાગળો લખ્યા કરતી હશે? આવા જાડા કાગળોમાં એવું તે શું એ લખતી હશે?

ભૂલથી કવર ઉપર અર્ધા આનાની ટિકિટ ઓછી ચોડાઈ ગઈ હતી. વિનાયકરાવને મનમાં થયું: અનાયાસે કાગળ હાથમાં આવ્યો છે; ફોડીને વાંચી લીધો હોય તો પોતાની પત્નીની ભાભી ઉપર ખૂબ ઉપકાર કર્યાનો લાભ તો થશે!

પણ પેલા ટપાલીએ વિનાયકરાવ તરફ પ્રશ્નાર્થ દૃષ્ટિથી જોતાં જ તેમના મોંમાંથી માત્ર એટલા જ શબ્દો નીકળી ગયા: 'નોટપેડ, એક આનો.'

* * *

રાત્રે પથારીમાં પડતાં સુધી વિનાયકરાવને વારેવારે પેલી એ બાબતો યાદ આવ્યા કરતી હતી: સવારની ટપાલમાં જોયેલું પોતાની પત્નીના દૂરના ભાઈ ઉપરનું કવર અને ગંગાધર શાસ્ત્રીએ ખરીદેલું પેલું હલકી જાતનું ગંગાવન!

તેઓ આંખો મીચી ગયા. એટલામાં બાળ દોડતો દોડતો તેમની પાસે આવી પહોંચ્યો, અને તેમના ગાલ સાથે ગાલ ઘસતાં ઘસતાં કહેવા લાગ્યો: 'મોટાભાઈ! મને એક સરસમાં સરસ મોટર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મગાવી દો ને?'

વિનાયકરાવે મોટર લાવી દેવાની હા પાડી ત્યારે જ એ સૂતો.

સામેની ખીંતી પર ટાંગેલો કોટ વિનાયકરાવ જોઈ શકતા હતા. કોટ ઘણો જ જૂનો થઈ ગયો હતો. હવે નવો કોટ સીવડાવ્યા વિના નહિ ચાલે એવો મન સાથે તેમણે ઠરાવ કર્યો.

પણ ત્યાં તો એમની નજર પડખામાં જ હસતાં હસતાં ઊંઘી ગયેલા બાળ તરફ ગઈ. તેમનું મન કહેવા લાગ્યું: 'ના ના; આ કોટ હજુ બે મહિના તો ચાલશે જ. મોટર ખરીદવાની બાળની હોંશ પહેલાં પૂરી કરવી જોઈએ!'

અને એ વિચારની સાથોસાથ વળી તેમને ગંગાધર શાસ્ત્રીએ ખરીદેલા પેલા મનોરમા માટેના કડક વાળની વાત યાદ આવી. તેમણે વિચાર્યું: ગંગાધર તો સાંજના જ ઘેર પહોંચી ગયો હશે. અત્યારે તેણે એ વાળ (ગંગાવન) મનુને બતાવ્યા પણ હશે, અને એ સુંવાળા નથી એમ કહીને મનુએ કદાચ કલ્પાંત પણ માંડ્યું હશે.

પ્રવાસમાં—પછી તે શારીરિક હોય અગર માનસિક હોય—માણસને તંદ્રા આવ્યા વિના રહેતી નથી. કલ્પનામાં ગંગાધર શાસ્ત્રીના કોંકણમાંને ઘેર પહોંચી ગયેલા વિનાયકરાવની પણ એવી જ દશા થઈ.

પણ એ તંદ્રા લાંબો વખત ચાલી નહિ. તંદ્રામાં તેમને એવો આભાસ થયો હતો—જાણે પોતે ગંગાધરની સાથે અંબાજીના મંદિરમાં ફરે છે. સભામંડપમાં ખૂબ ગીરદી છે. કોઈનું પ્રવચન ચાલી રહ્યું છે. પ્રવચનનો વિષય ઘણું કરીને 'સર્વ સ્થળે પરમાત્માનો વાસ છે' એ છે. "ચાલો ને આપણે ઘડીભર સાંભળીએ?" એમ પોતે ગંગાધરને કહે છે પણ ત્યાં જરા ય રોકાવાની તેની મરજી દેખાતી નથી. મનોરમા સારુ વાળ—ગંગાવન ખરીદવા તે પુષ્કળ ઉતાવળો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થયો છે. પણ મુખ્ય દરવાજામાંથી બહાર નીકળી પેલું સુંવાળા સુંવાળા વાળનું ગંગાવન હાથ ધરતાં જ તે ચમકી જાય છે—જાણે સામે ભૂત ઊભું હોય એવી એની દશા થઈ દેખાય છે. તે ચીસ પાડી ઊઠે છે—

વિનાયકરાવ અહીં જ તંદ્રામાંથી જાગ્રત થઈ જાય છે.

થોડી વારે ફરી તેમને ઊંઘ આવે છે. પણ ઊંઘમાં પણ તેમનું મન અસ્વસ્થ તો રહ્યા જ કરે છે.

* * *

બીજે દિવસે પણ મનની આ અસ્વસ્થતા તેમને રહી રહીને ખૂંચતી હતી. આખરે રાત્રે સૂતી વખતે ગંગાધરને કાલે કાગળ લખવો અને મનમાં ચાલી રહેલી આ મૂંઝવણનો નિકાલ આણવો એવો એમણે નિશ્ચય કર્યો ત્યારે જ તેમને ઊંઘ આવી.

પણ રાતે કરેલો આ નિશ્ચય અમલમાં મૂકવાની વિનાયકરાવને જરૂર ન રહી. સવારે ટપાલઑફિસે પહોંચ્યા ત્યારે ગંગાધરનું પહોંચ્યાનું ચાર લીટીની હકીકતવાળું કાર્ડ આજે મળશે એવી એમણે આશા રાખી હતી.

અને ટપાલમાં ગંગાધરનો કાગળ પણ હતો, પણ તે ટૂંકી હકીકતવાળું કાર્ડ નહિ પરંતુ એક કવર હતું—ઘણું જાડું કવર હતું. ચાર ને બદલે છ પૈસાની તો તેના પર ટિકિટ ચોડેલી હતી!

ચાર દહાડા પહેલાં બાળપણનાં સંભારણાની એ દિવસ સુધી વાતો કર્યા કરી હતી, છતાં ગંગાધરે જતાંવેંત આવડો લાંબો કાગળ શા માટે લખ્યો હશે તે વાત વિનાયકરાવ પહેલાં તો સમજી જ ન શક્યા. અધીરાઈ સાથે તેમણે એ કવર ફોડ્યું. શરૂઆતની ચારછ લીટીઓ ભાગ્યે જ વાંચી હશે એટલામાં તો પોતે અત્યારે પોસ્ટની ડ્યૂટી ઉપર છે એ વાત પણ વિનાયકરાવ છેક વીસરી ગયા!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમણે ઝપાટાભેર પત્ર વાંચવા માંડ્યો—

"તારે ત્યાં એ દિવસ ખૂબ આનંદમાં પસાર થયા. એ આનંદમાં ખૂંચે એવી એક જ બાબત બની હતી. મનોરમા માટે ગંગાવન ખરીદતી વેળા જે બની ગયું તે ન બન્યું હોત તો—

"એ બીજા વાળ—ગંગાવનની કિંમત ફક્ત ચાર આના જ વધારે હતી. મારે એ જ ખરીદવા એમ તું વારે વારે દયાણપૂર્વક કહી રહ્યો હતો, પણ મેં એ ગણકાર્યું નહોતું. તને મનમાં એમ લાગ્યું હશે કે ગમે તેમ તો ય કોંકણના ગામડાગામમાં રહેનારો અને ભિક્ષા માગી પેટ ભરનારો ગંગાધર આખરે તો ગોર જ ખરો ના! ખુદ પેટની દીકરી ખાતર પણ ચાર આના વધારે નાખી દેવાનું એને આકરું લાગે એમાં શી નવાઈ?

"પણ વિનાયક! સાચી વાત કહું? એમાં મારી કંજૂસાઈ નહોતી, મારું મૂર્ખપણું નહોતું, પણ—

"એ વાળ ઉપર મેં હાથ ફેરવ્યો ત્યાં જ—રેશમ જેવા એ સુંવાળા સુંવાળા સ્પર્શે મને એકદમ એક જૂની વાતની યાદ આપી! માત્ર એ વાત નહોતી—એ એક કારી ઘા હતો એમ કહીએ તો ય ચાલે! એ જખમ જાણે એ જ વેળા ઊઘળીને એમાંથી લોહી વહેવા માંડ્યું. એ વાળમાં રહેલી સુંવાળપનો અનુભવ મારા હાથને એક જ વાર થયો છે. એટલા બધા સુંવાળા વાળ ઉપરથી મેં અગાઉ પણ એક વખત હાથ ફેરવ્યો હતો, અને તેથી જ—

"અત્યારે પણ મારું મન મૂંઝાઈ રહ્યું છે. એ બાળકીની વાત તને શી રીતે લખી જણાવું? પણ હવે જેમ આવડે તેમ લખી નાખું છું.

"તું મેટ્રિકમાં હતો ત્યારે આપણે મળ્યા હતા. તને યાદ છે? તે વેળા મેં મારા ધંધાની—ગોરપદું ચલાવવાની અને કથાપુરાણો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાંચી સંભળાવવાની શરૂઆત જ કરી હતી. તે વેળા આપણા બંને વચ્ચે ઘણી ચર્ચા ચાલેલી. ગોર અને પુરાણિકોની વિરુદ્ધમાં તું ઘણું ઘણું બોલ્યો હતો. મેં જવાબ આપ્યો હતો: 'હું કેવળ પેટ ભરવા ખાતર જ કથાપુરાણો નહિ વાંચું. લોકોને તેમાંના સાચા ધર્મનો અર્થ સમજાવનારો—પોતે સાચા ધર્મનું આચરણ કરી બતાવનારો—'

"હું શું બોલું છું તેનો તે વખતે મને પૂરેપૂરો ખ્યાલ નહોતો. સાચા ધર્મનું આચરણ કરવામાં માણસમાં અસાધારણ બળ હોવું જોઈએ છે. એવું બળ, એવી શક્તિ બુદ્ધ પાસે હતી, જ્ઞાનેશ્વર પાસે હતી, સમર્થ રામદાસ સ્વામી પાસે હતી—

"મારામાં પણ એવી શક્તિ, એવું બળ જો હોત—

"તો તે દહાડે જોયેલું પેલું સુંવાળું સુંવાળું ગંગાવન મેં મનોરમા માટે જરૂર ખરીદ્યું હોત!

"માણસ પોતાનું દિલ ખુલ્લું કરી દાખવી શકતો હોત તો—તો આ પહેલાં કહું કે પેલું પહેલાં કહું એવી ગડભાંજ તેના મનમાં કદી થાત જ નહિ!

"એ સુંવાળા વાળની વેણીનો હાથને સ્પર્શ થતાં જ મને એક બાળકીનું સ્મરણ થઈ આવ્યું એ તું ક્યાંથી સમજી શકે?

"પંદર-સોળ વરસ પહેલાંની વાત છે. ગણેશચોથના એ દિવસો હતા. બાજુના ગામડામાં એક સત્યનારાયણની કથા આટોપી લઈ હું એકલો ઘેર પાછો ફરતો હતો. આકાશ વાદળાંથી ઘેરાઈ ગયું હતું. હાથ માંડેના ફાનસના અજવાળે જે ચારછ ડગલાં સુધી નજર પહોંચતી હતી એટલું જ; બાકીની દુનિયા ઘોર અંધકારમય લાગતી હતી. ત્યાં તો એકાએક જોરદાર ઝાપટાની શરૂઆત થઈ. ફાનસ, છત્રી, સામાનનું પોટકું—આ બધા સરંજામ સાથે મુશળધાર વરસાદમાંથી હું સહીસલામત ઘેર પહોંચું એ જ મુશ્કેલ હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાજુના જ એક પીંપળાના ઝાડ તળે મેં આશરો લીધો.

"ઝાપટું હજુ તો પૂરું પડી રહ્યું નહોતું ત્યાં જ મને બાજુમાંથી કશો અવાજ સંભળાયો. પીંપળાનું ઝાડ ઘણું જૂનું હતું અને એના થડમાં પોલાણ પણ ઘણાં હતાં. મને પહેલો વિચાર એ આવ્યો – અંદરથી કોઈ લાંબો નાગ નીકળી પડશે —

"ફાનસની વાટ વધારી બીતાં બીતાં જે દિશામાંથી અવાજ સંભળાતો હતો તે તરફ મેં નજર ફેરવી.

"સહેજ દૂર એક પાંચછ વરસની નાની બાળકી બેભાન દશામાં પડી પડી કણસતી હતી. કેડથી ઉપરનું એનું આખું શરીર ઉઘાડું હતું. નીચે એક નાનો ફાટલો ટુકડો જેમ તેમ કરી વીંટ્યો હતો; પણ એ ટુકડો ય વરસાદથી ભીંજાઈને તરબોળ બની ગયો હતો.

હાથમાંડેનો સામાન નીચે મૂકી મેં એ બાળકીને ઊંચકી લીધી. પેલો ભીનો ટુકડો કેડેથી કાઢી નાખી દૂર ફેંકી દીધો. એને તાવ નથી આવ્યો એની ખાતરી થતાં મારા મનમાં જરા નિરાંત વળી. ખભે રાખેલા કાળિયા વડે મેં એ બાળકીનું આખું શરીર લૂછી નાખ્યું. શરીર લૂછતાં લૂછતાં છેલ્લી વખતે મારું ધ્યાન એના માથાના વાળ તરફ ખેંચાયું. વાળ પણ સાવ ભીંજાઈને નીતરી રહ્યા હતા. એ વાળ લૂછવા જતાં જ —

"એ અસાધારણ સુંવાળા સ્પર્શનું સ્મરણ મારા હાથને હજુ ય જેવું ને તેવું જ રહ્યું છે. મને લાગ્યું, મારા હાથમાં વાળ નથી પણ રેશમની લડીઓ જ છે!

"પીંપળાવાળે સ્થળેથી મારું ઘર માઈલ દોઢ માઈલને અંતરે હતું. પેલી બાળકી અને સાથેનો સઘળો સામાન બંને ઊંચકીને વરસાદમાં એટલે સુધી ચાલતા જવું મારા માટે અશક્ય હતું. સત્યનારાયણમાં મળેલી ચીજો મેં કૃષ્ણાર્પણ કરી ત્યાં જ રહેવા દીધી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને બાળકીને ખભે ઉપાડી મેં ઘરનો રસ્તો લીધો. સત્યનારાયણની પૂજા કરાવવી એ મારો પેટ માટેનો ધર્મ હતો; એ અનાથ બાળકીને બચાવવી એ મારો હૃદયનો—મારા પરમાત્માનો ધર્મ હતો.

"બાળકી બેભાન હતી તેથી ખભે રાખ્યા છતાં વારેવારે તેનું માથું લબડી પડતું હતું. વરસાદ બંધ થઈ ગયો હતો એટલે છત્રી બંધ કરી સંકેલી મેં એક બગલમાં રાખી લીધી; ને ખાલી થયેલા હાથ વડે એ બાળકીનું માથું મેં પકડી રાખ્યું. માથું ઝાલી રાખતી વેળા એના સુંવાળા વાળનો સ્પર્શ મારા હાથે વારે વારે થયા કરતો હતો. મને તે વેળા વિચાર આવતો હતોઃ ભગવાનની કરણી પણ કેવી અકળ છે! આવી અનાથ બાળકીના વાળ કોણ સાફ રાખવાનું છે? એથી જ એને ભગવાને આવા સુંવાળા સુંવાળા વાળ આપ્યા છે. આવા સુંવાળા વાળની તો કોઈ રાજકન્યાને પણ અદેખાઈ થાય!

"જીવનનાં બહુ થોડાં સંસ્મરણો અમર રહે છે. કથાપુરાણો સંભળાવવાનો મારો તો રોજનો ધંધો છે. પણ મને એ કથામાંનો માત્ર એક જ દિવસ સદૈવ યાદ રહે છે—મહાત્મા ગાંધી દાંડીકૂચ માટે નીકળ્યા હતા તે દિવસ! હું તે દિવસે ગોકુળમાંથી કંસનો વધ કરવા શ્રીકૃષ્ણે મથુરા તરફ પ્રયાણ કર્યું તે કથાપ્રસંગ શ્રોતાઓને સંભળાવતો હતો—

"એ વાત જ છોડી દઈએ.

"બાળકીને ઉપાડી હું ઘેર પહોંચ્યો. બાળકી રંગે શામળી છતાં એના મોં પર હોશિયારી અને તરવરાટ હતાં. અમે બંને ધણી-ધણિયાણીએ મળી એ બાળકીને એક કામળામાં ઢબૂરી; એને થોડુંક ઊનું ઊનું દૂધ પણ પાયું. બે ત્રણ કલાકે એ બાળકીને ભાન આવ્યું.

"ભાનમાં આવતાં જ 'બા! બા!' કહી એ મારી પત્નીને ગળે બાઝી પડી!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"અમે બંનેએ એને દીકરી કરી અમારે ત્યાં જ રાખી લેવાનો મનસૂબો કર્યો.

"પણ—

"બીજે દિવસે સવારે ગામમાં મારે સહેજે પોલીસપટેલનો મેળાપ થયો. પેલા જૂના પીંપળાથી થોડે દૂર એક હરિજનબાઈનું મડદું પડયું હોવાના એણે મને ખબર આપ્યા.

"મડદા અંગે પોલીસતપાસ ચાલી. અમારા ગામથી ચાર-પાંચ માઈલ દૂરના એક બીજા ગામડામાં એ હરિજનબાઈ રહેતી હતી. બાઈને અને એ બાળકીને ધણીએ બે દિવસ સુધી ભૂખ્યાં રાખ્યાં હતાં. આખરે શરીરમાં સખત તાવ ભર્યો હતો અને બહાર ધોધમાર વરસાદ પડતો હતો છતાં એ જ સાંજના બાઈ સાત આઠ ગાઉ દૂર રહેતા પોતાના ભાઈને ત્યાં જવા નીકળી પડી. પછી શું થયું—

"એ તું સહેજે કલ્પી શકીશ.

"ઘેર આણેલી એ હરિજન બાળકી ભારે હોશિયાર હતી, પરાણે પરાણે વહાલી લાગે એવી હતી. પણ ગોરપદાનો ધંધો કરનાર માણસ એ છોકરીને જો ઘરમાં રાખે તો—

"તો અમારે ત્રણે માટેની તાવડી પોરો લઈ જાય!

"એ જ દહાડો એ બાળકીનો બાપ એને પાછી લઈ જવા માટે આવ્યો. એ બાપ નહોતો, કસાઈ જ હતો!

"એ નિષ્પાપ બાળકીની ઇચ્છા ધણી એ અમારે ત્યાં જ રહેવાની હતી. પણ—

"બાપે દીકરીને મારા ફળિયામાંથી જ ધક્કા મારવાની શરૂઆત કરી દીધી; પણ મારી નજર સામે જ ચાલી રહેલા એ અત્યાચારને હું રોકી ન શક્યો. વિનાયક! મારો ધર્મ આંધળો નહોતો,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ એ પાંગળો તો નીવડ્યો જ હતો!

"પેલા સુંવાળા વાળવાળું ગંગાવન હું મનોરમા માટે જરૂર ખરીદત; પણ પછી હેતભર્યો હાથ મનીને માથે ફેરવતાં હરેક વખતે મને પેલી વહાલસોઈ બાળકી જ યાદ આવ્યા કરત, અને મારા પાંગળાપણાનું મને આમ વારે વારે સ્મરણ થઈ આવતાં એ દુઃખ હું સહી ન શકત!

"વિનાયક! દુનિયામાં આંધળા કરતાં પાંગળાનું દુઃખ જ વધારે આકરું હોય છે. આંધળાને ચાંદનીનું દર્શન થતું નથી, ઊંચા ડુંગરાઓ પણ તેને દેખાતા નથી. પાંગળો માનવી આ સઘળાં સુંદર દૃશ્યો નજર સામે દેખી શકે છે, ત્યાં જવાનું એને મન પણ થાય છે, પરંતુ—

તારો
ગંગાધર."

पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કલાકાર

'એ કોલ્હાપુર, ઇંટર!' બારી પાસે વાંકા વળી પાંચ રૂપિયાની નોટ અંદર સરકાવતાં મેં ઉતાવળે ઉતાવળે કહ્યું.

'ઇંટર નહિ, સેકંડ, વકીલ સાહેબ! હજુ જૂના જમાનાની જ વાત કાં કરો?' ટિકિટ માસ્તરે હાથ લંબાવી ટ્રયૂબમાંથી બે ટિકિટો કાઢતાં કાઢતાં ઉદ્ગાર કાઢ્યા.

અને ઘણી વાર મસ્કરીમાં બોલાતું હોય તેમાં પણ સત્ય સમાયું હોય છે. અત્યારે પણ એવું જ બન્યું. મારું મન અત્યારે ખરેખર ભૂતકાળમાં જ ભ્રમણ કરી રહ્યું હતું.

વાત એમ હતી કે અત્યારે હું કોલ્હાપુર જતો હતો તે તો શ્રીમતીનાં એક માશી માંદાં હતાં તેના ખબર કાઢવા! શ્રીમતી કેટલાય દિવસથી મારી પાછળ લાગ્યાં હતાં કે 'એક વાર માશીના ખબર તમે કાઢી જ આવો!' અને ઘણી વાર સરકારી હુકમનો ભંગ કરવો સહેલો છે, લેણદાર શેઠનું દેવું પણ દેવાળું કાઢી ઉડાવી દઈ શકાય છે, પણ ઘરનાં રાણીસરકારનો હુકમ—છાતી નથી કોઈ પતિદેવની કે એને ઉથાપી શકે અગર તેની સામે નન્નો સુણાવી શકે! પત્નીનો બોલ એટલે પોલીસનું પકડવારંટ! એમાં કોઈ બહાનાં ન જ ચાલે. હું પણ એમાં અપવાદ થઈ શકું તેમ નહોતો.

પણ સ્ટેશને પહોંચવા માટે તૈયાર થઈ હું ઘોડાગાડીમાં બેઠો ત્યાં તો જિંદગીમાં માંડ બેત્રણ વખત જોયેલી શ્રીમતીની એ માશીની માંદગીની વાત જ હું છેક વીસરી ગયો; મારું મન બીજી જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાતના વિચારે ચડયું. આ વેળા કોલ્હાપુર જઉં છું તો શ્રીને મળ્યા વિના ચાલશે જ નહિ. છેલ્લા છ મહિનાથી પ્લાસ્ટરમાં સુવારી રાખેલી તેની પત્ની, એનું ગંધિયાણાનું હાટ, એક વેળા પ્રેક્ષકોની તાળીઓના ગડગડાટ વચ્ચે રંગભૂમિ પર પ્રવેશ કરનારી પણ આજે રસ્તે કોઈ અજાણ્યા નવા મુસાફર તરીકે ચાલી જતી શ્રીની મૂર્તિ: આ બધું હવે નજરોનજર જોવું જ પડશે. આજ સુધી આ બધી વિગતો મને શ્રીના પત્રોમાં જ વાંચવા મળતી હતી, પણ એ બધું નજરોનજર નિહાળવું—ગ્રહણમાં ઘેરાયલા ચંદ્રસૂર્યના બિંબને જોવું ન જોઈએ એવા પ્રણાલિએ ઘડેલા વણલખ્યા કાયદામાં કેટલું ઊંડું સત્ય રહેલું છે, એનો મને અત્યારે ખ્યાલ આવ્યો.

સ્ટેશને પહોંચતાં સુધી આવી જ જાતના વિચારોમાં મારું ચિત્ત રોકાયેલ હોઈ મારા મગજમાંથી વર્તમાન સાવ સરી ગયેલ હતો. એ જ કારણે ટિકિટો માગતી વેળા મારા મોંમાંથી જૂના ઘોરણે જ શબ્દો આપોઆપ નીકળી પડેલા : 'એ ટિકિટ કોલ્હાપુર, ઈંટર!'

ટ્રેન ચાલુ થયા પછી પણ મારું મન એ જ વિચારોમાં રોકાયલું કહ્યું. એ જૂનાં સ્મરણોના ચક્રાવામાં પેસવાનો માર્ગ હું જાણતો હતો, પણ અભિમન્યુની પેઠે એમાંથી બહાર નીકળવાનો રસ્તો કેમે કરી મને જડતો નહોતો!

વારે વારે મને એ જ વિચારો આવ્યા કરતા હતા કે વિધિને પણ કોઈ માણસની જિંદગી આખી એની પાછળ જ પડયા કરવામાં શો આનંદ આવતો હશે? કેટલાએક માણસોનો એવો સ્વભાવ જ હોય છે કે તેને બીજાને હેરાન કર્યા વિના ચેન પડે જ નહિ! જાણે અન્યનાં દુઃખોમાંથી જ એમને સુખો ન મળતાં હોય! વિધિ પણ આવું વિકૃત માનસ જ ધરાવતો હશે શું? જો એમ ન હોત તો—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બિચારો શ્રી! નાનપણમાં માબાપનું સુખ ન પામ્યો. બાપ તામસી અને ચીડિયો, જ્યારે બા કુભારજ જેવી! કેવળ પંદરમે વરસે એને ઘર છોડી દેવાનો વારો આવ્યો. કોઈ રખડુ છોકરો રસ્તે જતાં આંબેથી પથરો મારી કેરી નીચે પાડી દે એવી એની દશા થઈ. આગળ જતાં ભારે પરિશ્રમને અંતે તે રંગભૂમિ પર ઝળક્યો. પણ એ ચડતા દિવસોની મોજ થોડો વખત ભોગવી ન ભોગવી ત્યાં તો નાટકના ધંધાની પડતીના દિવસો આવ્યા. મહામહેનતે ઝાડની કોઈ ઊંચી ઊંચી ડાળીએ પહોંચ્યા હોઈએ ત્યાં તો વાવાઝોડું ઊપડે અને એ જ ડાળી તૂટી પડે, એના જેવી જ દશા શ્રીની થઈ પડી. થોડા દહાડા વળી એચાર સિનેમા કંપનીમાં એને નોકરી મળી; પણ એક મિજાજી દિગ્દર્શકે તેનું અપમાન કર્યું: 'ગણપતરાવ જોશી માંદા હતા ત્યારે તેમના વતી હેમ્લેટનો પાઠ ભજવીને તેની પાસેથી શાબાશી મેળવ્યાનું તમે જે કહો છો, તે મને તો ખાલી ધાપ જ લાગે છે! હેમ્લેટમાં કબર ખોદવા માટે એચાર મજૂરોની જરૂર પડે છે ખરી; તમે એમાંના કોઈ મજૂરનું કામ કર્યું હોય તો ના નહિ; જરા સંભારી જુઓ તો?' આવા અપમાન પછી એણે સિનેમા કંપનીનું નામ લેવું જ છોડી દીધું! અને પછી હેમ્લેટમાં 'જીવવું કે મૃત્યુને ભેટવું'વાળું સ્વગત ભાષણ કરીને આખી રંગભૂમિને છક્ક કરી દેનારો આ કલાકાર કોલ્હાપુરમાં એક નાની હાટડીમાં ગંધિયાણું વેચવાનો ધંધો માંડી બેઠો! પણ દુષ્ટ ભાવિને આટલેથી સંતોષ વળ્યો નહોતો. કેવળ નિશાનબાજીથી શિકારીનો શોખ કાંઈ સંતોખાતો નથી; એને હરણનું કૂણું કૂણું માંસ અને એનું સુંવાળું સુંવાળું ચામડું પણ મેળવવાની ઇચ્છા હોય જ છે! શ્રીની પાછળ આદું ખાઈને મંડેલા ભાવિએ પણ જાણે એવો જ માર્ગ સ્વીકાર્યો હતો. આગળ જતાં એણે પોતાનો પંજો શ્રીની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પત્ની સુધી પણ લંબાવ્યો, ને એના પર પણ મહેર નજર કરી!

પ્લાસ્ટરમાં રાખેલી તેની પત્ની, ગંધિયાણાની એ નાનકડી હાટડી, બહુ મોટાં ય ન ગણાય તેમ છેક નાનાં પણ ન કહેવાય એવાં ચાર બાળકો: આ બધાનું આજની સુતમ મોંઘવારીમાં ભરણપોષણ કરવું–મને તો એમ જ થઈ ગયું કે આ બધું જો આમ લાંબું ચાલ્યા કરશે તો જરૂર શ્રી ગાંડો થઈ જશે! વિવિધ ભાવો સૂક્ષ્મતાથી દર્શાવી શકતી તેની આંખો–હેમ્લેટ, સુધાકર, મેકબેથ, રામશાસ્ત્રી, લીઅર: સહુના પ્રક્ષુબ્ધ ભાવો કેવળ એક દૃષ્ટિક્ષેપથી પણ પ્રેક્ષકોને હાડોહાડ ઊતરી જાય તેમ દાખવી શકવાની એની આવડત –હજારો ભાલાંઓની અણીઓનો એક સામટો હલ્લો આણનાર કાળચક્રના ક્રૂર સપાટામાંથી આ સઘળું બચી જઈ શકશે ખરું? શક્ય નથી. કલાકારનું હૃદય સ્વભાવે જ અતિ મૃદુ હોય છે. એની લાગણીઓ જાઈજુઈ અગર પારિજાતકનાં ફૂલો જેવી કોમળ હોય છે. એ ફૂલો હથેળીમાં પણ લાંબો વખત રહે ત્યાં તો કરમાઈ જાય! એને બદલે ભાવિએ તો આ નાજુક પુષ્પોને ભડભડ બળતા યજ્ઞકુંડની નજીક આણી દીધાં છે; એ યજ્ઞકુંડમાં રોજ નવીનવી આહુતિઓ હોમાતી જ જાય છે, ને જ્વાળાઓ વધારે ને વધારે ભભૂકે છે. એવે સ્થળે એ ફૂલોની સુવાસ અને એમની સુકુમારતા શી રીતે સચવાઈ રહે?

આગળ હું વિચાર કરી ન શક્યો–મારે માટે એ અસહ્ય બન્યું. શ્રીની એ ચિરપરિચિત દૃષ્ટિને સ્થળે એક ગાંડાની શૂન્ય –અર્થહીન નજર મારી સામે જાણે તાકી રહી છે એવો મને ભાસ થયો. મહામહેનતે મેં શ્રીને ભૂલી જવાનો પ્રયત્ન કરવા માંડ્યો.

ડબ્બાની બારી બહાર મેં નજર દોડાવી. રમતાં રમતાં ચોપાસ વેરી દીધેલાં રમકડાંની વચ્ચે જ કોઈ બાળક જાણે સૂઈ ગયું હોય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવો આસપાસની કુદરતનો દેખાવ હતો. હળવે હાથે રજની એના પર અંધકાર રૂપી ચાદર ઓઢાડી રહી હતી. એ ચાદર ઉપર છાપેલાં એ અગણિત ફૂલોને – આકાશમાં ધીમેધીમે ચમકી રહેલા તારાગણોને હું નીરખી રહ્યો.

પણ ત્યાં તો તુરત મને શ્રીનું સ્મરણ વધારે તીવ્રતાથી થઈ આવ્યું....

[૨]

પાંત્રીશ વરસ પહેલાંની એ વિચિત્ર રાત! રાત્રે અમે બંને જણા નદીના ઘાટ ઉપર ઉદાસદિલ બની સ્તબ્ધ બેસી રહ્યા હતા ત્યારે પણ આ તારામંડળ આમ જ ચળકારા મારી રહ્યું હતું, નાચી રહ્યું હતું. તે રાત્રે શ્રીને તેના પિતાએ ઘરમાંથી હાંકી કાઢ્યો હતો. તેને તેમણે સ્પષ્ટ સંભળાવી દીધું હતું: 'જા, તારું કાળું કર! હવે ફરી હું તારું મોં પણ જોવાનો નથી." રાત્રે બે અઢીને સુમારે તે મારે ઘેર આવ્યો. હું ઓશરીમાં જ રોજ સૂઉં છું તે શ્રી જાણતો હતો. તેણે બારણે ધીમેથી ટક્ ટક્ એવો અવાજ કર્યો. મેં ખડકી ઉઘાડી. તુરત તેણે નાકે આંગળી મૂકી મને છાના રહેવાનો ઇશારો કર્યો. બહાર આવી મેં ખડકીને સાંકળ વાંસી ને મૂંગો મૂંગો હું તેની પાછળ ચાલ્યો. પાંચ મિનિટમાં અમે ઘાટ ઉપર જઈ પહોંચ્યા. ત્યાં બેસીને શ્રી મૂંગો મૂંગો આંસુ ઢાળી રહ્યો. શી બિના બની છે તે હું પહેલાં તો સમજી જ ન શક્યો; તે પછી થોડી વારે તેણે મને પોતાનો જમણો ગાલ બતાવ્યો. ચાંદનીના આછા પ્રકાશમાં પણ તે જરા સૂજેલો દેખાતો હતો. વધારે ધારીને જોતાં ગાલ ઉપર પાંચે આંગળાં ઊઠેલાં હું જોઈ શક્યો.

તે દહાડો ગામમાં શાહુનગરવાસી નાટકકંપનીનો છેલ્લો ખેલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતો. શ્રીએ પિતાજીને કહ્યા વિના જ તેમના ખિસ્સામાંથી બે આના ઉઠાવ્યા, અને રાત્રે ઘરમાં સહુ ઊંઘી ગયા પછી છાનોમાનો નાટક જોવા પહોંચ્યો. મધરાતે તેની નાની બહેન સ્વપ્નામાં બી જઈને ચીસ પાડી ઊઠી હશે; એને રોજની એવી ટેવ પણ હતી. અરધી રાત્રે ઊંઘમાં ખલેલ પહોંચવાથી બા તો દીકરીને મનમાં આવે તેવી ગાળો ભાંડતી, પણ પથારીમાંથી ઊભી થઈ તેને છાની ન રાખતી; એ ફરજ શ્રીના પિતાને બજાવવી પડતી. તે દહાડો પણ એમ જ થયું. નાની બહેનને છાની રાખવા પિતાજી એની નજીક જઈને બેઠા, અને તે રોતી રોતી ઊંઘી ગયા પછી તેની બાજુની શ્રીની પથારી ખાલી દેખી. અત્યારે શ્રી ક્યાં ગયો હશે તેની તેમને નવાઈ લાગી. તેઓ શ્રીની વાટ જોતા જાગતા રહ્યા, અને શ્રી નાટક જોઈને ઘેર પાછો પહોંચ્યો ત્યારે—

શ્રી અને હું બંને સરખી જ ઉંમરના હતા; તે વેળા અમે પાંચમીમાં સાથે ભણતા. શ્રીએ પિતાજીના ખિસ્સામાંથી બે આના ચોરવા જોઈતા નહોતા, તેમ જ તેમને પૂછ્યા વિના તેણે નાટક જોવા પણ જવું નહોતું જોઈતું, એ હું બરાબર સમજી શકતો હતો. શ્રીને આ બધું તે રાત્રે સમજાવવાની મારી ફરજ પણ હતી. પણ સાગરમાં ઊછળતાં મોટાં મોટાં મોજાંઓ જેમ કિનારે આવતાં જ ભાંગીને પાછાં વળી જાય છે, તેવી સ્થિતિ તે વેળા મારા વિચારોની થઈ હતી. શબ્દરૂપ ધરીને વિચારો મારા હોઠ સુધી આવી પહોંચતા, અને હમણાં હું બોલી જઈશ એમ પણ થઈ જતું; પણ ત્યાં તો એ શબ્દો ગોટવાઈ જતા અને બીજી પળે પાછા મનમાં ને મનમાં સમાઈ જતા.

આમ બનવાનું ખાસ કારણ પણ હતું.

શ્રીના પિતાની બદલી અમારે ગામ થયાં બે વરસ થઈ ગયાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતાં. તેઓ મામલતદાર કચેરીમાં કે કોઈક બીજા સરકારી ખાતામાં કારકુન હતા. આ બે વરસ દરમિયાન મારી અને શ્રીની વચ્ચે પાકી દોસ્તી જામી ગઈ હતી. દોસ્તી જામવાનું કારણ પણ ગમ્મતભર્યું હતું. હજુ મૂછો ય ન ફૂટેલા અમે બંને જણાને નાટકનો ભારે શોખ હતો! એટલું ખરું કે નાટકના બંને જણાના શોખના પ્રકાર જુદા જુદા હતા. બાપુજીને નામે પુસ્તકાલયમાંથી નાટકની ચોપડીઓ લાવીને અનેક વાર વાંચી જવાનો મને શોખ હતો; તે વેળા તો ભવિષ્યમાં મોટો નાટચલેખક બનવાનાં મેં સ્વપ્નાં ય સેવેલાં! પણ શ્રીને મારી પેઠે નાટકની ભાષા અગર તો શબ્દમાધુર્યનો કે શબ્દક્લેષનો શોખ નહોતો. પણ શાળામાંની છુટ્ટીના વખતમાં મોટા મોટા જાણીતા નટોના અભિનયો કરી બતાવવાની એને ભારે હોંશ હતી. એમાં એ કેટલો સફળ નીવડતો એ તો દૈવ જાણે. પણ જ્યારે એ માસ્તરોનાં અનુકરણો કરી બતાવતો ત્યારે નવે રસો એક સામટા તેની સેવામાં હાજર થતા. એમાં પણ કસરતશિક્ષકનું એ અનુકરણ કરતો ત્યારે તો વીરરસમાં જાણે અમે નાહી રહ્યા હોઈએ એમ અમને લાગતું. એક આંખ અરધી મીચીને બીડી સતત મોંમાં હોવાને કારણે એક હોઠ મરડાયેલ રાખી જ્યારે તે ગણિતશિક્ષકના ચાળા પાડી બતાવતો ત્યારે તો વિદ્યાર્થીઓમાં હાસ્યરસની છોળો ઊડતી. સહેજ શરમાતા શરમાતા બોલતા અંગ્રેજીના શિક્ષકને તો તે અમે કુમારપ્રેક્ષકોની સામે જાણે સાક્ષાત્ ખડા જ કરી દેતો!

પરંતુ એની આ આવડતની કદર કરનારું એના ઘરમાં કોઈ નહોતું. એની બા તો વા સાથે વઢવા નીકળે એવી હતી, એટલે શ્રી તો એની પાસે ય ઢૂંકતો નહિ. પિતાજી પણ કચકચિયા સ્વભાવના જ હતા. ચોથીમાં જ્યારે એ નાપાસ થયો ત્યારે દુઃખ ભૂલવા એ મારે ત્યાંથી એક નાટકની ચોપડી વાંચવા લઈ ગયો, અને તેમાંના પાઠ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોઢે કરવા માંડ્યા. ઘણું કરીને એ નાટક હેમ્લેટનું જ હશે! આ એની નવી ભાંજગડના ખબર એના પિતાજીને પહોંચી ગયા, અને તે પછી આઠ પંદર દિવસ સુધી એને એમણે એવો તો અડાવેલો!

આ વાત મને કરતી વેળા શ્રી ખૂબ ખૂબ ચિડાઈને બોલતો હતો. પણ પછી વળી એક વરસ કેડે એના પિતાજીએ જ્યારે ધડો-ધડ અડબોથો ચોડી દીધી અને ઘરમાંથી બહાર કાઢી મૂક્યો ત્યારે તો ઘાટ ઉપર તેણે મને જે શબ્દો કહેલા—એ શબ્દોમાં માત્ર ગુસ્સો કે ક્રોધ નહોતો પણ ઝેર અને તિરસ્કાર ભર્યાં હતાં! પિતાજી પોતાના પૂર્વજન્મના કોઈ દુશ્મન જ હોવા જોઈએ એ જાતનો અગ્નિ જાણે એને શબ્દેશબ્દે ઝરતો હતો. 'આ તે કાંઈ બાપ કહેવાય? કસાઈ છે, કસાઈ!' અને પછી ગાંડા જેમ ડોળા કાઢી કર્કશ અવાજે બોલી ઊઠ્યો: 'બાળકો તો એને મન કસાઈખાનાનાં કેવળ ઘેટાં-બકરાં જ છે. નહિ, એ કસાઈ પાસે હું મૂંગો મૂંગો મૂંડી નહિ જ ધરું! રખડીશ, ભૂખે મરીશ, પણ—આકાશના આ તારાઓની સાક્ષીએ, નદીના આ જળની સાક્ષીએ હું સોગંદપૂર્વક કહું છું કે એ બાપનું મોં હું હવે ફરી જોવાનો જ નથી!'

એટલામાં એંજિનની કર્કશ સીટી સંભળાઈ. સ્ટેશનનો સિગ્નલ નહિ અપાયો હોય તેથી ગાડીને ખોટી થઈ રહેવું પડ્યું હશે. પણ એ અકસ્માત વાગેલી અતિ કર્કશ સીટીના કારણે ઝાડ પર જંપી ગયેલાં પંખીઓ પણ ફફડી ઊઠ્યાં; તેમનો એ આછો ફફડાટ મારે કાને ચોખ્ખો સંભળાયો.

પણ તુરત જ મારું ધ્યાન શ્રી તરફ દોરાયું. મેં જોયું કે પેલાં પક્ષીઓની પેઠે જ શ્રી પણ આજે પોતાના ઘરમાંથી પાંખો ફફ-ડાવીને ઊડી જાય છે!

તે પછીનાં ત્રણચાર વર્ષો શ્રીએ ભારે મુશ્કેલીમાં પસાર કર્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ પછી તે ગણપતરાવ જોશીની ઝપટે ચડી ગયો. એમની કંપનીમાં એણે બરાબર એના જેવું જ કામ કરવા માંડ્યું. પૂનામાં એક વાર ગણપતરાવ એકાએક માંદા પડ્યા. પરિણામે હેમ્લેટનું નાટક તે દહાડે બંધ રાખવું પડશે એવો ભય ઊભો થયો. પણ શ્રીએ તે દિવસે 'હેમ્લેટ'નો પાઠ ભજવીને રંગભૂમિ ગજવી મૂકી, અને ગણપતરાવ તરફથી ધન્યવાદ પણ મેળવ્યા! હું તે વેળા પૂનામાં કૉલેજમાં ભણતો હતો. સદ્‌ભાગ્યે શ્રીની એ કર્તૃત્વશક્તિનું દર્શન કરવા હું પણ નાટક જોવામાં હાજર હતો. નાટક પૂરું થયા પછી શ્રીને મળ્યા વિના જ પાછા ચાલ્યા જવાનું મને ઠીક ન લાગ્યું. મેં એને અભિનંદન આપ્યાં ત્યારે તેણે કહ્યું: 'ભાઈ! એક સાદા પ્રેમાળ સ્પર્શમાં પણ કેવું જાદુ રહેલું છે! 'જીવવું કે મૃત્યુને ભેટવું' વાળો પ્રવેશ પૂરો કર્યા પછી જ્યારે હું વિંગમાં ગયો ત્યારે ગણપતરાવે મારો વાંસો થાબડી મને શાબાશી આપી! એ એક જ સ્પર્શથી જાણે મારામાં નવું જોર આવ્યું; મને પાંખો ફૂટી! પિતાજીએ ગાલ ઉપર લગાવેલી પેલી થપ્પડ અને આજે ગણપતરાવે વાંસો થાબડી આપેલી શાબાશી, એ બે વચ્ચે કેટલો તફાવત છે? પણ એ જૂની વાત જ હવે નકામી છે. પિતાજી પણ આજે તો મૃત્યુલોકમાંથી પરવારી ગયા છે. પણ મને હિંમત છે કે હું મોટો નટ બનીશ – મોટો કલાકાર બનીશ."

શ્રીનું સ્વપ્નું હતું ખરું, પણ એ કેવળ શેખચલ્લીનું એ સ્વપ્નું નહોતું. ગણપતરાવના મૃત્યુ પછી રંગભૂમિમાં લોકોની નજર એના પર જ ઠરી હતી.

પાસ થઈને મેં વકીલાતનો ધંધો શરૂ કર્યો. તે પછી થોડે વરસે એની કંપની અમારે ગામ આવી ચડી. ભારે ઠાઠમાઠથી એના ખેલો ભજવાતા હતા. લોકો શ્રીના કામ પર ફિદાફિદા હતા. બપોરે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોર્ટમાં ઝોકાં ખાવાનાં હોવાથી હું તેનાં નાટકો જોવા રોજ જતો. એક વાર ખેલ પૂરો થયા પછી મોં પરના રંગ ધોઈને જમતાં જમતાં મને કહે: 'બહાર ચાંદની કેવી દૂધ જેવી રેલી છે! ચાલ, ફરવા નીકળવું છે?'

હું ના પાડી શકું તેમ નહોતું.

અંગ્રેજી નિશાળમાં સાથે ભણતા તેની અનેક વાતો સંભારતા અમે લગભગ બે કલાક સુધી ગામ આખામાં રખડ્યા કર્યું. આખરે એણે ઘાટ પર જઈને ત્યાં નિરાંતે બેસવાનું સૂચવ્યું. ઘાટ ઉપર જવા માટેનો ટૂંકો રસ્તો જે ઘરમાં એના પિતાના વખતમાં તેઓ રહેતા હતા ત્યાંથી જતો હતો; પણ એણે એ રસ્તો છોડીને બીજો લાંબો રસ્તો લીધો. મેં તેને વારે વારે જ્યારે એમ કરવાનું કારણ પૂછવા માંડ્યું ત્યારે કહે: 'તને ખરી વાત કહું? પિતાજી ઉપર વેર લેવાની ઇચ્છા મારા મનમાં વર્ષોથી ઘોળાયા કરે છે. 'ઢોર' 'પથ્થર' 'છાકટો' 'નાટકિયો' વગેરે અપશબ્દો સાંભળતાં સાંભળતાં અને ઘોલ ખાધેલો ગાલ ચચવાળતાં જે ઘરમાંથી મારે નીકળી જવું પડ્યું હતું, તે ઘરની પડખેથી પણ જો કદી નીકળવાનો વારો આવે તો એના માલેક તરીકે જ નીકળવું એવો મેં દૃઢ નિશ્ચય કર્યો છે. મારો વિચાર એ ઘર ખરીદ કરીને પછી એમાં જ રહેવાનો છે! મારી નાની શાલિનીને હું એ ઘરમાં રહીને ભણાવવાનો છું. શાલિનીને તો હું ફૂલની જેમ સાચવીને મોટી કરવા ધારું છું. ને એમ કરતાં એ ઘરમાં પિતાજીનું ભૂત જો કદી દેખાશે તો તેને મારી શાલિની બતાવીને કહેવાનો છું —'

એના એ છેલ્લા ઉદ્‌ગારો સાંભળતાં મેં રોમાંચ અનુભવ્યો! મનમાં એવો વિચાર પણ પસાર થયો કે શું વિકૃત મનનાં માનવીઓ જ કલાકાર થતા હશે? અગર શું હેમ્લેટ અને મેકબેથ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બંને નાટકોમાં ભૂતોનો પરિચય કાયમનો થયા કરતો હશે એટલે શ્રીને આ ભૂતનો વિચાર સૂઝ્યો હશે? મેં મારા મનને આવા ખુલાસા આપી ચુપ રાખ્યું ને હું તેની સાથે આગળ વધ્યો.

ઘાટે પહોંચી અમે બંને જણા પાણીમાં પગ લટકતા રાખીને પગથિયે બેઠા. નદીના એ શાંત, ધીમા, સતત વહેતા પ્રવાહપટ પર તારાઓનું એ પ્રતિબિંબ કેવું સુંદર દેખાતું હતું! સ્વર્ગની અપ્સરાઓએ અંતરાલમાંથી અદૃશ્ય રહીને નદીના પટ પર પોતાને હાથે જાણે અસંખ્ય દીવા તરતા ન મૂક્યા હોય! તારાગણોના પ્રતિબિંબોના એ મોહક દેખાવથી ખુશ થઈ શ્રીએ કહ્યું: 'કેવો સુંદર દેખાવ છે! જાણે તળાવમાં હજારો કમળો ખીલ્યાં ન હોય? એમ થઈ જાય છે કે ઊભા થઈને પટોપટ આ ફૂલો જ ચૂંટી લઈએ!'

એનું કલાકારનું મન થનગની રહ્યું હતું તે સ્પષ્ટ જોઈ શકાતું હતું.

પણ એના એ શબ્દો સાંભળતાં સાંભળતાં મને બીજો જ વિચાર આવ્યો. ઘડી પછી હમણાં ઉષા ખીલશે, સૂર્યોદય થશે અને આકાશમાંના તારાઓ દેખાતા બંધ થશે; તે સાથે તેમનાં એ મોહક પ્રતિબિંબો પણ અદૃશ્ય થઈ જશે! કલાકારોને સાંપડતાં દિવ્ય દર્શનો પણ કેવળ ચંચલ આભાસરૂપ જ નીવડતાં હશે શું? એ તરંગો ખરેખર ક્ષણભંગુર જ હોય તો શ્રીનું શું થશે? પ્રૌઢ ઉંમરે દુઃખની વેદનાઓ દંશ દેશે તે કાળે પણ એના મનનાં આવી ઉત્કટ પ્રફુલ્લતા ટકી રહેશે ખરી? અગર શું એની દશા પણ કોઈ જરઠ બની ગયેલા વૃક્ષના સરખી જ થશે?

[૩]

કોલ્હાપુર પહોંચતાં સુધી જરઠ બની ગયેલા ઠૂંઠા સમા વૃક્ષનું ભેસૂર દૃશ્ય મારી સામે જાણે મારો ઉપાહાસ કરતું હોય એમ નાચી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહ્યું હતું.

બીજે દહાડે સવારે શ્રીના ઘરનું ઠેકાણું શોધતો શોધતો હું રસ્તે ફરતો હતો ત્યારે પણ મારું દિલ ઉદાસ બની ગયું હતું. મને વારે વારે એમ લાગ્યા કરતું હતું કે શ્રીને મળવા જવું એટલે એની અપંગ થયેલી પત્ની અને એનો કંગાળ ઘરસંસાર જોવા જવું એમ તો નહિ? નાનપણમાં જે બગીચામાં આપણે ખેલ્યાકૂદ્યા અને સુંદર સુવાસિત ફૂલોનો જ્યાં મઘમઘાટ અનુભવ્યો ત્યાં આજે બાવળબોરડીની કાંટ જામી ગઈ હોય, બાળપણમાં જે સુંદર મૂર્તિની ભક્તિભાવે પૂજા કરી હોય તે આજે ખંડિત દશામાં કોઈ ખૂણે-ખોંચરે ધૂળમાં રગદોળાતી પડી હોય – એ તરેહનું કોઈ મૂંગું હૃદય-શલ્ય મારા મનને વારેવારે ભોંકાતું હતું. શ્રીનું ગંધિયાણાનું હાટ કઈ શેરીને કયે ખૂણે છે તેની તપાસ ઘેરથી બહાર નીકળતા પહેલાં જ મેં કરી રાખી હતી; એને ઘેર જવાનો રસ્તો એ ખૂણેથી જ પસાર થતો હતો. પણ મેં એ રસ્તો છોડી દીધો. એક નાનકડી હાટડીમાં બેઠાં બેઠાં પરચુરણ ઘરાક સાચવતા – નાકે શેડાના રેલા અને મોંએ માખીઓ બણબણતા છોકરાને બે પૈસાનો ગોળ આપતા– શ્રીને મારે જોવો નહોતો! જરા ચક્કર મારી લાંબો રસ્તો લઈ હું શ્રીને ઘેર પહોંચ્યો. એક નાનકડી શેરીની અંદર એક નાનું શું બેઠા ઘાટનું એનું ઘર હતું. વચમાં જ પાંચપચીશ પથરાઓ આડા-અવળા પડી રસ્તો રોકી રહ્યા હતા; એ પથરાઓમાં વચ્ચે જ એક મડદાલ કૂતરું મોંએથી માખીઓ પકડવાની ફોગટ મહેનત કરતું ડાચિયાં કરી કરી પોતાનું અસ્તિત્વ દર્શાવી રહ્યું હતું.

બારણું બંધ હતું. હું તે ખખડાવવાનો વિચાર કરું છું ત્યાં તો અંદરથી અતિ કર્કશ અવાજ આવતો મેં સાંભળ્યો. એ અવાજ શ્રીનો જ હતો. એ રાડો પાડી કહેતો હતો: 'શું આજે તમારા સંગીત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કલાસનું સંમેલન છે? ભલે હોય! તું ત્યાં બેઠી બેઠી આરણ્યા કરે અને અહીં છોકરાં ભૂખ્યાં મારા નામે પોક મૂકયા કરે, કાં? શાલી! આવડી મોટી ઊંટિયા જેવડી થઈ પણ તને હજુ અક્કલ ન આવી! આજે રવિવાર, ઘરાકીનો ખરો દિવસ. આજે હું ઘેર રોકાઉં તો દુકાનમાં ઓલ્યો લાલો મારે માથે હાથ જ ફેરવી જાય કે બીજું કાંઈ? ચૂલામાં ગયું તારું સંમેલન! કહું છું કે પાછી વળ!'

હું સ્તબ્ધ બની સાંભળી રહ્યો. રડતાં રડતાં શાલી શ્રીને કશું કહેતી હતી. એ શું કહેતી હતી તે હું બરાબર સમજી શક્યો નહિ. પણ વચ્ચે શ્રી પાછો ઊછળી પડયો: 'એ સિનેમાનટી મોટી હોય તો એના ઘરની! અહીં આવીને એ કાંઈ ચૂલો ફૂંકવા નહિ બેસે. કહે આજે એ સંમેલનની પ્રમુખ છે; ભલે હોય; એનું મારે શું?'

'છોકરી બિચારી આજનો દિવસ ભલે જતી. ઘરનું કામ તો રોજનું થયું!' કોઈ મંદ સ્વરે બોલતું સંભળાયું. ઘણું કરીને એ શ્રીની પત્ની હશે. એ અવાજ પરથી તો એ બાઈ માંદી હશે એવો કોઈને જરા ય વહેમ આવે એવું નહોતું.

મેં આગળ વધી બારણું ખખડાવ્યું. શાલીએ દોડતાં આવી તે ઉઘાડયું. કેવડી ઊંચી થઈ ગઈ હતી! વાતે શામળી હોય તોપણ એનું મોં સુરેખ અને આકર્ષક હતું.

મને દેખતાં જ શ્રી દોડી આવ્યો. દાઢી વધી હોય ત્યારે માણસનું મોં નિસ્તેજ જણાય છે; પણ શ્રીના નિસ્તેજ ચહેરા પર પણ ઉભરાતો આનંદ સ્પષ્ટ દેખી શકાતો હતો. 'શાલી! તેં કાકાને ન ઓળખ્યા?' શ્રીના એ પ્રશ્નમાં પણ એનો હરખ જણાઈ આવ્યો.

મારા આવવાને કારણે શાલિનીને રજા મળી. ભારે ખુશાલી સાથે તે સંમેલનમાં જવા નીકળી. તે ચંપલ પહેરતી હતી ત્યાં શ્રીએ તેને કહ્યું: 'જો, આ તારા કાકા રાત્રે આપણે ત્યાં જમવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવવાના છે, એટલે સાંજે વહેલી પાછી આવજે. નાલકનું મોઢું ન કરીશ.'

માથા વડે જ હકારનો જવાબ આપી તે રવાના થઈ. શ્રીએ સગડી પર ચાનું આંધણ ચડાવવા માંડ્યું. મેં ભાભીશ્રીને શાંતિ આપવા ઇધરતિધરની વાતો કરવા માંડી. પરંતુ ગરીબાઈનું દર્શન કરાવતા એ ત્રણે ઓરડાઓમાં પથરાયેલા શ્રીના ગૃહસંસારનાં શલ્યો વારેવારે મારે હૈયે ભોંકાઈ રહ્યાં હતાં. ભોંયતળિયે ગાર ઊખડી જઈને ખળાં થયાં હતાં; કોણ જાણે કેટલા મહિના પહેલાં એમણે લીપણ દેખ્યું હશે! જમણે હાથે ભીંત પર લટકાવેલું જૂનું ઘડિયાળ ઘણું કરીને બંધ હતું; એમાં બાર વાગ્યા હતા! ભાભીશ્રીને ચા હમણાં જ પાઈ હશે, કેમકે તડવાળી રકાબી અને હેન્ડલ વિનાના કપ ઉપર માખીઓ પુષ્કળ બણબણતી હતી.

મેં શ્રીના મોં સામે જોયું. સગડી સળગાવતાં ફૂંક મારતી વખતે મોં ઉપર ઊડેલી રાખ એના ઘોળા થવા માંડેલા વાળની કુરૂપતામાં ઉમેરો કરતી હતી: જાણે કંટેવાળો કરેલી કોઈ જૂની મશવાળી તપેલી ન હોય! ચાખાંડ તૈયાર કરતાં તેણે મારા તરફ નજર ફેંકી. ચિંતાથી કાળો પડી ગયેલો એ ચહેરો નજરે પડતાં જ મને ભડથા માટે શેકેલ રીંગણાની છાલનું સ્મરણ થઈ આવ્યું. ક્યાં અગાઉની એની એ ભાવપૂર્ણ આંખો!—પ્રવાહ અટકેલી નદીમાં ભરાયેલાં ખાબોચિયાંમાં જેમ કીચડ જામી જાય—

ચા પીતી વેળા બોલવાનું કામ શ્રીએ જ રાખ્યું હતું; શ્રોતા બની હું મૂંગો મૂંગો તેની વાત સાંભળ્યા કરતો હતો.

'હવે જે મજૂર—બેડૂતોનું રાજ્ય આવવાનું છે એનું આ મંગલાચરણ છે, સમજ્યો ભાઈ! સવારે અમારી કામવાળી બાઈએ સંદેશો મોકલ્યો છે કે આજે મારું માથું દુખે છે એટલે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હું આવી નહિ શકું; તમે ચલાવી લેજો. અને બને તો શાલિની સાથે અમૃતાંજનની શીશી મોકલી આપજો... અને તારી આ ભાભીને ડોકટર કેટલા ય દહાડાથી આરામ લેવાનું કહ્યા કરતા હતા પણ એણે ગણકાર્યું નહિ, એટલે નસીબે જ કહ્યું, હવે તું આરામ કરે છે કે નહિ તે જોવા તો દે મને!... ને ભાઈ! તારા વાળ પણ ધોળા તો થવા માંડયા છે ને શું?... હું તો કહું છું, ભાઈ! આ વકીલાતની વાત છોડીને એક ફક્કડ નાટક લખી આપ ને?... આજ રાત્રે તને શાલી ગાઈ સંભળાવશે; જો, તારે રાત્રે જમવા તો આવવું જ પડશે. એમ નહિ ચાલે; આ તો બાળસ્નેહીનું ઘર છે. આ આમંત્રણ એટલે પકડવોરંટ જ ગણવું. શું સમજ્યો?'

શ્રીને માઠું નહિ લગાડવા ખાતર મેં તેનું આમંત્રણ સ્વીકાર્યું. રાત્રે હું તેને ઘેર જમવા ગયો. પણ ત્યાં ગયા પછી એવું થયું કે આ કરતાં ન આવ્યો હોત તો ઘણું સારું! આઠ વાગી ગયા હતા પરંતુ શાલિની હજુ સંમેલનમાંથી પાછી ફરી નહોતી. આખરે તેની તપાસ માટે શ્રીએ પોતાના મોટા છોકરાને મોકલ્યો. ઘણી વારે પાછા આવી તેણે ખબર આપ્યા: 'શાલુબેનને પ્રમુખ બહેન પોતાની સાથે મોટરમાં લઈ ગયાં છે!'

છોકરાની મદદ લઈ શ્રીએ રાંધ્યું. રસોઈમાં સ્વાદ તો સારો હતો, પરંતુ જમતાં જમતાં દરેક કોળિયો મારે મોંએથી પાછો વળતો હતો. વારે વારે શ્રીનું આખું જીવનચિત્ર મારી નજર સામે ખડું થતું હતું. એની વાતો તો ચાલુ જ હતી, ને હું માત્ર સાંભળ્યા કરતો હતો. પણ એની વાતોમાં કોઈ જાતનો રસ નહોતો. ભાવિ સાથેની લડાઈમાં મારો મિત્ર હારી ગયો છે, એનું ભાન મારા મનને ખિન્ન બનાવી રહ્યું હતું. મેં શ્રીના મોં સામે બારીકાઈથી જોયું. એમાં મને ક્યાંયે પેલો જૂનો કલાકાર દેખાતો નહોતો; જાણે એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કલાકારનું મૃત્યુ થઈ ગયું હતું! નાટ્યકલાના પુનરુદ્ધાર માટે ચાલી રહેલી સાંપ્રત ચળવળનો પ્રશ્ન મેં ઈરાદાપૂર્વક ચર્ચવા માંડ્યો, પણ શ્રીએ એ સવાલને હસવામાં ઉડાવી દીધો. તેણે ઊલટાના પોતાની ગંધિયાણાની દુકાનના અનુભવો મને કહેવા માંડ્યા. ચર્ચા કરવાને ઈરાદે બાલગંધર્વે ફરી નાટક કંપની શરૂ કર્યાના ખબર મેં તેને આપ્યા; જવાબમાં એ માત્ર હસ્યો. તે પછી તેણે પોતાની જ શેરીની એક પૈસાદાર વેપારીની દીકરી એ દહાડા પહેલાં જ કોઈની સાથે નાસી ગઈ હતી તેની વિગત મને કહેવા માંડી.

એની ખાસ ઇચ્છા હતી કે શાલિનીનું એકાદું ગાયન તો હું સાંભળું જ. એને સારું લાગે એ ઈરાદે હું એને ત્યાં દસ સાડાદસ થતાં સુધી રોકાયો, પણ છોકરીનો હજુ પત્તો જ નહોતો.

એના જેવડી મોટી ઉંમરની છોકરી આટલે મોડે સુધી બહાર રખડ્યા કરે એની મને પણ ભારે નવાઈ લાગી. પણ મેં શ્રીને એ કહ્યું નહિ. શ્રી શાલિની પર ગુસ્સે તો થયો જ હતો; હું કાંઈ બોલ્યો હોત તો તે બળતામાં ઘી રેડવા જેવું જ થાત.

સવારના સવા છની ટ્રેનમાં હું પાછો ફરવાનો હતો, એટલે મેં શ્રીની અને ભાભીની રજા લીધી. ઘર બહાર નીકળ્યો ત્યારે જ મારા જીવને જરા શાંતિ વળી. અત્યાર સુધી હું મારા એક બાલમિત્ર જોડે વાતો કરતો હતો પરંતુ મને જાતજાતની ગૂંગળામણ થયા કરતી હતી. વારે વારે મને ભૂતકાળનો શ્રી યાદ આવ્યા કરતો હતો. કલા વિષેની એની ઘેલછા – અભિનય પ્રત્યેની એની ઉત્કટતા – આમાંનું કશું આજે તેની સાથેની વાતચીતમાં મને ક્યાં યે દેખાયું નહિ. જાણે એની કલાના બની ગયેલા મુરદા પાસે જ હું બેઠો છું એવી લાગણી થવાથી મારું ચિત્ત ભારે બેચેન બની રહ્યું હતું. આથી મૃતદેહ પાસેથી ખસી જતાં જે જાતનો છુટકારો માણસ અનુભવે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવી લાગણી રસ્તા પર પગ દેતાં જ મેં અનુભવી.

શ્રીની રજા મેં રાત્રે જ લઈ લીધી હતી, તેથી સવારમાં ગાડી છૂટવા વેળા શ્રીને દોડતો દોડતો મને મળવા આવેલો દેખી હું જરા નવાઈ પામ્યો; એને દૂરથી આવતો દેખતાં જ હું મૂંઝાયો. મને શંકા થઈ આવી કે રખે, શાલિની રાત્રે ઘેર જ પાછી ફરી ન હોય! શું, શ્રીની આખી જિંદગી એક પછી એક આઘાતો સહન કરવા માટે જ નિર્માઈ છે?

ડબ્બા પાસે તે આવી પહોંચ્યો. મેં જોયું તો એની આંખો લાલચોળ બની ગઈ હતી.

મેં અચકાતાં અચકાતાં પૂછ્યું: 'રાતના ઉજાગરો થયો હતો શું?'

'હા; રાતના તારી ભાભીની તબિયત એકદમ નરમ બની ગઈ. આખી રાત એની પથારી પાસે જાગતા બેસવું પડ્યું!'

'શાલિની પાછી ક્યારે આવી?' મેં ગભરાતે ગભરાતે પૂછ્યું.

'સાડા અગિયાર વાગે.'

એટલામાં ટ્રેને બીજી સીટી મારી. શ્રીએ ઉતાવળે ઉતાવળે કહ્યું: 'હું એટલા માટે આવ્યો હતો—' પણ આગળ બોલતો તે અટકી પડ્યો; જરા ગૂંચવાયો પણ ખરો. પછી બાજુ પર નજર ફેરવી લઈ કહે: 'મારા પિતાજીનો મારે એક ફોટોગ્રાફ જોઈએ છે.'

શ્રી પોતાના પિતાજીનો ફોટો માગે છે? મને ભારે આશ્ચર્ય થયું. જે પિતાજીએ બાલપણમાં એને થપાટ મારીને ઘર બહાર કાઢી મૂક્યો હતો, જેનો એણે અનેક વાર 'કસાઈ'ના વિશેષણથી નામોલ્લેખ કરેલો, જેને જીવનમાં ફરી એણે નજરે ય જોયા નહિ, એ પિતાજીના ફોટાનું શ્રીને શું કરવું હશે? એની આ વિચિત્ર માગણીનો અર્થ હું સમજી ન શક્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાડી ઊપડી જવાની બીકે શ્રી તો બોલ્યે જ જતો હતો. પણ નવાઈની વાત એ હતી કે બોલતી વેળા એકે ય વખત તેણે મારા સામે ઊંચું મોં કરીને આંખ મેળવી નહોતી. 'જો ભાઈ! મારા બાપુજી મામલતદારની ઑફિસમાં કારકુન હતા, એટલે એ ઑફિસનું કોઈ ગ્રૂપ જડે તો તેમાં એમનો ફોટો જરૂર હાથ આવશે. સાવ નાનકડો ફોટો મળે, માત્ર મોઢું જ દેખાય એટલો જડી આવે, તોપણ બસ! હું એના પરથી પછી એન્લાર્જ કરાવી લઈશ.'

ગાર્ડે સીટી મારી; પૈડાં ધીરે ધીરે ખસવા લાગ્યાં. ડબ્બા સાથે જ ચાલતાં શ્રીએ કહ્યું: 'જો, ભૂલી ન જતો હોં! જતાં વેંત....'

તે પછીના એના બોલ મને પૂરા સંભળાયા નહિ. પણ હું દૂરથી જોઈ શક્યો કે એની આંખે ઝળઝળિયાં ભરાઈ આવ્યાં હતાં.

[૪]

શ્રીના બાપુજીનો ફોટો મેળવવા મેં જાતજાતના પ્રયત્નો કરી જોયા. જુદી જુદી ઑફિસોના ગ્રૂપફોટાઓ જોઈ વળ્યો, તેમ જ વીશ પચીશ વર્ષ ઉપર અમલદારી કરતા પરંતુ હાલ નિવૃત્ત થયેલા અનેક સજ્જનોના ઊંબરા ઘસી આવ્યો. પણ કોઈ સ્થળે ફોટાનો પત્તો ન લાગ્યો. ત્રીશ પાંત્રીશ વરસ પહેલાં ભલે સરકારી ખાતામાં પણ કારકુની કરી રહેલા એક અદના આદમીનો ફોટો મેળવવાનું કામ સહેલું તો નથી જ—તેમાં ય આપણા દેશમાં તો નહિ જ!

દર અઠવાડિયે શ્રી મને કાગળ લખી ફોટાનું સંભારી આપતો. એને ના લખતાં મારો જીવ ચાલતો નહિ, પણ ના લખ્યા વિના છૂટકો નહોતો! પણ શ્રીનો ફોટાની યાદ આપવાનો કાગળ આવે અગર તો હું તેને એનો જવાબ લખવા બેસું ત્યારે એક સવાલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો અચૂક મને થઈ આવતો કે આ ફોટા માટે શ્રી આટલો બધો અધીરો અને ઉતાવળો શા કારણે થતો હશે? પિતાજીને માટે આટલો બધો પ્રેમ—આટલો બધો આદર એના દિલમાં ક્યારે અને કેમ પેદા થયો એ સવાલ મને મૂંઝવતો હતો. પણ એ રહસ્ય જાણી ન શકવાને કારણે મારી જિજ્ઞાસા વધુ બળવત્તર બનતી હતી. એચાર વખત તો મનમાં એમ થઈ આવ્યું કે શ્રીને પત્ર લખીને સીધો આ અંગેનો ખુલાસો એની પાસેથી મેળવી લેવો; પણ પત્ર લખવાની હિંમત ચાલી નહિ. આથી જ્યારે એક દિવસ અચાનક રાતના નવ સાડાનવને આશરે શ્રીને મારે ત્યાં જ હાજર થયેલો મેં દેખ્યો ત્યારે મને ઘણો આનંદ થયો. જેમતેમ કરીને થોડુંઘણું જમ્યો. પછી મને કહે: 'આમ અચાનક હું કેમ આવ્યો ખબર છે? એમ થઈ આવ્યું કે એચાર કલાક પેલા ઘાટ ઉપર બેસીને જૂનાં સ્મરણોનો આનંદ મેળવીએ તો આજના સઘળા મનસ્તાપો કંઈક વીસરી જવાય!'

અમે બન્ને જણા બહાર નીકળ્યા. મારે ઘેરથી ફક્ત પાંચ મિનિટમાં નદીએ પહોંચી જવાતું, પણ મેં જોયું તો આજે શ્રી છેક ઊંધી જ દિશાએ જઈ રહ્યો છે. મેં એને મશ્કરીમાં સવાલ પણ કર્યો: 'કેમ ભાઈ! રસ્તો ભૂલી ગયો શું?'

તે મારા સામે જોઈને હસ્યો પણ કશું બોલ્યો નહિ. પરંતુ એનું એ મૌન દર્શન મને કોઈ કવિ અત્યંત સુંદર કલ્પનાની સમાધિમાં તલ્લીન બન્યો હોય એવું લાગ્યું. મેં છાનામાના તેની સાથે ચાલવા માંડ્યું.

થોડુંએક ચાલ્યા પછી તે એકદમ અટકી ગયો. રસ્તાની બંને બાજુ તેણે નીરખીને જોયું, અને પછી સામેના એક બેઠા ઘાટના ઘર તરફ આંગળી બતાવી એકદમ સવાલ કર્યો: 'અમે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહેતા હતા એ ઘર તો પેલું જ, ખરું કે?'

મેં મૂંગાં મૂંગાં ઈશારાથી જ હા પડી.

'નાનપણમાં અહીં એ લીંબડા હતા.' તેણે કહ્યું. એ નિશાન અત્યારે દેખાતાં નહોતાં એટલે હું જરા ગૂંચવાયો. શ્રી તો એ ઘર તરફ તાકી જ રહ્યો હતો: જાણે પથ્થરનું પૂતળું જોઈ લ્યો. પાંચેક મિનિટ સ્થિરપણે જોઈ રહ્યા પછી તેણે હાથ જોડી એ મકાનને વંદન કર્યું. એટલું સારું હતું કે અત્યારે રસ્તે રાહદારી ઘણી ઓછી થઈ ગઈ હતી, નહિતર લોકોએ એને ગાંડો જ ગણી કાઢયો હોત!

પછી મારા તરફ જોઈ શ્રીએ કહ્યું: 'તને પેલી રાત સાંભરે છે? જે દહાડે બાપુજીએ મને ઘરમાંથી કાઢી મૂકયો હતો, ને પછી હું તારે ત્યાં આવ્યો હતો, ને—'

મેં મૂંગાં મૂંગાં જ હા ભણી.

તેણે ચલાવ્યું: 'તે રાત્રે મેં બાપુજીને કસાઈ કહેલા! મને લાગે છે કે એ મારી ભૂલ હતી; ભૂલ નહિ પણ ગુનો હતો! માબાપ બાળકો પર શા માટે ચિડાય છે, શા માટે ગુસ્સો કરે છે, અગર શા માટે કોઈ વાર ઠોંઠટાપલી કરી લે છે, તે મને આજે હવે સમજાય છે. માબાપને દિલ બાળકોના કલ્યાણની ચિંતા રહે છે; ભવિષ્યમાં તેઓ સુખી થાય એટલા ખાતર તેઓ હેરાન થાય છે. બાળકોને મરજી પડે તેમ વર્તતાં દેખીને તેમના દિલમાં તેમના ભાવિ વિષે ભય પેદા થાય છે; એ ભયમાંથી ક્રોધ જન્મે છે. પિતાજીએ મને તે દહાડો જે થપ્પડ લગાવેલી તે તેમના પ્રેમને કારણે હતી; મને તેમણે ઘરમાંથી કાઢી મૂકેલો તે મારા ભાવિની તેમને ચિંતા રહેતી હતી તેથી! હજુ એ દહાડા પહેલાં જ મને એમનું એ સઘળું વર્તન નિર્દયતાભર્યું લાગતું હતું, કઠોરતાભર્યું ભાસતું હતું.' એમ કહી ફરી તેણે એ ઘરને બે હાથ જોડી નમસ્કાર કર્યા અને અમે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આગળ ચાલ્યા.

નદીતીરે ઘાટ પર જઈને બેઠા ત્યાં સુધી અમે બંને મૂંગા જ ચાલ્યા કરતા હતા. પછી તેણે કહ્યું : 'પિતાજીના દિલની મૂંઝવણનો કંઈક ખ્યાલ મને ગયા વરસથી આવવા લાગ્યો હતો. ઘરમાં કૂવડ જેવી પત્ની, ટૂંકો પગાર, પચાસ સુધી પહોંચેલી ઉંમર, ચાર બાળકો – પાંખ કાપી નાખેલા કોઈ પંખી જેવી એમની દશા હતી ! એમનો ચીડિયો સ્વભાવ અને ગુસ્સાના બોલ કોઈ નપંખા પંખીના આકાશઉડ્ડયન માટેના ધમપછાડા હતા. આખું જીવન એમણે મૂક વેદનાઓ સહન કરવામાં વિતાવ્યું હતું. એ વેદનાઓ અસહ્ય થતી ત્યારે તેઓ અમારા પર ગુસ્સે થતા, કોઈ કોઈ વાર અમને મારી પણ લેતા ! એ દહાડો જો : હું આ બધું સમજી શક્યો હોત —'

બોલતાં બોલતાં શ્રીનું હૈયું ભરાઈ આવ્યું. પેરણની બાંય વડે એણે પોતાની આંખો લૂછી. પછી હસીને મને કહે : 'જાતે પિતા બન્યા વિના પિતાની વેદના કોઈ જાણી શકતું નથી. પરિણામે જીવન આંધળાપોટાની રમત જેવું બની જાય છે. આપણાં દુઃખોનું મૂળ દુષ્ટતામાં નથી, પણ સંસારમાં જે કક્ષાએ રહી માનવી પોતાનું જીવન ગુજારતો હોય છે તેની સંકુચિત દૃષ્ટિમાં છે. જૂની પેઢી અને નવી પેઢી બંને એક જ ઢાલની બે બાજુઓ છે; પણ એ જ કારણે એકનું દુઃખ બીજાની નજરે કદી આવી શકતું નથી. આખા જીવન-નાટકનો જો કોઈ ખલ પુરુષ હોય તો તે એક જ છે – કાળ !'

મેં વચ્ચે કહ્યું : 'શ્રી ! તારી આ તત્ત્વની ભાષામાં હું તો કાંઈ ન સમજ્યો ! જે કહેવું હોય તે સીધી રીતે – નાટકની કે નવલ-કથાની ભાષામાં જ કહી દે !'

'ભલે; તને એમ ગમતું હોય તો એમ કહું.' તેણે હસીને જવાબ આપ્યો. અને ચલાવ્યું —

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પિતાજી પ્રત્યેની મારી દૃષ્ટિ સાચેસાચી સરળ અને નિર્મળ ક્યારે બની કહું? જે દહાડો તું મારે ત્યાં કોલ્હાપુરમાં આવ્યો હતો, તે રાત્રે! તું ચાલ્યા ગયા પછી હું તો શાલીની રાહ જોતો જાગતો જ બેઠો. અઢાર વરસની ઉંમરલાયક છોકરી અરધી રાત સુધી બહાર ભટકયા કરે એથી મને પારાવાર ગુસ્સો ચડયો હતો! આખરે રાત્રે સાડા અગિયારે શાલી ઘેર આવી. એ ઘરમાં દાખલ થતાં જ આખો ઓરડો મોહક સુગંધથી મઘમઘી ઊઠ્યો. એના હાથમાં એક રૂમાલ હતો, કોઈ છેલબટાઉને છાજે એવો. મેં ગુસ્સામાં જ પૂછયું: 'શાલી! આ રૂમાલ કોનો છે?' 'ચિત્રપટની એક બહુ જાણીતી વ્યક્તિએ એ મને ભેટ આપ્યો છે.' તેણે કહ્યું. છોકરીઓ સાથેની એ માણસની હલકાઈ જગજાહેર હતી. મારા ગુસ્સાનો પારો ઊંચો ચડયો: 'તે તું એને ત્યાં ગઈ'તી, કાં?' મેં પૂછયું. નીચું મોં રાખી તેણે હા કહી.

'અમારી શેરીની જ એક પૈસાદારની નાસી ગયેલી છોકરીનો તાજો કિસ્સો મને યાદ આવ્યો. મારું માથું ફરી ગયું. મેં શાલીને વાંસામાં, મોં પર, હાથ પર, જ્યાં આવે ત્યાં ધબ્બા મારવા માંડયા. પથારીમાં પડયાં પડયાં જ મારી પત્ની બૂમ પાડતી હતી: 'ભલા થઈને છોકરીને મારશો મા!' પણ હું મારી જાત પરનો કાબૂ ખોઈ બેઠો હતો.

'ત્યાર પછી બે કલાક સુધી હું મૂઢ જેવો બની બેસી રહ્યો. ધીરો પડી પછી હું પત્ની પાસે બેઠો. ધીમે ધીમે તેણે શાલિનીની વાત મને સમજાવી. મારી હેરાનગતિ એ છોકરીથી સહી જતી નહોતી; ઘણા દિવસથી તેના મનમાં વિચાર ઘોળાયા કરતો હતો કે પોતાને જો સિનેમામાં કાંઈ કામ મળે તો મારા મન પરનો બોજો હલકો થાય. તે દહાડો સંમેલનમાંનાં તેનાં ગાયનો અધ્યક્ષ પેલી સિનેમા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નટીને ખૂબ ખૂબ ગમી ગયાં. શાલીને તે પોતાની સાથે ઘેર લઈ ગઈ. ત્યાં રોકાવાથી એને મળવા આવનારા માણસો સાથે પણ થોડી ઓળખાણપિછાન થઈ શકે એ વિચારે શાલીએ ઘેર પાછા ફરવાની ઉતાવળ દાખવી નહિ. આમ જે બની ગયું તેમાં ઈરાદાપૂર્વક શાલીનો વાંક કશો જ નહોતો! એ દોષ એ પેઢીઓના દૃષ્ટિબિંદુઓના તફાવતનો હતો! એનું ઊછળતું લોહી – મારું ઠંડું પડતું જતું લોહી! —'

પોતે જાણે ઘણું ઘણું બોલી ગયો છે એમ માનીને શ્રી ત્યાં જ અટકી ગયો. પછી મને કહે: 'ભાઈ! મને બધું બરોબર સમજાવતાં નથી આવડતું. પણ તે દિવસથી આ વિચારો મારા મગજમાં સતત ઘોળાયા કરે છે. તું હજુ પણ કદાચ ગડકરીનો શોખ ભૂલ્યો નહિ હો! તો કહું છું કે ભાઈ, આ હું સૂચવું તે વિષય ઉપર એક ફક્કડ નાટક લખી નાખ! બે પેઢીનાં બે માનવીઓ: બંને સમજુ અને સહૃદય; પરંતુ બંને વચ્ચે કાંઈક સંઘર્ષણ ચાલ્યા જ કરતું હોય ને તેમાંથી કાયમ કશું દુઃખ જ પેદા થતું હોય: એવું એવું કાંઈક લખ! તારા એ નાટકમાં બાપનો પાઠ હું એવો ફક્કડ ભજવી બતાવીશ! અને એની દીકરીના પાઠ વિષે તું જરા ય ચિંતા ન રાખ. આપણી શાલિની એ માટે સઘળી રીતે તૈયાર જ છે!'

મેં શ્રી તરફ જોયું. અત્યારે જાણે તે બેકાર નટ નહોતો; એક ગંધિયાણું વેચનારો વેપારી નહોતો; બાળકો પર ઘડીએ ઘડીએ ચિડાયા કરતો પિતા પણ નહોતો. એ બધાં જાણે એનાં અસલ સ્વરૂપો ન હતાં. એ બધાં ધારણ કરેલાં સ્વરૂપોને ફેંકી દઈને અત્યારે મારા બાલસ્નેહીનો આત્મા એના સાચા સ્વરૂપમાં ફરી પ્રગટી રહ્યો હતો!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંધ્યાદીપ

ડેક્કન જિમખાનામાં આવેલા એક બંગલા સામે ખરરખટ કરતી મોટર ઊભી રહી. મેં એકદમ આંખો ખોલી નાખી. ડ્રાઇવર કહેતો હતો: 'સાહેબ! આપ કહેતા હતા તે આ બંગલો!'

ઝટ કરતો હું નીચે ઊતર્યો. ફાટક ખોલી અંદર દાખલ થયો. બારણા પરનું પાટિયું વાંચ્યું: 'દિનકર થોરાત, એમ. એસસી.'

એ નામ વાંચતાં જ મને જે લાગણી થઈ આવી તેનું વર્ણન મારા જેવો વીમા કંપનીનો એજન્ટ – જેનો ધંધો માત્ર આંકડાના હિસાબો કરવાનો જ હોય તેનાથી થઈ ન શકે. કૉલેજમાં ભણતો દરેક યુવાન થોડે ઘણે અંશે તો કવિ હોય જ છે; હું અને દિનકર એમાં અપવાદરૂપે નહોતા. બી.એ. પસાર કરતાં જ હું ઉદર-નિર્વાહની શોધમાં ઠેઠ લાહોરની એક વીમા કંપનીમાં જઈ પહોંચ્યો. અને દિનકરે એમ. એસસી. નો અભ્યાસ પૂરો કરી દેશની રાજકીય લડતમાં ઝંપલાવ્યું. પરિણામે અમારી બંનેની કાવ્યસરિતાનો ઝરો સુકાઈ ગયો – અમારી એ મોટરો માંહેનું પેટ્રોલ ખૂટી પડ્યું! છતાં પણ કૉલેજમાં ભણતો હતો તે વેળા મારી પ્રતિભા કેટલી ઉચ્ચ કોટિની હતી તેની તમારે ખાતરી કરવી હોય તો દિનકરના નામનું પાટિયું વાંચતાં જ દિલમાં જે ભાવો ઊછળી આવ્યા તેનું વર્ણન કરી દાખવું. સાગરમાં નિરાંતે તરવા પડેલા આદમીને ચંદ્રગ્રહણને દહાડે મોજાં ઝડપભેર અંદર ખેંચી જાય, સાગરનાં એ મોજાં નહિ પરંતુ યમદૂતના પાશ છે એવો એનો પ્રત્યક્ષ અનુભવ થાય, નિરાશ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બની પાણીમાં એકાદ બે ગળચિયાં ખાવાનો વખત આવી જાય, અને એ અગાધ સાગરનું ઊંડાણ માપવાનું હવે તો પોતાના જ ભાગ્યમાં લખ્યાની ખાતરી થઈ ચૂકી હોય–બરાબર તે જ સમયે માછલીઓ પકડવા માટે કોઈ માછીમાર જાળું નાખે ને તે સાથે આપણે એની હોડી પકડી લઈએ–બરાબર એવી જ લાગણી મેં દિનકરના જ નામનું પાટિયું આ બંગલા પર છે એની ખાતરી થતાં અનુભવી!

હું અને મારાં શ્રીમતી આખરે મારા બાલમિત્રને ઘેર આવી પહોંચ્યાં હતાં!

લાહોરથી પૂના સુધી અમે સહીસલામત આવી શક્યાં હતાં! કોઈ પણ કાતિલ છરીના જખમ વિના, બંદૂકની એકે ય ગોળી અંગે અડ્યા વિના, અમે દિનકરને ત્યાં પહોંચી ગયાં હતાં–આબરૂભેર અને સહીસલામત!

મારાં શ્રીમતી તો મોટરમાં અત્યાર સુધી ઢગલો થઈને બેઠાં હતાં. આપણે શોધીએ છીએ તે જ આ બંગલો છે એમ મેં તેને નિશાની કરી સમજાવ્યું. સૂર્યના પ્રખર તાપથી કરમાઈ જતા ફૂલ ઉપર ઠંડું પાણી સીંચતાં જેમ તે પાછું તાજું બની જાય તેવી જ પ્રફુલ્લતા મારાં શ્રીમતીના ચહેરા પર ચમકી રહી. લાહોરથી નીકળ્યાં ત્યારથી અત્યાર સુધી તે મારી સાથે યાંત્રિક રીતે ઢીંગલી માફક ચાલી આવી હતી. પ્રાણ બચાવવાની દોડધામને કારણે હું મજાક ઉડાવવાની મનોદશામાં નહોતો એટલું સારું, નહિતર 'કાયનો સામાન છે, સાચવો!' એવી ચિઠ્ઠી ચોડેલી પેટી–જેને સંસારશકટ ખેંચતાં જતનપૂર્વક જાળવીને લઈ જવી જોઈએ એવી ચીજ–એનું નામ પત્ની, એમ હું જરૂર સંબોધત! આખા ય પ્રવાસ દરમિયાન મારી પત્ની કેવળ ચેતનહીનની જેમ જ વર્તતી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ મારી નિશાનીનો અર્થ એના મગજમાં ઊતરતાં જ એ ચેતનહીન પૂતળીનું એકાએક પ્રાણવાન ઝાંસીની રાણીમાં જાણે પરિવર્તન થઈ ગયું! ધડ કરતું ટેક્સીનું બારણું ખોલી એ બહાર કૂદી પડી, અને ઝડપભેર ફાટકના દરવાજાને હડસેલી હજુ હું બારણા પરની વીજળીની ઘંટડીનું બટન દબાવું છું ત્યાં તો રોફભેર મારી બાજુમાં આવી હાજર થઈ ગઈ! એનું મ્લાન વદન અત્યારે હાસ્યથી પ્રફુલ્લ થયું હતું: જાણે અમે બંને કોઈ મોજની સફર ઉપર નીકળ્યાં ન હોઈએ!

ઘંટડીનો ઘરની અંદર થતો રણકાર મેં સાંભળ્યો. તુરત જ બંગલાને પાછલે બારણેથી 'પાંડુ! ઓ પાંડુ!' એવો કોઈ સ્ત્રીનો સાદ પણ કાને અથડાયો. મેં વિચાર કર્યો: 'અરુણભાભી વિના આ બીજું કોઈ ન જ હોય.' એટલામાં તો મેડાના પાછલા દાદર પરથી કોઈ ચાંખડીઓ પહેરીને ઊતરવું હોય એવો ખટ્‌ખટ્ અવાજ પણ મારે કાને પડ્યો.

માનવીનું મન ક્યારે કયો વિચાર કરશે તે કહી શકાય નહિ. અમે નાના હતા ત્યારે અમારા ઘરની બાજુમાં આવેલા રામજી મંદિરમાં એક સંન્યાસી રહેતા હતા. તેઓ હમેશાં ચાંખડી પહેરીને જ ફરતા. આથી જ્યારે જ્યારે હું ચાંખડીઓનો અવાજ સાંભળતો ત્યારે ત્યારે મારી સામે એ સંન્યાસીનું ચિત્ર ઊભું થતું. અત્યારે પણ મને સંન્યાસીની જ કલ્પના થઈ આવી. દિનકરે બેંતાળીશની સાલમાં જેમ એકાએક રાજકાજ લડતમાં ઝંપલાવ્યું હતું, તેમ અત્યારે તેણે એકાએક જ સંન્યાસ તો ધારણ નહિ કર્યો હોય, એવો વિચિત્ર વિચાર મારા મનમાંથી પસાર થઈ ગયો! પણ તુરત એ વિચારે મને હસવું આવ્યું. એમ. એસસી. માં ફર્સ્ટ ક્લાસમાં પાસ થયેલો, બેંતાળીશની લડતમાં ભૂગર્ભપ્રવૃત્તિમાં જોડાઈ એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાણીતા બૉમ્બકેસમાં આરોપી તરીકે પકડાયેલો, પૂરાં ત્રીશ વર્ષની ઉંમરે પણ ન પહોંચેલો દિનકર સરખો યુવક શા માટે સંન્યાસી બની જાય? પણ વળી વિચાર થયો કે આ તો સંજવારીમાં સાંબેલું જાય છે! આ કરતાં પણ વધુ મહત્ત્વની એક હકીકત તો ધ્યાનમાંથી જ સરી પડે છે!

એંતાળીશની સાલમાં દિનકરે જ્યારે લડતમાં ઝુકાવ્યું તે વેળા તે એક તરુણીના પ્રેમપાશમાં સપડાયો હતો. અચાનક તે ગિરફતાર થયો એટલે તેમનાં લગ્ન થતાં અટકી ગયાં. કેસ ચાલતો હતો તે પરથી તો ચોક્કસ જણાતું હતું કે દિનકરને ફાંસીની શિક્ષા જ થશે! આથી પેલી તરુણીનાં માબાપોએ એને દિનકર કરતાં બીજાં બેત્રણ વધારે સારાં નામો સૂચવ્યાં, પણ પેલીએ પોતાની હઠ છોડી નહિ. એમ સાંભળેલું કે એ વેળા એ તરુણીએ પોતાનાં વડીલોને ચોખ્ખા શબ્દોમાં સંભળાવી દીધેલું કે 'દિનકર ફાંસીએ લટકશે તો તેની વિધવા તરીકે હું જીવન આખું રાષ્ટ્રસેવામાં અર્પણ કરી સેવિકા બની જીવીશ, પણ અન્યનો વિચાર કરવાની નથી!' સદ્‌ભાગ્યે એ બૉમ્બ કેસ બહુ લાંબો ચાલ્યો, ખટલો ઢીલમાં પડ્યો, અને એનો નિકાલ આવે તે પહેલાં જ ગાંધીજી વગેરે નેતાઓ છૂટી જવાને પરિણામે આખરે દિનકર પણ જેલમાંથી છૂટો થયો! ગઈ સાલ એ જ યુવતી સાથે દિનકર લગ્નગ્રંથિની જોડાયો ત્યારે તેણે ખૂબ પ્રેમથી—આગ્રહપૂર્વક અમને બંનેને હાજર રહેવા આમંત્રણ કરેલું! એનો એ પત્ર ખૂબ મજેદાર હતો.

તેણે લખ્યું હતું: "બાળપણમાં તેં અને મેં સાથે સાથે જ ચોરી કરીને આંબલીના લીલા કાતરા ઉડાવ્યા છે; હાઇસ્કૂલમાં ભણતા ત્યારે છાના છટકી જઈને તેં અને મેં સાથે રહી નાટકો જોયાં છે; અને કૉલેજમાં એક વિદ્યાર્થિનીની વેણીમાંથી સરી પડેલી કચકડાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પીન ઉપર આપણે બંનેએ સાથે સાથે જ કાવ્યો લખ્યાં છે! એ પરંપરા અનુસાર તો તારાં અને મારાં લગ્ન પણ એક જ દિવસે થવાં જોઈતાં હતાં. પણ તું ધીરજ રાખી ન શકયો, અને તારો મિત્ર જેલમાં સબડતો હતો ત્યારે તું કોડથી પરણી બેઠો! પણ હવે ગઈ-ગુજરી જવા દઈએ. પરંતુ તેના બદલામાં હવે મારાં લગ્ન વેળા તમારે બંનેએ સજોડે (અને એમાં એકનો ઉમેરો થયો હોય તો ત્રિપુટીએ) જરૂર આવવાનું છે. નહિતર અમારાં લગ્ન રજીસ્ટર કરાવશું છતાં તારે ત્યાં એ કાયદેસર નહિ ગણાય!"

અને ખરેખર દિનકરનાં લગ્ન વખતે અમારી બંનેની સજોડે હાજર રહેવાની ખૂબ મરજી હતી. પણ પેલી કહેવત છે ના કે, માણસ ધારે છે કાંઈ ને ઈશ્વર કરે છે કાંઈ, તેના જેવું બન્યું. બરોબર એ જ દિવસોમાં અમારાં શ્રીમતીજીએ ટાઈફોઈડને પોતાને ત્યાં તેડ્યો!

ઘડી પહેલાં બંગલાના પાછળના દાદર પર સંભળાતો ચાંખડીઓનો અવાજ હવે આગળના બારણા નજીક સ્પષ્ટ સંભળાવા લાગ્યો. એ સંન્યાસી કોણ હશે એ જાણવાની મારી ઉત્સુકતા વધી પડી; પણ ત્યાં તો—

એકદમ બારણું ઊઘડ્યું ને સામે દિનકર પોતે જ ઊભો રહ્યો!

મારા કરતાં પણ મને દેખીને તેની નવાઈનો પાર ન રહ્યો. નાના બાળકના મોં પર જેમ અરીસા વડે સૂરજનો પ્રકાશ ફેંકતાં હરખાઈ જાય – મૂંઝાઈ જાય – એવી દિનકરની દશા થઈ હતી. થોડી વાર રહીને તેણે સવાલ કર્યો: 'કોણ, વસંત?'

'હા; હું વસંત જ છું!'

'ના ના; હું સ્વપ્નામાં તો નથી?'

'સંભવ છે કે તમે દક્ષિણમાં રહેનારાં માણસો સ્વપ્નામાં હશો, પણ અમે ઉત્તરમાં રહેનારાં માણસો....દિનુ! શી વાત કરું?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક મહાભયંકર સ્વપ્નામાંથી અમે હમણાં જ જાગ્રત થયાં છીએ.'

મારો આવો વિચિત્ર જવાબ સાંભળી તે મારા તરફ તાકી રહ્યો. લાહોરમાં હુલ્લડ થયા પછી મેં જે જે અમાનુષ કૃત્યો નજરે નિહાળ્યાં હતાં, એણે મારી બુદ્ધિને કુંઠિત કરી રાખી હતી. એ માનસિક યાતનાઓ જો પત્નીને કહી સંભળાવું તો ઊલટાની તે વધારે ભય પામે એ વિચારે મેં આજ સુધી એમાંની એકે વાત તેને કહી નહોતી—અંતરના ઊંડાણમાં એને દાટી રાખી હતી. પણ અત્યારે એ બધી બહાર ઊછળી આવી! ખૂબ પરુ થયેલો જખમ જ્યારે નીચોવી નાખીએ ત્યારે દર્દ ઘણું હળવું બની જાય છે અને શાતા વળે છે. દિનકર સાથે ખુલ્લા દિલથી વાતો કરવાનો અવસર સાંપડતાં એ જ તરેહની નિરાંત મેં અનુભવી. મેં કહ્યું: 'દિનુ! આજે સાંજે તું આ બંગલામાં ગાંધીજી પેઠે પ્રાર્થના ગોઠવજે; તારો દિલોજાન દોસ્ત આગમાં સળગી ગયો નહિ, કોઈ ગોળીનું નિશાન બન્યો નહિ અગર હુલ્લડમાં રહેંસાઈ ગયો નહિ, તે ખાતે તું ઈશ્વરનો ઉપકાર માનજે. દિનુ! ખરેખર, ગાંધીજીની અહિંસા પર વિશ્વાસ રાખી રહેલા આપણે સહુ આખરે મૂરખમાં ખપ્યા છીએ!'

હસીને દિનુએ કહ્યું: 'વસંત! અહિંસા પરની તારી અગર મારી શ્રદ્ધામાં અને ગાંધીજીની શ્રદ્ધામાં લાખો ગાડાંનું અંતર છે. અહિંસા પરની ગાંધીજીની શ્રદ્ધા તેમની આત્મિક શક્તિમાંથી, સિદ્ધાંત ખાતર પ્રાણ પણ અર્પણ કરી દેવાની તમન્નામાંથી પેદા થઈ છે. તમારી શ્રદ્ધાનો જન્મ કેવળ નબાઈમાંથી થયો હતો. શસ્ત્રો સાથેનો બળવો કરીને બ્રિટિશ સત્તાને ઉથલાવી પાડવાની તાકાત તમારામાં હતી નહિ, તેથી તમે ગાંધીજીની અહિંસા પર આંખો મીંચી વિશ્વાસ રાખ્યો. તમારે તો પોતાના પેટનું પાણી પણ હલવા દીધા વિના ક્રાંતિ જોઈતી હતી!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દિનકરની પાછળ જ તેની પત્ની આવી પહોંચી હતી. અત્યાર સુધી અમારી વાતચીત તે શાંતિથી સાંભળી રહી હતી. હવે તેનાથી રહેવાયું નહિ. તેણે હસીને કહ્યું: 'વસંતભાઈ! સાંભળ્યું છે કે ગાંધીજીના અનુયાયીઓ ચા પીતા નથી! પણ લાગે છે કે તમને ગાંધીજી પર વિશ્વાસ રહ્યો નથી, એટલે પહેલાં અંદર ચા પીવા માટે જ સહુ જઈએ!' પણ ત્યાં તો તેનું ધ્યાન ફાટક પાસે ઊભેલી ટેક્સી તરફ ગયું, ને તે બોલી ઊઠી: 'ઓહો! હજુ સામાન તો બધો ટેક્સીમાં જ છે શું? રહો, જરા હું ઘાટીને તે લઈ આવવાનું કહી આવું.' અને દિનકર તરફ મોં ફેરવી ઉમેર્યું: 'દરવાજે ટેક્સીને એમ ને એમ ઊભી રાખીને તમે તો પાછા ભાષણ કરવા મંડી પડ્યા! પુરુષોનું સદા ય આવું જ હોય. હવે જોજો એ ટેક્સી-વાળો ખોટી થયાની દરેક મિનિટ દીઠ કેટલા પૈસા માગે છે તે! બૅરિસ્ટરની ફી પણ આ ટેક્સીવાળાઓ પાસે તો હિસાબમાં નહિ!'

'પાંહુ! ઓ પાંહુ!'ની બૂમો પાડતી અરુણા ઘાટીને બોલાવવા અંદરના ભાગમાં ગઈ. તેને સંભળાય એવી રીતે દિનકરે કહ્યું: 'વસંત! ગમે તેવી મોટી કોમ્યુનિટ બને તોપણ આખરે સ્ત્રી તે સ્ત્રી જ રહેવાની! દૂધ ઊભરાઈ જતું હોય તો શગડી પરથી ઉતારી લેવા માટે પુરુષ લૂગડાનો કટકો અગર તો સાણસી શોધવા માંડશે; જ્યારે હાથે ઉતારી નહિ શકાય એમ જણાશે તો તે નકામું ન જવા દેવા ખાતર સ્ત્રી ખુશીથી એને મોં માંડશે! પછી ભલે ને મોં દાઝી જાય? અને તે માટે મહિનો ખાસ દવાખાને પડ્યા રહેવું પડે તેની ય હરકત નહિ!'

પણ દિનકરની આ ટીકાનો ઘણો થોડો ભાગ અરુણાએ સાંભળ્યો હશે! નહિ તો—

મને વિચાર થયો: આજનો જમાનો કેવો વિચિત્ર આવ્યો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે? પંજાબના કોમી હુલડથી ગભરાઈને હું પૂના દોડી આવ્યો. પણ અહીં પણ મારા આ ભણેલાગણેલા યજમાનના ઘરમાં પ્રેમ-વિવાહથી જોડાયેલ આ દંપતી વચ્ચે પણ ઝઘડા તો ચાલે જ છે!

અને બપોરના ભોજન પછી મેં એવી ઊંઘ ખેંચી કે—

સાંજના આ દંપતીના કલહથી જ હું જાગ્યો! બાજુના જ ઓરડામાં એ પતિપત્ની જોરજોરથી કાંઈ ઝઘડો મચાવી રહ્યાં હતાં. કોઈ સિનેમાની ફિલ્મ વિષે તેમની વચ્ચે ટંટો થયો લાગતો હતો.

લાંબી મુસાફરીથી મારા શરીરમાં આળસ ભરાયું હતું એટલે હું પડખું ફેરવી ફરી આંખો મીચી ગયો. પણ એ મીચેલી આંખો સામે લાહોરમાં દેખેલાં વિકરાળ દૃશ્યો એક પછી એક ફરી વાર મારી નજર સામેથી પસાર થવા લાગ્યાં ... આઠ વરસનો એક નાનો કિશોર લોહીલોહાણ થઈને રસ્તાની બાજુએ પડ્યો હતો! 'પાણી પાણી!' કરી તે બૂમો પાડતો હતો પરંતુ સહેજ પણ થોભીને તેને પાણી લાવી આપવા જેટલી હિંમત હું દાખવી ન શક્યો! ... જંગલમાં દાવાનળમાં સળગી રહેલા પંખીઓના બેસુમાર માળાઓ પેઠે અગ્નિની જ્વાળાઓમાં ભસ્મીભૂત થતાં અનેક મકાનો ... અગ્નિની એ વિકરાળ જ્વાળાઓ ભડકી રહેલી જોતાં મારા મનમાં કેવળ એક જ કલ્પના સૂઝતી હતી: સામે બળે છે તે માણસોનાં ઘર નથી પરંતુ ખુદ માણસાઈ જ ચિતા પર પ્રજળી રહી છે! ...

એક મકાનની ભીંતો મારી નજર સામે જ પટકાઈ પડતી હતી; મને વિચાર થયો: આ ભીંતોએ આજ સુધી કેટલા કેટલા પ્રેમાલાપો સાંભળ્યા હશે, કેટલાં કેટલાં વહાલભર્યાં ગીતો એને કાને અથડાયાં હશે? બાળક ખાતર જાતે ભૂખ વેઠતી માતા, માંદી પત્ની ખાતર પોતાને પેટે પાટા બાંધતો વહાલસોયો પતિ, આવાં કેટકેટલાં પ્રેમાળ દૃશ્યો એણે નિહાળ્યાં હશે? અને એ જ ભીંતો આજે કેવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીપણ દૃશ્ય નિહાળે છે? ...

કંપનીના કામ અંગે થઈ શકે તેવી ગોઠવણ કરીને લાહોરમાંથી નાસી છૂટવા માટે હું દોડાદોડી કરતો હતો ત્યાં તો અણધાર્યો એક તોફાની ટોળાના સપાટામાં હું આવી ગયો. તોફાને ચડેલ ટોળાને શાંત કરવા માટે 'મહાત્મા ગાંધીજીકી જય!' એવો પોકાર કરવાનો વિચાર મારા મગજમાંથી પસાર થયો, પરંતુ એ શબ્દો મોં વાટે બહાર ન જ નીકળી શક્યા! હું મારી ફાટી આંખે ગાંધીજીના સિદ્ધાંતોનો જ પરાજય જોઈ રહ્યો હતો! તેમણે પેદા કરેલી અહિંસા વિષેની એ આંધળી શ્રદ્ધા—

બાજુના ઓરડામાં અરુણા અને દિનકર વચ્ચેની ચર્ચાએ હવે વધારે જોર પકડયું હતું. દિનકર બોલતો હતો: 'તું એમને લઈ જા! ચિત્રપટ કાંઈ ગૃહશાંતિ જેવું ધર્મકાર્ય નથી કે એમાં આપણે સજોડે જ બેસવું પડે!'

અરુણા ચિડાયેલ સ્વરે કહેતી હતી: 'તમે આવવાની કેમ ના પાડો છો તે હું સમજી ગઈ છું! તુલસીક્યારે સાંજના દીવો કરવાનું તમારું નીમ અટકી પડે તેથી! હું કહું છું, તમે આટલું ભણ્યા—આવા જબરા બળવાખોર થયા—ફાંસીએ લટકવાનો વખત આવ્યો છતાં માફી માગવાની ચોખ્ખી ના સંભળાવી—છતાં ગામડાની કોઈ શ્રદ્ધાળુ ડોશીની પેઠે રોજ ઊઠી તુલસીક્યારે દીવો શું પ્રગટતા હશો તે જ હું તો સમજી શકતી નથી!'

એ શબ્દો પાછળ અરુણાનું ખડખડાટ હસવું પણ સંભળાયું. એ હાસ્યની પાછળ ગુલાબના કાંટાની પેઠે સૂક્ષ્મ છતાં ખૂંચે તેવો નિર્ભર્ત્સનાનો ભાવ પારખી શકાતો હતો. મને થયું, મહેમાનોને સિનેમા બતાવવા જવાના સવાલ ઉપર આ પતિપત્ની અત્યારે લડી તો નહિ પડે? એ ઝઘડો ત્યાં જ અટકાવવાનો એક સહેલો ઉપાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારી પાસે હતો. શરીરે આળસ મરડતો મરડતો હું એ ઓરડાના બારણા પાસે પહોંચ્યો અને કહ્યું : 'દિનુભાઈ! આ લાંબી મુસાફરીથી મારું શરીર એવું તો બેજાર બની ગયું છે કે કશું કરવાનું મન જ થતું નથી. આપણે આજે ફરવા જવાનું પણ માંડી વાળીએ, બેઠા બેઠા મજાથી ચા પીએ ને પછી નિરાંતે ગપ્પા હાંકીએ.

દિનકરે અરુણા પ્રત્યે એક સૂચક નજર ફેંકી. 'મૂંગો રહે તે જ આખરે જીતે!' એમ જાણે એને અરુણાને કહેવું હતું.

ચા પીવાનું આટોપી અમે ઊભા થવાનું કરતા હતા એ દરમિયાન ચોપાસ સંધ્યાના આછા ઓળા પથરાવા લાગ્યા. બારીમાંથી મેં બહાર નજર ફેંકી. ઉજાસભરી પ્રકૃતિ–સૃષ્ટિ હવે ધીરે ધીરે કાળાશ ધારણ કરતી જતી હતી; ઘડી પહેલાં બહાર સૂર્યનાં સોનેરી કિરણો પથરાયાં હતાં; હવે એ સોનાએ માટીનો ઘેરો રંગ પકડ્યો હતો! કૂકડીનાં બચ્ચાં પર ઝડપ મારવા માટે પાંખો પસારી ધીરે ધીરે હવામાં તરતી તરતી સમળી નીચે આવતી હોય તેમ રાત્રિની શ્યામતા પૃથ્વી પર ઊતરતી લાગતી હતી.

કોઈ અજાણ ઉદાસીનતાએ મારું ચિત્ત આવરી લીધું. લાહોરમાં જે વેળા જીવનની સુરક્ષિતતા ઓઈ બેઠો હતો ત્યારે દિલ પર જે વિષાદ પથરાયો હતો–પત્ની ટાઇફોઇડમાં સપડાઈ અને હવે તો બચશે નહિ એવું જણાતાં જે ભીષણ છાયાઓ મારા અંતરને ઘેરી વળી હતી–એ સઘળું, કોણ જાણે કેમ, મને અત્યારે સાંભરી આવ્યું. મન વિચારો કરવા લાગ્યું : દુનિયાના પડ ઉપર રાત્રિની કૃષ્ણભીષણ છાયા જ્યારે પહેલવહેલી પથરાતી દેખાઈ હશે ત્યારે આદિ માનવના દિલમાં શા શા ભાવો જાગ્યા હશે? પોતાના મૂંઝાયેલા–બાવરા બનેલા ચિત્તને એણે શાં શાં સાંત્વન આપ્યાં હશે? દિવસના સૂર્યપ્રકાશમાં ચરાચરની સ્થિરતા અંગે પેદા થયેલી શ્રદ્ધા અંધકારનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ બિહામણું સ્વરૂપ દેખતાં જ્યારે હલી ઊઠી હશે ત્યારે એણે શાનો આધાર —

દિનકર એકદમ બોલી ઊઠ્યો: 'વસંત! હું તુલસીક્યારે જરા દીવો પ્રગટી આવું પછી આપણે ગપાટા મારીએ.'

તુલસીક્યારે દીવો પ્રગટવાનું આ બધું શું છે તે હું સમજી ન શક્યો! જૂની સંસ્કૃતિના સારા ગણાતા અવશેષ તરીકે દિનકરના ઘરમાં એ પરંપરા સાચવી રાખવામાં આવી હોય તોપણ તુલસી-ક્યારે દીવો પ્રગટવા દિનકરે પોતે શા માટે જવું જોઈએ? અરુણાને ધર્મધ્યાન પર ભલે આસ્થા ન હોય; પણ કોઈ નોકર દ્વારા તે આ કામ શા માટે કરાવી ન શકે? પણ આ વિષે કોને અને શી રીતે પૂછવું એ જ સવાલ હતો. ઘીનો દીવો લેવા દિનકર અંદરના ભાગમાં ગયો; હું વિચારે ચઢ્યો. દરમિયાન મને એક વિચાર સૂઝી આવ્યો. દિનકર બહાર આવી પહોંચતાં જ મેં સૂચવ્યું: 'ચાલો, આપણે સહુ તુલસીક્યારા પાસે જ ખુરશીઓ નાખીને વાતો કરીએ. બાળ-પણમાં તારી બા આપણને ત્યાં બેઠાં બેઠાં જ રામ અને કૃષ્ણની વાતો સંભળાવતાં, ખરું? ને પેલી શબરીની વાર્તા?'

તુલસીના નકશીદાર બાંધેલા ક્યારા પાસે – ચોતરા પાસે હજુ સહેજ ઝાંખું અજવાળું દેખાતું હતું. પાસેનો જ વીજળીનો દીવો ચેતવવા અરુણા ઊભી થવા જતી હતી તેને નિશાની વડે જ દીવો ન કરવા દિનકરે સૂચવ્યું ને એકાગ્ર દૃષ્ટિએ તે તુલસીક્યારા પાસે ગોઠવેલા નીરાજન તરફ મીટ માંડી રહ્યો. મને પણ એ દૃશ્ય કાવ્યભર્યું લાગ્યું. સંભવ છે કે જૂના સંસ્કારોએ એ ભાવ પેદા કર્યો હોય. પરંતુ પવિત્રતાના પ્રતીકસમો સામેનો તુલસીનો છોડ, મંદ વાયુ લહરીઓમાં નાનાંનાનાં ચમ્મરની પેઠે ઝૂલી રહેલી એની અસંખ્ય મંજરીઓ, ઘીના દીવાના સૌમ્ય શાંત પ્રકાશમાં નાચી રહેલા એના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડછાયા, એ નાની શી જ્યોતિએ આસપાસના અંધકારમાં ફેલાવેલું આછું તેજોવલય—બધાએ મળી ઘડી પહેલાં મારા અંતરમાં જે અકથ્ય વેદનાઓ થતી હતી તેને ધીરે ધીરે શાંત કરી દીધી. મેં એક વાર કહીં એક વાક્ય વાંચેલું તે સાંભરી આવ્યું: 'ભારતીય સંસ્કૃતિ સંહારક નથી; એ વિકાસશીલ સંસ્કૃતિ છે.' આ ક્ષણે મને એ વાક્યનો સાચો મર્મ સમજાયો. દિલમાં પથરાતી પ્રસન્નતાથી મેં દિનકર તરફ જોયું ને બોલ્યો: 'દિનુ! મારે તને એક વાત પૂછવી છે.'

'તું પૂછે તે પહેલાં જ મેં એ વાત કહી દેવાનું ધાર્યું છે — આ સંધ્યાદીપની, તુલસીક્યારે પ્રગટાતા આ દીવાની. વાતને બદલે આપણે એને આખ્યાયિકાનું નામ પણ આપી શકીએ. અરુણાને પણ એક વાર તે સંભળાવવી એમ ઘણા દિવસથી મારા મનમાં થયા કરતું હતું પણ એ કોમ્યુનિસ્ટ શ્રોતા મારી આખ્યાયિકા સાંભળવા તત્પર થશે કે કેમ એની શંકા રહેતી, તેથી —'

'હું ન સમજ્યો.'

'અરે ભાઈ! એમ તો હું પણ સમાજવાદી છું. પણ હું ગાંધીજીમાં માનું છું એ જ મોટું દુઃખ છે! એ કારણે ગાંધીવાદીઓની અનેક ઘેલછાઓ પૈકીની આ પણ એક ઘેલછા છે એમ અરુણા માની બેઠી છે. હું જેલમાં પુરાયો તે પછી અરુણા સમાજવાદી સાહિત્ય વાંચવા લાગી. અને એ બધું વાંચતાં વાચતાં એમાંથી સામ્યવાદી વિચારો ધરાવતી બની ગઈ! એટલે મેં પણ તેને આ બધું કહેવાનું માંડી વાળ્યું. પરંતુ આજે સવારે જ્યારે આપણે મળ્યા ત્યારે તેં પણ ગાંધીજીની શ્રદ્ધા પ્રત્યે ઉપહાસવૃત્તિ દાખવી ત્યારથી તને પણ આ બધી હકીકત કહી સંભળાવવી એમ મેં મનમાં ગાંઠ વાળી હતી. વસંત! આજે આપણા દેશમાં કોઈ ખરેખર દુર્ભાગી માણસ હોય તો તે ગાંધીજી છે. સાચી વાત એમ છે કે ગાંધીજીએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોકોને કદી ભરમાવ્યા નથી, પણ લોકોએ જ તેમને ફસાવ્યા છે! અને એવા લોકોમાં તારા-મારા સરખા લાખો ભણેલાઓનો પણ સમાવેશ થાય છે! આપણે જ સહુએ એમની અતિ કઠોર–અઘોર વંચના આદરી છે. તેમની અહિંસા પર જેમને મુદ્દલ શ્રદ્ધા નહોતી તેવા અનેકોએ તેવી શ્રદ્ધા છે એવો દેખાવ રાખ્યા કર્યો; પણ એ લોકોની ન તો અહિંસા પર શ્રદ્ધા હતી અગર ન તો તેમને હિંસામાં પણ વિશ્વાસ હતો! તેમને તો વિના મહેનતે જ સ્વાતંત્ર્ય મળી જાય એવું જ કેવળ જોઈતું હતું! માણસ કઈ બાબત પર શ્રદ્ધા ધરાવશે એ તો એના પોતાના સ્વભાવ અને પસંદગી પર અવલંબે છે. પણ જો કોઈ વસ્તુ પરત્વે આપણને એક વાર શ્રદ્ધા ઊપજે તો પછી એની ખાતર વખત આવે લીલાં માથાં ઉતારી દેવા પણ તૈયાર રહેવું જોઈએ! ગાંધીજી પોતે આવી શ્રદ્ધા ધરાવે છે. આથી જ એક ભારે મહાપ્રશ્નમાં–દેશને અખંડ જાળવી રાખવાના સવાલમાં તેમને ભલે યશ ન મળ્યો, છતાં હજી મારે મન તેઓ વંદનીય વિભૂતિ રૂપે જ રહ્યા છે. દેશની આજની દુઃખદ પરિસ્થિતિની જવાબદારી ગાંધીજીને માથે ઓઢાડી દેવાનો કશો અર્થ નથી. એ દુઃખદ ઘટનાનો ઉગમ તેમના સિદ્ધાંતમાંથી નથી થયો; એનો ઉગમ તો તારા-મારા જેવાની અશ્રદ્ધામાંથી, અજ્ઞાનમાંથી, કર્તવ્યશૂન્યતામાંથી—'

'તું તો આ સંધ્યાદીપ વિષેની આખ્યાયિકા સંભળાવવાનું કહેતો હતો, તેમાં આ ક્યાંથી આવ્યું?' મેં વચ્ચે જ સવાલ કર્યો.

'હા ભાઈ, હા!' દિનકરે ખડખડાટ હસીને કહ્યું. તુરત મોં પર પાછા ગંભીર ભાવો આણી તેણે ચલાવ્યું: 'હું જ ભીંત ભૂલ્યો કે આખ્યાયિકા સંભળાવવાને બદલે તમને શરૂઆતમાં જ એક ભાષણ સંભળાવી દીધું! આવાં બોધવાક્યોથી કલાને ભારે ક્ષતિ પહોંચે છે એમ અમારા મોટા મોટા મરાઠી ટીકાકારો કહે છે, પણ—'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'એ બધા ખાડામાં પડ્યા!' મેં કંટાળીને કહ્યું. 'તું આ સંધ્યાદીપની વાત જ કહે ને?'

તુલસીના છોડ સન્મુખ શાંત, સતત સ્થિરપણે જલી રહેલા દીના દીવા તરફ ઘડીભર દિનકર ભક્તિભાવે તાકી રહ્યો. પછી મારા સામે મોં ફેરવી બોલ્યો: 'વસંત! બેંતાળીશની લડતમાં મારું નામ દેશ ખાતર કુરબાની કરનાર તરીકે ખૂબ ખૂબ જાણીતું થયું હતું તે વાત તું જાણે જ છે. પણ એ આઠમી ઑગસ્ટની રાત્રે આઠનવને સુમારે એટલે જ્યારે ગાંધીજી 'કરેંગે યા મરેંગે'નો આખરી સંદેશ પ્રજાને સંભળાવી રહ્યા હતા તે જ ક્ષણોમાં હું શું કરતો હતો તે તું જાણે છે?' એમ કહી અરુણા તરફ એક લુચ્ચી નજર ફેંકી ઉમેર્યું, 'તે દિવસે અમે એક અંગ્રેજી ફિલ્મ જોવા ગયાં હતાં; તેના એક પ્રેમપ્રસંગમાં અમે એવાં તો તલ્લીન થઈ ગયાં હતાં કે—'

અરુણા ડોળા કાઢી દિનકરને બંધ રહેવાનું કંઈક કહેતી હોય એમ મને દેખાયું. પણ એ તરફ જાણે પોતાનું ધ્યાન ગયું જ નથી એવો દેખાવ રાખી દિનકરે ચલાવ્યું: 'એક બાજુ ગાંધીજી દેશને કરેંગે યા મરેંગેનો સંદેશ સંભળાવી રહ્યા હતા ત્યારે હું અરુણાનું પ્રથમ ચુંબન લેવામાં પડ્યો હતો!'

માથાને એક મોહક મરોડ આપતાં છણકા સાથે અરુણાએ પોતાનો નિષેધ દાખવ્યો: 'છિ:!'

દિનકરે હસીને કહ્યું: 'જોયું? હિંદુ સ્ત્રી ચાહે તો સમાજવાદી બને અગર ગમે તે વાદ ધરાવતી થાય, પણ આખરે હાડે તો તે હિંદુ સ્ત્રી જ રહેવાની! કેમ, ખરું છે ને?'

પણ મારે તો દિનકર કહેવા ધારતો હતો તે સંધ્યાદીપની આખ્યાયિકા સાંભળવી હતી. એટલો કશો જવાબ આપ્યા વિના માત્ર હું હસ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દિનકરે ચલાવ્યું : 'આખ્યાયિકાને વધારે રંગ ચડાવવા માટે મેં આ ચુંબનપ્રકરણ અહીં દાખલ કર્યું છે એમ તું રખે માનતો ! આ બિના જાહેર કરવાનો હેતુ એટલો જ છે કે આઠમી ઑગસ્ટની છેક રાત સુધી હું દેશભક્તનું માનસ જરા ય ધરાવતો નહોતો એ તું બરાબર જાણી શકે. ચાલુ મહાયુદ્ધનો લાભ લઈને દેશ સ્વતંત્ર બને એમ તો બીજા અનેકોની પેઠે હું પણ ઇચ્છતો જ હતો. પણ તે ખાતર આપણે પણ કશુંક કરવું જોઈએ, એનો ખ્યાલ મને સ્વપ્ને પણ ઊભો થયો નહોતો. તાજેતરમાં જ હું એમ. એસસી. થયો હતો; મારા મોટા ભાઈ સખજજજ હોવાથી મને એક સરકારી કૉલેજમાં તુરત પ્રોફેસરશિપ મળી જવાનો સંભવ હતો, ને મારે એ નોકરી સ્વીકારી લેવી એવો આગ્રહ મોટા ભાઈ તેમ જ બા પણ કરી રહ્યાં હતાં. પણ મારા મગજમાં પરદેશ જઈને કશી શોધખોળ કરીને નામના મેળવવાના વિચારો ઘોળાયા કરતા હતા. અને એથી મેં એ પ્રોફેસરશિપની જગ્યા માટે અરજી પણ ન કરી. બેત્રણ મહિના હું નવરો જ બેસી રહ્યો હતો.' અહીં ફરી તેણે અરુણા સામે જોયું, ને તેના તરફ નજર રાખીને જ આગળ ચલાવ્યું : 'અંગ્રેજીમાં કહેવત છે કે નવરા માણસના દિલમાં સેતાનનો પ્રવેશ તુરત થાય છે. બાળકોની બાબતમાં એ કહેવત કદાચ સાચી હશે, પરંતુ જુવાનોની બાબતમાં બોલવું હોય તો એમ કહી શકાય કે 'નવરા જુવાનના દિલમાં સુંદર સ્ત્રીનો પ્રવેશ ઝટ દઈને થઈ જાય છે!' મારી નવરાશના એ બેત્રણ મહિના દરમિયાન અરુણાનો અને મારો પરિચય એટલા પ્રમાણમાં વધતો ચાલ્યો કે—'

વચ્ચે અરુણાએ રોષયુક્ત સ્વરે છણકો કર્યો : 'એ વાત હમણાં ન કરીએ તો?'

દિનકરે હસીને વાત આગળ ચલાવી: 'આઠમી ઑગસ્ટે રાત્રે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘેર પાછા ફર્યા પછી અમારી આ હકીકત બા અને મોટા ભાઈ પાસે કેવી રીતે રજૂ કરવી એના હું વિચારે ચડયો. બીજે દિવસે રવિવાર હતો; મોટા ભાઈને રજા હતી. બપોરે જમતાં જમતાં ધીરેથી આ વાતને ઉચ્ચારવી એવી મનમાં ગાંઠ વાળી આખરે રાતના એક વાગતાં હું સૂતો. પણ બીજે દિવસે હું જાગ્યો ત્યાં તો ગાંધીજી અને બીજા સંખ્યાબંધ આગેવાનો પકડાયાના અશુભ-દિલ હલાવે તેવા ખબર આખા દેશમાં પથરાઈ ગયા હતા! હું પણ ખૂબ બેચેન બની ગયો. સરકારી દમનનાં વિરાટ-વિકરાળકાય ચક્રો એકાએક વેગથી ગતિમાન થવા લાગ્યાં. ત્રિરંગી વાવટો જાહેરમાં લઈ જવાનું પણ જોખમભર્યું બન્યું. નાનાં બાળક-બાલિકાઓનાં સરઘસો પર ભીષણ લાઠીમાર થયા ને સરઘસો તોડી પાડવામાં આવ્યાં. લાઠીમારથી ન અટકતાં ગોળીબારનું પ્રમાણ પણ હદ બહાર વધી પડયું. પુરાણકાળે યજ્ઞોનો વિધ્વંસ કરવા માટે રાક્ષસો ઊતરી આવતા; બેંતાળીશમાં દેશની સ્વાતંત્ર્યલાલસાના એ પવિત્રતમ અગ્નિને બુઝાવી દેવા માટે બ્રિટિશ સામ્રાજ્ય રાક્ષસી તાંડવ કરી રહ્યું! એ સ્વાતંત્ર્યઅગ્નિ જાહેરમાં સાચવી રાખવાનું અશક્ય છે એમ દેખનાર વર્ગે એનું સંરક્ષણ છૂપી રીતે કરવાનું બીડું ઝડપ્યું. નાનાં-મોટાં, સ્ત્રીઓ-બાળકો, ભણેલ તેમ જ અભણ, ગરીબ અને શ્રીમંત: સઘળો પ્રજાજન પણ જાણે હઠે ભરાયો. યજ્ઞવેદી પરના એ પવિત્ર અગ્નિને પ્રજ્વલિત રાખવા માટે અનેકોએ પોતાનાં લોહીમાંસની આહુતિઓ આપી! પ્રેમ અને કાવ્યની સગી બહેન તરીકે હારમાં ઊભી શકે તેવી દેશભક્તિ પણ છે, કેમકે તેમાં પણ એક તરેહની કેફ આણવાની શક્તિ સમાયલી છે. મેં જાતે એ કાળે આ કેફનો અનુભવ લીધો. નદીમાં મડાપુર આવ્યાં હોય ત્યારે કાંઠે કોઈ ઝાડ સાથે બાંધી રાખેલું હોડકું પણ તેમાં ખેંચાઈ જાય, તેમ હું પણ લડતના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ મહાવંટોળમાં ઘસડાઈ ગયો–અને જોતજોતામાં તેમાં ઊંડે ઊતરી ગયો. કૉલેજમાં જઈ મોઢેથી ભાષણો આપવાને બદલે મેં મારી વિદ્યાને બૉમ્બ બનાવવાના કામમાં વાપરવા માંડી.'

પવનની એક જોરદાર લહરીએ નીરાજનની જ્યોતને થથરાવી દીધી. દિનકર તેના તરફ જ જોઈ રહી બોલતો હતો: 'આ લડતમાં હું જોડાવાની કોઈ જાતની જરા સરખી માહિતી પણ મેં મોટા ભાઈને કાને પહોંચવા ન દીધી. પણ ચોતરફ જામેલા વાતાવરણ અને મારી અનિયમિત આવજાને લઈને બાને તો જરા તરા શંકા આવી જ ગઈ હતી. છતાં મને તે હમેશાં કહ્યા કરતી: "જો ભાઈ! ગાંધીજી જેવા દુનિયાના મહાપુરુષ જે કરે તે ખોટું હશે એમ તો મારાથી ન કહેવાય. પણ તું જે કરે તેમાં જીવનાં જતન કરવાનું ન ભૂલીશ."

'આમ દિવસો પસાર થવા લાગ્યા. સરકારી દમનના પ્રત્યુત્તર રૂપે જ અમારી છૂપી મંડળીએ એક થિયેટરમાં બેત્રણ બૉમ્બ ગોઠવવાનું ઠરાવ્યું. એ થિયેટરમાં ગોરા સોલ્જરોની જ ભીડ વધારે રહેતી. બૉમ્બ ગોઠવવાની જવાબદારી કોણે લેવી તે નક્કી કરવા માટે ચિઠ્ઠીઓ નાખવામાં આવી. ચિઠ્ઠી ઉપાડનાર નાના બાળકે પહેલી ચિઠ્ઠી ખોલી વાંચ્યું: "દિનકર થોરાત!" મારું નામ ઉચ્ચારાતું સાંભળતાં જ અભિમાન અને ભીતિ બંનેની મિશ્ર લાગણીઓભરી એક આછી ધ્રુજારી મેં પગથી માથા સુધી અનુભવી. પગ તળે સર્પ વીંટાય તે જ વેળાએ કોઈ વહાલું માનવી આવીને ભેટી પડે એવી મિશ્ર સંવેદના તે વેળા મને થઈ આવી! નક્કી કરેલે સ્થળે રાતના આઠ વાગતાં બરાબર પહોંચી જવાય એ હેતુથી હું રોજ કરતાં ઘણો વહેલો–સાંજ પડતાં પહેલાં જ ઘેર પહોંચ્યો.

'દરિયાકાંઠે કોઈ અતિ ઊંચી પરંતુ બહુ જ સાંકડી એવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિલા ઉપર જાણે ઊભો છું એમ મને સતત લાગ્યા કરતું હતું. પકડાઈ જઈશ તો મોટા ભાઈ શું ધારશે? અરુણાને કેવું લાગશે? બાના દિલમાં કેવો જબરો આઘાત થશે? વગેરે અનેક વિચારો વારાફરતી મગજને ડોલાવી રહ્યા હતા. ઘેર જતો હતો ત્યારે માનસિક રીતે સૂનમૂન દશામાં જ હું હતો. ઘેર પહોંચ્યો ત્યારે બાને સખત તાવ આવ્યો હતો. હમણાં હમણાં તેની તબિયત બરાબર તો રહેતી જ નહિ, એથી એને તાવ આવ્યાનું જાણ્યાથી મને નવાઈ ન લાગી. પણ જ્યારે તેણે ધગધગતો હાથ મેં મારા હાથમાં લીધો, ત્યારે એમ થઈ આવ્યું કે આ ઊભે પગે જ પાછા જઈને મંડળીમાં જાહેર કરી દેવું કે 'આજે મારાથી ધારેલું કામ બની શકે તેવું નથી.' પણ મને તેમની મશ્કરીનો ડર લાગ્યો. બાના પગ દબાવતો હું તેની પાસે જ ઝેરી પડ્યો, પણ મારે ત્યાં વધારે લાંબો વખત થોભવું ન પડ્યું. મારા બંને હાથ પોતાના સુકાઈ ગયેલા હાથમાં પકડીને—

'વસંત! બાના એ કૃશ હાથનો સ્પર્શ સંભારું છું ત્યારે અત્યારે પણ સુકાઈ ગયેલા તુલસીના છોડ પરની મંજરીઓ મને યાદ આવે છે.'

સમાજવાદી બનવા તૈયાર થયેલી—બનેલી અરુણા દિનકરની ઉપમાને ઉપહાસમાં ઉડાવી દેશે એવી શંકાથી મેં તેના તરફ જોયું; પણ કોઈ પથ્થરની પ્રતિમા પેઠે અત્યારે તે નિશ્ચલ બની બેઠી હતી. મેં મારાં શ્રીમતી તરફ નજર ફેંકી; તે પણ કોઈ ચિત્રિત રમણી પેઠે સ્થિરપણે બધું સાંભળી રહી હતી.

દિનકરે જરા ગંભીર સ્વર ધારણ કરી કહેવા માંડ્યું: 'મારા હાથ પોતાના કૃશ હાથની વચ્ચે પકડી રાખી બાએ મને કહેવા માંડ્યું: "ભાઈ દિનુ! મને ભગવાનનો સાદ સંભળાય છે—મને તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેડાવે છે. મારા મનમાં બીજી કોઈ લાલસા રહી નથી. પણ નાની વહુને ઘરમાં આવેલી જોઉં અને એને હાથે તુલસીક્યારે સાંજના પ્રગટેલા દીવાનાં હું દર્શન કરીને તારા ખોળામાં માથું મૂકી પછી આંખ મીચું એટલું જ—"

'મેં બાને આગળ વધારે બોલવા ન દીધું. હસીને મેં જણાવ્યું: "બા! હવે તારો જમાનો નથી રહ્યો! આજની ભણેલી છોકરીઓ તું ધારે છે કે સાંજ પડ્યે તુલસી પાસે ઘીનો દીવો પ્રગટવા જાય? અશક્ય! એ સાંજના બહાર ફરવા જશે, ટેનિસ કે બેડમિંગ્ટન રમવા જશે, મહિલામંડળોમાં બેસી ગંજીપો ટીચશે, ડોરોથી-લામૂરની ફિલ્મ આવી હશે તો તે જોવા જશે, પણ—"

'મારા પ્રસ્તાવનો બાએ હસીને જવાબ આપ્યો: "ભાઈ! તારી એ ડોરોથી કે ફોરોથી હું શું જાણું? પણ હું ભણેલી ભલે ન હોઉં, છતાં દરેક પેઢીએ ભગવાન નવા નવા રૂપે હાજર જ થાય છે એટલું તો હું જાણું જ છું. તારી વહુ ગમે તે ભગવાનને ભજે એનો મને જરા ય વાંધો નથી. મારે તો તેને એક જ વાત કહેવાની છે: દીકરી! તને ગમે તેને તું ભગવાન ભલે માને. પણ જેને એક વાર ભગવાન તરીકે ગણે તેના પ્રત્યે પૂરેપૂરો ભાવ રાખજે. એની પૂજા અર્થે પ્રાણ અર્પણ કરવા પડે તોપણ પાછું વાળી—"

'એ શબ્દો ઉચ્ચારતી વેળા બાની એ ઊંડી ઊતરી ગયેલી નિસ્તેજ આંખોમાં પણ કોઈ અજબ તેજ ચમકી ઊઠ્યું! આખી જિંદગી જે ધર્મનું એણે મનોભાવે નિષ્ઠાપૂર્વક પાલન કર્યું હતું, તે જાણે સાકાર બની તેની નજર સામે એ વખતે હાજર થયો હોય એમ દેખાતું હતું. મારા હાથ વધારે જોરથી દાબતાં બાએ ઉમેર્યું: "બેટા દિનુ! જે દિવસે મેં થોરાતોના આ ઘરમાં પરણીને પહેલવહેલો પગ દીધો તે દિવસે હું સાવ બાળક જેવી હતી. પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલે જ દિવસે ખૂબ પ્રેમથી સાસુજીએ મને પોતા પાસે બેસાડી હેતથી કહ્યું: 'દીકરી, બેટા! આજે તેં જે કુળમાં પગલાં માંડ્યાં છે તેની ખાનદાની ઘણી મોટી (થોર) છે! એની મોટાઈ તું સદા જાળવી રાખજે! આપણા કુળમાંથી એક કન્યાનું મહારાજ શંભાજી હરણ કરી ગયેલા. પણ રખાત તરીકે જીવતા રહેવા કરતાં તો મૃત્યુ હજાર દરજ્જે સારું એમ માનીને એણે કિલ્લાને કાંગરેથી નીચે ખીણમાં પડતું મૂકી પ્રાણાર્પણ કર્યું હતું. એ સતીનાં સંભારણાં તરીકે આપણા કુળમાં સાંજે તુલસીક્યારે ઘીનો દીવો પ્રગટવાનો રિવાજ ચાલે છે. દુઃખમાં, આપત્તિકાળે, ઘોર અંધકારમાં પણ એ જ્યોતિ જ તને સદા ય માર્ગદર્શન કરાવશે!"

'વધારે બોલવાથી થાક લાગે એમ સમજાવી બાને મેં છાનામાના પડી રહેવાની વિનતિ કરી, પણ તાવ ચડ્યો હોય ત્યારે માણસથી ઘણુંબધું બોલ્યા વિના રહેવાતું નથી. બાની બાબતમાં પણ એવું બન્યું. ઘડીની પણ વિશ્રાંતિ લીધા વિના જ તેણે આગળ ચલાવ્યું: "સાસુજીનાં એ વેણે મને આખા જીવતર દરમિયાન ભારે મોટો સાથ આપ્યો છે. બેટા દિનુ! તમે બંને ભાઈઓ બહુ નાના હતા ત્યારે જ તમારા બાપુ તો ચાલ્યા ગયા હતા. ઘરમાં જે કાંઈ થોડું ઘણું હતું તે પણ પિતરાઈઓ ઉઠાવી ગયા. પણ હું હિંમત હારી નહિ. થોરાતના કુળનું નામ ઊજળું રહે એ માટે મેં મારી જાતને ઘસી નાખી. કોઈ કહેતાં કોઈનો મારે આધાર રહ્યો નહોતો! છતાં મેં તારા મોટા ભાઈને આટલું ભણાવ્યો; એ ભણાવતી વેળા કેવી કેવી મુશ્કેલીઓ.....કોઈ કોઈ વાર હું છેક હિંમત હારી જતી – હારણ થઈ બેસતી! પણ જ્યાં સાંજે દીવો સળગાવી તુલસીમાતાને પગે લાગી આંખો ઉઘાડું ત્યાં તો મારી ઓસરી ગયેલી હિંમત પાછી આવી જતી. ધીરે ધીરે મંદ મંદ બળતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ ઘીનો દીવો જોઈ હું મનમાં મનમાં વિચાર કરતી: આ જ્યોતિને સાચવનારું ભગવાન વિના બીજું કોણ છે? આમ ખુલ્લામાં, પવનના ઝપાટા વચ્ચે, ઘોર અંધારામાં પણ બિચારી એકલી અટૂલી એ ટકી રહે છે! મારે પણ એમ જ શા માટે ન જીવવું?"

ભીની થયેલી આંખની પાંપણો દિનકરે રૂમાલ વડે લૂછી, ને ઘડી પડેલા કરતાં ય વધારે ક્ષીણ બનતી જતી એ નીરાજનની દીપજ્યોતિ તરફ ઘણો વખત સુધી ધારી ધારીને તે જોઈ રહ્યો. તેની વાતનો આગળનો ભાગ જાણવા મારી ઉત્સુકતા મને વારે વારે ચંચળ કરી રહી હતી; પણ એનું મૌન મને સમાધિ જેવું જણાયું. એ એકતાનતાનો ભંગ કરવાનું મને મન ન થયું. થોડી વાર પસાર થતાં આખરે દિનકરે જ બોલવા માંડ્યું: 'અરે, શું હું વચ્ચે જ અટકી ગયો હતો? ભજવાતા નાટકમાં આટલા બધા તદ્રૂપ થવું એ વ્યાજબી ન જ ગણાય; મારે કોઈ પાઠ ભજવવાનો વારો આવે તો હું ધારું છું કે એમાં હું નિષ્ફળ જ નીવડું! ચારુ, મેં ક્યાં સુધી વાત આણી હતી?' અને જરા વાર યાદ કરી લઈ તેણે ચલાવ્યું: 'હા; તે દહાડે મારાં ભાભી બાળકો સાથે ક્યાંઈ બહાર ગયેલાં; અને નોકર માણસ પાસે સંધ્યાદીપ પ્રગટાવવાનું તો બાને કદી ગમતું જ નહિ. એટલે શરીરમાં આટલો બધો તાવ ભર્યો હતો છતાં પોતે ઊઠવા માટે ઊંચીનીચી થવા લાગી. મેં તેને ના પાડી અને જાતે જ તે દિવસે મેં તુલસીક્યારે દીવો મૂક્યો. પણ એ નાનકડી મંદ જ્યોતિએ તે દહાડે પણ મારા દિલમાં અજબ હિંમત જગવેલી તે મને બરાબર યાદ છે!

'તુલસીક્યારે દીવો પ્રગટીને હું ઘરમાં પાછો ફર્યો ત્યાં બાને ઊંઘ આવી ગઈ હતી. તે જાગી ન જાય એટલી સાવચેતીપૂર્વક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેને ચરણે મસ્તક મૂકી હું બહાર જવા નીકળ્યો, ત્યારે મારા અંતર માંહેનું સઘળું તોફાન શમી ગયું હતું.

'રાત્રે થિયેટરમાં મેં મારું કામ બરાબર વ્યવસ્થિત રીતે પાર પાડ્યું; પણ મારા એક સાથીદારની ગફલતને પરિણામે પોલીસને હાથતાળી દઈ છટકી જવાનું અમારાથી બની ન શક્યું! મને પરહેજ કરી જેલની કોટડીમાં પૂર્યો ત્યાં સુધી હું શાંત હતો; મારા મનમાં હું મલકાયા કરતો હતો. પણ કોટડીને તાળું વસાતાં જ એની અંદરનો અંધકાર જાણે મને ખાવા ધાતો હોય એમ લાગ્યું. હું ઊંઘી ન શક્યો. સવાર પડતાં જ બાને કાને આ વાત પહોંચશે ત્યારે એ બિચારીની શી દશા થશે? અરુણાને કેટલું દુઃખ થશે? મોટા ભાઈ કેવા ગુસ્સે થશે? વગેરે વિચારો વારેવારે મને સતાવવા લાગ્યા. ઘડીભર તો એમ પણ થઈ ગયું કે ભોગ લાગ્યા ને હું આ ફંદમાં ફસાયો! લડાઈના રણમેદાનમાં કાન પાસેથી સુસવાટ કરતી ગોળીઓ ચાલી જતી હોય છતાં હસતે મોંએ પોતાની ફરજ બજાવ્યા કરવાનું સૈનિકોને માટે સહેલું છે; પણ મહિનાઓ સુધી કોઈની સાથે અક્ષર પણ બોલ્યા વિના પથારીમાં જ પડ્યા રહેવાનો વારો આવે તો તે દશા—

'ખટલાની તપાસ સરકારી પદ્ધતિએ થવા માંડી. રોજ અદાલતમાં જતો ત્યારે ભારે રૂઆબભેર હું સહુની સામે જોયા કરતો; પરંતુ સાંજે કોટડીમાં એકલો પુરાતાં જ હજારો વીંછીની વેદનાઓથી મન વ્યાકુળ બની જતું. અનેક ન ધારેલાં સંસ્મરણો ઊભરાઈ આવી દિલને બેચેન બનાવી દેતાં. વારેવારે અરુણાનું લીધેલું પેલું ચુંબન યાદ આવ્યા કરતું. બિછાને પડેલી માંદી માતાની મૂર્તિ ઘડી ઘડી નજર સામે તર્યા કરતી. મેં ગોઠવેલા બૉમ્બના ધડાકાને પરિણામે એક ગોરો સિપાઈ મૃત્યુ પામ્યો હતો, અને બીજા બે ઘાયલ થયા હતા. લોકો બોલી રહ્યા હતા કે કેસ ચલાવનાર અદાલતનો ન્યાયાધીશ પોતાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રમોશન મળે તે ખાતર ખુદ પોતાની માતાનું ગળું કરવામાં પણ પાછી પાની ન કરે તેવા સ્વભાવનો છે! એ પરિસ્થિતિમાં મને કઈ તરેહની સજા થશે એનો જેમ જેમ હું વિચાર કરતો ગયો—

'રાત્રે ભારે વિચિત્ર સ્વપ્નો મને આવતાં. જાણે કોઈ મને ઊંચા પર્વતશિખર પરથી ઊંડે ખાઈમાં ધકેલી દે છે; જાણે કોઈ વીજળીની ખુરશી પર લઈ જઈને મને ગોઠવે છે; જાણે એક ભીંતે અઢેલીને મને ઊભો રાખવામાં આવ્યો છે અને સામેથી ગોરાઓની એક ટુકડી મારી છાતી સામે બંદૂક ધરી ક્રૂરતાથી નિશાન લઈ રહી છે. આવાં તરેહ તરેહનાં સ્વપ્નોએ મારી ઊંઘ ઉડાડી દીધી! મને ભય પેઠો કે રાતદિવસ આવા એક જ જાતના વિચારો કર્યા કરવાથી હું ગાંડો તો નહિ થઈ જાઉં? વસંત! સાચી વાત કહી દેવામાં શરમ આવે છે. પણ સત્યને છુપાવવામાં માનવી આત્મવંચના કરે છે એ હું સમજું છું; હું જાણું છું કે એમાં માનવી માણસાઈથી ઘણી ઊતરતી પાયરીએ જઈ પહોંચે છે, અને એટલે જ કશું છુપાવ્યા વિના જ હું તને સઘળું કહી દેવા માગું છું. એ દિવસોમાં એચાર વખત તો હું એવા નિર્ણય પર આવી જવાની અણિ પર જઈ પહોંચેલો કે જ્યારે એમ થઈ ગયેલું કે ચોતરફથી થઈ રહેલી ગૂંગળામણ સહેવા કરતાં તો એકદમ માફી માગીને છુટકારો મેળવી લેવો!'

નીરાજનની જ્યોતિ અત્યારે બહુ ક્ષીણ બની ગઈ હતી. દિનકરની એ કબૂલાત મારા માટે છેક અણધારી હતી! એ એકરાર સાંભળતી વેળા અરુણાના ચહેરા પર કઈ તરેહના ભાવો પ્રગટ્યા હતા તે જાણવાની મારી તીવ્ર ઉત્કંઠા હતી છતાં એ અતિ મંદ પ્રકાશમાં એનું મોં સ્પષ્ટ રીતે જોઈ શકાતું ન હોવાથી હું લાચાર બન્યો. દિનકરે વાત આગળ ચલાવી. મને ભાસ થયો કે એનો અવાજ હવે મંદિરના ઘંટારવ જેવો ધીરગંભીર રણકાર કરી રહ્યો છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'વસંત! એક તરફથી મારું મન આ રીતે ડગમગી રહ્યું હતું, ને બીજી પાસથી મોટા ભાઈ સંદેશા પર સંદેશા મોકલી રહ્યા હતા: "આની આંખે આંસુ સુકાતાં નથી. હવે આ બહુ થોડા દિવસની મહેમાન છે. છેવટ આની ખાતર પણ માફી માગી લે તો ઘણું સારું!"

'એક દિવસે મોટા ભાઈ પોતે મારી મુલાકાતે આવ્યા! મને જોતાં જ તેમનું હૈયું ભરાઈ આવ્યું; તેઓ મોં વાટે અક્ષર પણ બોલી ન શક્યા. તેમનું મારા પ્રત્યેનું હેત દેખી મારું હૈયું પણ દ્રવી ઊઠ્યું. બા અગર અરુણા ખાતર નહિ તો છેવટ મોટા ભાઈ ખાતર પણ મારે દુનિયામાં જીવતા રહેવું જ જોઈએ એવો ભાવ મારા મનમાં દૃઢમૂળ બન્યો. સરકારના તે એક મોટા અને વફાદાર અધિકારી હતા; મને છોડાવવા માટે તેમણે આભપાતાળ એક કર્યાં હતાં. પરંતુ માફી માગ્યા વિના સરકાર કોઈ પણ બાબત ધ્યાન પર લેવા તૈયાર નહોતી. આખરે મોટા ભાઈએ મને બાના સમ દીધા, એટલે માફીપત્રક ઉપર સહી કરવાની મેં તેમની પાસે કબૂલાત કરી.

'બીજે દિવસે સાંજે માફીપત્રકની અરજી ઉપર મારી સહી લેવા મોટા ભાઈ ફરી મને મળવા આવવાના હતા. એક વાર તો એવો વિચાર પણ થઈ આવ્યો કે માફીપત્રક પર જાતે કાંડાકલમ કરી દેવા કરતાં તો પોતે જ ગળું ભીંસી દઈ આપઘાત કરીને આ બધી પંચાતમાંથી કાયમને માટે છૂટા થવું શું ખોટું? વળી મન બીજી જાતના વિચારતરંગે ચડતું. તે કહેતું: દુનિયાનો વહેવાર આવો જ હૃદયહીન છે. ભાવનાઓ પાછળ સંપૂર્ણ શ્રદ્ધાથી લાગી પડનાર એની અગ્નિજ્વાળાઓમાં બળી મરે છે; દેખીને ડગલું ભરનારા વ્યવહારકુશળ આદમીઓ એ જ અગ્નિ પર પોતાનાં પકવાન્ન પકાવીને ઓડકાર દે છે. પોતાનું અતિશય વહાલામાં વહાલું માણસ મૃત્યુ પામે ત્યારે પણ તેનો સાથ વધારેમાં વધારે સ્મશાન સુધી – એ મૃત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેહને ચિતા પર ચડાવતાં લગી થઈ શકે છે; પણ પોતે કાંઈ ચિતા પર સૂઈ જતો નથી! એ આખી રાત અને બીજે દિવસે પણ મેં મનની આ દ્વિધાવૃત્તિનું જે દ્વંદ્વયુદ્ધ અનુભવ્યું તેની વેદના એકલો હું જ માત્ર જાણું છું! મારી એ મનોવૃત્તિઓનો એ કેવળ ઝઘડો નહોતો; એ મસ્ત આખલાઓની એ સાઠમારી હતી! આખરે એ બંને વૃત્તિઓ લોહીલોહાણ થઈ નિષ્પ્રાણ બની, પણ એમાંથી એકેયનો વિજય તો ન જ થયો!

'બીજે દિવસે જેમજેમ સાંજ પડવા લાગી અને મોટા ભાઈને આવવાનો વખત નજીક આવતો ગયો, તેમ તેમ મારા હૃદયના ધબકારા ખૂબ વધી પડ્યા. એમ લાગી જતું કે એ ક્ષણ આવી પહોંચે તે પહેલાં જ આ આખું મકાન ધસી પડે–ઊખડી પડે ને હું તેમાં દટાઈ મરું તો કેવું સારું! મારી નજર બારીની બહાર ખેંચાઈ. તડકો નમી ગયો હતો. થોડી વારે કોટડીનું બારણું ખખડ્યું. અરુણાનું પેલું ચુંબન, શોધખોળ અંગેની અનેક મહત્ત્વાકાંક્ષાઓ, બાની આંસુભરી મૂર્તિ, એમ અનેક અતૃપ્ત આશાઓનાં રંગબેરંગી ચિત્રો કલ્પનાચક્ષુ સામે દોરતો દોરતો મોટા ભાઈએ લખી આપેલ માફીપત્રક ઉપર સહી કરી આપવાને ઇરાદે હું એ બારણા તરફ ક્ષુધાતુર નજરે જોઈ રહ્યો હતો. પણ એ બારણામાંથી મોટા ભાઈ આવતા નહોતા. પાસે આવનાર વ્યક્તિ એક વૃદ્ધ સ્ત્રી હતી–ઓહ! ખુદ મારી માજનેતા જ આવતી હતી! એનો દેહ કેટલો કૃશ અને જર્જરિત બની ગયો હતો! ધીરે ધીરે એકેક ડગલું આગળ વધતાં તે મારી પાસે આવી પહોંચી. એ મુખમુદ્રા કેવી નિસ્તેજ બની દેખાતી હતી? મારું દિલ ચૂંથાવા લાગ્યું; બાને ગળે વળગી પડવા મેં હાથ પહોળા કર્યા. પણ જરા અંતરે અટકી જઈ ઊભા રહી બાએ કહ્યું: "દિનુ! દૂર રહે. મને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અડકીશ નહિ!"

'મેં આઘાત અનુભવ્યો; દિઙ્મૂઢ બની હું તેની સામે જોઈ રહ્યો. ખૂબ ઊંડેથી તેનો ક્ષીણ અવાજ જાણે નીકળતો હતો: "દિનુ! બેટા! તું માફી માગવા નીકળ્યો છે?"

'હા.' મેં મોં નીચું ઢાળી દઈ જવાબ આપ્યો.

'બા કશું બોલી નહિ.

'થોડી વારે મેં ઊંચું જોઈ તેના સામે નજર માંડી. એની આંખે ચોધાર આંસુ વહી રહ્યાં હતાં. મેં ગદ્‌ગદ્ સ્વરે કહ્યું: "બા!"

'પણ તેનો પ્રત્યુત્તર બાના કઠોર અવાજમાં ઊઠ્યો. "દિનુ! હું તારી બા નથી. થોરાતના કુળમાં જન્મ ધરીને માફી માગવા નીકળી પડેલા નામર્દ છોકરાની માતા કહેવડાવવા હું માગતી નથી! એ કરતાં તો ભગવાને મને એક જ દીકરો આપ્યો હોત....નાદાન છોકરા! યાદ રાખ કે તું મરાઠાના લોહીમાંથી પેદા થયો છે. કુલીન મરાઠો માથું વાઢી દેવા કબૂલ થાય પણ એ નમાવે તો નહિ જ, એ તું ભૂલી ગયો શું? થોરાત કુળની ખાનદાની, આપણી જ્ઞાતિનો ધર્મ....બેટા! તારા નખને જરા શો ધક્કો લાગતાં મારો જીવ કળીએ કળીએ કપાતો હતો; પણ તું આમ કાળું કરીને ઘેર પાછો આવે તે કરતાં તો....."

'એ આખો વખત તેનું શરીર ધ્રૂજી રહ્યું હતું. હું તેના મોં તરફ તાકી રહ્યો હતો. એ ચહેરા પર કોઈ અજબ તેજ ચમકી રહ્યું હતું. એ વેળા તે એક ઘરડી સ્ત્રી જેવી નહોતી દેખાતી—કેવળ મારી બા જ નહોતી રહી—પેઢીઓથી થોરાતકુળનું અભિમાન જાળવી રહેલી જાણે આ કુળદેવી પ્રત્યક્ષરૂપે ખડી હતી: કુળની ખાનદાની જાણે મૂર્તિમંત બની હતી! આ બાઈએ જ મને સરકારી નોકરી સ્વીકારી લેવાનો આગ્રહ કર્યો હતો. હું લડતમાં પડ્યાનું તેણે જાણ્યું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યારે આંખમાં આંસુ સાથે તેણે મને ચેતવ્યો હતો: "બેટા! ગમે તે કરજે, પરંતુ જીવનાં જતન કરજે!" પરદેશી સરકાર એટલે શું એની એને કદી જાણ થઈ જ નહોતી; લડત એટલે શું એનો પણ એને ખ્યાલ નહોતો! પણ જે તે સમજી શકતી હતી, જેના પર તેની અચળ શ્રદ્ધા હતી, તેની ખાતર તે ગમે તે જાતનો ભોગ આપવા ખડે પગે તૈયાર હતી! પોતાનો વહાલો બેટો થોરાતના કુળને કલંક લગાડી માફી માગીને જીવતો રહે, એ કરતાં તો તે અણનમ રહી ફાંસીને માંચડે ચડે એ વધારે બહેતર છે, એટલું કહેવાની હિંમત તેનામાં જરૂર હતી!

'મને તેના જૂના શબ્દો સાંભરી આવ્યા: "તને ગમે તેને તું ભગવાન ભલે માને! પણ જેને એક વાર ભગવાન તરીકે ગણે તેના પ્રત્યે પૂરેપૂરો ભાવ રાખજે!–એની પૂજા અર્થે પ્રાણ અર્પણ કરવા પડે તોપણ!"

'આંખમાં આંસુ સાથે હું બાને ચરણે બેસી ગયો. મેં કહ્યું: "બા! મને માફ કર; હું માર્ગ ભૂલ્યો હતો!'

'તુરત મને ઊંચો કરી છાતીએ ચાંપતાં ચાંપતાં બાએ કહ્યું: "દિનુ! બેટા! કાલ રાત્રે જ મોટા ભાઈએ મને કહ્યું કે તું માફી-પત્રક પર સહી કરી આપવા કબૂલ થયો છે. દિનુ! તે પછી હું આખી રાત ઊંઘી નથી શકી. વારે વારે હું રડી ઊઠતી હતી. દૈવે મારે કપાળેથી કંકુનો ચાંદલો લુછાવ્યો તે અશુભ દિવસ – એવો અશુભ દિવસ ફરી કાલે ઊગશે એમ મને લાગી ગયું! મેં મોટા ભાઈને સમજાવ્યું: 'કદાચ દિનુનું મન રાતમાં ફેરવાઈ ગયું હોય એટલે હું જ તારી સાથે જેલમાં આવું છું. પહેલાં હું તેને મળીને સમજાવીને તૈયાર કરીશ; પછી તું એની સહી લેજે.' અને એ રીતે એને છેતરીને હું આવી છું!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ફરી તેણે મને ઉમળકાભેર છાતીએ ચાંપ્યો. એની આંખેથી વહેતી અખંડ આંસુની ધારાઓ મારા મોઢા પર વરસતી હતી. બાળપણની પેઠે તેની ગોદમાં મોં છુપાવતે છુપાવતે મેં કહ્યું: "બા! હવે કોઈ આવીને મને જીવતો સળગાવી દે તોપણ તારો દિનુ માફી નહિ માગે એની ખાતરી રાખજે! તારાં આ આંસુઓની વર્ષા મને એ અગ્નિની જ્વાળાઓનો સ્પર્શ પણ થવા દેશે નહિ!"

મારી નજર તુલસીક્યારા ભણી ખેંચાઈ. ઘીનો દીવો બળીને શાંત થઈ ગયો હતો. દિનુ લાગણીભર્યા સ્વરે ગદ્‌ગદ્ કંઠે બોલતો હતો: 'હું જેલમાં હતો એ જ અરસામાં બા તો સ્વર્ગે સિધાવી ગઈ. સાંભળ્યું છે તેમ છેલ્લા એકબે દિવસ તો તેને ભાન પણ રહ્યું નહોતું. છતાં એ બેભાન અવસ્થામાં પણ અવારનવાર એ કહ્યા કરતી હતી: "નાની વહુ ક્યાં છે? એને કહો કે તુલસીક્યારે ઘીનો દીવો પ્રગટવાની વેળા થઈ ગઈ છે!"

માતાનાં સ્મરણોથી વ્યાકુળ બનેલો દિનકર આંખો મીચી શાંત બેસી રહ્યો હતો. હું આકાશ સામે મીટ માંડી જોતો હતો; ગગનમાં અસંખ્ય તારલિયા ઝબકી રહ્યા હતા.

દિનકરે નમસ્કાર અર્થે હાથ જોડ્યાનો મને ભાસ થયો એટલે મેં આકાશમાંથી નજર નીચે વાળી. તુલસીક્યારાના નકશીદાર ચોતરા પર ચમકી રહેલી દીપજ્યોતિને એ વંદના કરતો હતો. મને આશ્ચર્ય થયું. ઘડી પહેલાં હોલવાઈ ગયેલ ઘીનો દીવો—

તુરત મારું ધ્યાન અરુણાભાભી તરફ ખેંચાયું. એણે જ ઝટપટ ઘરમાં જઈને આ બીજો દીવો પ્રગટી આણ્યો હોવો જોઈએ! મેં જોયું, જ્યોતિ સામે હાથ જોડી અરુણા પણ નમ્રભાવે માથું ઢાળી વંદન કરી રહી હતી!

સમાપ્ત

पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસ્કાર ગ્રંથાવલિ

[ગ્રંથાવલિનાં પહેલાં ચૌદ પુસ્તકો]

૧	ભારેલો અગ્નિ	રમણલાલ વ. દેશાઈ	૫-૯-૦
૨	ભૈરવી	શરદ્‌બાબુ	૪-૦-૦
૩	કુમુદિની	ડૉ. રવીન્દ્રનાથ ટાગોર (ફરી છપાશે)	
૪	પંકજ	રમણલાલ વ. દેશાઈ	૪-૦-૦
૫	સાવકી મા	શરદ્‌બાબુ	૩-૧૨-૦
૬	પ્રેમાશ્રમ-૧	શ્રી પ્રેમચંદજી	૪-૯-૦
૭	પ્રેમાશ્રમ-૨	,,	૪-૯-૦
૮	વિપ્રદાસ	ડૉ. રવીન્દ્રનાથ ટાગોર	૪-૯-૦
૯	ઠગ (આયેશા)	રમણલાલ વ. દેસાઈ	૪-૦-૦
૧૦	અનુરાધા-બડીદીદી	શરદ્‌બાબુ	(ફરી છપાશે)
૧૧	શુભદા	શરદ્‌બાબુ	૩-૦-૦
૧૨	ચરિત્રહીન	,,	(ફરી છપાશે)
૧૩	પ્રભાતકિરણો	પ્રભાતકુમાર મુખોપાધ્યાય	૩-૯-૦
૧૪	નવીના (શેષ પ્રશ્ન)	શરદ્‌બાબુ	૫-૦-૦

[ગ્રંથાવલિની આખી યાદી માટે સૂચિપત્ર જુઓ]

પુસ્તક અઠ્ઠાવનમું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસ્કાર ગ્રંથાવલિ

[ગ્રંથાવલિનાં છેલ્લાં પંદર પુસ્તકો]

૪૮	પ્રલય	ર. વ. દેસાઈ	૫-૮-૦
૪૯	માનવીની ભવાઈ	પન્નાલાલ પટેલ	૫-૦-૦
૫૦	દાઝેલાં હૈયાં	ત્રિ. સ. ખાંડેકર	૩-૮-૦
૫૧	ઝંઝાવાત ખંડ-૧	ર. વ. દેશાઈ	૫-૦-૦
૫૨	સૂનાં મંદિર	ત્રિ. સ. ખાંડેકર	૪-૮-૦
૫૩	નૂતન પ્રભાત	,,	૪-૮-૦
૫૪	ઝંઝાવાત ખંડ-૨	ર. વ. દેસાઈ	૫-૦-૦
૫૫	પહેલી પ્રીત	ત્રિ. સ. ખાંડેકર	૩-૮-૦
૫૬	અધૂરો ઘટ	બચુભાઈ શુક્લ	(છપાય છે)
૫૭	કાંચન અને ગેરૂ	ર. વ. દેસાઈ	૪-૮-૦
૫૮	સંધ્યાદીપ	ત્રિ. સ. ખાંડેકર	૪-૮-૦
૫૯	છાયા-પ્રકાશ	,,	૫-૦-૦
૬૦	સંધ્યાના રંગ	ગુણવંતરાય આચાર્ય	(છપાય છે)
૬૧	આશા-મિનારા	ત્રિ. સ. ખાંડેકર	૪-૮-૦
૬૨	કાલભોજ	ર. વ. દેસાઈ	(છપાય છે)

પુસ્તક અઠ્ઠાવનમું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar